બીજો ડિસેમ્બર ૧૯૬૫, કિંમત રૂા

માતની આંખથી એક આંસુ ખર્યું ત્યાં તમે દોડીને, રક્તને છાંટણે ફાગ ખેલ્યા, શૂરા! વીર, મારા! તમે ચંદ્ર ને સૂર્યનાં તેજ ઝાંખાં કર્યાં.' આંખડી માતની હર્ષથી ચૂઈ રહી.

WITH BEST COMPLIMENTS

FROM :

Shah & Vyas

Contractor & Civial Engineer

Nanabhay Mansion, 3rd Floor,

Sir P. M. Road,

BOMBAY-1





ઘરવપરાશની વીજળી જે ૧૯૫૦-૫૧ માં ૫૯૫૦ લાખ કિલોવૉટ કલાક હતી તે વધીને ૧૯૬૦-૬૧ માં ૧૪,૯૨૦ લાખ કિલોવૉટ કલાક થવા પામી હતી.

ધી અમલગમેટેડ ઈલેક્ટ્રિસિટિ કંપની લિમિટેડ

—રાષ્ટ્રના નવનિર્માણમાં મહત્ત્વનો ફાળો આપી રહેલ છે.

શાખાઓ: અજમેર, ખેલગાંવ, ભીવંડી, વલસાડ, ભુસાવલ, ચાલીસગાંવ, દોહદ, જલગાંવ, માલેગાંવ

૧૯૬૪-૬૫)
કુલ અસ્કયામત ... રૂ. ૪,૧૨,૦૭,૫૯૮
કુલ આવક ... ... રૂ. ૩,૧૭,૮૨,૫૫૩

ડિવિડંડ
૬ ટકા ઓર્ડિનરી (કર સહિત)
૬.૫૦/૭.૨૫ ટકા પ્રેફરન્સ (,,)

મેનેજિંગ એજન્ટ્સ એન. સી. જવેરી એન્ડ કં.,
૧૭ બી, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ.

With
Best Compliments
From

Shree Ganesh Chemical Industries

Ruman's Industrial Chemical Corporation

1181/C PAREL TANK ROAD,
BOMBAY-12 D.D.

With
Best Compliments
From

ZENITH STEEL PIPES LIMITED

Regd. Office
MOTI MAHAL,
195 Churchgate Reclamation,
BOMBAY-1. BR.
T. N. : 29369 & 211107.
T. Gram : 'ZENPIPES'

Factory
KHAPOLI,
Dist : KOLABA,
Maharashtra.
T. N. : 21 & 22
T. Gram : 'ZENPIPES'

INSURE WITH

SKANDIA INSURANCE CO., LTD.

(The Liability of Share Holders is Limited)

Head office :

STOCKHOLM – SWEDEN

FIRE * MARINE * ACCIDENT

BOMBAY OFFICE

Industry House,

169, Churchgate Reclamation,

BOMBAY – 1.

With
Best Compliments
From

B. P. PATEL & CO.

187, Princess Street,
BOMBAY — 2. BR.

Manufacturers & Supplier
of Small Tools
Specialist in :—

CRAMPS, DRAW VICE, PIPE WRENCH, LUCAS WRENCH, HAMMERS, TABLE VICE, D/E SPENNER AND PLIERS E.T.C.

BHOLA FOUNDRY (Regd.)

Basti Sheikh
JULLUNDUR CITY (Punjab)

T N.
3630
T. Grams
BHOLA

With
Best
Compliments
From

M/s. Kohinoor Trading Corporation

Paper Merchant

SUTAR CHAWL

BOMBAY 2

PLASTIC ARTS

Complementary & Gift Articles

Maskati Mahal,
Lohar Chawl,
BOMBAY–2

T. N. 22797

With Best Compliments From

J. KANTILAL & BROS.

Direct Importers & Dealers in

ELECTRICAL GOODS, HARDWARE MACHINERY & ENGINEERING TOOLS

84, LOHAR STREET,

BOMBAY-2

Telegram : CHEAPSTUFF

Tele. No. 38418

SOLE—SELLING AGENTS



&

Stockist of Electric Bulket, Fiting & Electrical Soldering Iron Indian & German

Bulket



Soldering Iron
230 Volt



શ્રી મુંબઈ ગુજરાતી શાળા
૮૨૭૫
રજતજયંતી
મુંબઈ

ચાંદની

વાર્ષિક

સંપાદક
પી. વધિના

સહ સંપાદકો
મનુ બી. શાહ
એમ. કુમાર
કલ્યાણજી વોરા
રણજીત આશર

સુશોભન
ભરત તુરખિયા

અન્ય વિભાગો
કુસુમ નાગડા
નવલ ઓના
અનસુયા ઠક્કર
ચીનુભાઇ શાહ
અવંતી દવે
ભૂપેન્દ્ર સંઘવી

રાયચોધરીના એક શિલ્પ 'શહીદો' પરથી
ચિત્ર–'નવનીત' ડાયજેસ્ટના સૌજન્યથી.

સૂચિ

અક્ષરબ્રહ્મ
જૈમિનિય બ્રાહ્મણ'માંથી
યુગની વાણી
કેદારનાથજી ૧૦

લોકગીતની લહાણ
રામપ્રસાદ બક્ષી ૧૨

સર્જકની મનોભૂમિમાં
ધનસુખલાલ મહેતા ૧૭

એક અસામાન્ય સાંજ
પ્રવીણસિંહ ચાવડા ૨૩

ઐતિહાસિક નવલકથા
બાબુભાઈ દાવલપુરા ૨૮

તમે અડી દો
દિલીપ ઝવેરી ૩૩

શહેરની સડકો ઉપર
'આદિલ' મન્સૂરી ૩૩

આવો બહાદુર પણ બી ગયો !
વિજયગુપ્ત મૌર્ય ૩૪

લહેરખી
યોસેફ મેકવાન ૩૮

સૂર્યમુખી
લાભશંકર રાવળ ૩૮

ઝવા
પ્રિયકાંત મણિયાર ૩૮

યૌવનનાં મંથન

નવા રાઉબરો ૪૩
આઈ. પી. દેસાઈ

વાદળિયું અજવાળું ૪૮
જયંત પાઠક

ગાણું ૪૮
બયાનિ

એક નવરાતર એક જ્વતર ૪૯
મુરલી ઠાકુર

મૃત્યુનું સંગીત ૫૪
લુઈજી પિરાન્દેલો

રમતું વણાણું ૬૦
ચંદ્રકાન્ત શેઠ

ચાંદની સડક પર ૬૦
ગજલાલ દવે

કાવ્યમાં ભાષાનો વિનિયોગ ૬૧
દિલાવરસિંહ જાદેજા

આવરણ ૬૫
કમલ વૈદ્ય

સાવિત્રી ૬૬
ચંદ્રકાંત ટોપીવાલા

વધો ૬૬
સુન્દરમ્

શાંતિ ૬૭
નલિન રાવલ

દીવા જેવી ૬૭
રઘુવીર ચૌધરી

તાળો ૬૭
સ્નેહરશ્મિ

કમાઉ સ્મિત ૬૮
હિમાંશુ ત્રોરા

હું ૭૪
પ્રા. નરીન મહેતા

સ્ત્રી–તતક ૭૫
પનશ્યામ દવે

બાળકની માનસિક વૃદ્ધિ ૭૯
હર્ષિદા પંડિત

નખી તળાવ પર ૮૨
ચીનુ મોદી

દૃષ્ટિ ૮૨
ગજાનંદ વ્યાસ

વીર વિઠ્ઠલ ૮૩
કરસનદાસ માણેક

મને એમ થાય– ૮૭
કુંદનિકા કાપડીઆ

ચાંદરણાં ચોકમાં ૮૯
ચંદ્રકાંત ટોપીવાલા

દિમાગમાં ૯૦
જટિલ

દ્વેષનો દેડકો ૯૦
મધુ કોઠારી

ઝળહળી ગઇ ૯૦
'સાકિન' કેશવાણી

નથી મળતો ૯૧
મુકણિલ કુરેશી

પ્રેમાનંદ : બે પ્રશ્નો ૯૨
લાભશંકર રાવળ

અધ્યાત્મવિદ્યા અને વિશ્વ ૯૮
રજનીકાંત મોદી

કહી નથી શકતો ! ૯૯
ચાંદ વ્યાસ

અંતરનો એકતારો ૯૯
પ્રવીણ ઉપાધ્યાય

બોજ ૧૦૧
ગિરેન રાય

વાઇપર ૧૦૧
ગજાનંદ વ્યાસ

લતયસીનું પદ્માવત ૧૦૨
પ્રવીણચંદ્ર રૂપારેલ

તેજનાં બીજ ૧૦૫
મૃણાલિની દેસાઈ

ભેળસેળ ૧૦૭
ઈસ્માઈલભાઈ નાગોરી

અમારો ઘોબી ૧૦૯
જશવંત મહેતા

કાગડે ખાધું ઈંડું ૧૧૨
મીનપિયાસી

જીવનનું નવનીત ૧૧૪
હસમુખ શાહ

માયા સંસ્કૃતિ ૧૧૯
કૃષ્ણલાલ કોટડાવાળા

આજનો ભારતીય મજૂર ૧૨૨
જિતેન્દ્ર લા. ઘોળકિયા

અફીણી ધરા ! ૧૨૭
સુશીલા ઝવેરી

જીવનના કાફલા માટે ૧૨૭
નંદન અંધારિયા

બદલાતાં મૂલ્યાંકનો ૧૨૮
ડૉ. નિપુણ ઈ. પંજા

સુરાસુંદરીનું સ્વપ્ન ૧૩૨
ઈવા ડેવ

ટાઈની ગુમન ૧૩૭
હસમુખ રાવળ

આધુનિક સ્થાપત્ય ૧૪૦
ધનંજય ગૌતમ

કલા–ચોરીની ! ૧૪૫
દમયંતી વોરા

ખૂંધળી દૃષ્ટિનું સંઘાદંનાં નજરું લાગી ૧૪૯
અવંતી દવે

છબી ૧૫૩
મનસુખલાલ મહેતા

અખાનાં ઘોડાં અપ્રગટ કાવ્યો ૧૫૭
હરીભાઈ ઉદેશી

દેવો અને અસુરોના
સંગ્રામમાં દેવોનો પરાજય થયો.
ત્યારે અસુરોના મૃત્યુદૂતોથી
બચવા માટે કેટલાક
દેવોએ ગિરિકંદરાઓમાં શરણ
શોધ્યું, કેટલાક અતલ સાગરમાં સંતાયા.
અને કેટલાક આકાશમાં સંતાયા. પરંતુ
મૃત્યુદૂતોએ બધેથી એમને શોધી કાઢ્યા. આખરે
બ્રહ્માએ એમને રાહ ચીંધ્યો કે જો તેઓ સમસ્ત
બ્રહ્માંડમાં વ્યાપ્ત એવા
સ્વરમાં વિલીન થઈ
જાય તો અસુરોના
મૃત્યુદૂત એમને શોધવામાં
અસમર્થ રહેશે.
દેવો ભગવતી
સરસ્વતીને શરણે ગયા.
ભગવતીએ એમને અવ્યક્ત
સ્વરજાળમાં ગૂંથી લીધા. સ્વર
કયારેય નષ્ટ થતો નથી. અમરતા પ્રાપ્ત સ્વરમાં સમાઈ
જવાથી દેવો પણ અમર થઈ ગયા. ઉપનિષદ આ અક્ષર-સ્વરને
જ બ્રહ્મ કહે છે. સ્વરના આલ્લાદ દ્વારા જ ભક્ત ભગવાનને
પામે છે. આ નાદસ્વરથી વધીને કોઈ મંત્ર નથી, અને નાદ-અનુસંધાનથી
મોટી કોઈ પૂજા નથી. સમસ્ત નાદનો આદિ તથા અંત પ્રણવ
છે; એમાંથી જ બધાંનું સર્જન થયું છે અને સહુને એમાં જ લીન
થવાનું છે.

'જૈમિનિય બ્રાહ્મણ'માંથી

કેદારનાથજી





દરેક યુગમાં માનવસમાજની પ્રગતિને કુંઠિત કરનારાં કેટલાંક કારણો હોય છે. ક્યારેક ધાર્મિક રૂઢિઓ, તો ક્યારેક સામાજિક કુરિવાજો; અને ક્યારેક આર્થિક અગર રાજકીય બંધનો. આ વિવિધ કારણો સમાજની પ્રગતિને રૂંધવા લાગે છે ત્યારે નવા આચારવિચાર યોજવાનું જરૂરી થઈ પડે છે. પાર્શ્વનાથ, બુદ્ધ, મહાવીર, શંકરાચાર્ય અને આ યુગમાં ગાંધીજી વગેરેએ સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે એવાં જ ક્રાંતિકારી કાર્યો કર્યાં છે.

જ્યારે જ્યારે ભેદભાવ ફાલ્યાફૂલ્યા, કર્મકાંડોની બોલબાલા ચાલી, રૂઢ આચારના ભાર નીચે લોકો કચરાવા લાગ્યા અને જીવન સાથે કાર્યનો કશો મેળ ન રહ્યો ત્યારે આ પ્રાણવાન ચિંતકોએ ગંભીર મનન કર્યું, અને આ બધાં બંધનો તોડીફોડી નાખી એક નવા આચારવિચારનો પાયો નાખ્યો, નવા ધર્મની પ્રતિષ્ઠા કરી.

જૂની દીવાલો તોડીને નવા આચારવિચારની સ્થાપના કરતી વખતે આ વિચારકોને એને માટે કોઈ ને કોઈ નવું નામ તો યોજવું જ પડ્યું છે. જીવન સાથે જોડાયેલા રહેવાને લીધે આ નવા આચારવિચાર જ આગળ જતાં ધર્મનું સ્વરૂપ પામ્યા. આગળ વધીને એમાંના કેટલાક નવા પંથ

અને સંપ્રદાયોમાં પરિવર્તિત થયા. શરૂશરૂમાં કેટલાક લોકો પ્રાર્થનાસમાજને નાસ્તિકોનો સંઘ માનતા હતા; કારણ કે એની એકેશ્વરનિષ્ઠા, સ્ત્રીપુરુષનો અવિભેદ, સ્ત્રીકેળવણી, અસ્પૃશ્યતા-નિવારણ, વિધવાવિવાહ વગેરે સામાજિક સુધારાઓની વાતો લોકોને અસહ્ય લાગતી હતી. પરંતુ આજે પ્રાર્થનાસમાજ અને બ્રહ્મસમાજ કોઈ પંથ નહિ, પરંતુ વિચારધારાઓ ગણાય છે.

વાસ્તવમાં નાસ્તિકતા વિશેની લોકોની વ્યાખ્યા ઘણી જ સંકુચિત હોય છે. પોતાનાથી જુદા આચારવિચાર ધરાવનારી વ્યક્તિને જોતાં જ તેઓ એને નાસ્તિકની હરોળમાં બેસાડી દે છે. આવા લોકો ન તો પોતાની માન્યતા નીચે ઢંકાયેલા સત્યને શોધવાનો પ્રયત્ન કરે છે, ન પોતાના ચાલુ જીવનવહેણને બદલવા માટે તૈયાર હોય છે. એમનામાં પોતાની માન્યતાઓને વળગી રહેવાનો દુરાગ્રહ હોય છે. આથી જીવનના ચાલુ પ્રવાહને વળાંક આપી સાચો રસ્તો બતાવનાર મહાપુરુષોને લોકો સહેલાઈથી સમજી શકતા નથી, ઊલટું તેઓ તેમને દરેક રીતે કષ્ટ આપે છે. વિચાર અનુસાર આચરણ કરવા માટે શક્તિની જરૂર પડે છે; એ શક્તિ સુધારકોમાં તો હોય છે, લોકોમાં નથી હોતી. એટલે જ સુધારકોને વિવિધ કસોટીઓમાંથી પસાર થવું પડે છે, અનેક કષ્ટો વેઠવાં પડે છે.

ધર્મ, પંથ અથવા સમાજ એક પછી એક આવે છે, એકબીજામાં સમાઈ જાય છે અને આગળ જતાં નવા વિચારોની એક પરંપરા ઉદ્ભવે છે. સનાતન (હિંદુ) ધર્મમાંથી અનેક પંથ નીકળ્યા, એની સાથે સાથે બૌદ્ધ, જૈન વગેરે ક્રાંતિકારી વિચારધારાઓ પણ પ્રગટી. પરંતુ સમયની સાથે એ બધું રૂઢ થતું ગયું.

આમ આચારવિચારમાં દરેક જગ્યાએ જડતા પ્રવેશવાની સંભાવનાઓ તો હોય જ છે. આથી એ દિશામાં આપણે સતત સાવચેત અને જાગૃત રહેવું જોઈએ. કોઈ પણ આચાર અથવા વિચાર માનવજાતિની પ્રગતિમાં મદદ કરનારો છે કે નહિ, ન્યાયની વૃત્તિ જન્માવનાર છે કે નહિ એનું આપણે સદૈવ ધ્યાન રાખવું જોઈએ. હકીકતમાં સિદ્ધાંત બદલાતા નથી, એ તો સમયાનુકૂળ વિકસિત થતા રહે છે. એટલે આપણે આપણા આચરણની શુદ્ધતા જાળવીએ તે જરૂરી છે.

જીવન અને ધર્મને જુદાં ન પાડી શકાય. ધર્મ એટલે નિયમન. ધર્મનું આચરણ જીવનને સમૃદ્ધ, પુરુષાર્થી, પવિત્ર અને પ્રગતિશીલ બનાવે છે. એનાથી જીવન વ્યાપક બને છે. માણસને સંકુચિત, સ્વાર્થી અને ક્રૂર બનાવે તે કંઈ ધર્મ નથી. ધર્મ એટલે તો એવા આચાર અને નિયમ, જેના વગર માનવજીવન વિકસી જ ન શકે.

આજે આપણે કાયદા, પોલીસ, અદાલતો, હૉસ્પિતાલો વગેરેની વૃદ્ધિથી સંતોષ અને આનંદ અનુભવીએ છીએ. પરંતુ ઝીણો વિચાર કરીએ તો જણાશે કે આ બધું આપણે માટે લજ્જાસ્પદ છે, દૂષણરૂપ છે. લોકો શાશ્વત નિયમોનો ભંગ કરતા હોવાથી જ કાયદા ઘડવાની જરૂર ઊભી થાય છે, અને એટલું જ વધુ એનું ઉલ્લંઘન થાય છે. આપણે નિયમ પ્રમાણે નથી ચાલતા એટલે જ પોલીસ અને અદાલતોની વ્યવસ્થા ઊભી કરવી પડે છે. શું આ બધું આપણે માટે શોભાસ્પદ છે? એના પરથી ખ્યાલ આવે છે કે આપણો સમાજ કેવી પતિત અવસ્થામાં સબડી રહ્યો છે. આપણી કેટલી અધોગતિ થઈ છે. આ બધું ધર્મનું સ્વરૂપ નથી. જ્યાં ધર્મ હશે ત્યાં ન્યાય હશે, સત્ય હશે; મૈત્રી, પ્રેમ અને આદર હશે. જ્યાં સત્ય અને પ્રેમનું સામ્રાજ્ય પ્રવર્તતું હોય ત્યાં કાયદારૂપી કૃત્રિમ બંધનોની જરૂર નથી પડતી. યુગયુગથી ક્રાંતદર્શી વિચારકો અને સુધારકો માનવસમાજને આ જ પ્રમાણે પ્રેરણા આપતા રહ્યા છે.

આજે આપણે પણ, દરેક પ્રકારની રૂઢ માન્યતાઓ અને સંકુચિતતાઓને ફગાવી દઈ, આ કૃત્રિમ બંધનોમાંથી મુક્ત થઈ ઉપર આવવાનું છે.



'ચાલતો ડુંગર'નો આવો અર્થ તો કદાચ
તમે કહ્યો પણ નહિ હોય વયોવૃદ્ધ સાક્ષરની કલમ અર્થનાં વાદળ ભેદી.....

રામપ્રસાદ બક્ષી

(૧)

એક લોકગીતની પ્રથમ પંક્તિ છે:

'સઈયર મોરી રે,
ચાંદલિયા પછવાડે સૂરજ ઊગિયો'

આ એક પંક્તિ એમાંનાં બે પ્રતીકો દ્વારા ઘણું ઘણું કહી જાય છે. **ચાંદલિયા પછવાડે સૂરજ ઊગિયો:** પ્રથમ ચંદ્ર હતો, ચાંદની રાત હતી; ચંદ્ર આથમી ગયો, ચાંદની રાત વીતી ગઈ; અને પછી ઊગ્યો સૂરજ, અને આવ્યો તપતો અને તપાવતો દિવસ.

ચંદ્રની શીળી ચાંદનીવાળી રઢિયાળી રાત હતી. શયનાગારમાં આરામની, શયનની વેળા હતી; અને એમાં પતિનો સહવાસ હતો. ઘરનાં, અને કદાચ વાડી-ખેતરનાં, કામકાજના પ્રવૃત્તિમય દિવસ પછી સાંપડેલો નિરાંતનો, દિવસના પરિતાપ શમાવવાનો, થાક ઉતારવાનો, પતિના સંગાથમાં પ્રણયનો આનંદ માણવાનો, અને પતિની સોડમાં મીઠી નિદ્રા માણવાનો મોંઘો અવસર હતો.

અને પછી આવ્યો દોહ્યલો દિવસ. નિદ્રા તજીને જાગ્રત થવાનો તો ભલે, પણ આરામ તજીને ઉદ્યમી થવાનો, સવારથી ફરી રાત આવે ત્યાં સુધી સ્ત્રી માટે રસોઈ, સફાઈ વગેરે ગૃહકાર્યમાં, વાડી-ખેતર હોય તો ભતવારી બનીને જવાનાં કે બીજાં ત્યાંનાં કામોમાં, બાળકોની ઊઠવેઠમાં વ્યગ્ર બનવાનો સમય; તથા પુરુષ માટે નોકરી, ખેતી, ધંધો કે વેપાર કરવાનો, તે માટે ઘરનાં સ્ત્રી બાળકોનો સહવાસ તજવાનો સમય; અને સ્ત્રીપુરુષ (પત્ની-પતિ) બંને માટે દિવસભરના વિયોગનો સમય.

રૂપાળી રજનીમાં પ્રવૃત્તિના દરવાજા બંધ થાય, શયનાગારનાં કમાડ વસાઈ જાય, અને 'ઊરનાં બારણાં' ઊઘડે. દિવસમાં એથી ઊલટી ઘટના બને.

આવી રઢિયાળી રાત અને આવો દોહ્યલો દિવસ એને માટે, તથા એની સાથે સંકળાયેલા સર્વ અનુભવો માટે, આ લોકગીતના રચનારાએ માત્ર બે પ્રતીકો યોજ્યાં છે, અને એ બે પ્રતીકોમાં પોતાના મનની વાત વગર કહે કહી દીધી છે—પોતાના મનોભાવ વગર ઉચ્ચાર્યે સૂચવી દીધા છે:—

'સઈયર મોરી રે,
ચાંદલિયા પછવાડે સૂરજ ઊગિયો'

એક તરફ પતિનો સંયોગ, બીજી તરફ પતિનો વિયોગ; એક તરફ રઢિયાળી રાતની મજા માણવાની, બીજી તરફ દોહ્યલા દિવસની ધૂંસરી તાણવાની; આ બે અનુભવોમાં અનેક ઘટનાઓ છે, પ્રસંગો છે, પ્રકારો છે, પણ આ લોકગીતના લેખકે એ સમગ્ર અનુભૂતિના યુગ્મના માત્ર બે અંશો ચૂંટી લીધા છે: ચંદ્ર અને સૂરજ. આમ સમગ્ર અનુભૂતિના બે અંશોને લઈને એના વડે એ અનુભૂતિ સૂચવી દીધી છે, તેથી ચંદ્ર અને સૂર્ય એ બે પ્રતીકો છે. અનુભૂતિના અન્ય અંશોને મૂકીને આ બે અંશોનો પ્રતીક તરીકે ઉપયોગ કર્યો છે એમાં યોગ્યતા છે, કારણ કે એ બે પ્રતીકો જ એવાં છે, જે કાલને ધડે છે: ये द्वे कालं विधत्तः અથવા કાલિદાસની જ અન્ય ઉક્તિનો ઉપયોગ કરીએ તો—

तेजोद्वयस्य युगपद् व्यसनोदयाभ्यां
लोको नियम्यत इवात्मदशान्तरेषु ॥

ચંદ્ર અને સૂર્યના અસ્ત અને ઉદયથી તો લોકના દશાન્તરનું નિયમન થાય છે.

(૨)

પ્રતીકનો આવો ઉપયોગ એ સર્જનજૂની કાવ્ય-રીતિ છે. પણ પ્રતીકનો એ ઉપયોગ સારી, સાચી કવિતામાં સૂકોલૂખો નથી હોતો. એ ભાવભીનો હોય છે. એમાં ભાવની વ્યંજના કરવાનું સામર્થ્ય હોય છે. અને એ પ્રતીકોના વ્યંગ્યાર્થનો ઉપર કર્યું તેવું ઉદ્ઘાટન અને વિવરણ કરીએ ત્યારે એ આખી અનુભૂતિમાં રહેલી ભાવભંગીઓ પ્રકટ થાય છે, અને આ ગીતની બીજી બે કડીઓમાં કહેલી વિરહની વેદનાના સાદા ભાવને અનેક ભાવસરણી-ઓથી સમૃદ્ધ કરે છે. એ બે કડીઓ આ છે:

સહિયર મોરી રે,
વાટલડી જોઈ જોઇને મારો જનમ ગયો રે લોલ,
સહિયર મોરી રે,
ઉતારાનો કરનારો વાલમ વાડીએ રે લોલ.

આ પંક્તિઓ વાંચતાં સમજાય છે કે આ ગીત વિરહનું છે, વિરહ, ઉતારાનો કરનારો વાલમ વાડીએ ગયો છે તે કારણે ઊપજ્યો છે, અને 'વાટલડી જોઈ જોઇને મારો જનમ ગયો' એમાં તો વિરહના બારચૌદ કલાકોને, વેદનાના અતિશયને સૂચવતી અત્યુક્તિ દ્વારા, 'જનમ' જેવડા કહ્યા જણાય છે કે પછી આવો રોજ રોજનો વિરહ વેઠવાના અકેક વિરહદિનનો સરવાળો થઇને આખો જન્મ ફરીફરી આવતા વિરહમાં વીત્યો હોય કે વીતવાનો હોય એવું લાગે છે. પણ આ ગીતની ખરી ચોટ, ખરી વ્યંજનાશક્તિ, પ્રથમ પંક્તિમાં છે:

'સહિયર મોરી રે,
ચાંદલિયા પછવાડે સૂરજ ઊગિયો રે લોલ.'

(૩)

ભાવની વ્યંજના, અને એ ભાવની અભિ-વ્યક્તિને ચમત્કારક બનાવે-ભાવની સમૃદ્ધિને ઓપ આપે-એવી ક્યાંક પ્રતીકોની અને ક્યાંક અલંકા-રોની યોજના, એ તો સાચાં, કાવ્યોનાં કાવ્યત્વ સાધક, કાવ્યનાં પ્રાણભૂત, તત્ત્વો છે.

કવિ પોતાની કાવ્યવાણીને આ રીતે અર્થ-સમૃદ્ધ કરવા ઉપરાંત અનેક રીતે લટકાળી પણ બનાવે છે. ભાવના સર્જનજૂના વાહન તરીકે લય આવે. અને એ લયનો લટકો વધારે અને શોભાવે એવા વાણીના લટકાઓ પણ આવે, ચંદ્ર કે ચાંદો નહિ, પણ 'ચાંદલિયો' એ શબ્દ લયમાં લટકો તથા લહેકો આણે છે; આવી હૈયાની છૂપી વાત તો સહિયરને જ કહેવાય એવું સૂચવતા 'સહિયર મોરી રે' એ સંબોધનમાં 'મારી'ને હઠાવીને 'મોરી' શબ્દ આવીને બેઠો છે તે એના ગીતસુભગ 'બાની'ના અધિકારની રૂએ.

ખરું છે કે ભાવની વ્યંજના માટે વ્યંજક શબ્દ પર્યાપ્ત છે; અને વિશેષ આવશ્યકતા હોય, તો તે ક્યાંક પ્રતીક-વાચક અથવા ક્યાંક અલંકાર સાધક શબ્દપ્રયોગથી પૂરી પડે છે: એ અર્થ લય હોય તો જ સધાય એવું નથી. એટલે કવિતા પદ્યને વર્જીને ગદ્યની સીધી કેડીઓ ચાલે તો, એમાં સાચી કવિતાનાં આ તત્ત્વો હોય તો, એના કાવ્યત્વને વાંધો ન આવે. છતાં ભાવનો અને લયનો વ્યંગ્ય-વ્યંજક સંબંધ એવો તો માનવની પ્રકૃતિમાં જડાયેલો છે કે અચ્છાન્દસ કવિતા રચતા કવિઓને પણ પોતાના ભાવને વ્યક્ત કરવા માટે લયનો લાભ લેવાનો લોભ વારંવાર થઈ જાય છે;

અને લયને લહેકાવવાની ખાતર લટકાળા શબ્દોને આણીને મૂકવાની મનોવૃત્તિ પણ અવારનવાર ઊપજે છે.

(૪)

આ પ્રતીક એટલે વર્ણ્ય–વિષયનું, સમગ્ર વિષયને પૂરેપૂરો વર્ણવવાને બદલે એક અણસારાથી સૂચવી દેવા માટે વપરાતું, એક અંગ. શિવલિંગ એ પ્રતીક છે, કારણ કે એ શિવનું એક અંગ છે, અને પૂજનમાં શિવજીને સ્થાને એ અંગનો ઉપયોગ કરવામાં આવે છે.

આજે આપણે 'પ્રતીક' શબ્દનો, એના ઉપર કહ્યા સંસ્કૃતગત અર્થ ઉપરાંત, બીજા અર્થમાં–Symbolના અર્થમાં–ઉપયોગ કરીએ છીએ. પણ વસ્તુતઃ સંસ્કૃતભાષાનું પ્રતીક, અને અંગ્રેજી ભાષાનો Symbol, એ બંને મૂળ અર્થમાં જુદાં છે. શિવલિંગ, ઉપર કહ્યું તે પ્રમાણે, યથાર્થ પ્રતીક છે; જ્યારે વિષ્ણુની પૂજામાં વિષ્ણુને બદલે મૂકવામાં આવતો શાલિગ્રામ પ્રતીક નથી, કારણ કે એ વિષ્ણુનું અંગ નથી. એ વિષ્ણુથી અંગાંગી ભાવે કે કોઈ બીજી રીતે સંબદ્ધ નથી, પણ કેવળ યદૃચ્છા કલ્પિત છે, arbitrary છે–અર્થાત્ એ Symbol છે. આમ 'પ્રતીક' શબ્દ અર્થમાં 'Symbol'થી જુદો છે. પણ આજે આપણે એ શબ્દના અર્થને વિસ્તારીને Symbol–અર્થનો એમાં સમાવેશ કરીએ છીએ. બાકી 'પ્રતીક' અને 'Symbol' એનો મૌલિક અર્થભેદ લક્ષમાં લેવો હોય તો 'પ્રતીક'નો ઉપર કહેલો (ચાંદલિયો અને સૂરજ) દાખલો જોયાજાણ્યા પછી 'Symbol'ના દાખલા તરીકે લોકગીતની આ પંક્તિ વાંચો :–

'નગરથી બાનાં નાળિયેર આવ્યાં.'

અહીં 'નાળિયેર' તે લોકરિવાજે કલ્પેલો, યાદચ્છિક, સાસરિયાનાં આણાંનો Symbol છે. ખરા અર્થમાં એ Symbol છે, એક યાદચ્છિક સંકેત છે; પછી, સમગ્રનું એક અંગ એવા મૂળ અર્થવાળા 'પ્રતીક' શબ્દના અર્થને–વાચ્યાર્થને–Symbol પર્યન્ત વિસ્તારીને એને આપણે 'પ્રતીક' કહી શકીએ–કહીએ છીએ.

Symbols ની આવી યાદચ્છિક કલ્પના લોકરિવાજને અંગે પણ કરાય છે : દાખલા તરીકે સૌભાગ્યસંકેત ચાંદલો, શોકસૂચન ચિહ્ન શ્યામ વસ્ત્ર કે શ્યામ પટ્ટી, વગેરે અને લોકપ્રચલિત નહિ એવા કાવ્યાપેક્ષિત Symbol ની યદૃચ્છા–કલ્પના કવિઓ પણ કરે છે!

(૫)

રૂપક અને અતિશયોક્તિ આ પ્રતીકથી, પ્રતીક અને Symbol ઉભયથી, ભિન્ન છે. એમાં થતી માનસિક પ્રક્રિયા જુદી છે. અત્યારે નજર સામે રહેલા, કાવ્યનો વિષય બનાવવા ઇચ્છેલા અથવા કાવ્યનો વિષય બનેલા પદાર્થના અનુભવથી એના જેવા બીજા અગાઉ જોયેલાજાણેલા પદાર્થનો અનુભવસંસ્કાર તાજો થાય, અને નજર સામેના પદાર્થનો એના નામથી નિર્દેશ કરવાને બદલે, એ સદૃશપદાર્થના વાચક શબ્દથી એની પ્રતીતિ, એની સૂચના કરાવીએ ત્યારે રૂપક થાય અથવા અતિશયોક્તિ થાય. જૂના અને નવા બંને પદાર્થોના વાચક શબ્દોને સાથે મૂકીને એ બે પદાર્થો એક છે એ સૂચવવાથી રૂપક બને, દાખલા તરીકે 'પુરુષસિંહ' અર્થાત્ પુરુષરૂપી સિંહ. રૂપકના દાખલા તરીકે એક લોકગીતની આ કડી વાંચો :–

'નણંદ મારી વાડી માયલી વેલ જો,
નણદોઇ આવે બારીમાંથી વાંદરો'

અહીં નણંદ શબ્દોક્ત છે અને એને વેલ કહી છે; નણદોઇ પણ શબ્દોક્ત છે, અને એને વાંદરો કહ્યો છે : આ રૂપક અલંકાર છે. લોકગીતમાંનો આ રૂપકપ્રયોગ કહેવાની વાતને બહેલાવે છે : નણંદ કુટુંબવાડીમાં ઊગેલી નાજુક નમણી વેલ છે; અને નણદોઈ એ નાજુક વેલને એની જન્મભૂમિમાંથી ઉખેડીને ઉઠાવી જનારો વાંદરો છે. અહીં ધનસુખલાલ અને જ્યોતીન્દ્રની જોડીએ રચેલ 'અમે બધાં'માંની, દીકરીને સુવાવડમાં

કષ્ટાતી જોઈને એની એવી દશા કરનાર જમાઈને ક્રૂર રાક્ષસ જેવો જણાવતી, ઉક્તિ યાદ આવે. અને એ યાદ આવે તો આ રૂપકના અર્થનો વિશેષ વિસ્તાર થાય: નણદોઈ માત્ર નણંદને ઊંચકીને લઈ જનારો જ નહિ, પણ વેલીના હાલહવાલ વાંદરો કરે એવા નણદીના હાલહવાલ કરનારો નણદોઈ છે. એવો અર્થ પણ આવીને ઊભો રહે.

(૬)

પણ જ્યાં વર્ણ્યવિષય બનેલા પ્રત્યક્ષ પદાર્થ-વાચક શબ્દને હડસેલીને, જાણે કે પોતામાં ગળી જઈને, અગાઉ જોયેલા જાણેલા પદાર્થનો વાચક-શબ્દ એકલો જ આવીને બેસે, ત્યારે અતિશયોક્તિ થાય. દાખલા તરીકે આ લોકગીતની આ પંક્તિમાં રિસાનારી તો છે નણદીના વીરાની પત્ની, પણ એનું એમાં નામ નથી, નામ છે ફક્ત કોયલડીનું :–

'ડાં ડાં રે કોયલડી રિસાણી
મારા વીરની કોયલડી રિસાણી
એને કોણ મનાવા જાય! કોયલડી રિસાણી'

અંગ્રેજીમાં અર્થભેદને અવગણીને સર્વત્ર Metaphor શબ્દ વપરાય છે. Metaphor જો આખા વિષયમાં વ્યાપક હોય તો એને allegory કહેવામાં આવે છે, તેથી આપણે allegoryને રૂપક–કથા કહેવા લાગ્યા છીએ. પણ આપણે રૂપક અને અતિશયોક્તિનો ભેદ જોયો એ allegoryના ખરા સ્વરૂપનો નિર્ણય કરવામાં લક્ષમાં રાખવો જોઇએ.

આ ગીતમાં અતિશયોક્તિ છે, કારણ કે 'કોયલડી' શબ્દનો જે મુખ્ય વાચ્યાર્થ છે–કાળું કૂ કૂ કરતું પંખી–એ આ ગીતના સંદર્ભમાં લાગુ પડતો નથી. 'વીરાની કોયલડી' એટલે વીરાની વહુરૂપી કોયલડી એ તાત્પર્ય છે, અને 'વહુ' શબ્દને અનુક્ત રાખીને એકલો 'કોયલડી' શબ્દ પ્રયોજ્યો તેથી અતિશયોક્તિ થઈ–પણ આખી વાત કોયલને લાગુ પડતી નથી; 'મુખ્યાર્થ'નો–કોયલડીના વાચ્યાર્થનો બાધ થાય છે, અસ્વીકાર કરવો પડે છે; અને

લક્ષણાવ્યાપારથી કોયલડી એટલે અહીં વહુ એમ સમજવું રહે છે.

(૭)

જ્યાં મુખ્યાર્થનો આવો બાધ ન થતો હોય; જ્યાં વર્ણ્યવિષય (પ્રસ્તુત વિષય)ના નામને દૂર રાખીને એના જેવા અન્ય (અપ્રસ્તુત) વિષયનું જ નામ મૂક્યું હોય અને વર્ણન કર્યું હોય, પણ એ વર્ણન એ અપ્રસ્તુતને પૂરેપૂરું લાગુ પડે, એમાં કંઈ હરકત ન આવે, અને છતાં એ મુખ્યાર્થ (વાચ્યાર્થ) સમજ્યા–સ્વીકાર્યા પછી વ્યંજના-વ્યાપારથી બીજો અર્થ (પ્રસ્તુત વિષયને લગતો અર્થ) આવીને ઊભો રહે, ત્યાં અપ્રસ્તુત પ્રશંસા અલંકાર થાય, અતિશયોક્તિ નહિ.

'આજ સપનામાં મેં તો
ડોલતો ડુંગર દીઠો જો'

એ લોકગીતની પંક્તિમાં–'ખળખળતી નદીઉ', 'ઘમ્મર વલોણું', 'લવીંગ લાકડી', 'ગુલાબ ગોટો' વગેરે ઉલ્લેખોવાળી પંક્તિઓમાં–અપ્રસ્તુત પ્રશંસાનું તત્ત્વ છે. પણ એ ગીત, અપ્રસ્તુતમાંથી પ્રસ્તુતની વ્યંજના થતી રહેવા દેતું નથી, આગળની પંક્તિ-ઓમાં પ્રસ્તુત સાસુ, જેઠ, દેર, કંથ-વંજેરે નામોનો નિર્દેશ કરી દે છે, એટલો એમાં ફેર છે.

આ લોકગીતમાં 'ઘમ્મર વલોણું' એટલે કુટુંબને રસકસ વડે પોષનારા જેઠ, 'લવીંગ લાકડી'

એટલે નાનકડો પણ તીખો દેર, 'ગુલાબ ગોટો' એટલે જીવનને સૌરભથી મઘમઘાવતો કંથ, એ સૌને સમજાશે. પણ સસરો 'ડોલતો ડુંગર' શા માટે અને સાસુ 'નદી' શા માટે એ સમજવા માટે લાજનો મલાજો પાળતા સોરઠનો ભૂતકાળ યાદ કરવો પડશે. નવી વહુ સાસરે આવી હોય, એણે સસરાને કોઈક વાર અલપઝલપ જોયો હોય; વહુ ઘરની ઓશરીમાં ફરતી હોય ત્યાં આંગણાની ડેલી કચૂડ કરતી ઊઘડે અને વહુ લાજ કાઢીને, ઝબૂકતી વીજળી જેવી, ઓરડામાં જતી રહે;—એવી વહુએ સસરાનો અંગઉપાંગવાળો માનવદેહ ન નીરખ્યો હોય, એણે જોયો હોય એક મહાકાય આકાર—ડોલતો ડુંગર. અને જેમ પ્રભુએ પાઠવેલી જલપ્રસાદી ડુંગર ઝીલી લે, અને નદી મારફત ગામવસતીને પહોંચાડે, તેમ સસરાની સર્વ પ્રસાદી સાસુ મારફત જ વહુને મળે; જેમ ગામલોક પાણી ડુંગર ચડીને નહિ પણ નદીએથી ભરે છે—પીએ છે; તેમ સોરઠની વહુ પોતાના ચીજવસ્તુના કોડ પૂરવા માટે સીધી સસરા પાસે નથી જતી પણ એના એ કોડ સસરો સાસુ મારફતે જ પૂરે છે;—એ જેણે જોયુંજાણ્યું હોય એ જ સમજે કે શા માટે સાસુ એટલે નદી.

(૮)

આ લોકગીત વાંચો:

'દરિયાના બેટમાં રે'તી, સાહેબનું નામ લેતી,
હું દરિયાની માછલી.
જાળે નાખી તો હવે ભલે નાખી,
મને બારણે કાઢવી નો'તી—હું દરિયાની માછલી.
બા'ર કાઢી તો હવે ભલે કાઢી,
મને સૂંડલે નાખવી નો'તી—હું દરિયાની માછલી.
સૂંડલે નાખી તો હવે ભલે નાખી,
મને ઘર ઘર વેચવી નો'તી—હું દરિયાની માછલી.

આ ગીતની અહીં તો આટલી ચાર કડીઓ આપી છે, પણ એમાં કુલ દશ કડીઓ છે. દરેક કડીનું વર્ણન માછલીને જ લાગુ પડે એવું છે: છરીએ છોલી, તાવડે તળી, મરચે ચડાવી, ચપ ચપ ચાવી, બારણે ફેંકી, કાગડાને નાખી.

આપણે અહીં આપેલી ચાર કડીનો વિચાર કરીએ તો જણાશે કે માછલીની આ વાતમાં કન્યાને—દીકરીને લાગુ પડે એવી વ્યંજના છે. દરિયાની માછલી એટલે પિયરમાં રહેતીમાણતી દીકરી; એને બારણે કાઢી અને સૂંડલે નાખી—એના ઘરાકોને બતાવવાને, એનાં મૂલ મૂલવાવવાને માટે. અને પછી એને વારાફરતી અનેક ગ્રાહકોને બતાવી—દીકરીને સ્વીકારે એવા વરની અનેક ઘરમાં શોધ કરી—જાણે કે એને 'ઘર ઘર વેચી'.

આ ગીતની કોઈ ગાનારી કન્યા પ્રત્યક્ષ છે એમ ન માનીએ, માછલી જ 'હું દરિયાની માછલી' એમ કહેતી હોય એમ માનીએ, તો આમાં અપ્રસ્તુત પ્રશંસાની રીત જોઈ શકાય. પણ એમ માનીએ કે એક કન્યા પોતે આ ગીત ગાય છે, અને આ કન્યા 'હું તે દરિયાની માછલી છું' એમ એ સ્વમુખે કહે, તો રૂપક માનવું રહે.

એ જે હોય તે, પણ એટલું નક્કી કે આ લોકગીત 'માછલી'ની દશાના વર્ણન દ્વારા આપણાં ભારતીય કુટુંબોમાં થતી દીકરીની અવદશાનો કરુણ ચિતાર રજૂ કરે છે. 'દરિયાની માછલી' એ રૂપક (પ્રતીક કહીએ તો પ્રતીક) એવું છે કે એ આ ગીતની કરુણતાની—કરુણમાં પરિણમતા શોકભાવની—ઘેરી પ્રતીતિ કરાવે છે. ભાવની વ્યંજના, અને એ વ્યંજનાની નિતાન્ત પ્રતીતિ કરાવે એવી પ્રતીકની કે અલંકારની યોજના, એ બંને કાવ્યસાધક તત્ત્વો આ ગીતમાં છે. અને એની રજૂઆત લયવાહી ગેય પદ્યપ્રકારમાં થઈ છે એ તો આપણાં ભાવવાહી લોકગીતોની અને અન્ય ગીતોની એવી સોહન વિશિષ્ટતા છે કે આજના પદ્યવિમુખ કવિઓને પણ વારંવાર પદ્ય જ નહિ, ગીત તરફ પણ અભિમુખ બનાવે છે.

સર્જકની મનોભૂમિકા

ધનસુખલાલ મહેતા

૧૯૬૩ની સાલના 'સમર્પણ'ના દિવાળીઅંકમાં 'સર્જકની મનોભૂમિમાં' એ શીર્ષક નીચે મેં 'બા,' 'જાત્રા ફળી,' 'પ્રેમનાં પ્રાયશ્ચિત' અને 'ભૂતના ભડકા' એ મારી ચાર નવલિકાઓનો ઇતિહાસ આપેલો. વાંચનારાઓમાંથી ઘણાને એ પસંદ પડ્યો એટલે મેં 'સમર્પણ' ૧૯૬૪ના દિવાળીઅંકમાં 'આપઘાત,' 'સાન્ધ્ય સંગીત,' 'બહાદુરીનો બદલો' અને 'છબી પડી' એ ચાર બીજી નવલિકાઓનો ઇતિહાસ આપ્યો. એ પણ ઠીક ઠીક વાચકોને ગમ્યો. આથી હવે હું બીજી ત્રણચાર નવલિકાઓનો ઇતિહાસ આપું છું.

પણ થવા કાળ તે એક યુવતી સાથે તેની મૈત્રી વધી. સ્નેહના સીમાડાનું ઉલ્લંઘન કરી મૈત્રી પ્રેમના સીમાડાને પણ અમુક પ્રમાણમાં ઓળંગી ગઈ. પણ પછી સહસા આ વીસેક વર્ષનો પ્રૌઢ ચેત્યો. એનો સ્નેહ એટલે સ્નેહીને ગમે તે પ્રકારે પણ સુખ આપવાના આશયભર્યો; પછી ભલે એમ કરવામાં પોતાનું હૈયું ભાંગીને ભૂકો થઈ જાય. તે જમાનો પરનાત.માં લગ્ન કરવાથી કન્યાને ભયંકર ત્રાસ અને સામાજિક બહિષ્કાર વેઠવાની વેળા આવી પડે એવો. એ વિચારથી યુવતીના મન પર તો કાંઈ અસર ન થઈ, પણ આ પ્રૌઢ છળી ઊઠ્યો. પોતાને લીધે એક યુવતી, અને તે પણ પોતાની પ્રિયપાત્રી, તેને અત્યંત દુઃખ થાય, અનેકાનેક અગવડોનો સામનો કરવો પડે તે કોઈ પણ રીતે ઇચ્છનીય ન ગણાય. પ્રૌઢે યુવતીને આ બધું સમજાવ્યું. યુવતીને પેલા પ્રૌઢ માટે કાંઈક તિરસ્કાર પણ આવ્યો હશે. પણ એ માર્ગે પ્રયાણ કરતાં બંને અટકી ગયાં.

સર્જક અને સર્જન

સિવાય કોઈને કહી નહોતી છતાં તેં ક્યાંથી જાણી ?'

'કઈ વાત વિશે કહે છે ?' મારાથી પૂછી જવાયું.

'પ્રતિબિંબ અને છાયા' મિત્રે જવાબ આપ્યો. 'એ વાર્તા વાંચીને મારું દુઃખ તાજું થયું અને હું ખૂબ રડેલો. એ મારો જ અનુભવ. યુવતીનાં માતાપિતાએ અમારા સંબંધનો વિરોધ કર્યો અને અમારાં બંનેનાં હૃદય ભાંગી ગયાં.' આ વાત કહેતાં કહેતાં પણ મારા મિત્રની આંખમાં ઝળઝળિયાં આવી ગયેલાં.

હું પહેલાં તો આશ્ચર્યથી સડક જ થઈ ગયો. પછી ધીમે ધીમે એને શાંતિ મળે એવી રીતે મેં એને સમજણ પાડી, 'ભાઈ, તારા જેવો જ આબેહૂબ અનુભવ મને પણ થયેલો. ફેર એટલો કે યુવતીનાં માતાપિતા ના પાડે તે પહેલાં મેં જ એ સંબંધમાં કુહાડી મારી—એ યુવતીને સુખી કરવાના વિચારથી—પછી ભલે કેટલાક લોકો એ વિચારને મૂર્ખતાભર્યો ગણે !'

૨

અનેક લેખકોએ 'સંયુક્ત કુટુંબ'ની સંસ્થાને પોતાની વાર્તાઓમાં ગૂંથી લીધી છે અને તેમાં ઘણુંખરું યુવતીને—સાસરે આવેલ તરુણ યુવતીને—માથે લદાતાં દુઃખનું વર્ણન આપ્યું છે. મેં પણ એવી વાર્તાઓ લખી છે. પણ આખરે હું રહ્યો હાસ્યલેખક. એટલે દરેક પ્રશ્નની બીજી બાજુ જોવાની મને ઇચ્છા થાય અને એ બીજી બાજુ નવલિકાઓમાં ચીતરવાનું પણ મન થઈ જાય. આ વૃત્તિમાંથી 'નાટક' નામે નવલિકા લખાઈ. એનાં જ નાયક—નાયિકા રમણલાલ રમા લઈને મેં એના ઉપરાંત બીજી બે વાર્તાઓ પણ લખેલી : 'સંયુક્તકુટુંબના સંતાપ' અને 'ડુમસની સહેલગાહ.' આમાંની 'નાટક' અને 'સંયુક્તકુટુંબના સંતાપ' એ બે 'સંધ્યાટાણે'માં છે અને 'ડુમસની સહેલગાહ' એ 'શમતીસંધ્યા'માં છે.

આ પ્રકારની વાર્તા લખવાનો મનસૂબો હું કર્યા જ કરતો હતો. તેવામાં એક દિવસ શનિવારે બપારે ચર્ચગેટ પર, થર્ડ ક્લાસના ડબામાં બેઠો બેઠો હું, શૂન્ય મનસ્ક, ક્વીન્સ રોડ પરનો વાહન-માનવી વ્યવહાર જોઈ રહ્યો હતો. સહસા, મારા મનમાં 'નાટક'ની વાર્તાનું આખું વસ્તુ ખડું થઈ ગયું. માત્ર એક ગૂંચ રહી ગઈ, જેના ઉકેલમાં મારે ઘણી મહેનત કરવી પડી.

સંયુક્તકુટુંબનાં પાત્રો ગોઠવવાનું તો મારા જેવાને માટે સાવ સહેલું—કારણ કે એવા કુટુંબોનો મને સારો જેવો અનુભવ. વડીલ પિતા, માતા, જુવાન પુત્ર રમણલાલ, સાસરામાં અત્યંત લાડકી વહુ રમા, નાનો ભાઈ, બહેન, નોકર વગેરે ગોઠવાયાં.

સૂરતમાં પાસમાં નાટક જોવા જવું,એ જિંદગીની એક મોજ ગણાય. રમણલાલ ફરીને આવે છે ત્યારે ઘરમાં ઉકળાટ, ગભરાટ, આનંદ—કારણમાં બધાં જમીને નાટક જોવા જવાનાં હતાં તે. રમણના મનમાં કાંઈક એવું વસી ગયેલું કે 'મારી ગરીબડી રમાને બધાં છૂંદે છે, ચગદે છે, પીસે છે !' એટલે અચાનક એને ખબર પડે છે કે રમા નાટકમાં આવતી નથી ત્યારે રમણના હૈયામાં આગ લાગે છે ! પોતે પણ નિશ્ચય કરી લે છે કે રમા નાટકમાં નહિ તો રમણ પણ નહિ ! સંયુક્તકુટુંબમાં પત્નીને પૂછવા જેટલો અવસર ઘણી વાર નહોતો પણ મળતો. એટલે પોતે માંદો હોવાનો ઢોંગ કરે છે. માતાપિતા બહુ આકળાં થઈ જાય છે. પણ આખરે બધાં નાટક જોવા જાય છે. માત્ર રમા અને રમણ ઘરમાં રહે છે ત્યારે રમણ ફોડ પાડે છે કે હું કાંઈ માંદો નથી. હું તો માત્ર મારી વહાલી રમાને એ ક્રૂર સાસુસસરા નાટક જોવા ન લઈ ગયાં તેથી ઢોંગ કરીને નથી ગયો.

રમા બિચારી હસી પડે છે અને કહે છે, 'ભાઈસા'બ, તમે પણ હદ કરો છો ! મારે તો મારે

પિયર ગૈયારી તરીકે આખી રાત કામ કરવાનું છે એટલે નથી ગઈ!'

બિચારો રમણ! નાટકનું નાટક ગયું. રમા પિયર ગઈ. રમણના પેટમાં દુઃખતું હતું ધારીને ઘરમાંથી બધી રસોઈ રામજીને આપી દીધી હતી અને દૂધ પણ માત્ર ચાહનું રાખીને અધરેથી દીધું હતું!

આગ બીજા રસોમાં, નાયક-નાયિકાની અવસ્થા જેવી થાય તેવી જ અસર વાચકો પર થાય, પણ હાસ્યરસમાં નાયકને દુઃખ થાય છે ત્યારે વાચકોને હસવું આવે છે—આમ હાસ્યરસ અન્ય રસોથી જુદો પડે છે. એ સત્ય મેં મારા પરમ મિત્ર રામભાઈ બક્ષીને જણાવ્યું અને તે આ નવલિકા પર આફીન થઈ ગયા.

પેલી બીજી બે વાતો: 'સંયુક્તકુટુંબના સંતાપ' અને 'ફુમસની સહેલગાહ'માં પણ પાત્રો આનાં આ જ, વધારામાં ડોકટરકાકાને ઉમેર્યા હતા.

'સંયુક્તકુટુંબના સંતાપ'માં પણ પાત્રો એનાં એ જ હતાં. સાસુસસરાની લાડકી પુત્રવધૂ રમા નીચે હતી ત્યાં એ સગર્ભા હોવાથી એને અચાનક ફેર ચઢ્યા. સાસુસસરા ગભરાઈને ડોકટરકાકાને બોલાવી લાવ્યા. પછી સારવાર કરીને રમાને ઉપર રમણલાલના ખંડમાં મોકલી.

સંયુક્તકુટુંબના સંતાપનું જ રટણ કરતો રમણલાલ બેઠો થઈ ગયો, 'કેમ, હવે તો નીચે બીજું કામ રહ્યું નથી ને? હોય તો હજી પણ બે કલાક વહીનારાં કરીને એકાદ વાગે ઉપર આવજે; અને હા, ઉપર આવવાનું પણ શું કામ છે? નીચે જ એક ખૂણામાં ગોદડી પાથરીને સૂઈ રહેજે ને!'

ક્રોધથી લગભગ મજાનાં રમણલાલને જોઈને રમા હસવું ખાળી રાખવાના મહાપ્રયાસમાં ગૂંથાઈ ગઈ હતી. તે બોલી, 'ઓ પ્રભુ! હજી તમે એવા ને એવા રહ્યા! કોઈ દિવસ હું અચાનક મરી જઈશ તો ય તમે ઉપર જ બેસી રહેશો એમ મને લાગે છે.'

'ફુમસની સહેલગાહ'માં બધાં જ, રમણલાલ

> એ ઈશ્ક! તુને અક્સર ઔરોં કો ખા કે છોડા,
> જિસ ઘર સે સર ઉઠાયા ઉસકો ગિરા કે છોડા.
> અગયાર તુઝસે તરસાં અક્સાર તુઝસે લરઝાં,
> જો જદ પે તેરી આયા ઉસકો ગિરા કે છોડા.
> દારાં કે રાજ છીને શાહોં કે તાજ છીને,
> બદનકશીકો અક્સર નીચા દિખા કે છોડા.
> કયા મુગનિયોં કી દૌલત કયા જાહિદોં કા તકવા,
> જો મંજ તુને તાકા ઉસકો લુટા કે છોડા.
>
> × × ×
>
> જિતને રસ્તે થે તેરે હો ગયે વીરાં એ ઈશ્ક!
> આકે વીરાનોં મેં અબ ઘર ન બસાના હરગિજ.
>
> **મૌલાના હાલી**

પણ, ફુમસ એક દિવસની સહેલગાહે જવા તૈયાર થાય છે. આમાં પણ રમણને ખબર પડે છે કે એની પ્રિયતમા રમાને કોઈ લઈ જવાનું નથી, એથી રમણ ક્રોધથી દુર્વાસા જેવો બની જાય છે અને પાછો પોતે પણ ફુમસ નથી આવવાનો એમ બાપાજીને કહી નાખું કે નહિ એવા વિચારમાં પડે છે. પણ નાટકની વાતમાં પોતે મૂર્ખો બન્યો હતો એટલે ઉતાવળ નથી કરતો, પણ ધૂંઆપૂંઆ થઈને ફર્યા કરે છે.

રમાને પતિની આ ક્રોધાવસ્થા જોઈને હસવું આવે છે. એટલે ડોકટરકાકા પૂછે છે: 'રમા! શું છે? આટલી બધી હસે છે શા માટે?'

'તમારાથી ક્યાં કશું ખાનગી છે, ડોકટરકાકા!' રમા બોલી. 'આ પૂછે છે કે સાસુસસરા મને શા માટે ફુમસ નથી લઈ જતાં? મને ભયંકર ત્રાસ આપવા જ નથી લઈ જતાને, ડોકટરકાકા? સાચો જવાબ હું કઈ રીતે આપું? તમે જ આપોને.'

ડોકટરકાકાએ કહ્યું, 'અલ્યા રમણ, આવડો મોટો થયો છતાં તું એવો ને એવો જ રહ્યો! આ સગી છોકરીને ગણતાં નથી એવી રીતે તારી રમાને આ તારાં માબાપ ગણે છે, છતાં તું એમ જ માન્યા કરે છે કે તારી રમાને એ લોકો દુઃખ દે છે!'

> કર્જકી પીતે થે મય ઔ યહ સમજતે થે કિ હાં,
> રંગ લાયેગી હમારી ફાકા-મસ્તી એક દિન.
> **ગાલિબ**
>
> જાહિદ શરાબ પીનેસે કાફિર બના મૈં કયોં.
> કયા એક ચુલ્લૂ પાનીમેં ઈમાન બહ ગયા ?
> **જૌક**
>
> અંગૂર મેં ધરી થી પાની કી ચાર બૂંદેં,
> જબસે વો ખિંચ ગઈ હૈં, તલવાર હો ગઈ હૈં.
> **અજ્ઞાત**

પણ....પણ કાકા, મારે આડીઅવળી વાત ન જોઈએ.' રમણે શરમ છોડી ક્રોધને વશ રાખવા યત્ન કરતાં કરતાં કહ્યું, 'તો પછી શા માટે એ લોકો રમાને ફુમસ નથી લઈ જતાં ?'

'લે કહું, સાંભળ.' ડોકટરકાકાએ પણ જરા કડક થઈને કહ્યું, 'રમાને બસમાં બેસાડીને ફુમસ સુધી લઈ જવાની મેં જ એમને ના પાડી છે. એને તમે ફુમસ લઈ જાઓ તો, ચોક્કસ, રમાને છોકરું ફુમસમાં જ આવે. હવે બરાબર ધ્યાનમાં ઊતર્યું ?'

આમ જ્યાં પ્રસંગ કરુણ હોય ત્યાં પણ એ કરુણતાના મૂળમાં રહેલું માનસ વાચક માટે હાસ્ય-જનક નીવડે. કરુણ-ઘેરી-પરિસ્થિતિમાં હાસ્યકાર હસવા જેવી-વાચકને હસાવે તેવી-વિચિત્રતા પારખે -એવા હાસ્યરસને રામભાઈ બક્ષીએ દ્રઢનિષ્ટ હાસ્યરસ કહ્યો છે. કારણ કે એ હાસ્યરસ મૂળ પ્રસંગમાં છૂપો રહ્યો હોય અને એની પ્રકટતા તો 'સર્જકની મનોભૂમિ'માં થાય છે.

•

બીજાં બધાં લેખક-લેખિકાઓ જેમ લખતાં હોય તેના કરતાં ઊંધું જ વિચારવાની મને ટેવ પડી ગઈ છે, અને એમ કેમ ન થાય એવા જ પ્રશ્નો મારું મન મને પૂછ્યા કરે છે. જાણીતાં વાર્તાકાર ધીરુબહેન પટેલે 'અધૂરો કોલ' નામે વાર્તા લખી અને પોતાના એક સંગ્રહને પણ એનું જ નામ આપ્યું. આવું જ વસ્તુ આપણે ઘણી વાર જુદાં જુદાં લેખક-લેખિકાઓને હાથે ચડેલું અને જુદા જુદા ઘાટ પામતું જોયું છે-વાંચ્યું છે. આ વાર્તા મને ઘણી ગમી, પણ મારામાં રહેલ સર્જકે વિચાર કર્યો-'ધારો કે વડીલો આ બધા અવરોધો મૂકે જ નહિ તો ?' મને આવી વિચારસરણી ગમી અને તેમાંથી રચાઈ, 'અવળચંડાઈ'-જે 'ખોજો ભર્યો' નામના મારા સંગ્રહમાં છે.

જૂહુના દરિયા પર બે વ્યક્તિ-યુવક વિપિન અને યુવતી લતા, બંનેનાં માબાપ પૈસાદાર અને બાપ ભાગીદાર. વિપિન વ્યવહારુ માનસનો, લતા રંગદર્શી સાહિત્ય પર જીવનારી. લતા એમ જ માની બેઠેલી કે, આપણાં માબાપ આપણાં લગ્નમાં વિઘ્નો નાખશે જ. પોતાને કદાચ ઇંગ્લેંડ પણ મોકલી આપે અને વિપિનને વળી કોઈ બીજે ઠેકાણે. એટલે જૂહુના દરિયામાં પડી આપઘાત કરવો એવો લતાનો ખ્યાલ.

વિપિન સમજાવે છે: 'પાછી તું આડી ફાટી. હું દસ વર્ષનો અને તું છ વર્ષની હતી ત્યારથી આપણે એકબીજા જોડે પરણવા માગીએ છીએ... આજે હું છવ્વીસનો અને તું બાવીસની છે છત માબાપે વિઘ્ન નાખ્યાં નથી અને આપણે આપણા વિચાર બદલ્યા નથી. પછી શું છે ?'

પેલીએ તો યે ન જ માન્યું એટલે વિપિને ઠરાવ કરી દીધો કે ઘેર જઈને તરત જ માબાપને-બંનેનાં-પૂછવું.

લતા તો આપઘાત વિશેનો પત્ર અને છબી પણ લાવી હતી, પરંતુ વિપિને કહ્યું કે છબી લગ્ન પછી 'ઈલિસ્ટ્રેટેડ વીકલી'માં બ્લોક કરવા માટે કામ લાગશે.

છતાં લતા તો બળજબ્રા જ કરતી હતી. વડીલો બંનેને નજરકેદમાં રાખશે, ચિઠ્ઠીચપાટી કશું પણ લખવા દેશે નહિ વગેરે. પુસ્તકિયા જ્ઞાનમાં જ ભરોસો રાખી લતા વધારે ને વધારે ત્રાસ માટે કટિબદ્ધ થતી ગઈ.

વડીલોમાંથી પુરુષોએ અને સ્ત્રીઓએ પણ ના ન પાડી. શરત માત્ર એટલી કે હમણાં દેશમાં

દુકાળ છે એટલે ભપકો કશો કરવો નહિ, રજિસ્ટર્ડ લગ્ન કરી નાખવાં. પછી 'હનીમૂન' માટે જ્યાં જવું હોય ત્યાં જવું!

છેવટે કુટુંબના વડીલમિત્ર તરીકે સોલિસિટર મંગળકાકાએ પણ હા પાડી એટલે પછી કાંઈ વધારે કરવાનું રહ્યું ન હતું એથી બંને કારમાં બેઠાં. વિપિન વ્હીલ પર બેઠો. કાર ચાલી અને લતા ગુસ્સામાં બબડી:

'મારું મગજ આજે ઠેકાણે નથી. બધાં જ વડીલો—આપણાં બાપાજીઓ અને માઓ અને અધૂરામાં પૂરું મંગળકાકા પણ આપણા લગ્નમાં વાંધો કાઢવાને બદલે 'હી હી હી' કરીને હસ્યાં! નરી અવળચંડાઈ! ચોખ્ખી અવળચંડાઈ!'

'ઓહ! એમ!' વિપિનથી બોલી જવાયું.

'હા હા, સાડી સત્તરસો વાર નરી અવળચંડાઈ!' લતાએ ઉત્તર વાળ્યો.

આવા પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે બીજું કશું નહિ તો, મૌલિકતા બતાવવા પણ વડીલોએ આ પ્રમાણે યુવક-યુવતીને લગ્નની રજા આપી દેવી જોઈએ એમ હું માનું છું.

•

નિઃસંતાન સ્ત્રીને કાંઈ કેટલા લેખકોએ આલેખેલી છે. એટલે મને પણ એ પાત્ર લઈ મારી રીતે બહલાવવાની ઈચ્છા થાય તેમાં નવાઈ નથી. પણ એમાંય કાંઈક મારી પોતાની અવળચંડાઈ વચમાં આવી ગઈ. આવી બધી સંતાનવિહોણી સ્ત્રીઓ બાળકો પ્રત્યે ઉદાસીનતા ધરાવતી હોય છે, બીજાંઓનાં સંતાનો જોઈ ઈર્ષ્યાથી સળગતી દીઠી છે. કોઈ કોઈ આવી સ્ત્રીઓને મેં નાનાં બાળકોને ધિક્કારતી પણ જોઈ છે.

મારે તો, કોઈ નિઃસંતાન સ્ત્રી હોય, એ બાળકના પ્રશ્ન વિશે તદ્દન ઉદાસીનતા સેવતી હોય, તેમાં એને એક બાળકની આવજ્જત કરવાની આવી પડે અને તેમાંથી ધીમે ધીમે તેને—પેલી સ્ત્રીને તે બાળક પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય, એવી સ્ત્રીને

> ઈશ્ક કા મનસબ લિખા જિસ દિન મેરી તકદીર મેં,
> આહકી નકદી મિલી સહરા મિલા જાગીરમેં.
> **અજ્ઞાત**
>
> પહલે તો કહા મુઝસે કહ ઈશ્ક કા અફસાના,
> ખોલી જો જબાં બોલે-દીવાના હૈ દીવાના.
> **હિના**

નાયિકા બનાવવી હતી.

અચ્છા, એવી નાયિકા બનાવવી તો સહેલી હતી. પણ પછી? અર્વાચીન નવલિકાલેખનકળામાં તો એ પ્રશ્ન એવો જ, સંપૂર્ણ છણ્યા વિના લટકતો મૂકીને નવલિકા પૂરી કરવી જોઈએ. પણ હું તો જૂના જમાનાનો લેખક. નવલિકાને બને ત્યાં સુધી પૂર્ણ દશામાં પહોંચાડવી—એમાં માનનારો, એટલે મેં આ રીતે અંત આણ્યો:

બે ભાઈ, તેમની બે સ્ત્રીઓ. એક ભાઈ-ભાભી રહે વડોદરે, બીજાં ભાઈ-ભાભી રહે અમદાવાદ. અમદાવાદવાળા જોડાને ત્યાં સંતાન નહિ. વડોદરામાં ત્રણ ત્રણ પુત્રો. તેમાંથી નાનો—છેક નાનો માંદો પડ્યો. ટાઈફોઈડમાં પટકાયો. અમદાવાદથી કાકીને બોલાવ્યાં. કાકી ધીમે ધીમે નાના તુષારના પ્રેમમાં પડ્યાં. ટાઈફોઈડ મટવા આવ્યો—પણ પછી ઊથલો ખાધો. ડૉક્ટરને થયું કે હવે છોકરો બચે તો કોઈ ચમત્કાર રહ્યો, બાકી નહિ.

કાકીને આ વાતની ખબર પડી અને કાકીએ યમરાજ સાથે જુદ્ધ ખેલ્યું. કોઈ દિવસ પૂજાપાઠ નહિ કરનારી એવી કાકી ત્રણ દિવસ અને ત્રણ રાત એ નાના તુષારના અંગને પંપાળતી, માત્ર પાણી પીને, નિદ્રાનો ત્યાગ કરીને, મોંથી કોઈ મંત્ર-પ્રભુનું નામ ગણગણતી યમરાજને પડકાર કરતી રહી.

વળી ડૉક્ટરને થયું કે આમાં જો તુષારને કાંઈ થયું તો, કાકીનું શું થાય તે કહેવાય નહિ. પણ ચમત્કાર થયો! યમ સામે એક નિર્બળ સ્ત્રી જીતી ગઈ. તુષાર મંદવાડમાંથી ઊઠ્યો. પણ પછી કાકી કસોટીએ ચડી. કાંઈ બારે માસ વડોદરા થોડા રહેવાય છે! એટલે સત્યનારાયણની કથા થઈ રહે

એને બીજે દિવસે પોતે અમદાવાદ જશે એમ કાકીએ ભારે હૈયે જણાવ્યું.

ગોરે ઘાટો પાડ્યો : 'તુષારભાઇ તૈયાર થયા ? તુષાર ક્યાં છે ?....ઓહો ! આવ્યા, આવી જાઓ તુષારભાઈ, બેસી જાઓ પાટલા પર.'

'પણ શોભાકાકી ક્યાં છે ?' નાના ઓરડામાં કાંઇક વધુ પડતી માનવમેદની જોઇ બાવરો બનેલો તુષાર બોલ્યો અને જ્યાં ઊભો હતો ત્યાં જ ઊભો રહી ગયો.

'હમણાં આવશે, રસોડામાં છે, તું કથા કરવા બેસને—' માએ કહ્યું.

'ઊંહુ ! શોભાકાકી બેસે તો જ હું બેસું.' તુષાર બોલ્યો.

'અરે ગાંડાભાઇ ! કાકી તો શીરો કરે છે. પછી આવશે.' ગોરને પોતાને મોડું થતું હતું તેથી ગોરે કહી નાખ્યું.

'તો પછી હું પણ રસોડામાં શીરો કરવા જાઉં છું.' કહીને તુષારે ધીમે પગલે રસોડા ભણી ચાલવાનું શરૂ કર્યું.

બધાંની બહુ હોહા પછી, શોભાકાકી પાટલા પર બેઠાં ત્યારે તેમના ખોળામાં બેસીને તુષારે પૂજા કરી.

•

બહાર ટાંગો આવી ગયો હતો. સામાન નીકળતો હતો....કાકીએ ધ્રૂજતે, કંપતે સ્વરે પૂછ્યું : 'તુષાર ક્યાં ?'

....તુષાર આવ્યો. જાણે તંદ્રામાં હોય તેમ શોભાકાકી તેની પાસે આવતી ગઇ. ત્રણ દિવસ અને પેલા અખંડ યુદ્ધમાં પોતાને વિજય મળ્યો તે પહેલાં જે ભયંકર ઉદ્વેગ, ચિંતા, દુઃખ હતાં તે વેળા કોઇ પણ રીતે પરાજય નહિ સ્વીકારવાનો જે અડગ નિશ્ચય દૃષ્ટિગોચર થતો હતો, તે આ વેળા ન હતો, એને સ્થાને હતી માત્ર ગાઢ, અફર નિરાશા.

...સહસા કાકી તુષારને બાઝી પડી અને ભીષણ વેદનાથી ઘેરાયેલ અવાજે 'મારા દીકરા, જાઉં છું, હોં !' એટલું પૂરું બોલાયું ન બોલાયું ત્યાં તો હાજર રહેલ ડૉક્ટરે છલંગ મારી બેભાનાવસ્થામાં જમીન પર પછડાતી કાકીને ઝીલી લીધી. કલાક બે કલાક પછી શોભાકાકી ભાનમાં આવી. એમાંથી આવી ગયેલી નબળાઇ દૂર થતાં ત્રણચાર દિવસ નીકળી ગયા.

તે સમયમાં બધાંએ વિચાર કરીને અમુક નિર્ણય લીધો અને ડૉક્ટરકાકાએ શોભાકાકીને વ્હાલથી કહ્યું : 'શોભા ! હવે બીજા ત્રણેક દિવસમાં તું બરાબર સારી થઇ જાય પછી તારો ખોળો ભરીએ !'

શોભા સમજી નહિ. ડૉક્ટરકાકાએ શોભાને માથે હાથ ફેરવતાં કહ્યું : 'શોભા દીકરી ! તારો ખોળો તો અજબ રીતે ભરાશે હોં ! બીજાને તો બાળક પછી આવે, તને તો તારા ખોળામાં પહેલેથી જ દીકરો !'

આ સાંભળી શોભાએ દિયર મધુકર ને વિજ્યા તરફ જોયું.

મધુકરને આવે પ્રસંગે શું બોલવું તેની સૂઝ ન હતી એથી ડૉક્ટરકાકાએ જેમ - બોલવાનું કહ્યું હતું તેમ એણે કહ્યું: 'ભાભી, અમારો દીકરો તો ગયો જ હતો, તમે પાછો લાવ્યાં તો હવે લઈ જ જાઓ.'

વિજ્યા ડૂમો દબાવતી બોલી : 'હા ભાભી, મારે બાબ્બે દીકરા છે તો યે તમારો દીકરો લઇ લઉં એવી હું નફ્ફટ નથી.'

એટલામાં બહારથી આવીને તુષારે શોભાને જોરથી બાથ ભીડી, અને કાકીના ખોળામાં પડતું મૂકીને શોભાકાકીનો ખોળો ભરી દીધો !

આ પ્રમાણે 'ખોળો ભર્યો' (આ જ નામના સંગ્રહમાં) નવલિકા લખાઇ ગઇ.

પ્રવીણસિંહ ચાવડા

પગ ફૂટપાથ પર મુકાયો અને જમણા હાથને પાછળ ઠેલીને જાનીએ બસનું બારણું બંધ કર્યું. આજે એ કંઈક ખુશમિજાજમાં દેખાતા હતા. શેરી તરફ ચાલતાં, પોતે કંઈક આનંદમાં છે એવો એમને ખ્યાલ આવ્યો, ને એ ખુશ થયા. આજે શનિવાર હતો. એમને માટે શનિવારે આમ ખુશ-મિજાજમાં હોવું એ નવાઈની વાત હતી. આમ તો દર શનિવારે બસમાંથી ઊતરીને ઘેર જતાં એમના પગ ધીમે ચાલતા અને બીજા દિવસના ભયથી એમનું હૃદય થડકી રહેતું. રવિવારનો દિવસ ઘેર જ પસાર કરવો પડતો ને એની લંબાઈ ન જાણે કેટલી ય વધી જતી! ઘરમાં જ બેસી રહીને દિવસ પસાર કરવો! સવારે ચા પીતાં પીતાં વરગણી પર પડેલાં કપડાં સામે જોયા કરવું, પછી છોકરાંને લેસન કરતા જોવાં, છાપું વાંચવા માટે લાયબ્રેરીમાં ચાલ્યા જવું ને ત્યાં વિચિત્ર, જરા યે સમજણ ન પડે એવી વાતો વાંચવી. આવીને જમવું, માથા પર ટોપી વિના જ બેસી રહેવું, પત્ની પોતાની સાથે કંઈક વાત કરે એવી ઇચ્છા રાખ્યા કરવી પણ પોતે જ વાત કરવા માગે તો કયા વિષય પર વાત કરવી એ સમજાય નહિ, એટલે ખુલ્લા માથા પર હાથ ફેરવતાં મૂઝાયા કરવું ને બપોરે પથારીમાં પાસાં ફેરવવાં. કદી ઊંઘ આવે નહિ. આ બધાથી રવિવાર એમને ડરાવતો હતો. ગમે તેમ પણ ઑફિસમાં દિવસ ઝપાટાબંધ જતો રહેતો હતો.

પણ આજે ફૂટપાથ પર ચાલતાં ચાલતાં એ આનંદ અનુભવી રહ્યા. આવતી કાલના રવિવારનો એમને ભય નહોતો. આવતી કાલે એમનો જન્મ-દિવસ હતો અને ઑફિસનાં માણસોને એ પોતાને ત્યાં જમવા માટેનું આમંત્રણ આપતા આવ્યા હતા. આ સારી વાત હતી. મજા આવશે. બધાં મોડે સુધી બેસશે. ગપ્પાં હાંકશે. ઘણા જુવાનિયા છે—ચૌહાણ, રાઓલ, સંપત. પેલી ટાઇપિસ્ટ છોકરી મોના પાસે ગવડાવશે ને એ મૂંઝાશે એટલે બધા હસશે. ને આ બધું પોતાના ઘરમાં જ બનશે. આવું કંઈક થવું જ જોઈએ. પોતે શા માટે દર વર્ષે આ રીતે જન્મદિવસ ઊજવતા નહોતા એની એમને નવાઈ લાગી રહી હતી. આવું કંઈક થવું જોઈએ. માનવી છીએ, માનવી માનવીને મળે. બાકી આ દુનિયામાંથી શું લઈ જવાના છીએ? છોકરાં ખુશ થશે. પત્ની! એમણે ઝભ્રીને હલાવી. બિચારી! એક જ પ્રકારની જિંદગી! ચૌહાણ, રાઓલ, સંપત, મોના અને બે-ત્રણ પોતાના જેવા બુઢ્ઢા—ગોખલે, મુલે, બનવેત. ખાસ ખર્ચ પણ નહિ આવે. એ શેરીમાં વળ્યા.

સામે ઘર દેખાતું હતું. છત્રીને એમણે ઊંચી લઈને બગલમાં મારી, ત્રીસ-ચાલીસ રૂપિયા !

બારણું ખાલી અડકાવેલું જ હતું. સહેજ ધક્કો મારતા ખૂલી ગયું. અંદર પ્રવેશીને જાનીએ જોડા કાઢી નાખ્યા ને છત્રી પત્નીને આપી. અહીં આ સ્થળે પણ વાત કરી શકાય. પત્નીએ છત્રીને ખીંટીએ ભરાવી એ એ જોઈ રહ્યા, ને ટોપી હાથમાં લીધી. થોડી વાર મૂંઝાતા ઊભા રહ્યા, પછી પૂછ્યું, 'છોકરાં ક્યાં ગયાં ?'

'રમતાં હશે.'

એ હીંચકા તરફ વળ્યા.

'તમે તો ખાઈ લો—'

અરે, હા.'' હીંચકા પર મુકાયેલા હાથને ઉઠાવી લઈને એ ચોકડી તરફ વળ્યા, ને હાથ ધોઈ નાખ્યા. હવે એમને પૂરેપૂરું લાગી રહ્યું હતું કે, પોતે એક સરસ કામ કરીને આવ્યા છે. મજા આવશે. એ લોકોને પણ ખબર પડે કે, જાની ય કંઈક ખર્ચ કરી જાણે છે. એ ફક્ત લોકોની ચા પીજ નથી જાણતો, બદલામાં એમને બધાને પોતાને ઘેર બોલાવી જમાડી પણ શકે છે. પગની પલાંઠી બનાવી એ બંને પગના અંગૂઠા હાથથી પકડી રાખીને થાળી સામે બેઠા. હવે વાત કરવી. પણ એમને ઘરમાં કંઈક ખૂટતું લાગતું હતું. હા, છોકરાં. છોકરાં અહીં ખૂણામાં રમતાં હોય, લેસન કરતાં હોય, કે પોતાના બૂટ આઘાપાછા કરતાં હોય, તો વાત કરવાની અનુકૂળતા રહે.

'કેમ બેસી રહ્યા છો !' પાર્વતીબહેને પૂછ્યું.

'હેં-હેં-ખાઉં છું ને—' એ હાથને થાળીમાં ફેરવતાં પાર્વતીબહેન તરફ જોઈ રહ્યા. પછી કહ્યું, 'મારે તને એક વાત કરવાની છે.' ને કોળિયો જે થાળીની ઉપરજ હાથમાં લટકી રહ્યો હતો એને મોંમાં મૂકયો એ કોળિયાને નીચે ઉતારી જઈ એમણે કહ્યું, 'કાલે મારો જન્મદિવસ છે ને—'

પાર્વતીબહેન એમની સામે જોઈ રહ્યાં. એ એમને યાદ નહોતું.

'હું ઓફિસના માણસોને જમવાનું કહેતો આવ્યો છું. દસેક માણસો છે. સમજે છે ને—'

પાર્વતીબહેન આ બધું ન સમજાતું હોય એમ ફાટી આંખે એમની સામે જોઈ રહ્યાં.

'ખીચડી થોડી છે.' જાનીએ કહ્યું.

એમણે ચમચાને તપેલીમાં ફેરવીને ખીચડી થાળીમાં નાખી.

'મેં કહ્યું એ તેં સાંભળ્યું નહિ.'

'સાંભળ્યું.'

'તો—'

'બહુ સારું કર્યું.'

હવે જાનીને લાગ્યું કે ઘરમાં કોઈ અસામાન્ય બનાવ બની રહ્યો છે. થોડી વાર એમનો હાથ ખાલીખાલી થાળીમાં ફરી રહ્યો. 'પણ તું સીધો જવાબ તો આપ—' એમણે કંટાળીને કહ્યું.

'જવાબ સીધો જ છે ને ! સારું કર્યું બધાંને કહેતા આવ્યા તે. બહુ સારું.'

જાની ગુનેગારની જેમ બેસી રહ્યા.

'તમે તો મિલમાલિક ખરાને, તે વર્ષગાંઠ ઊજવો ! વર્ષગાંઠ ! વર્ષગાંઠ !'

'આ સારું ન કહેવાય, પાર્વતી !' એમણે સહેજ કરડાઈથી કહ્યું.

'શું સારું ન કહેવાય ?'

'આટલું સાંકડું મન રાખે છે; તું ? કોઈ દિવસ ને તેય સારા પ્રસંગે માણસો આપણે ત્યાં આવે એ તો ઊલટી આનંદની વાત ગણાવી જોઈએ.' એ બોલ્યા પણ હવે એમને લાગવા માંડયું હતું કે, પોતે કંઈક ખરાબ કરીને આવ્યા હતા. 'ચાલીસેક રૂપિયા ખર્ચ થશે.' એમણે અચકાતાં અચકાતાં કહ્યું.

'ખર્ચી નાખો.'

'પગાર હમણાં જ થયો છે. ઘરમાં પૈસા તો હશે.'

'હા, બધા પૈસા એમને એમ જ પડ્યા છે. અગાઉના પણ પડ્યા છે. બેંકમાં પણ ક્યાં ઓછા છે—'

પત્ની પૈસા અંગે પોતાને આવા શબ્દોમાં કહે એ એમને ગમ્યું નહિ. હવે કોળિયા ગળામાં ઊતરવાને બદલે મોમાં જ આઘાપાછા થતા હતા. 'તું આવું ના બોલ.' એમણે કહ્યું, 'પૈસા તો અત્યારે કોની પાસે હોય છે?'

'તો પછી તમે આવાં ડાંપણ કેમ ડોળી આવો છો—?'

ને ઘરમાં શાંતિ છવાઈ રહી. ચુપચાપ હાથ ધોઈને જાની ઊભા થઈ ગયા. પણ હાથ લૂછ્યા પછી શું કરવું એ સૂઝયું જ નહિ, ને ત્યાં ખુણામાં જ કુવાસ સામે તાકતા ઊભા રહ્યા. આજે જિંદગીમાં પહેલી વાર જ પત્ની આવા શબ્દો બોલી હતી. ખૂણામાંથી નજર ખેસવીને એ અંધારામાં તાકતા ઊભા રહ્યા. આજનો આ દિવસ આવો કેમ ઊગ્યો હશે એ એમને સમજાયું નહિ.

'તમને પાછું ખોટું લાગે છે.' પાર્વતીબહેને એમની પાછળ ખુરશી ગોઠવતાં કહ્યું. એમનો અવાજ હવે સાવ કોમળ બની ગયો હતો. 'અહીં કેમ ઊભા રહ્યા છો? બેસો—તમે ઝબ્બો સિવડાવવાની વાત કરતા હતા. મહિનાથી ખભા આગળ થીગડાવાળો ઝબ્બો પહેરીને જાઓ છો. છોકરાંઓને બસનો પાસ કઢાવવાનો છે. બિચારાં નિશાળે ચાલતાં જાય છે. અમારી તો વાત જ નહિ કરવાની. તમે પોતે જ નહોતા કહેતા કે, આ વખતે નવી ચાદર લાવવી છે? કોઈ આવે એને ખુલ્લા ગોદડા પર બેસાડવું પડે એ ખરાબ લાગે છે, તમે જ કહેતા હતા—'

શરીરને ખુરશીમાં ગોઠવીને એ બેસી રહ્યા. પાર્વતીબહેન એમને ખભે હાથ મૂકીને ઊભાં હતાં. એમને થયું કે એ પાસેથી દૂર ચાલી જાય અને પોતે એકલા જ બેસી રહે. આ બધું એમને અરાજ લાગી રહ્યું હતું. આવી કોઈ સાંજ જન્મી નહોતી. આવું કોઈ વાર બન્યું નહોતું. પોતે શા માટે બધાંને આમંત્રણ આપી આવ્યા? પોતાને એ સૂઝયું જ કેમ?

'ઝપ મારી તે આમંત્રણ આપી આવ્યો.'



જીવનસંઘર્ષ

છેવટે એ કરડા અવાજે લગભગ બરાડી ઊઠ્યા. પાર્વતીબહેન કંઈ બોલ્યાં નહિ. ઊંચે જોઈને અવાજને વધુ કરડો બનાવતાં એમણે કહ્યું, 'હવે તું આ વાસણ ઉઠાવી લઈશ?' ને પાર્વતીબહેન થાળી લેવા નીચે નમ્યાં ત્યાં એમને ખુરશી આખી જાણે કરડવા આવતી હોય એમ લાગ્યું. ડોક જાણે થાકથી નમી જતી હતી ને બધે અંધારું દેખાતું હતું. બહાર શેરીમાં હજુ લાઈટ થઈ નહોતી. હાથને ખુરશીના હાથા પર મૂકીને એમણે ડોક એના ઉપર નમાવી દીધી, ને આંખમાં પાણી ભરાઈ આવ્યાં, 'કોઈ વાર નહિ ને જિંદગીમાં પહેલી જ વાર આજે બે માણસોને જમવાનું કહી આવ્યો એમાં તો—'

આ ધીમેથી બોલાયેલા વાક્યમાં કોઈ રિસાયેલા બાળકના અવાજનું દર્દ ભર્યું હતું. થાળીને ચોકડીમાં મૂકીને એમાં લોટો ભરી પાણી રેડતાં પાર્વતીબહેનની આંખમાં પણ પાણી આવી ગયાં. પતિને ખૂબ ખોટું લાગ્યું હતું. પોતે આવું બોલવું જોઈતું નહોતું, એમણે ખૂણામાં ખુરશી સામે જોયું, ખુરશીમાં શરીરને સંકોડીને બેઠેલા પતિ ખૂબ દયાજનક લાગતા હતા. અસહાયની જેમ હાથને સાડીથી લૂછતાં એ થોડી વાર ચોકડી આગળ જ ઊભાં રહ્યાં. 'ખોટું લાગ્યું?' એમણે પતિ સાંભળે એવા અવાજે ધીમેથી કહ્યું.

જાની કંઈ બોલ્યા નહિ.

ઝુલઝુલ કહીં ન જાઇયો જિનહાર દેખના,
અપને હી બન મેં ફૂલેગી ગુલજાર દેખના.
સૌદાઈ બાત ભૂલ ગઈ 'સોજ' તુઝકો ઉફ!
જો કુછ ખુદા દિખાવે સો લાચાર દેખના.
સોજ

'માફ કરજો, પણ તમે ય એવું કરી આવો છો—ચાલીસ રૂપિયા જેવું ખર્ચ ક્યાંથી નીકળશે એનો તો વિચાર કરવો જોઈતો હતો.'

'પણ તે હું રોજ રોજ આવું ખર્ચ કરી આવું છું?' જાની હાથને મોં આગળથી હટાવી લઈ બોલ્યા. એમને લાગ્યું કે એમનો અવાજ ખૂબ મોટો નીકળ્યો હતો.

'પણ તમે સમજો છોને, આપણને આવાં ખર્ચ પાલવે જ નહિ. આ ખર્ચ કરી નાખો ને પછી આખો મહિનો પગારની રાહ જોઈને બેસી રહો.' પાર્વતીબહેનનો અવાજ કરડો બની ગયો ને નહોતું બોલવું તો ય બોલાઇ ગયું, 'આ અમારાં લૂગડાં તો જુઓ. એક ઉપર બીજો ચણિયો ભાળતાં નથી. ક્યાંક બહાર જવું હોય તો યે—' એમનો અવાજ શરમનો માર્યો ધીમો પડી ગયો.

'હા, તે અમે તો નવાં નવાં લૂગડાં પહેરીને ફરીએ છીએ.' જાનીએ દાંતિયું કરતાં કહ્યું. પણ માણસને કંઈક તો પોતાપણું હોવું જોઈએ. આખર માનવી એ માનવી છે. ફક્ત ઘરમાં વાત કરી, ઑફિસમાં કામ કરીને ઊંઘી જવામાં એની જિંદગી સમાઈ જતી નથી. જીવનમાં કોઈ કોઈ વાર, હું કહું છું એક વાર તો એને આવું કંઈક કરવાનું મન થઈ જ જાય છે.'

પછી બંને ચૂપ બની રહ્યાં. બંનેને હવે ઘરની એકલતા અસહ્ય લાગતી હતી. પાર્વતીબહેન ચુપચાપ એમનું કામ કર્યે ગયાં અને જાની એમની સામે જોતાં બેસી રહ્યા. હવે પાછી એમણે ઘરમાં છોકરાંની ગેરહાજરી અનુભવી ને એ છોકરાં પર ચિડાઇ ગયા, 'છોકરાં યે કમબખ્ત થઈ ગયાં છે તો, અત્યાર સુધી બહાર રમ્યાં કરે છે. ભણવાનું તો નામ જ કોણ લે છે—'

ત્યાં છોકરાં આવી ગયાં, ને ઘરમાં ધમાલ ધમાલ મચી રહી. પાર્વતીબહેને એમના હાથપગ ધોવડાવીને જમવા બેસાડી દીધાં. જાની ગુનેગારની જેમ ચુપચાપ એમની સામે જોઇ રહ્યા. ખરી વાત છે—છોકરાંનાં કપડાં પણ ફાટેલાં છે. એમને થયું કે કોઇ સ્વીચ દબાવીને ઘરમાં અંધારું કરી દે અને પોતે આંખો પર હાથ દઇને બેસી રહી શકે તો સારું. પાર્વતીએ ચણિયાની વાત કરી. આવી વાત એનાથી ન કરાય. પણ માનવીને પોતાનું કંઈક તો અસ્તિત્વ હોવું જોઇએ. કોઇ વાર તો એને આનંદ કરવાનું મન થઇ જ જાય. પછી એમને આ આખા બનાવ પર તિરસ્કાર આવી ગયો. પોતે બધાંને આમંત્રણ આપ્યું જ કેમ? ને એ કલ્પી રહ્યા. ધારો કે પોતે કોઇને આમંત્રણ આપ્યું જ ન હોત, ને દર અઠવાડિયાના જેવો જ આ એક શનિવાર હોત. અથવા જિંદગીનાં છેલ્લાં ત્રીસ વર્ષથી ચાલી આવતી હતી એવી જ આ એક સાંજ હોત, પોતાને આવતી કાલનો ડર જરૂર લાગત. બાકી તો કંઇ નહિ ને? પોતાને આમ અત્યારે ખુરશીમાં બેસી રહેવું ન પડત. ઊંચા અવાજે પાર્વતીને બોલવું ન પડત. પાર્વતીની આંખમાં પાણી ન આવત. એ રડી રહી છે. એમને એવા શનિવારની કલ્પના ખૂબ ખૂબ આનંદદાયક લાગી. કોઇ ખાસ ચિંતા નહિ. પોતે આવી ભૂલ કેમ કરી?

છોકરાં જમીને સૂઇ ગયાં. એંઠવાડ કાઢીને પાર્વતીબહેન પથારીઓ કરવા લાગ્યાં. એ એમની સામે જોઇ રહ્યા. એનો તો કોઇ ગુનો નથી. એની વાત સાચી છે. પોતે જ ભૂલ કરી છે. પણ માનવીને એકાદ આનંદની જરૂર હોય છે. પણ આને એક જ ચણિયો છે, છોકરાંનાં કપડાં ફાટેલાં છે, એ નિશાળે ચાલતાં જાય છે, ફૂટપાથ પર મોટરો ચડી જાય છે, માનવીને આનંદની જરૂર હોય છે, ચાલીસ રૂપિયા—મોટું ખર્ચ છે, કોઇ માનવી આવી મૂર્ખાઈ ન કરે. ઘરમાં ચાદર હોવી જોઇએ. મહેમાન આવે. ધારો કે મહેમાન આવે એને ખુલ્લા

ગોદડા પર બેસાડવો પડે. ચાદર જ નહિ. પોતાને ઝબ્બો બબેથી ફાટેલો છે. પણ કાલે સવારે એ બધાં જરૂર આવશે. ચૌહાણ, રાઓલ, બનવેત, પેલી છોકરી મોના—એનો ચહેરો, એને બધા ગવડાવશે. ચાલીસ રૂપિયા. ઓફિસના માણસોના ચહેરા ! ભયંકર ચહેરા ! એમનાં હાસ્યો ! ભયંકર હાસ્યો !

એમણે આંખો ઉઘાડી ત્યારે એમની નજર સામે ઘરમાંનો પ્રકાશ પીળો ને પછી કાળો બની ગયો. પાર્વતીબહેન એમની સામે ઊભાં રહીને એમને જગાડી રહ્યાં હતાં. પોતે અહીં ખુરશીમાં ઊંઘી ગયા હતા ! એ ઊભા થયા. થોડી વાર આંખો પટપટાવી. બધું શું હતું ? સાચું કે ખોટું ? પોતે આમંત્રણ આપી આવ્યા એ વાત, ધારો કે, આ ઊંઘમાં આવેલું એક સપનું જ હોય તો ? ના, હવે પત્ની સામે જોવાની એમની હિંમત ચાલી નહિ.

'શું કરીશું ?' એમણે બાજુએ જોઈને કહ્યું. છોકરાં ઊંઘી ગયાં હતાં.

'શાનું ?'

'એ લોકો તો બધા આવશે—'

પાર્વતીબહેન કંઈ બોલ્યાં નહિ. કોઈ ભયથી બચવા માટે હોય એમ એમણે બારણું બંધ કર્યું ને સ્ટોપર ચડાવી. 'ચાલો, સૂઈ જાઓ !' એમણે પતિને કહ્યું. આંખો નીચે રાખીને જાનીએ શરીરને ચુપચાપ પથારીમાં લંબાવી દીધું. 'એ લોકો સવારે જરૂર આવશે.' એ ફરી બબડ્યા. પાર્વતીબહેનના કાનમાં એ અવાજ મોટા ને મોટા બનીને ગાજી રહ્યો. કોઈ ભયંકર બનાવ સામે આવતો હતો. હાથ લંબાવીને એમણે સ્વીચ બંધ કરી અને છોકરાંને સહેજ ખસેડી એ સૂઈ ગયાં.

'કટ' સ્વીચનો અવાજ જાનીના કાનમાં ગાજી રહ્યો. એમણે આંખો પટપટાવી. સવારે બધાં આવશે. એક એક ચહેરા એમની નજર આગળથી પસાર થઈ ગયા. રાઓલ, ચૌહાણ, સંપત, મોના, ગોખલે, બનવેત, મુલે, પટાવાળા, હેડ કલાર્ક, ફાટેલાં કપડાં, પોતે એમને આમંત્રણ આપી આવ્યા હતા એ હકીકત હતી. આવી ભૂલ કેમ કરી ? પાર્વતી રડતી હતી. એની વાત સાચી હતી. ચૌહાણ અને રાઓલ મોના પાસે ગવડાવશે ને એ શરમાશે. આ ઘરમાં જ. છોકરાંને બસનો પાસ કઢાવવાનો છે, ચાદર નથી હોતી તો ફાટેલા ગોદડામાંથી રૂ દેખાયા કરે છે, આ બધું ન કર્યું હોત તો મજા આવત. કાલે સવારે ચા પીતાં પીતાં છોકરાં જોડે વાત કરી શકાત. પછી લાયબ્રેરીમાં છાપું, છાપું વાંચવાની મજા આવે છે. પછી બપોરની ઊંઘ. ફાટેલાં કપડાં, ગોદડાંમાંથી દેખાતું રૂ, એ બધાં જરૂર આવશે. ન આવે તો ? પણ આવશે જ. અને પથારીમાં પડયે પડયે એ કલ્પી રહ્યા, ધારો કે એ બધાં જ ન આવે ? બનવાજોગ છે. ચૌહાણ દાદરથી આવે છે. એ ટ્રેન ચૂકી જાય. રાઓલ અને મોનાને સારું બને છે. બંને પિક્ચરમાં ચાલ્યાં જાય. બનવેતને કોઈ મળવા આવી જાય... મુલેની છોકરીને સગાઈ આવે...ગોખલે સાયકલ પર આવે છે એને પગમાં સહેજ વાગે...

જ્યારે મારી આશાઓ અને આકાંક્ષાઓ નિરાશ થઈને દબી પડે છે ત્યારે મને રડવું નથી આવતું. દુઃખ નથી થતું, પણ મારું સમગ્ર અસ્તિત્વ સાવ બેપરવા બની જાય છે. ચેતનાતંત્રમાં એક ચેની નફકરાઈ વ્યાપી જાય છે, જે નિરાશા, જખમો કે બીજી બાબતોની નોંધ લેવા પણ તૈયાર નથી હોતી. હોવા છતાં એ બધું પોતાનું અસ્તિત્વ ગુમાવી બેસે છે. પછી હું આરામથી મારા રોજિંદા કાર્યોમાં પરોવાઈ જાઉં છું. ત્યારે મારામાં એક વૈરાગી આવીને બેસી જાય છે. એ પેલા હિસાબ અને સરવાળાબાદબાકી કરનારા માણસને ધક્કો મારી હટાવી દે છે, 'ચલ હટ, અહીં તારું કામ નથી. જા, બેસી જા પેલા ખૂણામાં, હું સંભાળીશ બધું.'



બાબુભાઈ દાવલપુરા

સાહિત્ય અને ઇતિહાસ વચ્ચે છેક પ્રાચીન સમયથી જ નિકટનો સંબંધ રહેલો છે. આપણાં રામાયણ મહાભારત આદિ મહાકાવ્યોએ પરવર્તી સાહિત્યકારો અને ઇતિહાસકારોને સર્જન અને સંશોધનની મૂલ્યવાન સામગ્રી પૂરી પાડી છે.

ઐતિહાસિક સાહિત્યકાર ઇતિહાસમાંથી રસ-સામગ્રી પસંદ કરીને અતીતના એકાદ સમયખંડને પોતાની કૃતિમાં સફળ રીતે અવતારે છે ત્યારે આપણને એમાંથી બેવડો રસ મળે છે. આધુનિક સમયની ઐતિહાસિક નવલોમાં પણ સાહિત્ય અને ઇતિહાસ ઉભયનો આ બેવડો રસ માણી શકાય છે.

આમ ઐતિહાસિક નવલકથામાં સાહિત્યકલાના આનંદ ઉપરાંત જે એક વિશેષ રસ–ઐતિહાસિક રસ–હોય છે તેનો લાભ ઉઠાવવાની વૃત્તિ ઐતિહાસિક નવલકથાના લેખક અને વાચક બેઉમાં રહેલી હોય છે. આ ઉપરાંત, આપણામાં ભૂતકાળની ગૌરવ-ગાથાઓમાંથી પ્રેરણા પામવાની વૃત્તિ પણ ખૂબ પ્રબળ હોય છે. વર્તમાન જીવનના ભીષણ સંઘર્ષો અને કઠોર વાસ્તવમાંથી છટકીને ભૂતકાળની દૂરની દુનિયામાં, રંગદર્શી ભાવનાઓના મુક્ત વાતાવરણમાં આશ્રય શોધવાની ભાગેડુવૃત્તિ પણ ક્યારેક માનવીમાં જાગે છે ભાવનાઓના મનસ્વી સ્વૈરવિહાર માટે વર્તમાન જીવન અને જગત સાંકડું પડે ત્યારે પણ ઐતિહાસિક સાહિત્યનો આશ્રય લઇએ છીએ. જિજ્ઞાસા ઉપરાંત આવી કેટલીક વૃત્તિઓ પણ ઐતિહાસિક નવલકથાના સર્જનમાં કારણભૂત લેખાય

ઐતિહાસિક નવલકથાઓ આપણે ત્યાં ખૂબ લખાય અને વંચાય છે. પણ ઉત્તમ કોટિની ઐતિહાસિક નવલો તો આંગળીને વેઢે ગણી શકાય એટલી પણ નથી. કારણ સ્પષ્ટ છે. ઐતિહાસિક નવલકથા લખવાનું કાર્ય એકીસાથે બે ઘોડા બેલવવા જેટલું જ મુશ્કેલ છે. સામાજિક નવલકથાનું કથાનક મૌલિક અને સ્વતઃ કલ્પિત હોવાથી એમાં લેખકને કલ્પનાના સ્વૈરવિહાર માટે ઘણો અવકાશ હોય છે, પરંતુ ઐતિહાસિક નવલકથાનું ઉપાદાન ઇતિહાસ હોવાથી ત્યાં લેખકે ઐતિહાસિક સ્થળ અને કાળની મર્યાદા સ્વીકારવી પડે છે. સામાજિક નવલકથામાં વાસ્તવદર્શી નિરૂપણની અપેક્ષા રહે છે, તે જ પ્રમાણે ઐતિહાસિક નવલકથામાં પણ તત્કાલીન ઐતિહાસિક પરિસ્થિતિ, ઘટનાઓ, વ્યક્તિઓ, રાજકીય અને સામાજિક વાતાવરણ આદિનું વાસ્તવમૂલક કલ્પનાચિત્ર અપેક્ષિત છે. જો કે શ્રી મુનશી આવાં કોઈ બંધન સ્વીકારતા નથી. તેઓ તો એટલે સુધી કહે છે કે, નવલકથા-કારની કલ્પના ને સર્જકતાને સ્વાભાવિકતાનાં જ બંધનો હોય છે.[૧]

પરંતુ મુખ્ય સવાલ એ છે કે વાર્તાવિષય બનેલાં કેન્દ્રવર્તી ઐતિહાસિક પાત્રો અને ઘટનાઓનાં ચિત્રણમાં તત્કાલીન માનવસમાજની વિશિષ્ટ જીવન-સરણી અને સંસ્કૃતિનું, તે કાળની વિશિષ્ટ લોકસ્થિતિ અને રાજકીય પરિસ્થિતિનું, તે યુગનાં લોકમાનસ અને ભાવનાઓનું સચ્ચાઈભર્યું ચિત્ર લેખક ન ઉપસાવી શકે તો એની નવલકથાનાં પાત્રો, પ્રસંગો અને વાતાવરણ વાસ્તવિક અને સ્વાભાવિક લાગશે ખરાં ? ઐતિહાસિક નવલકથામાં માનવીના સ્વભાવ,

આચારવિચાર અને હૃદયવ્યાપારોનું નિરૂપણ સ્વાભાવિક અને પ્રતીતિજનક રીતે કરવું હોય તો માનવસ્વભાવની શક્યાશક્યતા ઉપરાંત વિષયભૂત દેશકાળની વાસ્તવિકતાનાં બંધન પણ લેખકે સ્વીકારવાં જ પડે. 'જય સોમનાથ' જેવી પોતાની એક ઉત્તમ નવલકથામાં મુનશીએ આ મર્યાદા સ્વીકારેલી સ્પષ્ટ જોઈ શકાય છે. ભીમદેવ સોલંકીના સમયનાં રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિબળો, ઇતિહાસપ્રસિદ્ધ પાત્રો અને ઘટનાઓ, વામપંથીઓના ક્રિયાકાંડ અને શિવપૂજક હિંદુઓની ધર્મભાવના, રજપૂતોની વીરતા અને શહાદત આદિનું જીવંત અને સ્વાભાવિક નિરૂપણ એ નવલમાં થઈ શક્યું છે, કેમ કે પાત્રસર્જન અને વાતાવરણના નિર્માણમાં એમણે ઐતિહાસિક વાસ્તવિકતા એકંદરે જાળવી છે. પણ અન્યત્ર જ્યાં જ્યાં એમણે આ મર્યાદા ઓળંગી છે, ત્યાં બધે જ નવલકથાના વાતાવરણમાં વિસંવાદિતા અને પાત્રનિરૂપણમાં અપ્રતીતિકરતા પ્રવેશી ગયાં છે. એમની બીજી નવલકથાઓને આધારે આ મુદ્દો તપાસીએ.

'ભગવાન કૌટિલ્ય'માં મુનશીએ શ્રમણો અને બ્રાહ્મણો વચ્ચે જે સંઘર્ષ અને ધર્મદ્વેષ બતાવ્યો છે તે તત્કાલીન ઐતિહાસિક વાતાવરણમાં અસંગત, અસંભવિત અને તે કારણે અસ્વાભાવિક લાગે છે. 'પાટણની પ્રભુતા'માં રાજમાતા મીનળદેવી સામે પાટણના પ્રજાજનો વિગ્રહ આદરીને નગરના દરવાજા બંધ કરે છે એ ઘટના પણ તે જમાનાનું લોકમાનસ જોતાં અસંભવિત અને અપ્રતીતિકર નથી લાગતી? અને, ઝનૂની, હિંસક તેમ જ ઘાતકી ધર્મપ્રચારક આનંદસૂરિમાં પણ હેમચંદ્રના જમાનાના જૈન સાધુમાં સંભવે તેવી ધર્મસહિષ્ણુતા અને અહિંસાની ભાવના ક્યાં જોવા મળે છે? એને જોઇને તો મધ્યકાળના કોઈ ઝનૂની ખ્રિસ્તી પાદરીનું જ સ્મરણ થશે.[૨] 'ગુજરાતનો નાથ'માં પણ કાકના પાત્રમાં કેટલીક આધુનિક ભાવનાઓ અને વિચારસરણી કેવી રીતે ઘુસી ગઈ છે, તે શ્રી મનસુખલાલ ઝવેરીએ વિગતે બતાવ્યું છે.[૩] આ ઉપરથી જોઇ શકાશે કે અર્વાચીન ભાવનાઓ અને વિચારધારાઓ ભરવાનાં વાસણ લેખે ઐતિહાસિક પાત્રોનો ઉપયોગ મનસ્વી રીતે થાય ત્યારે ઐતિહાસિક નવલકથાનું સમગ્ર વાતાવરણ અને પાત્રસર્જન વિરૂપ અને વિકૃત જ લાગે.

ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસની વિકૃતિનો આ પ્રશ્ન વસ્તુત: ઇતિહાસનો નહિ પણ લલિત સાહિત્યનો પ્રશ્ન છે. ઇતિહાસનાં જ્ઞાન અને અધ્યયન માટે નવલકથાને બદલે ઇતિહાસ પાસે જવું જોઈએ. નવલકથા જેવા લલિત સાહિત્યમાં સર્વપ્રથમ અને પ્રધાન અપેક્ષા અપૂર્વ રસાનુભવની, કલાગત નિરતિશય આનંદની જ હોય. પણ આટલું સ્વીકાર્યા પછી કહેવું જોઇએ કે ઐતિહાસિક વિકૃતિને કારણે નવલકથાનાં પાત્રો, ઘટનાઓ અને વાતાવરણ સહૃદય ભાવકને સ્વાભાવિક અને પ્રતીતિજનક ન લાગે તો એને રસભંગનો અનુભવ થયા વિના રહે નહિ. કલાજગત પર નિયતિના નિયમોનું શાસન ચાલતું નથી અને એ દૃષ્ટિએ સાહિત્ય પર ઇતિહાસનું આધિપત્ય આપણે ન સ્વીકારીએ, પણ કલાકૃતિની સ્વકીય આવશ્યકતામાંથી જન્મતાં બંધન અને નિયમન તો કોઈ પણ સાચા કલાકારે સ્વીકારવાં જ રહ્યાં. પ્રસિદ્ધ પૌરાણિક અને ઐતિહાસિક પાત્રો સામાન્યત: પહેલેથી જ જનહૃદયમાં રૂઢ થયેલાં હોય છે. એ પાત્રોની મુખ્ય રેખાઓ પણ અગાઉથી સ્પષ્ટ રીતે ભાવકચિત્તમાં અંકિત થઇ ચૂકેલી હોય છે. તેથી એવાં પાત્રોના આલેખનમાં સાહિત્યકાર લોકહૃદયમાં પ્રસ્થાપિત થયેલી પૌરાણિક અને ઐતિહાસિક વિભૂતિઓનું મનસ્વી રીતે મૂર્તિખંડન કરે તો ભાવકચિત્તને તીવ્ર આઘાત પહોંચે. કવિવર ટાગોર આ સંદર્ભમાં કહે છે કે રામચંદ્રને પામર અને રાવણને સાધુપુરુષ ચીતરવામાં લેખકનો અપરાધ જરૂર છે, પણ તે અપરાધ ઇતિહાસની વિરુદ્ધમાં નથી, સાહિત્યની વિરુદ્ધમાં છે; કેમ કે સર્વજનવિદિત સત્યને તદ્દન ઉલટાવી નાખવાથી રસભંગ થાય છે, પાઠકગણના માથા પર જાણે કે વજ્રઘાત થાય છે.[૪] પરિણામે કૃતિમાં આલેખન પામેલી પાત્રસૃષ્ટિ અને આસપાસનું વાતાવરણ એવાં વિસંવાદી અને અપ્રતીતિકર બની જાય કે ભાવકચિત્તમાં રસબોધ વા સૌંદર્યના

ઐ વતન! ઐ વતન! ઐ વતન!
જાને મન: જાને મન, જાને મન!
જર્રે જર્રે મેં મહફિલ સજા દેંગે હમ,
તેરે દીવારો-દર જગમગા દેંગે હમ.
અજમતે જિન્દગી કી કસમ હૈ હમેં,
તેરી ઈજ્જત પે સર તક કટા દેંગે હમ.
મરતો-ખુશબૂ હવાઓંસે શીતલ હૈ તૂ,
માધુરી હૈ, મનોહર હૈ, કોમલ હૈ તૂ.
પ્રેમ-મદિરાકી લબરેજ છાગલ હૈ તૂ,
સર પે આલમકી રહમતકા બાદલ હૈ તૂ.
બ્બસોં ઔ' ગુલામોંકી દૌલત હૈ તૂ,
જિન્દગીકે જહન્નુમમેં જન્નત હૈ તૂ.
ઐ વતન! ઐ વતન!
હમ તેરે ફૂલ હૈં તૂ હમારા ચમન.

સાગર નિજામી

સાક્ષાત્કાર માટેની મૂળભૂત બુનિયાદ જ તૂટી પડે. મુનશીનાં મીનળ-મુંજાલ વચ્ચે જે 'વિલક્ષણ સ્નેહસંબંધ' દર્શાવાયો છે, તેમાંથી ઉપસ્થિત થતા ઐતિહાસિક વિકૃતિના પ્રશ્નને આનંદશંકર ધ્રુવે ઇતિહાસ કરતાં વિશેષ તો સાહિત્ય અને રસની દૃષ્ટિએ વિચાર્યો છે તે અહીં લક્ષમાં લેવા જેવું છે. તેઓ કહે છે કે, વસ્તુતઃ મુનશીએ રસની દૃષ્ટિએ પણ મીનળદેવીની લોકભાવનાને-ઐતિહાસિક-અનૈતિહાસિકતાનો પ્રશ્ન બાજુએ મૂકતાં પણ-અવગણવી જોઈતી ન હતી, કારણ કે રસનું ઉપાદાન લોકહૃદય જ છે.[૫] ઐતિહાસિક નવલકથાના લેખક સામે 'ઇતિહાસનું ખૂન' કરવા અંગેનું તદ્દોમતનામું બજાવવાની ફરજ રામલાલ મોદી જેવા ઘણા ઇતિહાસભક્તોએ બજાવી છે, પણ ખરેખર તો રસદૃષ્ટિએ જ આ પ્રશ્નને જોવો ઘટે.

નવલકથામાં ઐતિહાસિક પાત્રો અને ઘટનાઓ ઉપરાંત કલ્પિત પાત્ર-પ્રસંગ યોજવાનો લેખકનો અધિકાર તો સૌ કોઈ સ્વીકારે છે. પણ લેખકની આ સ્વતંત્રતા સ્વીકાર્યા પછી રામલાલ મોદી ઉમેરે છે કે ઐતિહાસિક વ્યક્તિઓના પરસ્પર કલ્પિત સંબંધો બાંધવાની છૂટ તે લઈ શકે નહિ, કેમ કે આવા કલ્પિત સંબંધો જનસમાજને ઇતિહાસના જ્ઞાનમાં ભવિષ્યમાં ખોટે રસ્તે દોરશે. જનસમાજને ઇતિહાસ શીખવવા માટે ઐતિહાસિક નવલકથાઓ લખાતી હોવાના ભ્રમથી પીડાતા હોઇ તેઓ તો એટલે સુધી કહે છે કે, કોઇ રાજાનો સમગ્ર રાજ્યકાળ વાર્તામાં લીધો હોય તો ઇતિહાસનો એક પણ મહત્ત્વનો પ્રસંગ છોડી દેવાય નહિ.[૬] પરંતુ ઇતિહાસભક્તિના ઉત્સાહ અને અત્યાગ્રહમાં એ ન ભુલાવું જોઇએ કે ઐતિહાસિક નવલકથા એ ઇતિહાસની તવારીખનું કોઈ નોંધણીપત્રક અથવા દસ્તાવેજી ખતપત્ર નથી. ઐતિહાસિક નવલકથા પણ અંતે તો રસપ્રધાન સાહિત્યનો જ એક પ્રકાર છે અને એમાં સર્જકચિત્તનો કલ્પનાવ્યાપાર અને સ્વચેતનાનો આવિષ્કાર મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઐતિહાસિક નવલકથાનો લેખક પણ પોતાની ભાવનાસૃષ્ટિ અને જીવનદૃષ્ટિ ઇતિહાસના ઉપાદાન દ્વારા મૂર્ત કરતો હોય છે. પણ એણે આ કાર્ય એવી રીતે કરવું જોઇએ કે પોતાની રંગદર્શી જીવનભાવનાઓ ઐતિહાસિક પાત્રો અને વાતાવરણ સાથે દૂધ-સાકરની જેમ એકરસ થઈ જાય. આમ બને તો જ ઐતિહાસિક યા પૌરાણિક નવલકથામાં પેલા બેવડા રસનો મધુર આસ્વાદ અનુભવાય. શ્રી ઉમાશંકર જોષીનું મંતવ્ય આ બાબતમાં લગભગ સર્વમાન્ય ઠરે એવું છે: સાચી ઐતિહાસિક નવલકથા તત્કાલીન ઇતિહાસના સત્યને સાંગોપાંગ જાળવવા મથે છે અને માનવભાવોની લીલા એ સમય પર કેવી ખીલી શકે એનું આલેખન કરી ઇતિહાસના અને માનવતાના સત્યને એકરસ કરી મૂકે છે.[૭] અહીં આપણે એટલું ઉમેરી શકીએ કે ઇતિહાસની અમુક ઘટનાને કેવી રીતે યોજવી અને તેનું અર્થઘટન કેમ કરવું, ઇતિહાસનાં કયાં પાત્ર યા પ્રસંગ જતાં કરવાં અને કયાં નવાં ઉમેરવા-આવી દરેક બાબતમાં સર્જકને ચોક્કસ વિધિ-નિષેધ ફરમાવી શકાય નહિ. એ બધું કલાકારની વિવેકબુદ્ધિ પર છોડી દેવું જોઇએ. એમાં શરત એટલી જ કે ઐતિહાસિક પાત્રો, પ્રસંગો અને

વાતાવરણની પ્રતીતિકરતા ન જોખમાવી જોઇએ. હું તો ત્યાં સુધી કહું કે લાંબા સમયથી પ્રચલિત બનેલી કોઈ લોકકથા કે દંતકથા ઐતિહાસિક ઘટના તરીકે લોકમાનસમાં પ્રતિષ્ઠિત થઈ ગયેલી હોય તો નવલકથાકાર ખુશીથી એનો પણ વિવેકપુરઃસર વિનિયોગ કરી શકે. ઐતિહાસિક વાતાવરણને વિઘાતક નીવડ્યા વિના સુસંવાદી રીતે આવી દંતકથાની સામગ્રી નવલકથામાં યથોચિત ગોઠવાઈ જતી હોય અને રસપોષક બની રહેતી હોય તો નવલકથાકાર ઉપર ઐતિહાસિક વિકૃતિનો આરોપ મૂકવાની જરૂર નથી. સાહિત્યકાર ઇતિહાસનું આ પ્રકારનું ખૂન કરે તો આપણે એને માફ કરીશું, પણ સાહિત્યની કલાનું ખૂન કરીને ઇતિહાસનું જતન કરનારને સહૃદયો કદી માફ નહિ કરે!

નવલકથાની પાત્રસૃષ્ટિ અને પ્રસંગપરંપરામાં ઇતિહાસતત્ત્વની ભારે ભરમાર હોય તેટલા માત્રથી તે ઉત્તમ ઐતિહાસિક નવલકથા બની જતી નથી, અથવા એમાંનાં મુખ્ય પાત્રો અને પ્રસંગોમાં કલ્પનાના અંશો અધિક હોય તે કારણે નવલકથા ઊતરતી કોટિની બની જાય એવું પણ નથી. ચુ. વ. શાહની 'એકલવીર' અને ર. વ. દેસાઈની 'લારેલો અગ્નિ' જેવી નવલકથાઓમાં ઇતિહાસ કરતાં કલ્પનાના અંશો વિશેષ છે, તેમ છતાં પ્રતીતિજનક નિરૂપણને લીધે તે કૃતિઓ સરસ બની શકી છે. એથી ઊલટું, મણીપતરામ નીલકંઠકૃત 'વનરાજ ચાવડો,' આત્મારામ ત્રિવેદી રચિત 'પૃથ્વીરાજ ચહુઆણ,' મણિલાલ ભટ્ટની 'ઝાંસીની રાણી' તેમ જ નારાયણ વસનજી ઠક્કુરની 'મહારાણી મયણલ્લા' આદિ ઐતિહાસિક નવલકથા તરીકે ઓળખાતી 'વારતાઓ'માં બહુધા વાર્તાદેહી ઇતિહાસ હોય છે. ખરી વાત તો એ છે કે નવલકથાએ નવલકથાના કલાતત્ત્વને જાળવી પહોંચાડ્યા વિના ઐતિહાસિક બનવાનું છે. ઐતિહાસિક નવલકથાનો લેખક જો આટલું સિદ્ધ ન કરી શકે તો બાવાનાં બેઉ બગડે: એમાં ન મળે નવલકથાનો રસાનુભવ કે ન મળે ઐતિહાસિક સત્ય. સાચી ઐતિહાસિક નવલકથામાં વસ્તુતઃ કલ્પિત પાત્રો અને પ્રસંગો પણ ઐતિહાસિક લાગશે, જ્યારે નબળી ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસપ્રસિદ્ધ પાત્રો અને ઘટનાઓ પણ અનૈતિહાસિક લાગવાનો પૂરો સંભવ છે.

ઐતિહાસિક નવલકથાની સિદ્ધિ–અસિદ્ધિનું ખરું રહસ્ય પાત્રસૃષ્ટિ અને વાતાવરણના જીવંત અને પ્રતીતિકર નિરૂપણમાં રહેલું છે. નવલકથાકાર ઇતિહાસની અમુક વિગતો સાથે છૂટ લે, અમુક પ્રસંગો અને પાત્રો નવાં ઉપજાવી કાઢીને નવલકથામાં ઉચિત રીતે પ્રયોજે, અમુક ઐતિહાસિક ઘટનાનું અર્થઘટન પોતાની રીતે કરે કે પોતાની રંગદર્શી જીવનભાવનાઓ ઐતિહાસિક પાત્રોમાં મૂર્ત કરે તો એમાં કશું ખોટું નથી. પણ આ બધું નવલકથામાં એવા કલાત્મક રૂપમાં આવવું જોઇએ કે તત્કાલીન ઐતિહાસિક વાતાવરણ, તે કાળના ઇતિહાસની મહાઘટનાઓ અને માનવપ્રવૃત્તિ પાછળ રહેલાં પ્રેરક બળો અને યુગભાવ-t Spirit of the ageનું સજીવ અને યથાર્થ ચિત્ર એમાંથી ઊપજી આવે. ઐતિહાસિક નવલકથામાં સૌથી મોટું ભયસ્થાન કાળવિપર્યાસ છે. લેખકને કદાચ ખબર પણ ન પડે તેવા સૂક્ષ્મ સ્વરૂપે એના પોતાના જમાનાની આધુનિક વિચારસરણીઓ અને ભાવનાઓ ઐતિહાસિક પાત્રના વાઘા સજીને નવલકથામાં ઘૂસી જાય તે ખૂબ સંભવિત છે. નવલકથાકાર આ દિશામાં જાગૃત ન રહે તો નવલકથાનું વાતાવરણ અને પાત્રનિર્માણ વરવું અને અપ્રતીતિકર બન્યા વિના રહે નહિ. લેખકે પસંદ કરેલા ઐતિહાસિક સમયના ફલક પર ઐતિહાસિક તેમ જ કલ્પિત પાત્રોનાં માનસિક વલણો, ટેવો, વિચાર-પ્રવાહો, પરંપરાગત વહેમો, માન્યતાઓ અને ધર્મભાવનાઓ, ધાર્મિક ક્રિયાકાંડો અને સામાજિક વ્યવહારો તેમ જ તે કાળની નીતિભાવના અને જીવનદૃષ્ટિનું આલેખન નવલકથામાં એ પ્રકારે થવું જોઇએ કે તે જમાનાની હૂબહૂ તસ્વીર ઉપસી આવે. તે સમયના લોકોના આચારવિચાર અને આહારવિહાર, રહેણીકરણી અને વેશવાણી, શસ્ત્રાસ્ત્ર અને યુદ્ધપદ્ધતિ, રાજકીય શાસનવ્યવસ્થા અને તંત્રપદ્ધતિ, નગરરચના

અને સમાજવ્યવસ્થા આદિનો અસરકારક વિનિયોગ કરતા લેખકને આવડે તો જ નવલકથાનું વાતાવરણ અને પાત્રસર્જન સ્વાભાવિક અને જીવંત બની શકે. ધૂમકેતુની 'ચૌલાદેવી,' મુનશીની 'જય સોમનાથ' કે દર્શકની 'દીપનિર્વાણ'માં ઐતિહાસિક વાતાવરણનો આવો સુખદ સ્પર્શ અનુભવાય છે. કોઈ પણ સાચી ઐતિહાસિક નવલકથાનું આ એક અનિવાર્ય અને અતિ મહત્વનું લક્ષણ છે. તત્કાલીન લોકમાનસ, ઐતિહાસિક વાતાવરણ અને તે સમયની યુગભાવનાને સાંગોપાંગ જાળવીને સપ્રમાણ અને સ્વાભાવિક પાત્રોનું સર્જન લેખક કરી શકે. નિજ સર્જકપ્રતિભાની સંજીવનીનું સિંચન કરીને ઇતિહાસનાં અસ્થિપિંજરમાં નવો પ્રાણ પૂરી શકે તો જ એ ઉત્તમ કોટિની ઐતિહાસિક નવલ આપી શકે.

---

૧. ક. મા. મુનશી : આદિવચનો અને બીજાં વ્યાખ્યાનો : પૃ–૧૬૫

૨. રા. વિ. પાઠક : સાહિત્યવિમર્શ : પૃ–૮૮. સુ. ન. શાહ : વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા : પૃ–૨૮

૩. મનસુખલાલ ઝવેરી : પર્યેષણા : પૃ–૩૭

૪. રવીન્દ્રનાથ ટાગોર : સાહિત્ય (અનુ. જયંતીલાલ આચાર્ય) : પૃ–૫૧૩

૫. આનંદશંકર ધ્રુવ : સાહિત્યવિચાર : પૃ–૧૫૩

૬. રામલાલ મોદી : મ. સુ. મોદી સ્મારક ગ્રંથ–લેખસંગ્રહ : પૃ ૧૫૦–૫૧–૫૫.

૭. ઉમાશંકર જોશી : નિરીક્ષા : પૃ–૨૭૩–૭૪

મારા પોતાના દુઃખથી મને ક્યારેય રડવું નથી આવતું, પણ મારા વર્તન–કાર્ય કે શબ્દોથી ક્યારેય કોઈને જરા સરખું પણ દુઃખ થાય છે ત્યારે હું મારાં આંસુઓને રોકી શકતો નથી.

•

ઈશ્વરે સર્જેલા આ જગતમાં કોઈને માફ કરી દેવા જેવું ઉમદા કાર્ય બીજું કશું છે નહિ. માફ કરવું એટલે ચાહવું અને ચાહવું એટલે માફ કરવું. આ બધાની બાદબાકી એટલે જીવનની બાદબાકી. એટલે જેઓ માફ નથી કરી શકતા તેઓ ન પોતાનો સ્નેહ કોઈને આપી શકે છે, ન કોઈનો સ્નેહ પામી શકે છે. અને કદાચ ઈશ્વરના સ્નેહથી પણ તેઓ વંચિત રહે છે.

•

રાજહંસ પર ક્રુદ્ધ થઈને બ્રહ્મા શું કરી લેશે? એ જ ને કે એને કમળવનમાંથી દૂર કરશે. હંસમાં નીરક્ષીર જુદા પાડવાની જે શક્તિ–વિલક્ષણ શક્તિ છે. એ તો બ્રહ્મા નહિ છીનવી શકે ને? તો પછી હે કવિ, તમે રાજકોપની ચિંતા શા માટે કરો છો?

•

પેકિંગ નિવાસી ચીની ચિત્રકાર હાંગ એર–નાન દુનિયાનો સૌથી વિલક્ષણ ચિત્રકાર હતો. એ બ્રશ વડે ચિત્રો દોરતો હતો. એની ક્લાશાળામાં એક મોટું ટેબલ હતું. જે કપડા પર ચિત્ર દોરવાનું હોય તેને તે પેલા ટેબલ પર પાથરી દેતો. પછી મોમાં કાળી ચીની શાહી અથવા રંગ ભરીને એ બ્રશ વડે કમળ, પતંગિયાં વગેરેનાં ચિત્રો દોરતો હતો. એક બૂંદ પણ વધારે ન પડે એવી રીતે એના મોમાંથી રંગની ધારા છૂટતી હતી.

શહેરની સડકો ઉપર

શહેરની સડકો ઉપર
ધૂળમાં ઢંકાયલો તડકો રડે,
વાહનો તાકયા કરે અવકાશને,
ભીડમાં ચગદાઈ જતા સૌ અવાજો
મૌનની દીવાલની છાયા તળે પોઢી જતાં,
હારમાં ઊભાં મકાનો
એકબીજાને દબાવે,
શૂન્યનજરે વાટ જોતી
બારીઓના હોઠ ફફડે,
માર્ગમાં ભૂલાં પડેલાં વૃક્ષ પરથી
પાનખર ટપકયા કરે,
પીઠ ઘસતો સૂર્ય
ધીમે ચાલતો
ચાલ્યો જતો,
શહેરની સડકો ઉપર....

'આદિલ' મન્સૂરી

તમે અડી દો

આકળઝીણો સ્પર્શ ઝંખતો સૂરજ પૂરવ કોરે,
તમે અડી દો સ્વપ્નભર્યા અનુરાગે.

હજી રાત્રિના પર્વતહૃદયે કિરણતૃણોનાં બીજ રહ્યાં છે હેરી.
લીલા લીલા શબ્દ એમના શિખર શિખર દો ઘેરી.
ટેબલ બારી દ્વાર ઉપર પણ કૂંપળ કૂંપળ જાગે,
તમે અડી દો સ્વપ્નભર્યા અનુરાગે.

શેરી–દીવા–તુલ્હન પીગળે, જલની જેવા શ્યામલ રસ્તા તરતા.
નળિયે નળિયે કંપન, જાગે ચકલી ચમકી, આવે પિચ્છ લસરતાં.
હજી ઈંટની લાલ કચારીઓ નથી ઊઘડી બાગે,
તમે અડી દો સ્વપ્નભર્યા અનુરાગે,

ફૂલતણી પાંખો પ્રગટાવો બંધ વાડના ઘોરે....
ઝંખે સૂરજ પૂરવ કોરે....
તમે અડી દો....

દિલીપ ઝવેરી

વિજયગુપ્ત મૌર્ય

આવો બહાદુર પણ બી ગયો !

બીજો વિશ્વવિગ્રહ સળગી ઊઠ્યો ત્યારે પ્રોરફી નામનો એક નવયુવાન ઓસ્ટ્રીઅન આફ્રિકામાં હતો. તે જંગલી પ્રાણીઓને યુરોપ પહોંચાડતો હતો. લડાઈ જાહેર થતાં આ કામ અટકી પડ્યું. તે રખડતો બે વર્ષે વતનમાં પહોંચ્યો અને લશ્કરમાં જોડાઈ ગયો. તેણે રશિયનો સામે લડવાનું હતું. માણસ ગમે તેટલો બહાદુર હોય તો પણ તે હંમેશાં નીડર નથી હોતો, અને માણસ પર ગમે તેટલું જોખમ હોય પણ જો તે હિંમત અને ચતુરાઈ વાપરે તો બચી જાય છે. તેના રસિક દાખલા જાણવા જેવા છે. જે અડધો ડઝન સરકસવાળાઓએ સરકસમાં ભયંકર પ્રાણીઓ સાથે કામ પાડીને જગતમાં નામના મેળવી છે અને પ્રાણીઓએ જેમને પીંખી પણ નાખ્યા છે, તેમાં આપણા દામુ અને આ પ્રોરફી પણ છે. બંને સાથી અને મિત્રો થાય. આવો બહાદુર માણસ પણ ગભરાટને વશ થાય અને ગભરાટને જીતી લે, ત્યારે શું બને છે, તેનાં આ બે દૃષ્ટાંત જાણવા જેવાં છે.

વરસાદ વરસ્યો હતો. ધરતી કાદવથી લથબથ હતી. ઠંડી ચિંજવી દેતી હતી. રાત અંધારી હતી અને લાંબી ફૂચ તેમ જ ઉજાગરાથી યુવાન પ્રોરફી લોથ જેવો થઇ ગયો હતો. આવી રાતે સૂકા ઘાસની ગંજીમાં પણ ઊંઘવાનું મળે ને.....

કેટલાક નાના અફસર પણ એમ જ કહેતા હતા અને પ્રોરફીએ તેમને સાંભળ્યા. સવારે કોઈ ખેડૂતની ગાડીમાં બેસીને અંતર કાપી નખાય. પ્રોરફીએ હિંમત કરીને માગણી કરી નાખી કે હું પણ તમારી સાથે જોડાઉં ! સિંહના ખેલાડી તરીકે પ્રોરફી માટે અહીં પણ બધાને માન હતું. ઓટલે તેની માગણી મંજૂર થઇ ગઈ. તેમણે કહ્યું કે જો ઉપરી અફસરો આ શિસ્તભંગ જાણી જાય તો તારે કહેવાનું કે તું માંદો પડી ગયો હતો અને અમે તારી સારવાર કરવા તને ઊંચકીને ગામડામાં લાવ્યા હતા ! સરકસવાળા પ્રોરફીએ આ નાટક ભજવવાનું સ્વીકારી લીધું !

તેઓ ગામડામાં પહોંચ્યા, ખાધું-પીધું, સાફ-સૂફી કરી, તાજામાજા થયા અને ઊંઘી ગયા. આવા વરસાદ, કાદવ અને ઠંડીમાં સૂકી ફૂંકાળી જગ્યા ઊંઘવા માટે મળી એ કેવું સદ્ભાગ્ય !

એક ઓરડામાં ઘાસના ગાદલા પર પ્રોરફી સૂતો. તે સિગારેટ પીતો પીતો જૂનું છાપું વાંચતો હતો ત્યાં તેને ઝોકું આવી ગયું. સિગારેટ તેના હાથમાંથી નીચે પડી ગઇ અને ધુમાડો નીકળવા લાગ્યો. કશું

બળવાની ગંધ આવી તેથી તે જાગી ઊઠયો. તેણે નીચે જોયું તો એક કદાવર હાથ લંબાયો અને તેણે સળગતી સિગારેટ ઠારી નાખી.

આ શું? આવો જાજરમાન હાથ! પથારી નીચે કોણ છે? ભૂત? કે આ માત્ર સ્વપ્ન છે? નહિ, નીચે જાજમમાંથી હજી ધુમાડો નીકળે છે, અને વળી પેલો જાજરમાન હાથ બહાર નીકળ્યો. સિંહની સાથે બાથ ભીડનાર જુવાન પ્રોરફી ભયથી થીજી ગયો. આવી કંડીમાં પણ તેને પરસેવો છૂટયો. ભાગું? પણ નીચે પગ મૂકતાં જ પેલો હાથ મને પકડી લેશે તો? મને માંકડની જેમ છૂંદી જ નાખે ને! તેલનો દીવો કરવા આવ્યો છે અને જો ભાગીશ નહિ, તો પછી અંધારામાં પેલો હાથ મારું ગળું ભીંસી નાખશે.....

આવા વિચારોથી પ્રોરફી ધ્રૂજવા લાગ્યો તેણે ખાટલા નીચે ભારેખમ જોડાવાળો પગ પણ જોયો! 'ઓહ, પેટમાં દુઃખે છે' એવું બહાનું કાઢી, મન મનાવીને પ્રોરફી ભાગ્યો અને જતાં જતાં દરવાજો બહારથી બંધ કરી દીધો! બહાર ચાલીમાં આવીને અંધારામાં તેણે પેલા ત્રણ અફસરોના ઓરડાના દરવાજા ગજરાટમાં એવા ઠોક્યા કે પેલા ભડકીને જાગી ગયા અને સમજ્યા કે કંઈ આફત છે!

'શું છે?' તેમણે મૂંઝાઈને પૂછ્યું.

'મારા ખાટલા નીચે કોઈ પડછંદ માણસ છે.' પ્રોરફીનું ધ્યાન આ ત્રણે અફસરોના ખાટલા નીચે ગયું અને ત્યાં પણ એવો જ એકેક પડછંદ માણસ જોઈને તેના હોશકોશ ઊડી ગયા. તે જીવ લઈને ભાગ્યો. બહાર અંધારું હતું, કાદવ હતો, વરસાદ હતો. તે પાગલની જેમ ભાગ્યો. ચોકિયાતોએ તેને અટકાવ્યો અને પકડીને ચોકી પર લઈ ગયા. તેને પહેરવા પાટલુન આપ્યું અને પછી શું હતું તે પૂછ્યું.

પ્રોરફીએ બધી વાત કહી. પેલા અફસરે તે માનવાની ના પાડી અને તેને ઊધડો લીધો. પ્રોરફીએ કહ્યું, 'હું ડરપોક નથી અને લશ્કરમાંથી છટકી જવા પણ નથી માગતો. હું સિંહોનો ખેલાડી છું, જુઓ, આ ફોટોગ્રાફ?' તેણે ચડ્ડીના ખીસામાંથી ફોટો કાઢીને બતાવ્યો.

અફસરે તેની સાથે થોડાક સિપાહીઓને તપાસ માટે મોકલ્યા. પ્રોરફી કહે, 'હું આ ગામથી અજાણ છું, હું ક્યા મકાનમાં સૂતો હતો, તે અંધારામાં શોધી શકું તેમ નથી.'

પેલા અફસરે જવાબ આપ્યો, 'તો તારે લશ્કરી જેલમાં બેસવું પડશે.'

બીકણ ન બન

જ્યારે જ્યારે પણ તને લાગે કે ભર્યા જગતમાં હું એકલો પડી ગયો છું, કુદરત અને માનવીનાં બધાં ય પરિબળો મને કચડવાને એકત્ર થયાં છે, ત્યારે તને ધરપત આપવાને એ શ્લોકાર્ધનો પણ અર્ધ ભાગ બસ થવો જોઈએ: ક્લૈબ્યં મા સ્મ ગમઃ—બાયલો ન થા; બીકણ ન બન.

સમાજની તો હસ્તી જ તને ચોકઠામાં જકડી રાખવા માટે છે, સારો ય ભવ તને ચોકઠામાં ચલાવ્યા કરવા માટે છે, તેના કાયદાઓ તારી માનવતા રૂંધવા માટે છે; તેના નિયમો તને કલાગરો દીકરો બનાવવા માટે છે; તેના રિવાજો તને રમકડું બનાવીને કબાટમાં માંડી રાખવા માટે છે. એ બધું જ તારો વિકાસ સાધવાને બહાને તારો હ્રાસ જ સાધશે. એ કાયદાઓને, નિયમોને-રિવાજોને જો તું આંધળો થઈને અનુસર્યા કરીશ તો તારો આત્મવિકાસ અટકશે અને ખુદ સમાજમાં ય જડતા જામશે.

તેથી, તારા જ નહિ પણ સમાજના ય કલ્યાણ ખાતર તને ધટારત છે કે તને જ્યારે એમ લાગે કે સમાજનાં જડ ચોકઠાંમાં તું જકડાઈ ગયો છે, ત્યારે તારે સમાજ સામે બંડ ઉઠાવવું-શુદ્ધ સ્વાતંત્ર્યના પ્રકાશે કરીને મુક્તલીત જીવન જીવવાનો માનવમાત્રનો અણમૂલો અધિકાર જગતમાં પુનઃ પ્રસ્થાપિત કરી તેનો જયજયકાર બોલાવવો.

એ વિજયસિદ્ધિ સહેજમાં નહિ, કઠોર તપ તપ્યા પછી જ થવાની. તપશ્ચર્યા આત્મશક્તિને ક્રંદન પેરે કસીને સંશુદ્ધ કરે છે એ તો જગજૂનું સત્ય છે ને? તો ઊઠ, ઓ બંધુ! ક્લૈબ્ય તારાં પરિહર અને પિછાની લે આ સનાતન સત્ય પણ, કે આત્મશક્તિને નમાવનારો વિજેતા નથી વિશ્વમાં પાક્યો અને નથી કદી પાકવાનો.

ગીતા: અધ્યાય બીજો, શ્લોક ત્રીજો

વિજયરાય વૈદ્યકૃત 'પારસના સ્પર્શે' માંથી

આખરે એ મકાન મળ્યું. અને તપાસ કરતાં જાણવા મળ્યું કે ખાટલા નીચે સૂતેલા પડછંદ માણસો તો રશિયન સૈનિકો હતા! મકાન-માલિક ખેડૂતે તેમની પાસેથી પૈસા લઈને એ દુશ્મનોને આશરો આપ્યો હતો! પેલા ઓસ્ટ્રિયન અફસરોએ તેમને ક્યારના યે કેદ કરી લીધા હતા.

હવે પ્રોસ્કીને ભાન થયું કે પોતે ગભરાટમાં કેવો મૂર્ખ બન્યો હતો! માણસ હિંમત ગુમાવી બેસે ત્યારે તે બધું ગુમાવી બેસે છે. પરંતુ પ્રોસ્કીએ આ કડવા અનુભવ ઉપરથી પદાર્થપાઠ લીધો. અને બીજી વાર તેણે એવી તો હિંમત બતાવી કે તેણે પોતાની અને બીજાઓની પણ જિંદગી બચાવી.

પ્રોસ્કીને બે સાથી સાથે દુશ્મનોની હિલચાલ પર નજર રાખવા મોકલવામાં આવ્યો. તેઓ રખડતાં રખડતાં એક ખેતરમાં પડતર મકાન પાસે પહોંચ્યા. તેમાં કોઈ નહોતું. ઉપલે માળે એક પેટી પડી હતી, તે ખોલતાં તેમાંથી સડી રહેલા મડદાની ભયંકર ગંધ આવી. તેમાં એક મરેલી ડોસીનું શબ હતું! તેઓ ત્રણે ઝડપથી દોડીને નીચે ઊતરી આવ્યા. જાણે ડોશીનું ભૂત તેમની પાછળ ન પડ્યું હોય! નીચે એક કૂતરો મરવાના વાંકે જીવતો હતો. પ્રોસ્કીના સાથીએ તેની યાતનાનો અંત આણવા કૂતરાને ગોળીથી ઠાર કર્યો. પરંતુ આ ધડાકાએ તેમને માથે ભયંકર આફત ઉતારી. અહીં કંઈ નથી એવી ખાતરી કરીને જેવા તેઓ વાડમાંથી બહાર નીકળવા જતા હતા તેવા જ સામે દૂરથી રશિયાના કોસેક ઘોડેસવારો આવતા દેખાયા. નાયક ગભરાઇને બોલી ઊઠ્યો 'કોસેક!'. કોસેકના નામ માત્રથી ગાત્ર ગળી જાય એવા એ ભયંકર ગણાય છે. તબડક-તબડક કરતા અને ધૂળની ડમરી ઉડાડતા કોસેકો એ તરફ જ આવી રહ્યા હતા! તેમણે બંદૂકનો ધડાકો સાંભળ્યો હતો. પણ વાડના દરવાજાને લીધે તેઓ આ ત્રણ ઓસ્ટ્રિયનોને જોઈ શક્તા નહોતા. નાયક બેબાકળો બની બોલી ઊઠ્યો, 'કંઈક કરો, નહિતર તેઓ આપણને ઠાર મારશે!'

કોસેકો કોઈને કેદ નહોતા કરતા, તેઓ દુશ્મનને ઠાર જ મારતા. અને તેય ઘણી ક્રૂર રીતે. તેઓ મડદાના પણ હાલહવાલ કરતા. કોસેકોએ મારેલા ઓસ્ટ્રિયનોનાં શબ પ્રોસ્કીએ જોયાં હતાં. આથી કોસેકનું નામ સાંભળતાં જ તેનાં ગાત્ર ગળી ગયાં હતાં.

પરંતુ જીવતા રહેવું હોય તો કંઈક કરવું જ જોઇએ. આથી તેમણે હિંમત એકઠી કરી. પણ ન લડી શકે, ન ભાગી શકે, તો કરવું શું? નાયક ગોશાળામાં ભાગીને હવાડામાં સૂઈ ગયો. તેની સામે રાઈફલો મૂકીને પ્રોસ્કીએ તેની ઉપર ઘાસ ઢાંકી દીધું. બીજો સાથી બીજે સૂઈ ગયો અને પ્રોસ્કીએ તેની ઉપર એક પોલું લાકડું ઊંધું વાળી દીધું.

હવે પ્રોસ્કીએ વિચાર્યું કે એણે શું કરવું? કોસેકો પાસે આવી ગયા હતા અને ઘોડાના ડાબલા પરથી એમ જણાતું હતું કે તેઓ ત્યાં જ આવતા હતા. પરોપકારી પ્રોસ્કીએ પોતાના સાથીઓને તો સંતાડી દીધા, પણ હવે પોતે ક્યાં જવું? અને હવે સમય પણ નહોતો રહ્યો.

વાડામાં દરવાજા પાસે ખાતરનો ઢગલો પડ્યો હતો. તેમાં છાણ, સડેલું ઘાસ, વગેરે હતું. એમાંથી માથું ફાટી જાય તેવી ગંધ મારતી હતી. પણ કોસેકો આવીને પ્રોસ્કીનું માથું ફાડી નાખે તેના કરતાં એ ખાતરના ઢગલામાં પેસી જવું શું ખોટું? પ્રોસ્કીએ તેમાં ઝંપલાવ્યું! તે માંડ માંડ છાતી સુધી તો તેમાં ઊતરી ગયો, પણ ઉપરનો ભાગ હવે કેવી રીતે સંતાડવો? તેણે પોતાના માથા સુધી ખાતર એકઠું કર્યું અને તેમાં ઢંકાઈ ગયો. બરોબર એ જ વખતે કોસેક ઘોડેસવારો આવી પહોંચ્યા. તેમના પડછંદ ઘોડા હાંફતા હતા. તેમનાં મોંમાંથી ફીણ ઊડતાં હતાં. ખૂબ દોડવાથી આ ઠંડી હવામાં પણ તેઓ પરસેવાથી રેબઝેબ હતા. આઠ પડછંદ ઘોડા પર આઠ પડછંદ કોસેક ઘોડેસવારો શકરાની નજરે વાડામાં જોવા લાગ્યા. ખાતરના ઢગલામાંથી પ્રોસ્કીએ તેમને જોયા અને તેની છાતી એન્જિનની જેમ ધડકવા લાગી. તીક્ષ્ણ ઝીણી આંખોવાળા અને ગાલનાં ઊંચાં હાડકાંવાળા આ મોગલવંશી કોસેકો, તેમની ક્રૂરતા અને બહાદુરી માટે ઇતિહાસમાં પ્રખ્યાત છે. તેમના હાથમાં લાંબા

ભાલા હતા. ભાલા વડે માણસને ક્રૂર રીતે વીંધી નાખવા માટે તેઓ નામચીન છે.

કોસેકોના સરદારે ત્યાં તપાસ કરવાનો હુકમ કર્યો. તેઓ તબેલો, કોઠાર, ગોશાળા, રસોઇઘર વગેરેમાં ફરી વળ્યા. ગંધાતા ખાતરમાં દટાયેલો પ્રોસ્કી આ બધું ઊંચે શ્વાસે જોઇ રહ્યો હતો. ત્યાં વળી નવી આફત ડોળા કાઢવા લાગી. કોસેકોનો સરદાર ઘોડા પર બેઠો બેઠો બધી દિશાઓમાં ફરી રહ્યો હતો અને ગરુડ જેવી તીક્ષ્ણ નજરે બધું જોઈ રહ્યો હતો. તે આ ખાતરના ઢગલા તરફ ફર્યો અને વેધક દૃષ્ટિએ તેની તરફ જોઇ રહ્યો. પ્રોસ્કીને લાગ્યું કે તેમની ચાર આંખો ભેગી થઇ છે અને કોસેક સરદારની આંખો ખાતરને વીંધીને તેને જોઇ રહી છે! તે અહીં આવીને કંઇ નહિ ને ખાતરમાં ભાલો ભોંકે તો પણ.....

પેલા જે કોસેકો અંદર ગયા હતા તે પ્રોસ્કીના બે સાથીમાંથી એકને શોધી કાઢે તો પણ ત્રણેનું આવી બને! પછી તો વહેમાયેલા કોસેકો બધે જ શોધી વળે અને બાકીના બેને પણ શોધીને ઠાર કરે. કેવી ક્રૂર રીતે ઠાર કરે! એ વિચાર માત્રથી તેને કમકમાટી છૂટી. અને, રખે શ્વાસ લેવાથી ખાતરનાં તણખલાં હલી કે ખસી જાય અને તેનું મોં ખુલ્લું પડી જાય.....

ત્યાં તો કોસેક સૈનિકો સરદાર પાસે પાછા આવ્યા. તેમની સાથે પ્રોસ્કીનો કોઇ સાથી નહોતો, તેનો અર્થ એ કે તેઓએ તેમને શોધી કાઢયા નથી.

પરંતુ કોસેકો શંકાશીલ છે. તેઓને ખબર છે કે બંદૂકનો ધડાકો અહીં જ થયો હતો. તો પછી એ ધડાકો કરનાર ક્યાં ગયા? તેમણે ફૂતરું જોયું. તે તાજું જ મર્યું હતું. ત્યાં અંદરથી બીજા કોસેકો મુકત હાસ્ય કરતા દોડી આવ્યા. પ્રોસ્કીની છાતી બેસી ગઈ.

પણ બન્યું હતું કંઇક બીજું. કોસેકોએ કોસીનું સડી રહેલું શબ શોધી કાઢયું હતું! એ જોવા બીજા કોસેકો અંદર ગયા. તેમનો સરદાર ફરીથી વાડામાં વેધક દૃષ્ટિ ફેરવવા લાગ્યો અને તેની ભયંકર આંખો ખાતરના ઢગલા પર ઠરી! તેની આંખો તેના ભાલા જેવી જ તીક્ષ્ણ હતી. પ્રોસ્કીને લાગ્યું કે આવી બન્યું. ઘોડેસવાર કોસેક સરદાર ભાલો લઇને એની તરફ ધસી આવે છે.

પરંતુ તે મકાન તરફ ફર્યો. મકાનમાંથી જે કંઈ લૂંટી શકાય એવું હતું તે લઇને કોસેકો બહાર દોડી આવ્યા. તેઓ ઘોડા પર સવાર થયા, હાથમાં ભાલા લીધા અને ખાતરના ઢગલાની દિશામાં ફર્યા. સરદારે આગળ ધપવા હુકમ કર્યો. તેમણે ગાત્ર ગાળી નાખે એવી રણગર્જના કરી, તેજીલા તોખારોને એડી મારી અને ભાલા હાથમાં અદ્ધર ઊંચકી પ્રોસ્કીની દિશામાં ધસારો કર્યો. ઘોડાના ડાબલા વડે ધરતી ફેંદાઇ ગઈ અને ધૂળની ડમરી ચડી.

પ્રોસ્કીને લાગ્યું કે હમણાં તેની ઉપર ભાલા ભોંકાશે. તે આ ભયંકર દેખાવ જોઈ શકયો નહિ અને ભયના માર્યા તેણે માથું નીચે નમાવી દીધું.

પછી ઘોડાના ડાબલાનો અવાજ મંદ થતો ગયો. ખાતરના ઢગલા પર ધૂળ અને કાંકરા ફેંકાયાં. અને પાટાની પડખે પડેલા અપંગ માણસની બાજુમાંથી એન્જિન અને ગાડી પસાર થઇ જાય, તેમ સુસવાટા મારતા જગતના સૌથી ભયંકર ઘોડેસવારો, પ્રોસ્કીને વીંધ્યા અને જોયા વિના વંટોળિયાની જેમ પસાર થઇ ગયા!

પોતે જાણે હજી જીવતો છે એવું સ્વપ્ન મૃત્યુ બાદ અનુભવતો હોય એવો પ્રોસ્કી ગંધાતા ખાતરમાંથી બહાર નીકળ્યો.

તે પછી તો કોસેક કરતાં ક્યાંય વધુ ભયંકર સિંહ-વાઘ સાથે પ્રોસ્કીએ બાથ ભીડી છે અને તેમણે ઘણી વાર પ્રોસ્કીને ફાડી નાખ્યા છતાં તે સંઘાઇને જીવતો રહ્યો છે! દામુ પાસેથી મેં તેમના આ મિત્રનાં પરાક્રમોની વાતો સાંભળી ત્યારે એ હજી જીવતો છે એમ માનવું મુશ્કેલ લાગ્યું. પણ પ્રોસ્કીનો તાજો આવેલો કાગળ ટેબલ પર પડ્યો હતો!

લહેરખી

સરતા સરલ જલ સરીખા સમયનો લઈ સંગ
લહેરખી હળુ જાય હવાની સ્પર્શી ભીને અંગ!
એની ચાલની છાયા વાદળમાં અંકાય,
પલમાં દીસે પલમાં પાછી ક્યાંય જતી ઢંકાય,
નજરુ સીધી સરતી એનો સંગ લઈ વંકાય!
તડકો રાતો
આવડા મોટા આભમાં તે ક્યાંય ન માતો,
એની ઝાંયમાં ઘડી ખેલતી
ઘડી નિજની સુરભિ સકલ સ્થલમાં વેરતી,
જેને પગલે પગલે મનભૂમિમાં પ્રગટે અનેક રંગ!
લહેરખી હળુ જાય હવાની સ્પર્શી ભીને અંગ!

યોસેફ મેકવાન

સૂર્યમુખી

પ્રભાતમાં વિસ્મયલીન પાંખડી
પ્રફુલ્લ શી સૂરજને અનિમિષા
જોયા કરે.
આભ વચ્ચે તગે તપે
લાવા, ખની ઉન્નયના પીધા કરે.
ને સાંજરે એ ક્ષીણ ડોકને કશી
ઢાળી દઈ પશ્ચિમમાં પ્રમુગ્ધ
તાકયા કરે સૂરજને....

—શાભશંકર ઠાકર

હવા

જેણે
લીલાં લહેરાવ્યાં
ગયાં પોઢી તે બહુ બળદોનાં
અહીં
નગર સીમના એક અંત પર
હા....ડ....પિ....જ....રો
કોઈ ડાળથી હમણાં ઝૂલી
હવા હવે શી
પાંસળીઓનાં પો લા ણો માં
ખાય હીંચકા!

પ્રિયકાન્ત મણિયાર

ઇવા ડેવ

મારા આ નાનકડા ગામને પાદરે જ્યારે જ્યારે હું પગ મૂકું છું, ત્યારે ત્યારે મારું હૃદય કંઇક વેદનાભર્યાં સંસ્મરણોથી છલકાઇ ઊઠે છે. આ લાગણીઓ મારી સાથે જળોની જેમ ચીપકી રહે છે; મોટરમાંથી ઊતરું ને બસમાં બેસીને પાછો વળું ત્યાં સુધી કેમે ય હું એમને દૂર ફગાવી શકતો નથી. અહીંની એક એક ચીજ જાણે મારી અસફળતા અને નિરાશાઓનું પ્રતીક ન બની ગઇ હોય! જાણેઅજાણે નિસાસા સરી જાય છે, લાખ પ્રયત્ન કરું છું છતાં ય તેમને નથી રોકી શકતો. સાથે સાથે ડોકાઇ ઊઠતાં બચપણનાં મધુર સ્મરણો ય મનની આ લાગણીઓને સમતોલ કરવાને સમર્થ બની શકતા નથી. જિંદગીના કટુ પ્રસંગો શેં નહિ ભુલાતાં હોય! રાખ નીચે પ્રજ્વળતા અંગારની જેમ એ ધીરે ધીરે શેકતા જ રહેવાના શું?

આજે હમણાં મોટરમાંથી ઊતર્યો; આ મારા નાના ગામનું પાદર. વર્ષો થયાં એમાં કાંઇ ફેર-ખાસ ફેર-પડ્યો હોય એવું લાગતું નથી. સ્મૃતિ જાગે છે: કંઇ સેંકડો વાર બાપુજી સાથે બળદની જોડીને હાંકતો હું અહીંથી પસાર થયો છું. હૈયું ક્ષણેક આનંદ-મૃદુ બની જાય છે; પરંતુ ત્યાં નજર પડે છે દૂર દૂર છાયેલી અમારી ખેડજમીન પર. અણુનમ, નિરપેક્ષ, ખેતરને છેડે ઊભેલ ઘેઘુર આંબો. મને હજુ ય એના પર એવી જ મહોબત છે, જેવી બચપણમાં હતી. એ ખેતર, એ હરિયાળી, હરિયાળી ધરતી, એ કુટીર. શિયાળાની કેટલી યે રાત્રિઓ ત્યાં નાની પાટલી પર, પરાળ ને ગોદડીની ફૂંકમાં મેં વિતાવી છે. આ ધરતીની ગોદમાં, એ ખુશનુમા વાતાવરણમાં, એ મહેકંત મોસમમાં મેં સોણલાં સેવેલાં. ત્યાં જ એ—! તરત સળવળી ઊઠતા. દુઃખદ સ્મરણોને અચેતનમાં ધકેલતો હું આ દડના રસ્તા પર આગળ વધું છું. આ તળાવ! એક સમયે એ નિર્મળ જળથી ભરેલું રહેતું. લોકો અંદરોઅંદર સમજીને એને સ્વચ્છ રાખવાનો આગ્રહ પણ રાખતા. આજે તો એની આસપાસ ઊભાં થઈ ગયાં છે જાત-જાતનાં મિશ્રવર્ણ ગરીબોનાં ઝૂંપડાં. તળાવની અંદર લીલના થર જોઇ કમકમાં છૂટે છે. મને તરવાનો અત્યંત શોખ હતો. કંઈ કલાકોના કલાકો સુધી હું તળાવમાં તરતો. છતે તારે તરતાં તરતાં, ખુલ્લા આકાશના ભૂરા અવકાશને માપતાં માપતાં, મેં

સપનાંની માળ ગૂંથવાની શરૂ કરી હતી: મા ભારતીની આ ધરણી છે. આ ધરતીની નિકટનું જીવન જીવીશ. ભેખ લઇશ; મા ભારતીને આબાદ કરવા. ભણીશ, ખૂબ ભણીશ; વિવેકાનંદ, ગાંધી, વિનોબાજીની જેમ ખૂબ જ્ઞાન મેળવીશ અને પછી તેમણે ચીંધેલા માર્ગે પર પ્રયાણ આદરીશ. આ ભારતનાં કરોડો દલિતોના ઉદ્ધાર માટે જીવન ન્યોછાવર કરીશ. નાનકડા ઘરને મૂકી, નાના ગામના સીમાડા ઉલ્લંઘી, મા ભારતીના દરિદ્રનારાયણોની સેવામાં, ભૂદાન યજ્ઞમાં મારું સારું જીવન હું હોમી દઈશ. 'એકલો જાને, એકલો જાને, એકલો જાને....' એ ગુરુદેવના ગીતને હું મારું જીવનધ્યેય બનાવીશ. આ વિકટ કામ ભેખ લીધા વિના થાય જ કેમ? લગ્નની બેડી નંખાય જ કેમ? કરોડો માણસો પાસે ખાવા મૂઠી અન્ન નથી, પહેરવા ટુકડો વસ્ત્ર નથી, કે રહેવા ફૂટ ધરતી નથી, તો મારાથી...!

ઓહ! આ વિચારો! બળી ગયેલ સપન-અંગારના રાખ શા! કેવું વિચિત્ર! આજે હું સામાન્ય શિક્ષક છું. પરણી ગયો છું; દીકરા-દીકરીનો બાપ બન્યો છું. હું સુખેથી ખાઉપીઉ છું, ને ખાસ્સી રીતે મને ઢાંકું છું. અમારી પાસે સારું એવું ઘર ને ઠીક ઠીક એવી જમીન પણ છે. હૈયાના ખૂણે ભંડારેલી દીનદુઃખિયાંની વાત ભૂલેચૂકે ય હોઠે લાવતો નથી. જેમ કોઈ વખત ચૂલો ફૂંકવા જતાં એકાએક રાખ ઊડીને આંખોને ભરી દે છે, તેમ જાણે મારા આદર્શ શમણાંની આ ખાક મારાં આંતરચક્ષુઓને અંધ બનાવી દે છે. કેવી બળતરા થાય છે તે માત્ર મારો અંતરાત્મા જ જાણે છે.

વિધાતાની કરણી બિલકુલ સમજાતી નથી, કાલનો આ પરિક્રમ તલમાત્ર કળાતો નથી; ભાવિના અંધારા ભંડારિયામાં શું છુપાયું છે તે કલ્પી શકાતું નથી. આ રસૂલ પઠ્ઠો છે અહીં કબ્રસ્તાનમાં, અર્ધનગ્ન અવસ્થામાં, અસંગત વાતો કરતો એ એની દુનિયામાં મસ્ત છે. હસ્યા કરે છે. મને તો શું, કેટલીક વાર એનાં કુટુંબીજનોને પણ તે ઓળખી શકતો નથી. જો કોઈએ દસ વર્ષ પહેલાં મને એમ કહ્યું હોત કે માતેલા સાંઢ જેવો, વાતવાતમાં છરો હુલાવવાની વાત કરતો, દારૂ પીને ગાંડા હાથીની જેમ ગામને ઉપરતળે કરી મૂકતો, ઘોળે દિવસે આખા ગામને દુકાનો, બારીબારણાં બંધ કરવાની ફરજ પાડતો રસૂલ આજે આવી ફાટેલી દશામાં કબ્રસ્તાનનાં ખંડેરોમાં ઘર કરશે; એને ખીજવવા ચડેલાં નાનાં ભૂલકાંઓથી ડરીને દૂર દૂર ભાગશે અને ઘેર ઘેર રોટીનો ટુકડો ભીખશે-તો કહેનારનું ઠેકાણે નથી એમ માનતા હું અચકાયો ન હોત. એની આ હાલત જોતાં હું થોડી વાર મારું દુઃખ વીસરી જાઉં છું. પણ—

આ રસ્તે જ આગળ વધું છું ને પેલા અમીચંદની દુકાન આવે છે કે, ફરી પાછા હૃદયના ભંડકિયામાં રોળાયેલાં સપનાનાં અવશેષો ટકરાઇ ઊઠે છે. સવાલ ઊઠે છે કે, એવાં તે શાં પુણ્ય આ વાણિયાના દીકરાએ કર્યાં હશે. તે તેની જાહોજહાલી થઈ ગઇ છે? મને જોતાંક એ હસતો (કે ઠેકડી ઉડાવતો!) કહી ઊઠે છે: "કાં માસ્તર? આવ્યા પાછા?" કોણ જાણે કેમ મને એમ જ લાગે છે કે સમજે તે મારી ક્રૂર મજાક ના ઉડાવી રહ્યો હોય! જાણે એ એમ ના કહી રહ્યો હોય: "કેમ, બીજા વિનોબાજી બનવાના હતા ને!" જોને ગઈ કાલ સુધી એ મને રા-મ-ના-રા-ય-ણ-ભા-ઈ કહીને બોલાવતો તે હવે 'માસ્તર' પણ કેવા હલકા અવાજે કહે છે! ખેર! એક દિવસ હતો જ્યારે ગામનાં છોકરાઓ 'એ ભોટ, ભોટ!' 'અલ્યા તોતડો, અલ્યા તોતડો!' કહી એની પોતડી ખેંચતાં હતાં. બળિયાનાં ચાઠાંવાળો, રંગે સીસમ જેવો, અને નિશાળનો ઠોઠ નિશાળિયો અમીચંદ ગામનો શેઠિયો બનશે ને નરી રૂપરૂપની અંબાર નારને ઘરવાળી બનાવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરશે એવું સ્વપ્નમાં ય કોણે ધાર્યું હતું? આનું નામ વિધિના લેખ.

નારીની વાત આવતાં જ હલમલી ઊઠે છે હૈયું. પેલી અચેતનમાં ધકેલ્યા કરતો હતો તે વાત વશ ન રહેતાં બહાર દડી પડે છે. પેલો ઘેઘૂર આંખો, પેલી લીલીછમ્મ ધરતી, મંદ મંદ સમીર અને એ આહ્લાદક નમતી સંધ્યા...

વાહ! આજે ગામની વચ્ચેના આ વિશાળ ચોકની રોનક ફેરવાઈ ગઇ છે. યાદ આવે છે મનેઃ હું કેવાં ભાષણો આપતો હતો આ ચોરા પર ચડીને! તે સમયે આવા મંડપો નહોતા. હવે તો નેતાઓની અવરજવર વધી ગઈ છે. ગામડામાં વોટ મેળવવા આવવું પડે છે. આમ અવારનવાર આવે જ છૂટકો. વોટ કાંઇ મફતના મળે છે? પૂછવાનું મન થાય છે કે શાને કાજે મંડપ બંધાયો છે? પણ બહુ વાતોમાં પડવાનું દિલ જ થતું નથી. ડર લાગે છે કે કોઈની વાત, કોઇનો પ્રશ્ન રુઝાયેલા ઘાવને ફરી તાજા કરી દેશે. ઘેર જઈ પૂછી લઈશ.

એ પ્રસંગ શે ય નહિ ભુલાય: લગ્નની શૃંખલામાં કડાવું નહોતું. ઘરવાળા, સગાંવહાલાં, ને મિત્રો કે મને બાંધી દેવા માગતાં હતાં. એ સંબંધી વાતો કેટલાં ય વર્ષોથી અમારા નાના સમાજમાં ચર્ચાતી હતી. બી. એ.ની પરીક્ષા આપી હું વેકેશનમાં ઘેર આવ્યો હતો. બી. એ. સુધી પહોંચેલો હું પ્રથમ જ્ઞાતિજન. નહિ જેવા ભણતરવાળી જ્ઞાતિમાં મારા જેવો મૂરતિયો હોય તો પછી માંગાંનો અને વડીલોનાં દબાણનો કાંઈ અંત હોય! હું જાણતો હતો કે એ પ્રશ્નને અત્યાર સુધી "બી. એ. થયા પછી વાત" કહી જે રીતે વેગળો ખસેડ ખસેડ કર્યો હતો તે હવે ખનવાનું નહોતું. મક્કમ મને મારા પોતાના કદી ય નહિ પરણવા વિશેના વિચારો બા-બાપુજી, મામા-માસી વગેરે આગળ મૂક્યા વગર છૂટકો નહોતો. કહી દેવું એમને કે હું પરણવાનો નથી, દેશની સેવામાં મારું સર્વસ્વ હોમી દેવાનો મેં દૃઢ વિચાર કરી લીધો છે; અને મને પરણાવવા માટે જો કોઇ પણ પ્રકારની જુક્તિ કરી છે, તો હું તે જ પળે ઘર છોડી ચાલ્યો જવાનો.

ઊફ! એ દિવસ! જ્યારે પથ્થર બની મેં એ વાત કરી ત્યારે કેવાં ચડભડી પડ્યાં સહુ! કેવો ભયંકર ઉદ્વેગ થયો! બા-બાપુજી, માસામાસીના શબ્દો હજુ કાનમાં ગાજી ઊઠે છે. બા બોલી હતી: "રામુ બેટા, આ તને શું ગાંડપણ લાગ્યું છે? તું તો અમારી લાકડી કહેવાય! તું આમ ચાલ્યા જવાની વાત કરે તો અમારી સંભાળ કોણ લેશે? અમારી

> યાદ આયે હૈં અહદે જુનૂં કે
> ખોયે હુએ દિલદાર બહુત,
> ઉનસે દૂર બસાઈ બસતી,
> જિનસે હમેં થા પ્યાર બહુત.
>
> **સરદાર અલી જાફરી**
>
> પસે-મર્ગ કબ્ર પ ઐ 'જફર'
> કોઈ ફાતેહા ભી પઢે કહાં,
> વો જો ટૂટી કબ્ર કા થા નિશાં,
> હમસે ઠોકરોં સે ઉડા દિયા.
>
> 'જફર'

સેવા એ શું ભગવાનની સેવા નથી?" હું બોલ્યો હતો: "મારે તો દરિદ્રનારાયણની સેવા કરવી છે." બાપુ આકળા થઇ બોલ્યા હતા: "ના, જા, અબઘડી નીકળી પડ. તારી અમારે કશી જરૂર નથી. જખ મારી કે તને એકના એક દીકરાને લાલનપાલન કરી આવડો મોટો કર્યો. ના હોય તો વહેંચી આપ ટુકડો ટુકડો જમીન પેલાને આપણી ભોંયમાંથી; અમારાં કપડાં ય વહેંચી આપ એમને; એમની સેવા કરજે, ભલે પછી અમે અહીં તાવથી ધખધખતા શરીરે ઘૂંટડો પાણી માટે વલખતાં રહીએ! ભગવાન તારું ભલું કરે!" બા રડી પડી હતી. માસી ય રડતી રડતી કાલાવાલા કરતી રહી. માસા ગુસ્સે થઈ બોલ્યા હતા: "વર્ષોથી અમે નાતના માણસોને વાયદા આપતા રહ્યા હતા. હવે શું કહીએ અમે? આપણે કુળવાન કુટુંબના છીએ. આમ છૂટી પડીએ તે આપણને ના શોભે. મને તો સમજ જ નથી પડતી આ શું લફરું તને લાગ્યું છે? તું તો કુળ બોળવા બેઠો છું." ઊંચા સાદે, દુઃખ થાય એવા શબ્દો બબડી હું ઓરડો છોડી ચાલ્યો ગયો હતો.

એ નમતી સંધ્યાએ, એ ગામને પાદરે, એ ઘેઘૂર આંબલાની નીચે જ્યારે વિચ્છિન્ન મને હું બેઠો હતો ત્યારે—

—એ આવી હતી. ત્યારે એ જાજરમાન કિશોરીએ મને એની બહાદુરીથી, એની અડગતાથી અને એનાં મંથનોથી આશ્ચર્યચકિત બનાવી દીધો હતો. "સુ-મ-તિ!" એ પ્રસંગ નથી ભુલાતો. એ વંટો-

ળની જેમ આવી હતી અને મને નખશિખ હેમ-મચાવી વંટોળની જેમ ચાલી ગઈ હતી. એકાએક જ્યારે તે આવી ચઢી ત્યારે હું આશંકિત બની ઊઠયો કે નાતમાં નાક રાખવાની વાત કરતા માસાનું એ કાવતરું હતું કે શું ? બીજી પળે એમ પણ થયું કે કોઈ શહેરી જ્ઞાતિજને દીકરીને જ સીધી મારી પાસે યાચના કરવા મોકલી દીધી કે શું ? પણ—

ધીરેથી પાસે આવી, ખચકાતાં ખચકાતાં એણે પૂછ્યું હતું : "તમે જ રામનારાયણ જોષી !"

"હા." ઊભા થતાં હું બોલ્યો હતો. મેં એનું અવલોકન કર્યું હતું. આસમાન–જમીનનું અંતર હતું અમારા બેઉની વચ્ચે. હું ખાદીધારી હતો, એ તદ્દન આધુનિક ઢબની નાયલોનમાં સજ્જ હતી. તે આકર્ષક જરૂર હતી. જોકે એમાં મને ઉચ્છૃંખલતા લાગી હતી; કાંઈક અણગમો પણ થયો હતો.

થરથરતા અવાજે, ગોખેલું બોલતી હોય એમ, ડૂબતા સૂર્યને જોતી એ બોલી હતી : "તમે મને નથી ઓળખતા કે નથી હું તમને ઓળખતી. મૂળ અમે આ ગામનાં જ છીએ. આપણે એક જ્ઞાતિનાં છીએ. ઘણાં વર્ષે અમે અહીં આવ્યાં છીએ. મારા બા–બાપુજી મારું વેવિશાળ કરવા વાસ્તે જ અહીં આવ્યાં છે. તમે જાણો જ છો કે નાતમાં ભણેલા ગણેલા મૂરતિયા બહુ ઓછા છે. તમે પહેલા બી. એ. થશો. હું પહેલી મેટ્રિક થઇશ. ઘણાય વખતથી મારા બા–બાપુજી તમારા માસા સાથે વાતચીત કરતા હતા. એ વાત પાકી કરવાને વાસ્તે જ અમારું આખું કુટુંબ અહીં આવ્યું છે. તમે ભણેલા છો અને તમે મારી વાત સમજશો એમ માનીને હિંમત કરી, મર્યાદા મૂકી હું તમારી પાસે આવી છું. મારે હમણાં પરણવું નથી. કેટલી ય વાર મેં બા–બાપુજીને આ વાત કહી છે : 'મારે આગળ ભણવું છે માટે મને પરણાવશો નહિ.' એ માનતા નથી. 'તને ભણાવીને પછી એવો ભણેલો છોકરો શોધવા ક્યાં જઉં ?' એમ કહી એ ડોકું ધુણાવે છે. 'ઓહ ! તમને કેમ સમજાવું ? મારે ભણવું છે. મારે ડૉક્ટર થવું છે. પછી મારે લોકોની સેવા કરવી છે. જ્યારથી મારો નાનો ભાઈ ટાયફોઇડથી મરી ગયો ત્યારથી મને બસ એક જ ધૂન છે. ડૉક્ટર બનવું છે. ડૉક્ટર બનવું છે..." તે અટકી ગઇ હતી અને એક ક્ષણ મારી સામું તાકી રહ્યા બાદ અત્યંત ક્ષોભ અનુભવતી દોડી ગઈ હતી; બોલતી બોલતી : "ઓહ, ઓહ ! તમે સમજશો. પ્લીઝ...તમે...!"

જાણે સ્વપ્નામાંથી જાગી ઊઠયો હોઉં એમ હું એને ગોરજમાં સરી જતી જોઇ રહ્યો હતો. હું અવાક્ થઈ ગયો હતો.

"આવ્યો ભાઇ !" દૂધની તાંબડી લઈ ઘરમાં જવા કરતી બા બોલી. ત્યારે મને ખ્યાલ આવ્યો કે પાદરથી ઘેર આવતાં હું અતીતની અટપટી કેડીઓમાં અટવાઇ ગયો હતો.

કોણ જાણે શાથી પણ મારાથી ઘરમાં પ્રવેશ કરતાં પ્રશ્ન પુછાઇ ગયો : "બા, ચોકમાં મંડપ શાનો બાંધેલો છે ?"

બા બોલી : "ઓ, એ મંડપ ! તને યાદ છે પેલા લાભશંકર પંજ્યા ? ના, કદાચ તને યાદ નહિ હોય. એની છોડીનું તારે વાસ્તે માંગું હતું. બળ્યું શું એનું નામ ! યાદે ય નથી રહેતું કશું હવે. એ છોડી કંઈ દાક્તરનું ભણીને પરદેશથી પાછી આવી છે. તેને આપણી નાતનાં અને ગામનાં માણસો ભેગાં થઇને માનપત્ર આપે છે. બાપ, ખરી છોડી ! છેલ્લા અઠવાડિયાથી ઘેર ઘેર ફરી લોકોને તપાસે છે, ઇંજેક્શન આપે છે, દવા આપે છે, બધું મફત. સૂરતમાં મોટું દવાખાનું ખોલ્યું છે."

"સુ–મ–તિ !" મારા મોમાંથી ઉદ્ગાર સરી પડ્યા.

"હા, સુમતિ, બળ્યું નામે ય યાદ નથી રહેતું !"

લાખ પ્રયત્ન કરવા છતાં મારી આંખમાં ધસી આવતાં આંસુ હું ના રોકી શક્યો. જાણે મારાં અધૂરાં શમણાંનાં કંકાલો ધીરે ધીરે ખડાં થઈ મારી ભયંકર ઠેકડી ઉડાવતાં મારી આસપાસ નાચી રહ્યાં હતાં.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર-વિભાગના વડા શ્રી આઇ. પી. દેસાઈના એક અંગ્રેજી લેખ પરથી શ્રી ઉસમુખ શાહે આ લેખ રજૂ કર્યો છે.

આજથી આશરે દોઢસો વર્ષ પૂર્વે ભારતના અંગ્રેજ શાસકોએ એક નવી જ શિક્ષણપદ્ધતિ અમલમાં મૂકી હતી. એ પદ્ધતિ સાર્વજનિક કેળવણીની હોવાથી એનો ઉપભોગ સૌ કોઈ જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ વિના કરી શકતું. આ નવી શિક્ષણ-પદ્ધતિમાં અને ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં ભારતમાં અસ્તિત્વ ધરાવતી આપણી પુરાણી અને પરંપરાગત શિક્ષણપદ્ધતિમાં જ્ઞાનસમૃદ્ધિ અને વ્યવસ્થાની દૃષ્ટિએ તફાવત હતો. આ પદ્ધતિની ઘણી અસરોમાંની એક એ હતી કે, એનાથી એક એવો બુદ્ધિજીવી વર્ગ ઊભો થયો, જેના જ્ઞાનમાં પુરાણા બુદ્ધિજીવી વર્ગના કરતાં ઘણો ફેર હતો.

આ નવી શિક્ષણપદ્ધતિનાં બે મુખ્ય પાસાં હતાં: ઔપચારિક અને તાત્ત્વિક. વિશ્વ પ્રત્યે જોવાની દૃષ્ટિને અથવા તો વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુને આપણે ઔપચારિક પાસું કહી શકીએ; જ્યારે તાત્ત્વિક પાસામાં માન્યતાઓ, મૂલ્યાંકનો, વાણી, વિચાર, યંત્રવિજ્ઞાન વિષેના ખ્યાલ, આર્થિક પરિસ્થિતિ અને સમાજ વ્યવસ્થાનો સમાવેશ કરી શકાય. ટૂંકમાં, એમ કહી શકાય કે પાશ્ચાત્ય સમાજવ્યવસ્થા, એનો ઇતિહાસ અને એની સંસ્કૃતિ એ નવી શિક્ષણપદ્ધતિની કેળવણીનાં મુખ્ય અંગ હતાં. નવા તથા જૂના બુદ્ધિજીવી વર્ગ વચ્ચેના તફાવતનો ક્યાસ એમનાં આ વિષેનાં મંતવ્યો ઉપરથી કાઢી શકાય. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે, જે લોકો આ નવી શિક્ષણપદ્ધતિમાં માને છે અને એને અપનાવે છે, એ લોકો પાશ્ચાત્ય સમાજ-વ્યવસ્થા અને એની સંસ્કૃતિને પણ અપનાવે છે, એ રીતે એ આખો યે વર્ગ પાશ્ચાત્ય સમાજવ્યવસ્થા અને સંસ્કૃતિના શક્તિશાળી અને સક્રિય દૂતો બને છે, અને ભારતનું પશ્ચિમીકરણ કરવામાં પોતાનો યથાશક્તિ ફાળો આપે છે. આના જ અનુસંધાનમાં બીજી પણ એક માન્યતા પ્રવર્તે છે કે જેમ જેમ આ નવી શિક્ષણપદ્ધતિમાં માનતા વર્ગની સંખ્યા અને અસર વધતી જાય છે તેમ તેમ પાશ્ચાત્ય સમાજવ્યવસ્થા અને સંસ્કૃતિ વધુ વિસ્તૃત અને વધુ સબળ બની પૂરબહારમાં આગેકૂચ કરી રહી છે, જ્યારે આપણી પુરાણી અને પરંપરાગત સમાજ-વ્યવસ્થા અને સંસ્કૃતિ પાછળ ધકેલાતી જાય છે.

સત્યાસત્યની સમીક્ષા :

આ નવા બુદ્ધિજીવી વર્ગ વિષે આ ઉપરાંત પણ બીજી એક માન્યતા પ્રવર્તે છે કે, એ હંમેશ પ્રગતિશીલ છે, અને એટલે જ, સાચો નીતિ ઘડનાર વર્ગ છે—એની પાછળ બીજાં પણ કારણો છે જ. આ વર્ગ વિષેની આવી માન્યતા હોવામાં સત્ય પણ છે અને અસત્ય પણ છે. જ્યારે એક બાજુ નવા બુદ્ધિજીવી વર્ગ વચ્ચે દેખીતો ને મૂળભૂત તફાવત છે એની ના કહી શકાય એમ નથી, સારે બીજી બાજુ તાજેતરમાં જ એડવર્ડ શિલ્સના કહ્યા પ્રમાણે એ બન્ને વચ્ચે ગાઢ આંતરિક સંબંધ છે. એશિયાના અર્ધવિકસિત પરંતુ નવા નવા આગળ આવી રહેલા

દેશોમાં વધતા જતા આ નવા વર્ગ વિષે એ લખે છે : 'આજકાલ આ દેશોના આ નવા વર્ગના હિમાયતીઓ, પુરાણા અને પરંપરાગત બુદ્ધિજીવી વર્ગના હિમાયતીઓ. જેવા કે, ભારતના પંડિતો, પ્રત્યે તદ્દન દયાની અથવા તો અતિશય તિરસ્કારની નજરે જુએ છે. પુરાણા અને પરંપરાગત બુદ્ધિજીવીઓ જે વસ્તુને પવિત્ર અને આદરણિય માને છે, એને જ આ નવો બુદ્ધિજીવી વર્ગ વહેમી અને તુચ્છકારપાત્ર માને છે. આમ આ બન્ને વર્ગો વચ્ચેનો સંબંધ નકિવત્ જ રહેલો છે. એમના જીવનની રીતભાત, બૌદ્ધિક સંતોષ અને જિજ્ઞાસાઓ જાણે બે સામસામે છેડે છે. આમ છતાં એ બન્ને વર્ગો વચ્ચે જે ગાઢ આંતરિક સંબંધ અસ્તિત્વ ધરાવે છે, તેમાં આર્થિક વિકાસ માટેની શકયતાઓ નજરે ચડે છે.

'અર્ધવિકસિત દેશોમાંના આ નવીન બુદ્ધિજીવી વર્ગના સૈદ્ધાંતિક અને સાહિત્યિક વલણોમાં આ આંતરિક સંબંધો નજરે ચડે છે. આપણે જાણીએ છીએ કે ઇજનેરી અથવા તો નૈસર્ગિક વિજ્ઞાન અને તેમાં યે પ્રાયોગિક વિજ્ઞાનનો અભ્યાસ ઘણા થોડા લોકો કરે છે. વિનયન, કાયદો અને વાણિજ્યની ઉપાધિઓ લેનાર અને વિજ્ઞાન તથા ઇજનેરીની ઉપાધિઓ મેળવનાર લોકો વચ્ચેનો તફાવત ઘણો મોટો અને ધ્યાન ખેંચે તેવો છે. દુનિયાના આર્થિક રીતે અર્ધ-વિકસિત દેશોમાં જ્યાં જ્યાં વર્તમાન વિદ્યાપીઠોની પદ્ધતિ અસ્તિત્વમાં છે, ત્યાં ત્યાં વિનયનની ઉપાધિ ધરાવતા વિદ્યાર્થીઓ માટે નોકરી મેળવવાની ઘણી ઓછી શકયતાઓ અને મુશ્કેલીઓ હોવા છતાં કોલેજો એવા જ વિદ્યાર્થીઓથી ચિક્કાર ભરાઇ ગઇ હોય છે.

'જ્ઞાન અને વ્યવહારમાં કુદરત પર વિજય મેળ-વવાની બાબતમાં જે મુશ્કેલીઓ જણાય છે, તેનું મૂળ કારણ દરેક દેશની પુરાણી પ્રણાલિકાઓ અને પરદેશી શાસનકારોએ અખત્યાર કરેલી સર્વોપરિતાની રીતથી અસ્તિત્વમાં આવેલી નવીન પ્રણાલિકાઓના મૂળમાં હોય એમ દેખાય છે. આવી પ્રણાલિકાઓને લીધે જ, અર્ધવિકસિત દેશોના શિક્ષિત વર્ગનો સંબંધ, પછી તે ગમે તેટલું માનતો હોય કે વિજ્ઞાન અને યંત્ર-શાસ્ત્રથી થતા લાભો જતા ન કરવા જોઇએ, મોટે ભાગે કેવળ કહેવાનો જ અને આદર્શવાદી હોય છે. વાસ્તવમાં શિક્ષિત સમાજમાં માનવલક્ષી શિક્ષણની જેટલી કિંમત અંકાય છે તેટલી કિંમત ઇજનેરી કે નિષ્ણાત વૈજ્ઞાનીની અંકાતી નથી. *

માનવતાનાં મૂલ્યો :

ભારતમાં પ્રતિવર્ષ વધતી જતી વિજ્ઞાન અને યંત્રશાસ્ત્ર શીખવતી સંસ્થાઓની સંખ્યા અને માગણીને લીધે કદાચ કોઇને એમ થાય કે, ઉપર ટાંકેલા એડવર્ડ શિલ્સના છેલ્લા વાકયમાં ખાસ કોઇ તાત્પર્ય નથી. પરંતુ સાથે સાથે એ પણ છે કે વિજ્ઞાન કે યંત્રશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી કેટલા એમનો જીવનનિર્વાહ ચલાવવાના હેતુથી અથવા તો પોતાનો પરંપરાગત મોભો જાળવવાને માટે જરૂરી પૈસો પેદા કરવાના હેતુથી એ લે છે, એ નક્કી નથી. અને એવી જ રીતે માનવતાનો અભ્યાસ કરવાથી પણ જો આ બે મૂળ હેતુઓ બર આવે એમ હોય તો કેટલા એવું શિક્ષણ લેવાની ઇચ્છા દર્શાવશે એ પણ નક્કી નથી. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન અને સ્વ. પંડિત જવાહરલાલ નહેરૂ જેવા સર્વજ્ઞ અને આગળ પડતા રાજનીતિજ્ઞ પણ જ્યારે જ્યારે તક મળતી ત્યારે ત્યારે ભારતીય પુરાણોમાં જેની કિંમત અંકાઈ છે, તેવાં આધ્યાત્મિક અને માનવતાનાં મૂલ્યો ઉપર ભાર મૂકવાનું ચૂકયા નથી અને એની સાથે સાથે જ વિજ્ઞાન અને યંત્રશાસ્ત્રને જરૂરી ગણાવી એની પ્રસંશા કરવાનું ય ચૂકયા નથી. સંભવ છે કે આવી વાતો કરવાની એમને સંજોગોને લીધે ફરજ પડતી હોય, પરંતુ જાહેરમાં એનો એકરાર કરવો એ જ બતાવી આપે છે કે દેશમાં કેવું વાતાવરણ છે.

આના ઉપરથી ફલિત થાય છે કે નવીન પાશ્ચાત્ય કેળવણીને લીધે આપણી પુરાણી પ્રણાલિકાઓનો અથવા તો એની અસરનો સંપૂર્ણ નાશ થઇ ગયો

* જુઓ : એડવર્ડ શિલ્સકૃત 'ધી ઇન્ટેલેકચ્યુઅલ્સ, પબ્લીક ઓપીનિયન એન્ડ ઇકોનોમિક ડેવલપમેન્ટ.' ઇકોનોમિક ડેવલપમેન્ટ એન્ડ કલ્ચરલ ચેઇન્જ, પુસ્તક ૬૪, અંક પહેલો, ઓકટોબર ૧૯૫૬.

એવી સામાન્ય માન્યતામાં ખાસ વજૂદ નથી. આ અસર આજે પણ છે જ અને નવી પરિસ્થિતિમાં અને વાતાવરણમાં પણ પોતાની અસર દેખાડે છે જ; અલબત્ત, ભૂતકાળમાં અથવા તો એની મૂળ પરિસ્થિતિમાં અને વાતાવરણમાં જે અસર હતી, એમાં અને આમાં ફેર દેખાતો છે. કદાચ પુરાણી પ્રણાલિકા દૃષ્ટિગોચર થાય છે–જેનું મૂળ પાશ્ચાત્ય પ્રણાલિકામાં માનવામાં આવે છે, તે ખરેખર પાશ્ચાત્ય પ્રણાલિકાનું એક વિકૃત સ્વરૂપ પણ હોય. શિલ્સ કહે છે તેમ પશ્ચિમીકરણ એ એક પ્રણાલિકા ન પણ હોય; જે દેખાય છે તે તેનો એક ભાસ માત્ર હોય.

શિલ્સ એમ પણ કહે છે કે ભારતની પુરાણી પરંપરાગત ચિત્રકળા, સંગીત, શિલ્પ–સ્થાપત્ય અને ધાર્મિક તત્વજ્ઞાનના અંતર્ગત ગુણોની આજે મહદ્ અંશે ફરી પાછી પ્રસંશા થઈ રહી હોવા છતાં પશ્ચિમની સંસ્કૃતિ વિષેનું જ્ઞાન હોવું અને એનાથી પરિચિત રહેવામાં આજે વધુ મોટાઇ ગણાય છે. આજે તો ઓક્સફર્ડ, કેમ્બ્રિજ, હેઇડલબર્ગ કે પારિસમાં ભણેલા માણસની જ ગણના થાય છે એમ નથી, પરંતુ, પરદેશમાં ભણેલો હોય કે ન હોય, છતાં જો એ 'ન્યુ સ્ટેટ્સમેન' કે 'ઇકોનોમિસ્ટ'ની રજેરજ વાતથી માહિતગાર હોય, જો એ બર્ટ્રાન્ડ રસેલ, ટી. એસ. ઇલિયટ, સાર્ટર, ગ્રેહામ ગ્રીન, કેમસ, બૉડીન અને ફ્રોકનરને ઓળખતો હોય તો, અને જો એ બ્રિટિશ લેબરપાર્ટીનાં સંઘર્ષણો અને ક્રિસ્ટોફર ફ્રાયનાં નાટકોથી સુમાહિતગાર હોય તો આજે એની ગણના થાય છે. અરે, આજે તો આપણા દેશમાં વૈજ્ઞાનિકો જે કામ કરે છે, તે જાણે કે ઇંગ્લેન્ડ, અમેરિકા કે જર્મનીમાં બેઠેલી અદૃશ્ય વૈજ્ઞાનિક પરીક્ષક સમિતિની ખુશી માટે કરતા હોય એમ લાગે છે. અને પોતાના જ દેશમાં બીજે કોઈ સ્થળે એ જ જાતનું અને એ જ વિષય પર કામ કરતા પોતાના જ દેશબાંધવોને તો જાણે એ કોઈ દિવસ યાદ પણ કરતા નથી કે એમને વિષે એમને વિચાર સરખો પણ આવતો નથી.

બુદ્ધિમત્તાનું આ પરદેશ ભણી જોવાનું મધ્યબિંદુ–અને તે પણ ખાસ કરીને પશ્ચિમના દેશોમાં વિજ્ઞાન, સાહિત્ય અને તત્વજ્ઞાનની એ દેશોમાં થતી ઊંચી અને સાચી કદરને આભારી ગણાવી શકાય. જો એમ જ હોય તો એ રાષ્ટ્રિય સુધારણા કે આર્થિક વિકાસને કોઇ પણ રીતે હાનિકર્તા ન નીવડે. પરંતુ પાયામાંથી જ એ એવી રીતે ઉદ્ગમ પામેલું છે કે એનાથી અર્ધવિકસિત દેશોની સંસ્કૃતિ, વિજ્ઞાન અને અર્થતંત્રને હાનિ પહોંચાડે છે.

દાવાને પડકાર:

આમ જોતાં, જેને પશ્ચિમીકરણ ગણાવવામાં આવે છે, તે ખરેખર પશ્ચિમીકરણ છે જ નહિ, અને તેથી જ, કહેવાતી પાશ્ચાત્ય સંસ્કૃતિ પામેલા વર્ગનો પ્રગતિશીલતાનો જે દાવો છે, તે પડકારને પાત્ર છે. આ પશ્ચિમીકરણનો ખોટો ડોળ અથવા તો ભાસ કેવળ ફાયદાકારક નથી એટલું જ નહિ, ઊલટો નુકસાનકારક છે!

શિલ્સના શબ્દોમાં કહીએ તો આ આભાસનો મોટો ગેરફાયદો એ છે કે એનો જન્મ અને માવજત એવા વાતાવરણમાં થાય છે કે, જ્યાં સાચી દુનિયાદારીનો અભાવ છે. અને એ એક એવો સામાજિક અંધાપો છે કે પોતાના જ દેશબાંધવોની શક્તિઓ અને સીમાડાઓ, એમનાં માનસ અને એમના જીવનના પ્રશ્નો એમને દેખાતાં નથી. આ એક એવા સમાજનું ફળ છે કે જેમાં ઉચ્ચ જાતિ અને વર્ગના લોકોને એમની નીચેના લોકો પ્રત્યે જરા યે લાગણી હોતી નથી. અને આનું આખરે પરિણામ એ આવે છે કે એનાથી એક એવો સુશિક્ષિત વર્ગ અસ્તિત્વમાં આવે છે કે જેને પોતાના દેશના સળગતા પ્રશ્નોનો કે એના દેશબાંધવોનાં માનસનો સહેજ પણ ઊંડો ખ્યાલ હોતો નથી.

અહીં શિલ્સના જ ઉતારા આપ્યા છે એનું કારણ એ નથી કે એ જ એક પહેલો ને સૌથી અર્વાચીન પાશ્ચાત્ય બુદ્ધિજીવી લેખક છે કે જે આવું કહે છે, પરંતુ એનું ખરું કારણ એ છે કે એણે જાતે ભારત સહિત આપણા લેખને અનુલક્ષતા દેશોનો પ્રવાસ ખેડ્યો છે અને એણે અને એના સાથીદારોએ કડીબદ્ધ

બરાયે નામ ભી અપના
ન કુછ બાકી નિશાં રખના
ન તન રખના, ન મન રખના
ન જી રખના, ન જાં રખના
મિલેગી કયા મદદ તુજ કો
મદદગારાને-દુનિયાં સે
ઉમેદે-યાવરી ઉન સે
ન યાં રખના, ન યાં રખના
બહુત મજબૂત ઘર હૈ
આકબત કા દારે-દુનિયાં સે
ઉઠા લેના યહાં સે અપની
દૌલત, ઔર વહાં રખના.
ઉઠા દેના તસવ્વુર ગૈર કી
સૂરત કા આંખોં સે
ફકત સીને કે આઈને મેં
નકશે-દિલરૂબા રખના
કિસી ઘર મેં ન ઘર કર
બૈઠના, ઈસ દારે-ફાની મેં
ઠિકાના બે-ઠિકાના ઔર
મકાં બર લા-મકાં રખના.

સ્વામી રામ

અને સંપૂર્ણ સાચી બાતમી ખુદ બુદ્ધિજીવી વર્ગના માણસોને મળીને જ મેળવી છે.* આપણા લેખને અંગે શિલ્સનાં અવલોકનોની ઉપયોગિતા એ છે કે નવીન બુદ્ધિજીવી વર્ગના ઘડતરમાંના તફાવતના પ્રકાર અને પરિસીમા જેમનો અભ્યાસ કરવામાં આવ્યો હોય એવા માણસો ઉપર અને ભારતમાંના આવા માણસોના પોતાના ઇતિહાસ ઉપર પણ આધારિત હોઈ શકે.

કેટલીક પગથિયો :

તો પછી ભારતમાંની પાશ્ચાત્ય કેળવણીને લીધે ખરેખર પાશ્ચાત્ય સંસ્કૃતિથી ઘડાયેલો બુદ્ધિજીવી વર્ગ અસ્તિત્વમાં આવ્યો છે અને જે છે તે કેવળ ભાસ નથી ? આ પ્રશ્નમાં કેટલે અંશે સત્ય હશે એનો રદિયો આપણે અહીં આપતા નથી. આપણા માટે એટલું જ જાણવું બસ છે કે નવીન બુદ્ધિજીવી વર્ગ સર્વત્ર એકસરખો નથી. જેમણે આ નવી કેળવણી લીધી, એ બધાની પરંપરાગત બૌદ્ધિક પ્રણાલિકા અને આદર્શો એકસરખી રીતે બદલાયા નથી. એમાં કેટલીક પગથિયો જોવા મળશે. એના વળાંકનો આધાર આ નવી કેળવણીની એમના આદર્શો ઉપર કેવી અને કેટલી અસર થઈ છે એના ઉપર છે.

આપણી સામે જે બે પરસ્પર વિરોધી અંગો છે તે આ છે—આપણી પરંપરાગત પ્રણાલિકા અને પાશ્ચાત્ય અસર પામેલી નવીન પ્રણાલિકા. પરંતુ આપણે ઉપર જોયું છે એની ઉપરથી જણાય છે કે એ બન્નેમાં અનેક તફાવત છે. અને કદાચ આદર્શવાદી વિચારણા કાયમ રાખીએ તો સંભવ છે કે એક એવે રથળે આવીને આપણે ઊભા રહીએ કે જ્યાં એ બન્ને વચ્ચેનો તફાવત શોધવો મુશ્કેલ થઈ પડે. આપણી પાસે જે હોય તે કદાચ પાશ્ચાત્ય અસર તળેનો ભારતીય આદર્શવાદ પણ હોય, અને નવીન બુદ્ધિજીવી વર્ગનો મોટો ભાગ કદાચ આ વર્ગમાં જ સમાઇ જતો હોય. આદર્શવાદની દૃષ્ટિએ આપણે ત્યાં ખરેખરા સ્વરૂપમાં પશ્ચિમીકરણ થયું જ નથી. એ તો કેવળ પશ્ચિમીકરણનો ખોટો ભાસ છે; જોકે એને પણ એની સામાજિક અસર તો જમાવવાની છે જ. આપણો મુદ્દો એ છે કે આ ખોટું પશ્ચિમીકરણ એ આપણા નવીન બુદ્ધિજીવી વર્ગનું જ જન્માવેલું સ્વરૂપ છે, અને એમની સંખ્યા ઘણી નાની હોવા છતાં શક્તિ અને અસરની દૃષ્ટિએ ઘણી મજબૂત છે. આના ઉપરથી આપણે એમ કહી શકીએ કે આ નવીન બુદ્ધિજીવી વર્ગને, એ પાશ્ચાત્ય અસર પામેલો હોવાને લીધે જ પ્રગતિશીલ કહી શકાય નહિ.

એટલે હવે આપણો મુદ્દો એટલે સુધી આવ્યો કે આ નવા આદર્શવાદની આપણા પરંગરાગત આદર્શવાદ ઉપરની અસર જેમણે જેમણે આ નવી કેળવણી લીધી છે એ બધા ઉપર એકસરખી નથી. આ નવીન બુદ્ધિજીવી વર્ગમાં જો કોઇ સામ્ય હોય તો તે એટલું જ કે એના બધા સભ્યો વિદ્યાપીઠોમાં ગયેલા

* અહીં એક અંગત કારણ પણ છે, શિલ્સના જેટલી જ સ્પષ્ટતાપૂર્વક અને અસરકારક રીતે હું કદાચ અંગ્રેજીમાં મારા વિચારો દર્શાવી શક્યો ન હોત. અને હાસ્યાસ્પદ બીના તો એ છે કે મને મારી પોતાની માતૃભાષામાં લખવાનો મહાવરો નથી ! —મૂ. લે.

જણાતુ નથી.

આ નવા બુદ્ધિજીવી વર્ગના સભ્યો–પશ્ચિમીકરણના કાર્યક્ષમ દલાલો છે એમ માની લેવું એ ખોટું છે. પશ્ચિમીકરણના શક્તિશાળી અને સક્રિય દલાલો તરીકેનું એમનું કામ સમજવા માટે આખા ય વર્ગને નહિ, પરંતુ એનાં જુદાં જુદાં અંગોને જોવાં જરૂરી છે. અમુક આદર્શવાદનો, સમાજ સાથેનો સંબંધ અને એમાં આ બુદ્ધિજીવી વર્ગનું સ્થાન અને એમનું આર્થિક તેમ જ રાજનીતિક સત્તાથી અંતર એ બધું જ એ આદર્શવાદની આખા યે સમાજ ઉપરની અસર નક્કી કરે છે. પ્રજાનો જે વર્ગ સામાજિક જૂથોમાં ઊંચે સ્થાને છે, અને જેને આર્થિક તથા રાજનીતિક સત્તા સાથે ખૂબ સંબંધ છે, નીતિ ઘડવામાં એવા આદર્શવાદનો મોટો ફાળો હોય છે. આનો અર્થ એ નથી કે એ નીતિ સાચી છે કે એ હંમેશાં સફળ જ નીવડશે. આજે તો જે વર્ગ આર્થિક અને રાજનીતિક સત્તાની વધુ નજદીક છે એને જ આ પાશ્ચાત્ય અસરનો વધુ ડર છે. આ ગ્રે જ લોકો છે, જેઓ સરકારમાં, વિદ્યાપીઠોમાં, ાપારમાં અને કારખાનાંઓમાં નીતિ ઘડે છે અથવા । નીતિ ઘડનારાઓની ખૂબ જ નજદીક છે. ા જ લોકો આપણા **'નવા રાહબરો'** છે, એમનું શ્ચિમીકરણ એ તો ખોટો ડોળ અને ભાસ છે. ટલે એ લોકો જે કંઇ કહે છે તે કેવળ રહેણી ણીમાં-અંગત ટેવો, અંગત ચાલચલગત, સ્વભાવ, ને ચારિત્ર્ય તેમ જ અંગ્રેજી આવડે છે એવું ાવવું વગેરે વગેરે, –જે ખરેખર પશ્ચિમના ાજનું આંધળું અનુકરણ છે. એ લોકો પોતે ન લોકો કરતાં ચડિયાતા છે એવો દાવો કરે છે, ણ કે એ લોકો સહઅસ્તિત્વમાં માને છે–અને ણ પચરંગી પ્રજા બનીને રહેવું એને એ લોકો મીકરણ માને છે! પરંતુ જ્યાં એમનો ીકરણનો દાવો જ અસલી નથી ત્યાં

વધુ ભયંકર :

સમાજનો આ વર્ગ રાજનીતિની દૃષ્ટિએ આપણા કેળવણી સુધારકોના વર્ગ કરતાં ય વધુ ભયંકર છે, કારણ કે એ રાજનીતિક સત્તાવાળાઓની સાથે ખૂબ જ નજદીકનો સંબંધ ધરાવે છે. એમની પોતાની જ વાતો મહત્ત્વની છે એવી માન્યતા ધરાવવાની એમની ખાસિયતને લીધે એમની નીતિ આમવર્ગના માનસ અને જીવનના પ્રશ્નો સમજવાને નાકામિયાબ નીવડે છે. આમવર્ગની શક્તિઓ અને સિમાડાઓ જોવાને માટે એમની આંખોનાં તેજ હણાઇ ગયાં હોય છે. એમની પાસે એમની નીતિને સફળ બનાવવા માટેનો એક જ રસ્તો છે, અને તે એ કે લોકોને એમને શરણે આવી જવા સમજાવવા, આમ કરવા માટેનો જે રસ્તો એ લે છે, એની ઉપર લોકશાહીનો અંચળો ઓઢાડેલો હોય છે. સંસદીય ઢબની લોકશાહીના સ્વરૂપે અમલદારશાહી જ તેમના શાહી વારસાને અને સમાજને બંધબેસતી લાગે છે. એમના લોકશાહી વિષેના ખ્યાલો એટલા જ ખોટા છે, જેટલા એમના પશ્ચિમીકરણ અને સહઅસ્તિત્વ વિષેના ખ્યાલો છે. એમની પાસે લોકશાહીનાં સૂત્રો છે. એક જીવનક્રમ તરીકે લોકશાહી એમના સામાજિક માળખામાં જરા યે બંધબેસતી નથી.

૧૨. એમની પાસે સહેલામાં સહેલો બચાવ–અને એ એટલો જ અસરકારક પણ છે–એક જ છે કે જેને ખોટા પાશ્ચાત્ય અસરવાળા ગણાવવામાં આવે છે એવા લોકો તો અસ્તિત્વમાં જ નથી, અને જે લોકો સામાજિક કે રાજનીતિક સત્તાવાળાઓની નજદીકમાં છે તે પાશ્ચાત્ય અસર પામેલા છે જ નહિ. સમાજના માળખામાંથી આવા પાશ્ચાત્ય અસર પામેલા લોકોને શોધી કાઢવાનું અને ભારતીય સામાજિક માળખામાં એમનું શું અને કેવું સ્થાન છે તે બતાવવાનું કામ છે સામાજિક કાર્યકરોનું.

વાદળિયું અજવાળું

વાદળિયું અજવાળું ઘર–નળિયાં અજવાળી જાય;
ફળિયાની મેલી ધૂળને સોનામાં ઢાળી જાય.
વાડથોરની પાન હથેલીમાં પડતું ઝિલાય;
ખેતર માટીના કણકણમાં બીજ થઈ ખોવાય.
વગડાનાં વૃક્ષે થડ ડાળે ઊઘડે સોનાઝાંય;
દૂરના ધૂસર પ્હાડે ચળકે ચકમક એની કાય.
વાદળિયું અજવાળું ડૂહોળે જળ ખળખળ વહી જાય;
ફૂટતાં તૃણની અંગુલીએ ઊંચકાઈ ઝોલા ખાય.
ચરતાં ધણની ખરીથી ખરતું મેદાને વેરાય;
ગોવાળોની ફરતી લાકડીઓમાં ઝપ ઝપટાય.
પાવામાં સોનાના નમણું ગીત બની ઘૂંટાય;
ખરબચડી ચંપાડાળી પર ફૂલ થઈ ચૂંટાય.
વાદળિયું અજવાળું ભેદી ભીતર ઊતરી જાય;
કોઈ કવિની કીકીમાં ઝલમલ આંસુ થૈ ઝરી જાય.

—જયન્ત પાઠક

ગાણું

નીરવ તારક તેજનું શિશિર–પાંદડું ખર્યું.
પાન ખર્યાનું ગાન અબાબીડ વનની ઘૂવડ ઘૂકમાં ઠર્યું-
—ના ઠર્યું ને ઝલમલ ઝલમલ ઓપતી તરલ
ઓસવાતી એ ઝાકળ બુન્દે બુંદ બની જઈ નિજને મળ્યું.
રાતની વિકલ અકલતાનો તાગ મળ્યો ના
તોય નિરાંતે તમના તનમન તમરાઓની તાનમાં તર્યું.
રેનબસેરા બાદ સવારે કૂકડા કેરા કંઠમાં રેલ્યું
તેજનું ગાણું સૂરજ સાખે, આભને મારગ તેજમાં ભળ્યું.

—યયાતિ

સુરસી ઠાકુર

'તે બુન, તું નથી ગઈ શું?' ગામ આખાનું માનવી માતાજીની પૂજામાં ગયું હતું. છોકરા-છોકરીઓ, જુવાનજુવાનડીઓ, ને કોક કોક વૃદ્ધ-ખેલડીઓ પણ નવરાત્રીમાં પાસેના ગામમાં થતી પૂજા જોવા ગયું હતું. એવે ટાણે વાલીએ પોતાની જુવાન પડોશણને ઉપરનો પ્રશ્ન પૂછ્યો ને પોતે જ આગળ કહ્યું-પેલી જવાબ આપે એ પહેલાં જ, 'અમારે તો ભાઇ! ચાંદલો ને ચૂડલો નહિ એટલે માતાજીમાને અહીં ઘરમાંજ હાથ જોડી મન મનાવીએ.' ત્યારે રૂપાળીએ કહ્યું,

'ના રે બુન.'

'પણ કેમ?'

'અરે બુન' રૂપાળીએ પછી જવાબ આપ્યો, 'નાનપણમાં ગરબે ખૂબ રમેલાં, હવે તે કેટલાક દન!'

'અરે મારી ભાઇ! હજી તો તારે ગાવાના ને ઘૂમવાના ઘણા બધા દન છે. નાનપણમાં તો કંઈ ગરબે ક્યાં કે'વાય? ખરું ગરબે ઘૂમવાનું તો હવે છે. માતાજીમા પણ જવાનીઆંને ઘૂમતાં જોઈ કેવાંક હરખાતાં હશે, હેં!'

'મા તો હરખાતાં જ હશે ને! પણ આપણે ક્યાં એમને જોવાં છે તે? ઇચ્છા થાય તો ય એ દેખાય ખરાં કે?'

'ના શું દેખાય? માતાજીની આંખ તો ચારે દિશાએ ઘૂમે...તે ચારે દિશાનાં માનવી એમને જૂએ... મારી ભાઈ!'

'અરે ભાઈ, ચારે દિશાનાં માનવી તો એકમેકને જ જૂએ છે, ને કો'ક તો કાંઈ જૂએ-આમ-અરે જવા દે.ને ભાઇ એ વાત! આપણે તો શરમાઇ મરીએ.'

'એમાં શરમાવાનું તે શું છે, રૂપાળી? માતાજી આગળ ઘૂમતાં તો સૌ કોઇ ધૂનમાં હોય! વરસમાં એક વાર તો આવું ટાણું આવે છે, બુન.' વાલીએ જવાબ વાળ્યો.

'તે એક વાર આવેલું ટાણું વરસ વરસનાં મેણાંટોણાં વહેરાવતું જાય એનું શું?'

'અરે, એવું એવું તે શું બોલે છે મારી ભાઇ,' વાલીએ પોતે ગરબે ઘૂમેલી એની સ્મૃતિઓ એકઠી કરતાં રૂપાળીને કહ્યું ને પૂછ્યું, 'પણ મારા ભાઈ તો ગયા છે ને?'

'જાય એ તો....એ તો પુરુષ માણસ, એમને તો બધું સરખું...પણ આપણને ભાઈમાણસને...!'

'આજે આમ કેમ બોલે છે, રૂપાળીબેન! જીવા-ભાઇનો જીવ તો આમ' વાલી આગળ બોલે ત્યાં જ રૂપાળી બોલી ઊઠી,

'જીવ તો આમ...લાખેણો પણ—'

'પણ ને બણ શું બેન! હજી ક્યાં વહી ગયું છે તે? આ બાજુના વનામાઈ હજી હમણાં જ નીકળ્યા છે, કૂળિયામાંથી-હમણાં આમથી નીકળશે. જવાની મરજી હોય તો જાને તું તારે એમની સંગાથે. આ ઘરની કાળજી હોય તો એ હું સાચવીશ, લે.'

'નારે બુન, આ ઘર સાચવવાનું તો ઠીક...આજ તો મારે જ સાચવવાનું છે. એ કહેતા'તા-જતાં જતાં, એ સાંભળ્યું નહોતું શું? ઘરનાં બોરડાં

'એ જ તો એક વાત સમજાતી નહોતી મને ય—એ ટાણે. પણ હવે સમજાય છે—હાં—પણ હવે એ બધું સમજીને ય શું ?' રૂપાળીએ નિસાસો મૂક્યો.

'તો મારા ભાઈ વહેલા વહેલા ઘેર આવી ગયા હતા શું, રૂપાળીબુન !' વાલીએ આગળ વાત કઢાવવા પૂછ્યું.

'ના રે બુન ! પેલું કોક સાચું જ બોલ્યું હશે ને ! હું ઘેર આવી ત્યારે જાણ્યું કે એ તો ન'તા ટોળામાં કે ન'તા ઘેર આવ્યા. ને મેં ઘર ઉઘડ્યું એ ય બધાં યે જોયું—માંડ માંડ કરી ઘરમાં જતી'તી ત્યાં જ કોક બોલ્યું બુન. દાઝયા પર ડામ જેવું....

'તે એકલાં જ છોને રૂપાળીબાબી ! જાગતે પોઢજો હાં કે—'

'અરે નવરાતરમાં તો માતાજીની મેર હોય—ઘર ઉઘાડાં મૂકીને સૂઇએને તો ય, એક સસુંદરે ઘરમાં ન પેસે' બીજું કોક બોલ્યું.

'ને ભાઈ, એ વેચે તો મને જે ડંખ દીધા !' રૂપાળી આગળ ન બોલી શકી.

'પણ પછી ય મારા ભાઈ આવ્યા કે નહીં ?' વાલી બોલી.

'તે આવ્યા જ હશેને. હું તો થાકથી ને પેલાં ગોળરા લોકનાં મેંણાંનાં વેણના મારથી જે ભાંગી પડી હતી તે-ઘરમાં પેઠી એવી ખાટલે પડી—તે સવારે એમણે ઢંઢોળી ત્યારે ઊઠી.'

'તે જીવાભાઇ છેક સવારે આવ્યા'તા શું ?' વાલીનું કુતૂહલ વધી પડ્યું.

'કોણ જાણે ક્યારે આવ્યા હશે બુન. અરે ભાઇ, એ ક્યારે ગયા એની કોને ખબર હતી તે ક્યારે આવ્યા એની વળી ખબર હોય ! બસ મંડયા બરાડવા' રૂપાળી પાછી અટકી પડી.

'પુરવજાત છે, ભાઇ,' કહી વાલીએ આશ્વાસન આપવા પ્રયત્ન કર્યો.

'અરે જાત તે જાત—પાછી કજાત મળી લોગી—ઓરસે એ ટાણે એમણે મને જે વેણ કહ્યાં છે વેણ ! તે તો ન જ સંભાર્યાં રૂડાં, બુન—નખ્ખાદ જ પેલી એ માલણનું' કહેતાં રૂપાળી છેક રડવા જે થઈ ગઇ.

'કાંઇ નહિ બુન ! આ બેચાર દ'ન નવરાતર જશે ને પછી બધું ઠેરનું ઠેર' વાલીએ દિલાસો દીધો.

'તે ઠેરનું ઠેર જ થયું છે ને બુન. મને પૂછ એમણે, 'રાતે મંદિરના ઓટલે ક્યારથી આ ધલાણી'તી !'

'હું ?' મેં કહ્યું ત્યાં તો ભડકયા.

'રાંડ પાછું ખોટું !' કહી જે ઘૂરકયા છે. પે રાંડે જ બધું કહી દીધું હશે ને ભાઈ ! એવી ડાકણની તો કેટલીય બધી આંખો હોય-હું કેં કહે કરું પણ સાંભળે કોણ ? બસ હુકમ ને દમદાટી જે ચલાવી....'

'ખબરદાર ઘરની બહાર પગ મૂક્યો છે તે કયા તમારા સમલા સાથે રાસડા રમવા નીકળ્યાં'તાં ને ભાઇ—મારો આ જનમનો રાસડો એ ટાણે પૂરો થઈ ગયો. ચુપચાપ કામે લાગી ગઇ પછી તો સીમમાં ગયા. સાંજે સીમમાંથી આવ્યા તે પૂ વાળું કરવા ય ન રોકાણા. એ નવું ફાળિયું, ન ડાંગ, ને પેલા કાલ બનાવ્યા'તા તે નવા જોડા પહેરી નવી વહુ લાવવા જતાં હોય જાણે એમ ઊપડ ગયા-વરઘોડિયા પાછળ મને તેડવા આવ્યા હતા સા સામના એવા—અરે એનાથી ય કયાંય રુઆગદા ખાઈ ! હું જ મારા વરને પરણાવવા જતી-અ જતી એવું નહિ—અરે સાચેસાચ પરણાવવા નીકળ હોઉં એવું મને લાગેલું. એ તો ગયા—પછી તો કાં જાણ્યું નહિ. એટલે જુઓને, દીવો ય રાણો કર બેઠી છું. મૂઉ દીવા છતાં ન દેખાય એનાથી અંધા શું ખોટું !! કહી રૂપાળી ફુસકે ફુસકે—તે ય દબાતે રડી રહી.

ગામનાં જે કોઇ આજ રાસડા લેવા ગયાં હ તેમના આવવાના અણસારા વરતાણા—વાનો દૂર કરતા આવતા હોય, એવો ભાસ થવા માંડ્યો, એટ બન્ને ચૂપ થઈ ગઇ.

દબ્બાનુ જ ઝર છ જાયું–અમે ય પહેલાં કોક કોક દન જતાં–રાસ પણ રમતાં–પણ–એક દન તે કહ્યું એમ પેલી માલણ—' કહેતાં રૂપાળી ચૂપ થઇ ગઇ.

'તે એ માલણનું વળી શું છે–રૂપાળી બુન! સરખે સરખું કહેને ભાઇ કાંઇ!'

'એમાં તે કહે શું–મારું કરમ, ભાઈ! આ એ વેળા રમતાં રમતાં હું જરા થાકી. આપણે તો ઘરમાં ને સીમમાં અનેક કામ ભાઇ! આખા દનનું કામ કરીને ગયેલાં તે થાક તો લાગે જ ને! પણ પેલી માલણ! એને શું! ટોપલી એક ફૂલ લઇ ગામમાં ચારેક ઘર ફરવાનું એનું કામ. રાતે પણ એવી ને એવી જ તાજી. તે તમારા ભાઇને એકલા ઊભેલા જોઈ દાંડિયા લઈ આવી ને ઊભી એમની સામે–ને ફરતી જોડીઓમાં એમની સાથે થઈ ગઈ. તમારા ભાઇને ય એ ટાણે શું થયું કોણ જાણે! તે ઝટ લાગ્યા ઘૂમવા–ને પછી–હું તો આમે થાકેલી તે એમને ઘૂમતાં જોઇ દલથી ય થાકી ગઇ. હજી મારો તો એ થાક ઊતર્યો નથી–એથી તો એ દનથી ત્યાં જતી નથી ને!' રૂપાળીએ આપવીતી કહી.

'પણ આજે તો જવું'તું ને!' વાલીએ વળી ટહુકો કર્યો.

'આજે તો શું, ગઈ કાલે જ જવાની હતી–પણ એ તો કહે 'તું રહેવા દે–થાકી જશે. આ બે આંટા ફરી હું આમ આવ્યો પાછો.' કહી ગયા. અડધી રાત થઇ તો ય પાછા ન આવ્યા–ને મારાં ય કરમ ફૂટેલાં તે મેં કોણ જાણે ક્યાંથી હિમ્મત કરી–તે ધૂનમાં ને ધૂનમાં હું અડધી રાતે ય ચાલી નીકળી–ત્યાં પહોંચી તો ખરી–પણ ત્યાં તો રાસ પૂરો હેલે ચઢ્યો'તો. કોઇ કોઇને ભાળતું ન'તું. કોઇ કોઇને પૂછતું ન'તું. એમને ફરતા જોઈ મને જે ચક્કર આવ્યાંને ભાઇ! તે હું તો માતામાજીના પગથિયે જ બેસી પડી. રાસ પૂરો થયો. બધાં વીખરાયાં એની ય મને તો સાન ન રહી. તમારા ભાઇએ નીકળી ગયા હશે. છેલ્લા છેલ્લા આપણા ગામનાં જે ત્યાંથી નીકળ્યાં તેમની પછવાડે પછવાડે, માંડ ચાલી આવતી હતી. તે કોકે જોઇ મને. અરે, આપણા વનાભાઈએ જ જોઈ તો!–તે કહે, 'ભાભી! તમે? કેમ એકલાં? ક્યાં ગયા જીવાભાઈ?' ને બધાંની નજર મારા પર મંડાણી. તમારા ભાઈની–જેણે જેણે એમને રાસ રમતા જોયેલા એમણે, એવી તો ગુસપુસ કરી–હું તો એવી રાતે ય જાણે ખરા બપોરે ચાલતાં બળતાં કોઇએ એવી બળી રહી. જેમ તેમ કરી વાત ટાળી–પણ તેમ તેમ એમાંનાં કોક કોક વધારે પૂછપરછ કરવા માંડયાં,

'હેં–રૂપાળીભાભી! તે તમે ક્યારનાં આવ્યા'તાં ત્યાં? ને જીવાભાઇને તો જોયા ને?'

'અરે એમને કોણ ન જૂએ!–અરે, ખરું પૂછો તો કોઈ ન જૂએ-જોઈ જ ન શકેને! એ તો રાસડે ઘૂમતા'તા એવું ચક્કરચક્કર–એમને ઘૂમતા જોતાં જ આપણને ચક્કર આવી જાય ભાઇ.'

'હારતો, જીવાભાઈ જ કુંડાળામાં નહોતા દેખાતા–ત્યાં રૂપાળીભાભી તે વળી ક્યાંથી વરતાય, જીવાભઇ જોડે રાસ રમતાં તો એવું જ થાય.'

'અરે બન્ને એવું ઘૂમતાં'તાં–એ માનવી ફરે પણ જાણે લાગે એક જ માનવી! બબ્બેની જોડી, પણ જાણે એકમેકમાં ભળી ગયેલાં લાગે!'

'તેમાં જ રૂપાળીભાભી ન ભળાણાં ક્યાં ય.'

આવું આવું સાંભળી–ભાઈ હું તો મૂંગી મૂંગી ચાલતી જ રહી. પણ એમાંનાં ઘોડાં માનવીને આટલું બોલ્યે ય ધરવ ન થયો તે કહે–દશમન ક્યાંના–!

'તે ભાભી, આટલું, બોલવાની ય સુધબુધ નથી રહી એટલું બધું નાચ્યાં જ શું કામ? જીવાભાઈ કેમ નથી સંગાથે–કે પછી આગળ ગયા–કે થાકીને ત્યાં જ સૂઇ ગયા? માતાજીને ઓટલે!'

'આ વેણે કોક કોક તો એવું હસ્યાં! કે નવરાતરના દન ન હોત તો ન જાણે હું શું શું બોલી બેસત!'

'તે મારા ભાઇ ક્યાં હતા રૂપાળીબુન?' વાલીએ પૂછ્યું.

'એ જ તો એક વાત સમજતી નહોતી મને ય–એ ટાણે. પણ હવે સમજાય છે–હાં–પણ હવે એ બધું સમજીને ય શું ?' રૂપાળીએ નિસાસો મૂક્યો.

'તો મારા ભાઈ વહેલા વહેલા ઘેર આવી ગયા હતા શું, રૂપાળીબુન !' વાલીએ આગળ વાત કઢાવવા પૂછ્યું.

'ના રે બુન ! પેલું ઠોક સાચું જ બોલ્યું હશે ને ! હું ઘેર આવી ત્યારે જાણ્યું કે એ તો ન'તા ટોળામાં કે ન'તા ઘેર આવ્યા. ને મેં ઘર ઉઘડ્યું એ ય બધાં યે જોયું–માંડ માંડ કરી ઘરમાં જતી'તી ત્યાં જ ઠોક બોલ્યું બુન, દાઝ્યા પર ડામ જેવું....

'તે એકલાં જ છોને રૂપાળીભાભી ! જાગતે પોઢજો હાં કે–'

'અરે નવરાતરમાં તો માતાજીની મેર હોય–ઘર ઉઘાડાં મૂકીને સૂઈએને તો ય, એક સસુંદરે ઘરમાં ન પેસે' બીજું ઠોક બોલ્યું.

'ને ભાઈ, એ વેરી તો મને જે ડંખ દીધા !' રૂપાળી આગળ ન બોલી શકી.

'પણ પછી ય મારા ભાઈ આવ્યા કે નહીં ?' વાલી બોલી.

'તે આવ્યા જ હશેને. હું તો થાકથી ને પેલાં ત્રાજરા લોકનાં મેણાંનાં વેણના મારથી જે ભાંગી પડી હતી તે–ઘરમાં પેઠી એવી ખાટલે પડી–તે સવારે એમણે ઢંઢોળી ત્યારે ઊઠી.'

'તે જીવાભાઈ છેક સવારે આવ્યા'તા શું ?' વાલીનું કુતૂહલ વધી પડ્યું.

'કોણ જાણે ક્યારે આવ્યા હશે બુન. અરે ભાઈ, એ ક્યારે ગયા એની કોને ખબર હતી તે ક્યારે આવ્યા એની વળી ખબર હોય ! બસ મંડયા બરાડવા' રૂપાળી પાછી અટકી પડી.

'પુરૂષજાત છે, ભાઈ,' કહી વાલીએ આશ્વાસન આપવા પ્રયત્ન કર્યો.

'અરે જાત તે જાત–પાછી કજાત મળી જેગી–ઝઘડે એ ઠાણે એગણે મને જે વેણ કહ્યાં છે વેણ ! તે તો ન જ સંભાર્યાં રૂડાં, બુન–નખ્ખોદ જાજો પેલી એ માલણનું' કહેતાં રૂપાળી છેક રડવા જેવી થઈ ગઈ.

'કાંઈ નહિ બુન ! આ બેચાર દ'ન નવરાતરના જશે ને પછી બધું ઠેરનું ઠેર' વાલીએ ફરી દિલાસો દીધો.

'તે ઠેરનું ઠેર જ થયું છે ને બુન. મને પૂછ્યું એમણે, 'રાતે મંદિરના ઓટલે ક્યારથી આવી ઘલાણી'તી !'

'હું ?' મેં કહ્યું ત્યાં તો ભડક્યા.

'રાંડ પાછું ખોટું !' કહી જે ઘૂરક્યા છે. પેલી રાંડે જ બધું કહી દીધું હશે ને ભાઈ ! એવી ઓ ડાકણની તો કેટલી ય બધી આંખો હોય-હું કેં કહેવા કરું પણ સાંભળે કોણ ? બસ હુકમ ને દમદાટી જ જે ચલાવી....'

'ખબરદાર ઘરની બહાર પગ મૂક્યો છે તો, ક્યા તમારા સગલા સાથે રાસડા રમવા નીકળ્યાં'તાં !' ને ભાઈ–મારો આ જનમનો રાસડો એ ટાણે જ પૂરો થઈ ગયો. ચુપચાપ કામે લાગી ગઈ પછી એ તો સીમમાં ગયા. સાંજે સીમમાંથી આવ્યા તે પૂડું વાળું કરવા ય ન રોકાણા. એ નવું ફાળિયું, નવી કાંગ, ને પેલા કાલ બનાવ્યા'તા તે નવા જોડા પહેરી–નવી વહુ લાવવા જતાં હોય જાણે એમ ઊપડી ગયા-વરઘોડિયા પાછળ મને તેડવા આવ્યા હતા ત્યારે લાગતા એવા–અરે એનાથી ય ક્યાંય રૂઆબદાર, ભાઈ ! હું જ મારા વરને પરણાવવા જતી-અરે જતી એવું નહિ–અરે સાચેસાચ પરણાવવા નીકળી હોઉં એવું મને લાગેલું. એ તો ગયા–પછી તો કાંઈ ભળાણું નહિ. એટલે જુઓને, દીવો ય રાણો કરી બેઠી છું. મૂઉં દીવા છતાં ન દેખાય એનાથી અંધારું ય ખોટું !! કહી રૂપાળી ફ્રુસકે ફ્રુસકે–તે ય દબાતે–રડી રહી.

ગામનાં જે કોઈ આજ રાસડા લેવા ગયાં હતાં તેમના આવવાના અણસારા વરતાણા–વાનો ફરથી કરતા આવતા હોય, એવો ભાસ થવા માંડ્યો, એટલે બન્ને ચૂપ થઈ ગઈ.

સમાજવાદી દેશોમાં રૂપિયા કરતાં માણસની કિંમત ઊંચી અંકાય છે એનું એક ઉદાહરણ ઝેકોસ્લોવેકિયાનો પ્રવાસ કરી આવનાર 'ઈલસ્ટ્રેટેડ વીકલી'ના સંપાદક શ્રી એ. એસ. રામને રજૂ કર્યું છે.

'રેસ્ટોરાંમાંથી ઊઠીને હું બહાર નીકળવા ગયો ત્યારે મેનેજરે મને અટકાવીને કહ્યું કે તમે થોડા પૈસા પ્લેટમાં ભૂલીને આવ્યા છો. જો તમે એ ટીપ તરીકે મૂક્યા હોય તો એમ કરીને તમે વેઈટરનું અપમાન કર્યું છે. એને મારા કરતાં ઓછા પગાર નથી મળતો, અને કદાચ તમારા કરતાં વધારે પણ મળતો હોય.'

•

ટોલ્સ્ટોયની પુત્રીએ લખેલી ડાયરી 'ટોલ્સ્ટોય ઇન હોમ'માંનો એક ફકરો આ પ્રમાણે છે. એ લખે છે:

'ટોલ્સ્ટોય એમની રચનાઓમાં જેટલા કટુ આલોચક હતા, એટલા જ વ્યવહારિક જીવનમાં પણ તેઓ કડવા હતા. હંમેશ તેઓ નવી પ્રતિજ્ઞાઓ લેતા હતા. પાછળથી પાળી શકતા નહોતા. પછી એમને પસ્તાવો થતો અને તેઓ શરમ અનુભવતા, ઉપવાસ કરતા અને બૂમો પાડી પાડીને કહેતા—મારું જીવન અર્થ વગરનું છે. શરમ અને પશ્ચાતાપ સિવાય એમાં બીજું કશું નથી. મેં જીવનભર ધર્મ અને સદાચારની વાતો કરી છે, પરંતુ મારા વ્યક્તિગત જીવનમાં હું ધર્મ અને સદાચારથી માઈલો દૂર રહ્યો છું.'

•

બ્રિટનની મહારાણી કેરોલીનને એમના પતિ રાજા જ્યોર્જ ચોથાના રાજ્યાભિષેક સમારોહમાં ભાગ લેવા દેવામાં ન આવ્યો, કારણ કે એમની પાસે સભામંડપમાં જવા માટેનો પાસ નહોતો.

લુઇજી પિરાન્દેલોના એક સુંદર નાટકનું રૂપાંતર કરનાર છે:-

ત્રિ. બિપિન ઝવેરી

પાત્રો : મોંમાં ફુલવાળો માણસ
એક શાંત ઘરાક

નાટકના અંતમાં ઉલ્લેખ કરેલો છે ત્યાં ત્યાં ખૂણા પર એક સ્ત્રી દેખાય છે. એણે કાળાં વસ્ત્રો પહેરેલાં છે.

દૃશ્ય : પાછળ એક રાજમાર્ગનાં વૃક્ષો અને પાંદડાંમાંથી ઝળકતાં વીજળીના દીવા દેખાય છે. બંને બાજુએ આ માર્ગને આવીને મળતા રસ્તાની બે બાજુનાં મકાન. ડાબી બાજુનાં મકાનોમાં એક સસ્તી, આખી રાત ખુલ્લી રહેતી કાફે છે. એની સાઇડવૉક પર ટેબલો ને ખુરસીઓ માંડેલાં છે. જમણી બાજુનાં મકાનોની આગળ દીવાનો થાલલો. દીવો સળગે છે. ડાબી બાજુએ, જ્યાં રસ્તો રાજમાર્ગને મળે છે ત્યાં એક બીજો દીવો મકાન પર જડેલો છે. એ પણ સળગે છે. વચ્ચે વચ્ચે દૂરથી મેડોલીનના અવાજ ઘડકારા ખાતા આવે છે.

જ્યારે પડદો ઊંચકાય છે ત્યારે મોંમાં ફુલવાળો માણસ એક ટેબલ પાસે બેસી શાંત ઘરાક સામે મૂંગો મૂંગો જોયા કરે છે. આ શાંત ઘરાક બાજુના ટેબલ પર બેઠો બેઠો સ્ટ્રોથી પેય ચૂસી રહ્યો છે.

મોં, માણસ : વારુ, હું એમ કહતા'તા...કે આ તમે છો, કાયદાને માન આપનાર વ્યક્તિ... તમે ટ્રેન ચૂકી ગયા ?

ઘરાક : એક મિનિટ ખાતર હું સ્ટેશને પહોંચ્યો તે જ ઘડીએ ઊપડી.

માણસ : તમે દોડીને પકડી શકયા હોત.

ઘરાક : જરૂર—પણ પેલાં બંડલો ! એ આડે આવ્યાં. હું ભાર લાદેલા પોટિયા જેવો લાગતો હતો. મૂર્ખાઈભર્યું લાગે છે, ખરું ને ? પણ તમે જાણો છો ને બૈરાં કેવાં હોય છે તો ! કામ, કામ, કામ ! તમે એમાંથી ઊંચા જ ન આવો. હે ભગવાન ! હું ટૅક્સીમાંથી ઊતર્યો ત્યારે એ બધાં બંડલોને આંગળાં પર ભેરવતાં કેટલી વાર થઈ તે તમે જાણો છો ? પૂરી ત્રણ મિનિટ. દરેક આંગળી પર બે પૅકેટ.

માણસ : જોવા જેવા લાગતા હશો ! જાણો છો તમારે બદલે હું શું કરત ? એને ટૅક્સીમાં જ રહેવા દેત.

ઘરાક : બૈરાં પરામાં રહેવા જાય પછી કઈ રીતે વર્તે તે તમે જાણતા નથી.

માણસ : હું બરાબર જાણું છું. (અટકે છે.) એ આપણને કહે છે કે એમને કાંઈ ન જોઈએ. એક એક વસ્તુ વિના ચલાવશે.

ઘરાક : એથી યે વધારે. ઓટાં દેખાય એવો કરે છે, પરામાં રહેવા જાય છે તે પૈસા બચાવવા માટે. એ કોઈ પરામાં રહેવા જાય-જેમ ગંદું ને રેઢિયાળ તેમ વધારે સારું—ને પછી ત્યાં સૌથી સારાં કપડાં પહેરવાનો આગ્રહ રાખે ! સ્ત્રીઓ ! પણ હું ધારું છું એ એમનો ધર્મ જ છે, "તમે શહેરમાં જતા હો તો મારે માટે એક આ લેતા આવજો—ને એક પેલું—ને તમને બહુ તકલીફ ન પડે તો મારે માટે..." તમને બહુ તકલીફ ન પડે તો ! "ને તમે કાલબાદેવી જવાના છો ત્યારે...." "પણ સરલા, ત્રણ કલાકમાં હું એટલું બધું ક્યાંથી કરી શકું ?" "કેમ નહિ ? ટૅક્સી કરી લેજો ને !" ને સૌથી ખરાબ વાત તો એ છે કે—એ ત્રણ કલાકની ગણતરી પર હું અર્ધોના અગારા ઘરની ચારીઓ ન લાવ્યો.

માણસ : ભારે થઇ. પછી ?

ઘરાક : મેં મારાં સંપેતરાંનો ઢગલો સ્ટેશનમાં મૂક્યો-કલોકરૂમમાં. પછી કકડીને ભૂખ લાગેલી તે પુરોહિતમાં જઇને ખાધું. ને પછી સિનેમામાં ગયો-મારો મિજાજ કાબૂમાં લાવવા માટે. થિયેટરની ગરમીમાં લગભગ મરી જ ગયો. બહાર નીકળીને મેં કહ્યું, "ને હવે ? સાડબાર થઈ ગયા છે. પહેલી ટ્રેન ચાર વાગે છે. હવે બે કલાકની ઊંઘ માટે દોડધામ કરું ? લોજમાં સુવાના પૈસા ય વસૂલ નહિ થાય" એટલે અહીં આવી ચઢ્યો. આખી રાત ખુલ્લું રહે છે, ખરું ને ?

માણસ : આખી રાત. (અટકે છે) ત્યારે તમે તમારાં બંડલ કલોકરૂમમાં મૂકતા આવ્યા ?

ઘરાક : કેમ ? ત્યાં સલામત નહિ રહે ? એ બરાબર બાંધેલાં છે, ને...

માણસ : ના રે ના ! (અટકે છે.) સલામત રહેશે મને ખાતરી છે. મને ખબર છે સ્ટોરવાળા માલ કેવી સરસ રીતે બાંધે છે તે. એની ખાસ સ્પેશિયાલીટી જ હોય છે. (અટકે છે.) હું એમના હાથ અત્યારે પણ જોઈ શકું છું. કેવા હાથ ! એ લોકો મોટો મજાનો કાગળ લે છે, ડબલ જાડાઇનો, લાલાશ પડતો, ઉપર લહેરિયાળી લીટીઓવાળો. એ કાગળ તરફ જોવામાં યે મજા આવે !-એવો લીસો, કે આપણને ગાલ પર દબાવીને કેવો ઠંડો ને લીસો છે તે જોવાનું મન થાય-એને ઉકેલીને થડા પર મૂકે, ને આપણા કાપડને એવી ઝડપથી એની વચ્ચે મૂકે-કપડું પણ સરસ, ને સફાઈથી ઘડી વાળેલું. એ લોકો હાથના પાછલા ભાગથી કાગળનો એક છેડો ઊંચો કરે છે, બીજો નીચો કરે છે, ને બન્ને છેડા સાથે લાવી કડકોબંધ ઘડી પાડે છે-એ બરાબર માપસર જ આવી રહે...ને ત્રિકોણની રોચ આમ વાળે. પછી એક હાથ દોરીના ખોખા સુધી લંબાવે, કોઠાસૂઝથી બરાબર માપ જેટલી જ ખેંચી કાઢે, ને પારસલ એટલી ઝડપથી બાંધી દે કે એની ...કુનેહ નીરખવાનો યે વખત ન રહે-ને નાનો ગાળો તમારી આંગળી માટે તૈયાર !

લુઈજી પિરાન્દેલો

ઘરાક : તમે આ વાત પર બહુ ધ્યાન આપ્યું લાગે છે.

માણસ : મેં ધ્યાન આપ્યું છે ! ભલા માણસ, હું એના પર દિવસોના દિવસો વિતાવું છું વળી હું સ્ટોરની એક જ બારી આગળ એક કલાક વિતાવી શકું છું હું એ જ રેશમનો ટુકડો હોઉં એમ લાગે છે, મને એ રેશમી ટુકડો થવાનું ગમે, પેલી રીબીન થવાનું, કોર થવાનું-લાલ કે ભૂરી વેચનાર છોકરો અને છોકરી એને ગજથી માપે છે, ને-એને વીંટી આપે તે પહેલાં શું કરે છે તે તમે જોયું છે?-ડાબા હાથના અંગુઠા ને ટચલી આંગળી પર એની અંગ્રેજી આઠડા જેવી ગૂંચળી વાળે છે ! (અટકે છે.) ઘરાકો સ્ટોર-માંથી બંડલ આંગળી પર ભેરવીને-અથવા હાથમાં પકડીને-અથવા બગલમાં મારીને નીકળે ત્યારે હું તેમને જોઉં છું. હું એમને જતા નીરખું છું. એ નજર બહાર થઇ જાય ત્યાંસુધી મારી આંખ એમની પાછળ જાય છે. હું કલ્પના કરું છું, ઓહ ! હું એટલી બધી, એટલી બધી વાતોની કલ્પના કરું છું કે તમને એનો ખ્યાલ ન આવે. ક્યાંથી આવે ? (અટકે છે. પછી, જાણે સ્વગત) તો યે એથી ફાયદો છે.

ઘરાક : શેનાથી ફાયદો છે ?

માણસ : વળગી રહેવાથી-જીવનને. કલ્પનાથી. દરવાજાના સળિયાને વળગેલી વેલીની જેમ. (અટકે છે.) એને જરા યે આરામ આપ્યા વિના-મારી કલ્પનાની વાત કરું છું-બીજાઓની જિંદગીને મારી કલ્પનાથી વળગ્યા કરીને-આખો વખત. મારા ઓળખીતાની નહિ. હું એ ન કરી શકું. એનાથી પરિતાપ થાય, મને ચૂગ આવે, જો એ લોકો જાણે તો. ના, માત્ર અજાણ્યા જ. એમની સાથે મારી કલ્પના છૂટથી કામ કરી શકે. જો કે, પૂર્વગ્રહથી નહિ. ના, હું

મારી સામે આ છોકરીઓ બેઠી છે. ૧૪-૧૫ વર્ષની હશે. એમનામાં કેટલી ચંચળતા દેખાય છે! સાંભળવામાં એમનું ધ્યાન નથી. હું જ્યારે ૧૫-૧૬ વર્ષનો હતો ત્યારે મેં સ્વરાજ્ય માટે અને અધ્યાત્મ માટે મારું જીવન અર્પણ કરી દીધું હતું. આ ઉંમરે છોકરા-છોકરીઓને ભાન હોવું જોઈએ કે એમની સામે એક બહુ મોટું મિશન છે. પણ આજે એમ નથી લાગતું. અને એટલેસ્તો પરમાત્માની કૃપાથી ભારત પર સંકટ આવ્યું છે.

યુવાનો સામે જ્યારે પુરુષાર્થ-ભાવના નથી હોતી ત્યારે યુવાની બિલકુલ નકામી જાય છે. તરુણનો અર્થ જ છે તારનારો. યુવાનો દેશને તારશે. આપણા ઘણા જવાનો લડાઈમાં ગયા છે. એમને હું ધન્યવાદ આપું છું. જુવાનો સામે બલિદાનનો મોકો આવ્યો તેથી તેઓ બલિદાન દેવા ચાલ્યા છે. એવો મોકો આવવો જોઈએ. આજે આ ઘુઘ્ઘી ફરી રહ્યો છે અને જુવાનો એનું સ્વાગત કરે છે. અરે જુવાનો! આ તમારા માટે શરમની વાત છે કે તમે બેઠા રહો અને આ ઘુઘ્ઘી ફરે. તમારે તો ગામેગામ જઈને ગ્રામદાનનો વિચાર સમજાવવો જોઈએ. એવા પુરુષાર્થ માટે જ ભગવાને આક્રમણરૂપ આપત્તિ મોકલી છે.

—વિનોબા

લમણાં પર ધોળી રજ કાયમની સવાર થઈ છે, ને હજી એને ચોત્રીસ જ થયાં છે, (અટકે છે.) એ મને ચીડ ચઢાવે છે. એની મને કેટલી ચીડ આવે છે તેનો તમને ખ્યાલ નહિ આવે. કોઈક વાર હું એને પકડીને હલાવું છું. "તું ઘેલડી છે!" હું બરાડો પાડું. એ સહી લે! એ ત્યાં ઊભી ઊભી મને જોયાં કરે. ઓ એ દૃષ્ટિ! એનાથી મારાં આંગળાં ઝણઝણી ઊઠે છે! મને એની ગળચી દાબી દેવાનું મન થાય છે! અલબત્ત, કશું જ બનતું નથી. હું જરા આગળ જાઉં એટલી જ વાટ જુએ. ને પછી મારી પાછળ ચાલવા માંડે. (કાળી સાડીવાળી સ્ત્રી ફરી પોતાનું રોકું કાઢે છે) જુઓ, એનું માથું પાછું દેખાય છે!

ઘરાક : બિચારી!

માણસ : બિચારી! તમે જાણો છો એને શું જોઈએ છે? એ ઇચ્છે છે કે હું ઘરમાં રહું ને આનંદ માનું—શાન્તિથી ને સમવડોર—ને એને મારા પ્રત્યે સારો વર્તાવ કરવા દઉં, મારી દેખભાળ કરવા દઉં, મારા પ્રત્યે પત્નીસહજ મમત્વ દર્શાવવા દઉં... ઘર! ઓરડો બિલકુલ સ્વચ્છ ને સુઘડ, ફરનિચર ચોખ્ખું ને મોહક. શાન્તિનું રાજ્ય....એમ હતું તો ખરું જ. શાંતિ-ભોજનખંડની ઘડિયાળનાં ટીક-ટીકથી મપાતી! (અટકે છે) એને એ જોઈએ છે. તમે એટલું જ જુઓ કે વાત કેટલી બેહૂદી છે! બેહૂદી નથી, એથી યે ખરાબ છે: ક્રૂર છે, કાતિલ છે! તમને નથી લાગતું? ન્યૂ દિલ્હીનો વિચાર કરો અથવા જયપુરનો. ધારો, એમને ખબર છે કે ધરતી-કંપ આવી રહ્યો છે. તો તમે શું એમ ધારો છો કે એ શહેરો બેસી જ રહેશે? તમે એમ માનો છો કે એ શાન્તિથી ચાંદનીમાં બેઠાં બેઠાં એની વાટ જોશે? સંભાળપૂર્વક એમના રાજમાર્ગોની સુંદર રેખા ને એમના ચોકની વિશાળતા જાળવતાં? શહેરઆયોજન સમિતિની યોજનામાંથી એક ઇંચ પણ ચસકવાની હિંમત કર્યા વિના? તમે ઘેલા છો: એ શહેરો બધું પડતું મૂકીને દોડવા માંડશે! એક એક મકાન, એક એક પથ્થર દોટ મૂકશે! (ઘરાક તરફ ઓચિંતા ફરતાં) તમે સ્વીકારો છો?

ઘરાક : (ગભરાઇને) હં....

માણસ : વારુ! ધારો કે લોકોને ખબર છે—જયપુર ને ન્યૂ દિલ્હીના શહેરીઓને. એ લોકો શાન્તિથી કપડાં બદલીને પથારીમાં પડશે! એમનાં કપડાંની ઘડી વાળશે ને બૂટને પોલીશ કરવા બેસશે? ગોદડા નીચે સરકીને તાજી ધોયેલી ચાદરની સ્વચ્છ કુશાદે શાન્તિનો અનુભવ કરશે? એમ જાણવા છતાં—કે—થોડા કલાકમાં—એ મરી જશે? તમને લાગે છે કે એમ કરે યે ખરા?

ઘરાક : કદાચ તમારાં પત્ની—

માણસ : મને પૂરું કરવા દો. જો મોત, મારા સાહેબ, મોત કોઈ વિચિત્ર ગંદું જીવડું હોત....ઘણાં જ તમારા પર બેઠેલું, જાણે તમારી અજાણતામાં બેસી ગયેલું....તમે રસ્તે ચાલ્યા જાઓ છો. ઓચિંતો રસ્તે જતો કોઇ માણસ તમને અટકાવે છે, ને કાળજીથી આંગળી ને અંગૂઠો લંબા-

ખુરશીઓને એ કલ્પના કરવામાં આનંદ આવતો હશે કે હવે પછી કયો દરદી એમાં બેસશે? એના દેહમાં કઈ માંદગી છુપાઈ હશે? આ મુલાકાત પછી એ ક્યાં જશે, શું કરશે? અલબત્ત, એ નથી કરતી. ને મારું પણ એમ જ છે! મને એમાંથી કશો આનંદ નથી મળતો. ત્યાં પેલી રાંક ખુરસીઓ ને અહીં હું. એ પોતાના બાહુ દાકતરના દરદી માટે ખોલે છે, હું મારા બાહુ....આ માણસ માટે કે તે માણસ માટે ખોલું છું. દાખલા તરીકે તમે ને છતાં, મને તમે ગુમાવેલી ટ્રેન, પરામાં ટ્રેનની રાહ જોતું તમારું કુટુંબ; તમારાં બીજાં નાનાં દુઃખો—એમાંથી મને કશો આનંદ નથી સાંપડતો—બિલકુલ નહિ....

ઘરાક : તમે જાણો છો, મારે ઘણાં દુઃખ છે?

માણસ : એ નાનાં છે એ માટે તમારે પ્રભુનો પાડ માનવો જોઇએ. (અટકે છે.) હું કહેતો' તો તેમ, મને ચીટકવાની જરૂર પડે છે—મારી કલ્પનાની ચામડીથી—બીજાનાં જીવન પર. પણ એમાંથી મને કશો આનંદ નથી મળતો. મને એમાં રસ પણ નથી. એથી સાવ ઊલટું જ છે. સાવ....જીવન કેવું કઠોર અને બેઢંગું છે, તે પૂરવાર કરવાં માટે એમનાં જીવનની આપત્તિઓ જોવાની આપણને જરૂર પડે છે, એટલું જ! જેથી આપણને જીવન સાથેની બાજી રમી નાંખવામાં ખચકો ન થાય! (ઝનૂની ગુસ્સાથી) આટલું જચાવવા આટલું બધું કરવું પડે છે, અં? તમને પુરાવાની જરૂર પડે, અને તમારે—નહોર થવું પડે! કારણ કે...કારણ કે મારા સાહેબ, એક એવી વસ્તુ છે—એ શેની બની છે તે આપણે નથી જાણતા, પણ એ અસ્તિત્વ ધરાવે છે—ને આપણે બધા એને સંવેદીએ તે રીતે—એ છે જીવનની ભૂખ! કદી ન સંતોષાતી ભૂખ—કદી ન સંતોષી શકાય તેવી ભૂખ—કારણ જીવન—ક્ષણ પછી આપણે જીવીએ છીએ તે જીવન—એ બહુ ભૂખ્યું છે, એને પોતાની જ ભૂખ જાગી છે, એટલે આપણે એને ચાખી યે નથી શકતા! જીવનનો સ્વાદ, જીવનનો આસ્વાદ અને સુગંધ, બધું ભૂતકાળમાં છે, એ આપણે આપણામાં જ ધરાવીએ છીએ. બલ્કે એ હમેશા આપણાથી દૂર હોય છે. આપણે એની સાથે નાજુક દોરથી સંધાયલાં હોઇએ છીએ, સ્મૃતિનો દોર. હા, સ્મૃતિ આપણને સાંધે છે....શેની સાથે? પેલું કઠોડાપણું, આ મનસ્તાપ, પેલા મૂર્ખાઈ-ભર્યા ભ્રમ, ગાંડી દોડ, જેમકે....હા... જે આજે કઠોડાઈ લાગે છે, જે આજે મનસ્તાપ લાગે છે, જે આજે નિદાન કમનસીબ છે, બારે કમનસીબ, જુઓ! ચાર વરસ જાય છે, પાંચ, દશ, ને કોણ જાણે એ કયો સ્વાદ ને સુગંધ ધારણ કરશે, એના પર શાં અશ્રુ ઢોળવામાં આવશે, એનો—કેવો સ્વાદ—હશે! જીવન,

મૃત્યુનું સંગીત

જીવન! તમારે માત્ર એ તજી દેવાનો જ વિચાર કરવાનો છે—ખાસ કરીને એ થોડા દિવસની વાત હોય ત્યારે—(આ ક્ષણે ખૂણામાં કાળાં વસ્ત્રવાળી સ્ત્રીનું મોં દેખાય છે.) જુઓ! જોયું પેલું? ખૂણામાં! જોઈ ઘેલી સ્ત્રી, સ્ત્રીનો પડછાયો? હવે એ સંતાઇ ગઇ.

ઘરાક : શું? એ કોણ હતું?

માણસ : તમે ન જોયું? હવે એ સંતાઈ ગઈ.

ઘરાક : કોઇ સ્ત્રી?

માણસ : મારી સ્ત્રી—

ઘરાક : અં? તમારાં પત્ની? (અટકે છે.)

માણસ : એ મારા પર નજર રાખે છે. એ ભૂલા પડેલા કૂતરા જેટલી જ મક્કમ છે; જેટલી વધુ લાત મારો એટલી વધુ વળગે. (અટકે છે.) મારે માટે એ સ્ત્રી કેટલું સહન કરે છે, એનો તમને ખ્યાલ નહિ આવે. એ ખાતી નથી. ઊંઘવાનું બંધ કર્યું છે. માત્ર મારી પાછળ પાછળ ભમ્યા કરે છે. રાત ને દિવસ. દૂર રહીને. એ કોઇક વાર એની સાડીને ઈસ્ત્રી કરે યે ખરી, ને ભોંઠા પડી ગયેલા પોલકાને. એના વાળ ધોળા થતા જાય છે, હા, એનાં

મારી સામે આ છોકરીઓ બેઠી છે. ૧૪-૧૫ વર્ષની હશે. એમનામાં કેટલી ચંચળતા દેખાય છે! સાંભળવામાં એમનું ધ્યાન નથી. હું જ્યારે ૧૫-૧૬ વર્ષનો હતો ત્યારે મેં સ્વરાજ્ય માટે અને અધ્યાત્મ માટે મારું જીવન અર્પણ કરી દીધું હતું. આ ઉંમરે છોકરા-છોકરીઓને ભાન હોવું જોઈએ કે એમની સામે એક બહુ મોટું મિશન છે. પણ આજે એમ નથી લાગતું. અને એટલેસ્તો પરમાત્માની કૃપાથી ભારત પર સંકટ આવ્યું છે.

યુવાનો સામે જ્યારે પુરુષાર્થ-ભાવના નથી હોતી ત્યારે યુવાની બિલકુલ નકામી જાય છે. તરુણનો અર્થ જ છે તારનારો. યુવાનો દેશને તારશે. આપણા ઘણા જવાનો લડાઈમાં ગયા છે. એમને હું ધન્યવાદ આપું છું. જુવાનો સામે બલિદાનનો મોકો આવ્યો તેથી તેઓ બલિદાન દેવા ચાહ્યા છે. એવો મોકો આવવો જોઈએ. આજે આ ખુદ્દો ફરી રહ્યો છે અને જુવાનો એનું સ્વાગત કરે છે. અરે જુવાનો! આ તમારા માટે શરમની વાત છે કે તમે બેઠા રહો અને આ ખુદ્દો ફરે. તમારે તો ગામેગામ જઈને ગ્રામદાનનો વિચાર સમજાવવો જોઇએ. એવા પુરુષાર્થ માટે જ લગવાને આક્રમણરૂપ આપત્તિ મોકલી છે.

—વિનોબા

સમજાં પર ઘોળી રજ કાયમની સવાર થઈ છે, ને હજી એને ચોત્રીસ જ થયાં છે, (અટકે છે.) એ મને ચીડ ચઢાવે છે. એની મને કેટલી ચીડ આવે છે તેનો તમને ખ્યાલ નહિ આવે. કોઈક વાર હું એને પકડીને હલાવું છું. "તું ઘેલડી છે!" હું બરાડો પાડું. એ સહી લે! એ ત્યાં ઊભી ઊભી મને જોયાં કરે. ઓ એ દૃષ્ટિ! એનાથી મારાં આંતરડાં ઝણઝણી ઊઠે છે! મને એની ઝગડી દાબી દેવાનું મન થાય છે! બસબત્ત, કશું જ બનતું નથી. હું જરા આગળ જાઉં એટલી જ વાટ જુએ. ને પછી મારી પાછળ ચાલવા માંડે. (કાળી સાડીવાળી સ્ત્રી ફરી પોતાનું રોકું કાઢે છે) જુઓ. એનું માથું પાછું દેખાય છે!

ઘરાક : બિચારી!

માણસ : બિચારી! તમે જાણો છો એને શું જોઇએ છે? એ ઇચ્છે છે કે હું ઘરમાં રહું ને આનંદ માનું—શાન્તિથી ને સગવડોર—ને એને મારા પ્રત્યે સારો વર્તાવ કરવા દઉં, મારી દેખભાળ કરવા દઉં, મારા પ્રત્યે પત્નીસહજ મમત્વ દર્શાવવા દઉં... ઘર! ઓરડો બિલકુલ સ્વચ્છ ને સુઘડ, ફરનિચર ચોખ્ખું ને મોહક, શાન્તિનું રાજ્ય....એમ હતું તો ખરું જ. શાંતિ-ભોજનખંડની ઘડિયાળનાં ટીક-ટીકથી મપાતી! (અટકે છે) એને એ જોઈએ છે. તમે એટલું જ જુઓ કે વાત કેટલી બેહૂદી છે! બેહૂદી નથી, એથી યે ખરાબ છે: ક્રૂર છે, કાતિલ છે! તમને નથી લાગતું? ન્યૂ દિલ્હીનો વિચાર કરો અથવા જયપુરનો. ધારો, એમને ખબર છે કે ધરતી-કંપ આવી રહ્યો છે. તો તમે શું એમ ધારો છો કે એ શહેરો બેસી જ રહેશે? તમે એમ માનો છો કે એ શાન્તિથી ચાંદનીમાં બેઠાં બેઠાં એની વાટ જોશે? સંભાળપૂર્વક એમના રાજમાર્ગોની સુંદર રેખા ને એમના ચોકની વિશાળતા જાળવતાં? શહેરઆયોજન સમિતિની યોજનામાંથી એક ઇંચ પણ ચસકવાની હિંમત કર્યા વિના? તમે ઘેલા છો: એ શહેરો બધું પડતું મૂકીને દોડવા માંડશે! એક એક મકાન, એક એક પથ્થર દોટ મૂકશે! (ઘરાક તરફ ઓચિંતા ફરતાં) તમે સ્વીકારો છો?

ઘરાક : (ગભરાઇને) હં....

માણસ : વારુ! ધારો કે લોકોને ખબર છે—જયપુર ને ન્યૂ દિલ્હીના શહેરીઓને. એ લોકો શાન્તિથી કપડાં બદલીને પથારીમાં પડશે! એમનાં કપડાંની ઘડી વાળશે ને બૂટને પોલીશ કરવા બેસશે? ગોદડા નીચે સરકીને તાજી ધોયેલી ચાદરની સ્વચ્છ કુશાદે શાન્તિનો અનુભવ કરશે? એમ જાણવા છતાં—કે—ઘોડા કલાકમાં—એ મરી જશે? તમને લાગે છે કે એમ કરે યે ખરા?

ઘરાક : કદાચ તમારાં પત્ની—

માણસ : મને પૂરું કરવા દો. જો મોત, મારા સાહેબ, મોત કોઈ વિચિત્ર ગંદું જીવડું હોત....હમણાં જ તમારા પર બેઠેલું, જાણે તમારી ચાન્દ્રનામાં બેસી ગયેલું....તમે રસ્તે ચાલ્યા જાઓ છો. ઓચિંતો રસ્તે જતો કોઇ માણસ તમને અટકાવે છે, ને કાળજીથી આંગળી ને અંગૂઠો લંબા-

વીને કહે છે : "માફ કરજો, સાહેબ, માફ કરજો, મોટાભાઈ, પણ મોત તમારા પર બેઠું છે!" ને કાળજીથી લંબાવેલી આંગળી અને અંગૂઠાથી એ એને ઊંચકી લઈ ફેંકી દે છે. એમ થાય તો કેવું અદ્‌ભુત? પણ મૃત્યુ કંઈ જીવડું નથી. એ શહેરના ઘણા રાહદારી પર બેઠેલું છે. એમના વિચાર ગમે તેટલે દૂર ફરતા હોય, કે એ ગમે તેટલા ચિંતામુક્ત દેખાતા હોય તો યે એમને એ દેખાતું નથી. એ, આવતી કાલે પોતે શું કરતા હશે, તેનો વિચાર કરતા હોય છે. પણ હું (એ ઊભો થાય છે.)...જુઓ મારા સાહેબ અહીં આવો (એ ઘરાકને ઊઠાડે છે અને એને બળતા દીવા નીચે લઈ જાય છે.), બત્તી નીચે આ તરફ આવો. હું તમને કાંઈક બતાવું. જુઓ, મારી મૂછની આ બાજુ નીચે. પેલો નાનો ટશિયો દેખાય છે? જાંબુડો? જાણો છો, એને શું કહે છે? એનું નામ કેવું કવિત્વભર્યું છે! એમાં કશાક મૃદુ-મધુરનું સૂચન છે, દ્રાક્ષ જેવું! એપિથેલિયોમા('યો' પર ભાર દે છે.). બોલી જુઓ, મૃદુ-મધુર નથી લાગતું? એપિથેલિયોમા. સમજ્યા? મૃત્યુ મારે રસ્તે પસાર થયું. એણે આ....ફૂલ મારા મોં પર ચોડ્યું. ને કહ્યું : "રાખ એને, દોસ્ત, હું આઠ મહિનામાં પાછો આવીશ-કદાચ દસ મહિનામાં." (અટકે છે.) હવે તમે કહો, તમે મને કહો. પેલી બિચારી બાવડી કહે છે તેમ હું ઘરમાં સ્વસ્થ બેસી રહી શકું-મારા મોંમાં આ ફૂલ સાથે? (અટકે છે.) હું એની તરફ બરાડો પાડું છું, "એટલે હું તને ચુંબન કરું એમ ઈચ્છે છે, ખરું?" "હા, હા, મને ચુંબન કરો!" તમે જાણો છો એણે શું કર્યું? બે અઠવાડિયાં પર એણે એક ટાંચણી લઈ પોતાના પર કાપો કર્યો-અહીં-હોઠ પર. પછી એણે મારું માથું પકડ્યું, મને ચુંબન કરવા પ્રયત્ન કર્યો; મોં પર ચુંબન કરવા પ્રયત્ન કર્યો. એ કહેતી'તી કે એને મારી સાથે મરવું છે. (અટકે છે.) એ ગાંડી છે. (ગુસ્સાથી) હું ઘરમાં રહેતો જ નથી! કદી નહિ. મારે તો સ્ટોરની બારી આગળ વેચાણવીરના કસબનું પાન કરવું છે! કારણ, તમે સમજ્યા, જરા પણ, એક સેકન્ડ પણ રોકાયેલો ન રહું, ઘડી પણ ખાલી હોઉં-સમજ્યા હું શું કહું છું તે?-તો હું કોઈનો જીવ લઉં ને એ વાતને લેખામાં યે ન ગણું, હું કોઈના પ્રાણનું હરણ કરું-કદાચ તમારા જેવાના-ટ્રેન ચૂકી ગયેલાના. (એ હસે છે.) અલબત્ત, હું ખાલી હસું છું. (અટકે છે.) હું જઈશ હવે. (અટકે છે.) હું મારીશ તે મને જ. (અટકે છે.) વરસની આ સીઝનમાં અમુક જાતનું કરદાલુ થાય છે. સારું હોય છે....તમે, કઈ રીતે ખાઓ છો? છાલ સાથે આખું? આપણે એના બે સરખા ટુકડા કરીએ છીએ, પછી આંગળી અને અંગૂઠાથી પકડીએ છીએ, ચીરીની લંબાઈને, આમ...પછી (એ ગળે છે) કેટલું રસમધુર! નકરો આનંદ! સ્ત્રીના અધર જેવો! (એ હસે છે. અટકે છે.) હું તમારાં ગ્રામનિવાસનાં ધણિયાણી ને એની દીકરીઓને મારી શુભેચ્છાઓ ઇચ્છું છું. (અટકે છે.) હું એમને કલ્પી શકું છું. હું એમને સુંદર ગોચર વચ્ચે સફેદ ને ખુલ્લાં ભૂરાં વસ્ત્રોમાં ઊભેલાં કલ્પું છું....(અટકે છે) કાલે સવારે તમે પહોંચો ત્યારે મારું એક કામ કરશો? મને લાગે છે કે તમારું ગામ સ્ટેશનથી થોડે દૂર હશે. સવાર પડી છે. તમે પગપાળા હશો. રસ્તાની બાજુમાં ઘાસનું જે પહેલું ઝૂમખું દેખાય-એની પાંદડીની સંખ્યા ગણજો. ગણશો? ઘાસની પત્તીની માત્ર સંખ્યા ગણજો. એ સંખ્યા મારા જીવવાના દિવસની સંખ્યા હશે. (અટકે છે) એક છેલ્લી વિનંતિ : મોટું ઝૂમખું તોડજો! (એ હસે છે.) ત્યારે ગુડ નાઈટ! (ચાલ્યો જાય છે; દૂરના મેન્ડોલીનમાં જે ગત વાગે છે, તે ગતને બંધ હોડમાં ગણગણતો એ જમણા ખૂણાની નજીક પહોંચે છે. પણ અમુક તબક્કે-એની સ્ત્રી યાદ આવતાં-એ ફરી જઈ ઊલટી દિશામાં અલોપ થઈ જાય છે. લગભગ અવાક થઈ ગયેલા ઘરાકની આંખો એની પાછળ પાછળ જાય છે.)

—પડદો—

રમતું વ્હાણું

કોઈ રે મીઠી લહેરમાં આવ્યું રમતું વ્હાણું
મનની મારી ચોગમ ઝૂલ્યે જાય સરોવર,
ગગનનાં મહીં નીતર્યો હસે રૂપ મનોહર,
કોઈ રે મોહક સમણું ઊડી આવતું માણું—
અધખૂલા આ ફૂલને હોઠે સૂર ઝમે શા!
રંગધનુ કેં પતંગિયાને પાંખ ઊડે શાં!
પલ્લવ પલ્લવ ફરકે વસન કોઈનું છાનું—
કોઈ પરીના મનની મીઠપ ટપકયા કરે,
ઝાકલને જલ રંગમાં તરલ ટમકયા કરે,
ફૂલમાં ઊઠે છલકી મારા મનનું ગાણું.—

—ચન્દ્રકાન્ત શેઠ

ચાંદની—સડક પર

પગની હો તુજ ઠેકે
ડામર ડમરો થૈને મ્હેંકે!
તરુઓ ઊંચી ડોકથી ભાળે
ઊડતો સાળુ છેડો,
ડાળિયે તિમિર ડોકિયું કરી
તાકતું તારો કેડો!
વન બની મહેમાન શું આવે 'નગર એનું એ કે?'
રૂપને તારા નિરખી થઈ
આભની આંખો ઝાંખી,
વાદળી ઘોળી વાટ પળે
નિજ, તરસી નજર નાંખી!
નભની સોડે ઉર ધરાનું કેમ કપૂરે ખ્હેકે?
અહીં નહીં કૈલાસ, નહીં શિવ,
ગંગની ધારા શાની?
અહીં બધે તો યમની વાડી
અમૃત ઝારી ક્યાંની?
ઇંટમાટીને આંગણે રંભા રૂપ શું હવા લ્હેકે!

—વજલાલ દવે

કવિતાની કેટલીક ખાસિયતો

દિલાવરસિંહ જાડેજા

મહાન ફ્રેંચ કવિ-વિવેચક પૉલ વાલેરીએ 'The Art of Poetry' (અંગ્રેજી ભાષાંતર, ૧૯૫૮)માં કવિતા વિષયક કેટલાક ખ્યાનાર્હ વિચારો વ્યક્ત કર્યા છે. આ પ્રતીકવાદી કવિએ ૧૮૮૯થી૧૯૪૪ સુધીના પંચાવનેક વર્ષના લાંબા ગાળામાંની કવિતા વિશેનાં મંતવ્યો પ્રગટ કર્યાં છે. અહીં એ ખ્યાલમાં રહેવું જોઈએ કે પોતાની જ કવિતાને કેન્દ્રમાં રાખીને વાલેરીએ કાવ્યચર્ચા કરી છે. પોતાના વિચારો પ્રજા સ્વીકારે વા અસ્વીકારે, પોતાના વિચારોમાં કોઈ સહભાગી થાય વા ન થાય, એ વિશે વાલેરી તદ્દન નિઃસ્પૃહ રહેવા માગે છે. એમણે કવિતામાં ભાષાના વિનિયોગ પરત્વે કરેલી ચર્ચાને આ નોંધમાં સ્પર્શવા ધાર્યું છે.

(૧)

વાલેરીએ કવિતા વિષે મૌલિક-અપૂર્વ વિચારો જ વ્યક્ત કર્યા છે એવું કંઇ નથી. પરંતુ એ જે કાંઈ કહે છે તે આપણી 'બૌદ્ધિક જાગૃતિની વાટ'ને સંકોરવાનું કામ તો અવશ્ય કરે છે. દૃષ્ટાંત તરીકે, 'કવિતાના સર્જનમાં 'પ્રેરણા'ના તત્ત્વ વિશેનો એનો ખ્યાલ. કવિતા એ ઉત્કટ ઊર્મિઓનો સાહજિક ઉદ્રેક છે, કવિતા કોઈ 'Oracular Outpouring' છે, એમ એ રોમેન્ટિકોની જેમ માનતો નથી.[1] એને મન કવિતા કોઈ વિશિષ્ટ ભાવસ્થિતિ ઉત્પન્ન કરવા માટે ઇરાદાપૂર્વક તથા પ્રયત્નપૂર્વક રચાતો પદાર્થ છે. કવિતા એક સંકુલ બૌદ્ધિક કોયડો છે. કવિ એક સ્વયં વૈજ્ઞાનિક-કહો કે એક બીજગણિતિક-જેવો છે. આમ કહીને કવિતાના સર્જનમાં પ્રેરણાના તત્ત્વ ઉપર એ બહુ ઓછો ભાર મૂકવા માગે છે. વળી એ નોંધે છે : કાવ્યને સુષ્ઠુ, સુરેખ કલાદેહ અર્પવાનો કવિએ સભાનતાપૂર્વકનો પ્રયાસ કરવો જોઇએ. છંદશાસ્ત્રનું એને ઊંડું જ્ઞાન હોવું જોઇએ. ભાવાનુરૂપ છંદો ઉપજાવવાની સૂઝ કવિએ દાખવવી જ રહી. કાવ્યના સમગ્ર સ્થાપત્ય વિશે કવિએ સદા વિચારશીલ રહેવું જોઇએ. કવિતાના ઉપાદાનના વિવેકપૂર્ણ વિનિયોગ પરત્વેની સજ્જતા, વાલેરીના મતે, કવિમાં હોવી આવશ્યક છે.

પ્રેરણાસ્રોત પ્રગટશે અને બધાં રૂડાં વાનાં થઈ રહેશે, એમ માનનાર કેટલાક નવકવિઓને ચેતવણીરૂપ આ વાત વાલેરીએ કંઇ સર્વપ્રથમ કહી નથી. Hard is the beautiful, એ મત સાહિત્યક્ષેત્રે ખૂબ જૂનો છે કવિતા એ ઊર્મિઓના આવિષ્કાર માટે મોકળું મેદાન નથી, એ એક શ્રમસાધ્ય કલા છે, તે વાત ડાન્ટેએ ઘણી વહેલેરી કહી છે :

Poetry and the language proper for it are an elaborate and painful toil.[2] કાવ્યને સુઘડ, સુશ્લિષ્ટ કલાદેહ અર્પવામાં પોતાની શક્તિઓને કવિ પૂરેપૂરી નીચોવ્યે જ જાય છે અને કવિ તરીકેની ગજસંપત્ત પ્રમાણે કાવ્યનું સ્થાપત્ય-વિધાન કરવાનો પ્રયાસ એક કુશળ કસબી માફક એ કર્યા કરે છે. એટલે જ કહેવાયું હશે કે એક ઉત્તમ સોનેટ રચી લીધા પછી કવિને દશ વર્ષની રજાનો હક્ક મળવો જોઇએ. આપણે ત્યાં કવિ કાન્તે એમનાં ખંડકાવ્યોના સર્જનમાં કવિ તરીકેની શક્તિનો કેટલો મોટો વ્યય કર્યો હશે, તેનો ખ્યાલ અહીં મળી રહે છે.

વિજ્ઞાનમાં જેમ વિશિષ્ટ સંજ્ઞાઓ વપરાય છે, એમ કવિતામાં પણ વિશિષ્ટ શબ્દસંજ્ઞાઓ પ્રયોજી શકવાની હદ સુધી કવિએ જવું જોઇએ, એવો મત વાલેરી ધરાવે છે. એના મતે, કવિતાના શબ્દો વ્યવહારના કોઈ અર્થો સિદ્ધ કરવા માટે પ્રયોજાતા નથી. વળી, એ માને છે :

"Poetry implies a decision to change the function of language." (પૃ. ૨૦૮).

ભાષામાંથી અદૃશ્ય થતા જતા તળપદા શબ્દો વિશે તથા મૃતપ્રાય બનેલા સુંદર શબ્દો વિશે વાલેરી ચિંતા વ્યક્ત કરે છે. એને સ્થાને જે નવા શબ્દો આવે છે તે ગુણવત્તામાં જૂનાની સરખામણીએ ઊતરતા નથી હોતા શું ? એ એનો પ્રશ્ન છે. આપણે ત્યાં ન્હાનાલાલ, કવિ તરીકેની એમની તળળી ક્ષણોમાં શબ્દાડંબરી જણાય છે. પરંતુ તેજે ઘડેલી શબ્દસૃષ્ટિ દ્વારા ગુજરાતીને એમણે સમૃદ્ધ કરી છે, તે નકારી શકાય એમ નથી. તળપદી ભાષાની શક્તિને ઊપસાવીને ગુજરાતી ભાષાના કાકાને એમણે મજબૂત કર્યું જ છે.

કવિની એક મુખ્ય મહત્ત્વાકાંક્ષા, વાલેરીના મતે, પોતાના પ્રદેશની ભાષાને અધિકતર સમૃદ્ધ બનાવવાની હોવી જોઈએ. કવિ તરીકે કલમ પકડવાની શરૂઆત કરી ત્યારે ભાષાની જે કોઈ ગુંજાયશ હતી એ એની કવિકારકિર્દી દરમિયાન વૃદ્ધિગત થવી જ જોઈએ.[4] અહીં આપણને અલ્પપરિચિત કે અપરિચિત સંસ્કૃત શબ્દોને પ્રયોજીને કવિતામાં એને રૂઢ કરનાર અને એ રીતે ભાષાની સમૃદ્ધિને બઢાવનાર કાન્તનું સહેજે સ્મરણ થશે.

વાણી પ્રત્યેની કવિની ફરજ અંગેના વાલેરીના ખ્યાલ સાથે ટી. એસ. ઇલિયટ સહમત થાય છે. આ બે મહાન કવિ-વિવેચકો વચ્ચે ઘણે સ્થળે વિચાર-સામ્ય જોવા મળે છે. ઇલિયટ "On Poetry and Poets"માં કહે છે: "Poet's direct duty is to his language, first to preserve, and second to extend and improve." (P. 20).[5] વાણી-શુદ્ધિનાં તથા વાણીસૌન્દર્યનાં રખવાળાં તો કવિ જ કરે ને ? સંકેતની સમૃદ્ધિ વિવૃદ્ધ થતી રહે, વ્યંજનાનાં વર્તુળો વિસ્તરતાં રહે, એ રીતનું વાણીપ્રયોજન કવિ પાસેથી અપેક્ષિત છે.

ગુજરાતના બહુશ્રુત વિવેચક સુરેશ જોશી ઉપર વાલેરીની આ વિચારણાનો ઊંડો પ્રભાવ પડેલો છે, એ અહીં એક આડવાત તરીકે નોંધવું જોઇએ. એમનાં 'કિંચિત્' અને 'આસ્વાદ' વાંચો, આ અસર તરત જણાઈ આવશે : કવિનું કાર્ય તે 'ભાષાનું પુનર્વિધાન, ભાષાનો અપૂર્વ વિનિયોગ' ('કિંચિત્'–પૃ. ૧૧); 'શબ્દને રણકતો કરી મૂકવો, એમાંથી નવા નવા અર્થોનાં આંદોલનોને વિસ્તરતાં કરી મૂકવાં' ...(પૃ ૨૫); 'ભાષાને માંજી માંજીને પારદર્શી કરી નાખીએ તો એનો અર્થ અમેય વિસ્તારને પામે.' (પૃ ૯૨). વળી વાંચો : "આપણો કવિ આપણી ભાષાની ગુંજાયશ કેવી રીતે વધારતો રહ્યો છે તે બતાવવાનો પ્રયત્ન મેં કર્યો છે" ('આસ્વાદ', મુખબંધ–પૃ. ૧૨,[6].

કવિતા અને ગદ્ય વચ્ચેનો ભેદ વાલેરી વારંવાર દર્શાવ્યા કરે છે. એ ભેદ સ્પષ્ટ રીતે દર્શાવવા સારુ વાલેરી એક દૃષ્ટાંત આપે છે. કવિતાનું એ નૃત્યકલા સાથે સામ્ય જુએ છે, જ્યારે ગદ્યનું ચાલવાની કે દોડવાની ક્રિયા સાથે. ગદ્યને નિશ્ચિત લક્ષ્ય હોય છે. નિશ્ચિત લક્ષ્યે પહોંચ્યા પછી ચાલવાની કે દોડવાની ક્રિયાને આપણે વીસરી જઈએ છીએ, એમ જે હેતુસર ગદ્ય પ્રયોજાયું હોય એ સિદ્ધ થતાં ગદ્યને–સાધનને–આપણે વિસારે પાડીએ છીએ. જ્યારે કવિતાનો અંતિમ હેતુ એ (શુદ્ધ) કવિતા જ છે, નૃત્યનું અંતિમ લક્ષ્ય જેમ નૃત્ય હોય છે એમ. કવિતાના શબ્દોમાંથી કોઈ અર્થ ફંફોસવાને બદલે કવિતામાં શબ્દોની લીલા પ્રતિ જ આપણે નિહાળી રહેવું જોઇએ, એમ વાલેરી ભલામણ કરે છે... "And as for the words, instead of looking through them, so to speak, we are looking at them" (P. XV). ટી. એસ. ઇલિયટ વાલેરીના ગ્રંથની અંગ્રેજી આવૃત્તિના પુરોવચનમાં વાલેરીના મતની સમજૂતી ઉપર ટાંકેલા શબ્દોમાં આપે છે ખરા ,પણ

એની સાથે સહમત થઈ શકતા નથી. એ કહે છે કે નૃત્ય પણ સહેતુક હોઈ શકે. એ રીતે ચોક્કસ અર્થને વ્યક્ત કરતી હોવા છતાં કવિતા એ 'કવિતા' જ રહી શકે છે. એવું ગદ્ય પણ આપણને મળી આવે, જે 'ગદ્ય' રહીને પણ શુદ્ધ સાહિત્યિક આનંદ આપતું હોય. 'કવિતાવેડા'માં સર્યા વિના ગદ્યમાં શુદ્ધ સાહિત્યિકતા આણી શકાય છે. કવિતા પાસેથી જ શુદ્ધ સાહિત્યતત્ત્વની અપેક્ષા વાલેરી રાખ્યા કરે છે, પરંતુ ગદ્યમાં પણ કવિતાની જેમ શુદ્ધ સાહિત્યતત્ત્વ સિદ્ધ થઈ શકે છે, એ વીસરી જવામાં શું વાલેરીની ભૂલ નથી થતી ?

પરંતુ વાલેરી તો કહ્યા જ કરવાનો : "Poetry's object is by no means to communicate to *some one some definite notion—for which* prose should suffice" (P. 156).

ગદ્ય એટલે કેવળ ઉપયોગિતાની દૃષ્ટિએ પૂરી પડાતી માહિતી અને કવિતા એટલે ભાવકમાં કાવ્ય-સંપ્રક્તતા—કાવ્યસ્થિતિ ઊભી કરતી કેવળ 'વાણીની લીલા', આ અભિપ્રાય મને સ્વીકાર્ય બને એવો જણાતો નથી. કોઈ કાવ્યમાં કેવળ ભાષાના પુનર્વિધાન દ્વારા કાવ્યત્વ સિદ્ધ થયું હોય અને કોઈ 'સુનિશ્ચિત અર્થની સજ્જા'માં કાવ્યને ઝડપી ન શકાતું હોય, તો એની 'કવિતા' સાથે હું તકરાર નહિ કરું. રસાત્મક વાક્યવાળા કાવ્યમાં ભાષાનું નવસંસ્કરણ થતું હોય છે, એ વાત લગભગ સર્વસ્વીકાર્ય બને એવી છે. પરંતુ એ નવ-સંસ્કાર પામેલી વાણીની આરપાર અર્થને પારદર્શક રીતે પામી શકાતો હોય, કાવ્યના કલાપક્ષને હાનિ ન પહોંચે એ રીતે અવગત કરી શકાતો હોય, એ કારણે એવું કાવ્ય 'કાવ્ય' જ નથી એમ કહીને ભવાં ચઢાવવાની કોઈ પેરવી ન કરવી જોઈએ. ચોક્કસ અર્થસંજ્ઞા વ્યક્ત થતી હોય અને છતાં એ કવિતા એ કવિતા મટી ન ગઈ હોય એવાં સંખ્યાબંધ દૃષ્ટાંતો સાહિત્ય જગતમાંથી મળી રહે છે. અર્થનું સ્પષ્ટ ચિત્ર ઉપસી આવે છે, એટલા માટે જ કાવ્યત્વનું હનન થયેલું છે, એમ માનવાની જરૂરત ઊભી નથી થતી. કાવ્યમાંથી પ્રગટતો ચોક્કસ અર્થ=બરાબર કાવ્યત્વનું વિલીનીકરણ, એવું સમીકરણ બાંધીએ તો કોઈ પણ દેશના—શું ભૂતકાળના કે શું વર્તમાનના—મહાન કાવ્યસાહિત્યને નકારવાની સ્થિતિ ઊભી થાય. માટે વાલેરીનો અભિપ્રાય ગ્રાહ્ય બને તેવો નથી. આપણા સાહિત્યમાંથી જાગૃત કલાદૃષ્ટિવાળા અને કાવ્યાકારની સુરેખતા વિશે ઊંડી સૂઝ ધરાવનારા કવિ કાન્તની કવિતાનું ઉદાહરણ અહીં લઈએ. કાવ્યમર્મજ્ઞ સ્વ. રા. વિ. પાઠકે કાન્ત વિશે કહ્યું છે : 'કાન્તના શબ્દો બધા જ પારદર્શક, જેની સોંસરા અર્થ બરાબર જોઈ શકાય તેવા છે.' (પૃ ૩૭, 'પૂર્વાલાપ'—૧૯૫૯). કાન્તની મનોહરતા ઘણે અંશે તેમના શબ્દોની અર્થઘનતામાંથી પ્રસરે છે. (પૃ. ૪૩). '.....કાન્તનું વિશિષ્ટત્વ એ છે કે તેમાં દરેક શબ્દનો, પદનો, વાક્યનો અર્થ થાય છે અને તે સમગ્ર કાવ્યના વ્યંગ્યને પુષ્ટ કરે છે.' (પૃ. ૫૦, ઘાટા અક્ષર મેં કર્યા છે.). તાત્પર્ય કે; પ્રતિભાશાળી કવિની કવિતા અર્થ—કાવ્યના વ્યંગ્યને ઉપકારક—અને નહિ કે બાધક-બને છે. શબ્દ પ્રથમત : અર્થપર્યવસાયી હોવી જોઈએ; એમ સ્પષ્ટપણે માનનાર કાન્તે ગુજરાતી ભાષાની અનેકવિધ 'ગુંજાયશો' પણ પ્રગટાવી છે, એ વિશે બહુ દલીલો કરવાની જરૂરત નથી. એક જ દૃષ્ટાંત જોઈએ. સાગર અને શશીનાં વર્ણનો સાગર—શશી જેટલાં જ પુરાણાં છે, છતાં 'સાગર અને શશી' આસ્વાદ્ય બન્યું છે એમાં થયેલા ભાષાના અપૂર્વસુંદર વિનિયોગને કારણે, એમાં પ્રયોજાયેલ ભાષાભંગિઓનાં વિશિષ્ટ સૌન્દર્યને કારણે. આ સાથે, 'સાગર અને શશી'માં ચોક્કસ અર્થની મુદ્રા ઉપસે છે, અને એ અર્થમુદ્રા કાવ્યત્વને કોઈ રીતે બાધક નથી નીવડતી, તે પણ સ્વીકારવું રહ્યું.

શબ્દ અને અર્થના સાયુજ્ય દ્વારા કાવ્યત્વ સિદ્ધ થઈ શકે છે. આમાં કેવળ શબ્દ ઉપર ભાર મૂકવાથી એક અનૂઠું મંતવ્ય પ્રગટ થાય છે ખરું, પણ એ સમતોલ જણાતું નથી. કવિતા એટલે વાણીની કળા, એ વાત સ્વીકારીએ, પરંતુ એ વાણીની કળામાં **કવિતાની રીતે** કોઈ અર્થ પ્રગટતો હોય, તો એ કાવ્યત્વને ઘાતક તો અવશ્ય નથી. કવિતા એટલે ભાષાની નવી નવી શક્તિઓનો આવિષ્કાર, એ વાત

સાચી છે, પણ વાલેરી મૂકે છે એ જ રીતે એ વાત સાચી છે, એમ કહેવામાં કદાચ ભૂલી જવાય છે કે— "In the house of poetry, there are many mansions.

અહીં યાદ આવે છે કે, વાલેરીની કાવ્યચર્ચા પોતાની જ કવિતાને (વિશાળ અર્થમાં પ્રતીકવાદી કાવ્યરચનાને) અનુલક્ષીને થયેલી છે. અને એટલા પૂરતી એ સાચી પણ છે...તો પછી કવિતામાં વાણીના વિનિયોગ અંગેના પૉલ વાલેરીના કાવ્ય-વિચારનું મહત્ત્વ આપણે કઈ રીતે આંકીશું...? The only originality of the symbolist consisted in reminding people of the true nature and function of words" ('Axel's castle', P. 196).

આવરણ-આધું કરો

લજ્જાળ હે!
તવ ચંદ્રમુખનું વાદળી આ આવરણ
આધું કરો....
ને....
અમારી જિંદગીની રાત્રીમાં
તવ પૂર્ણિમાની શાન્ત ઉજ્જ્વલ કૌમુદીને
શાશ્વતી
રેલી રહો....

કમલ વૈદ્ય

---

1. "I would rather have composed a mediocre work in all lucidity than a briliant masterpiece in a state of trance...I am much more interested in producing a tiny spark of my own than in waiting for the random flashes of an uncertain thunderbolt" (The Art of Poetry, P. 120).
2. "It is said of the incomparable Virgil that he brought forth his verses Like a bear and after formed them with licking."–Ben Jonson.
3. 'Axel's Castle', P. 24 (1961)–Edmund Wilson.
4. .....The cheif ambition of every poet is to leave his nation's language a little richer, that is, a little better known in its resources than it was at the beginning of his career." (P. 274).
5. "Art, as Goethe said, is in limitation : and a great poet is one who makes the most of the language that is given to him. The truly great poet makes his language a eat language."–'Notes towards the definition of culture.' (P. 111–112)–T. S. Eliot.
6. વધુ અવતરણો માટે જુઓ 'કિંચિત', પૃ.–૪, ૧૦, ૧૯, ૨૭, ૩૯, ૫૭, ૧૦૧ વગેરે તથા 'આસ્વાદ', મુખબંધ પૃ.–૯, ૪૩, ૮૨, ૧૪૧, ઈ...કાવ્યનો પ્રથમતઃ 'આસ્વાદ' થવો જોઇએ, એવા એમના આગ્રહ ઉપર તથા કાવ્યના 'આકાર' વિશેની એમની વિચારણા ઉપર વાલેરીની અસર જોઈ શકાય.

નોંધઃ–વાલેરીને કાવ્યરચનાની પ્રક્રિયામાં ખૂબ રસ છે. કાવ્યરચનાની સમસ્યા વિશેનાં તથા કાવ્યભાષા વિશેનાં વાલેરીનાં મંતવ્યોની ચર્ચા શ્રી. ઉમાશંકર જોષીએ 'કવિકર્મ' ('સાહિત્યમીમાંસા'–૧૯૬૨)માં કરી છે તે આ સંદર્ભમાં જાંચવા જેવી છે.

સાવિત્રી !

શહેરનું અરણ્ય !
અહીં સંસૃતિનો સર્પ.
એની વજ્રચૂડ મહીં
એનાં વિષ મહીં રહી
દિનભર
બને ત્રસ્ત,
ધમગ્રસ્ત
મારું જીવન સમસ્ત
મૃત !
રાતભર
રહે તારે અંક,
તારો સુધામય ઝરે જ્યાં મયંક
તારા આશ્લેષની અમરવલ્લીમાં
મને જોઈ
ચેલો યમ ઘડીક પરાસ્ત
ઘડી બનતો સાશંક !
પૂંઠ દિયે દીનમુખ
શૂન્ય હાથ
ડગ ભરે....

ચંદ્રકાંત ટોપીવાલા

વધો

વધો ઊંચે ઊંચે—
મૂકીને નીચેનાં ભવન, ભુવનોથી પર ચઢો, અહીંનાં અંધારાં પરહરી પ્રકાશે જઈ અડો,
કરીને સીમાઓ વિગલિત–અસીમે જઈ ઠરો, અહીંનું ખાલી સૌ પરમતમથી પૂર્ણ સભરો.

સુન્દરમ્

શાંતિ

બારી મહીંથી જોઉં છું
ચોરસ રૂપાળું આભ,
ને છૂટાછવાયા તારકો-સૌ સ્વર્ગના ફરતા વિચારો
આભના અંધારમાં આકાર દોરી ઊડતાં પંખી
અહીં તાકી રહેલા મન ભણી
તોળાઈ રહેલા વૃક્ષથી ગરતા મધુર શબ્દો
ધીરે તરતી હવા—
પર દોલ લઈ સરતા
હંસીને હેતમાં લઈ ઠેક નાચી આવતા નજદીક,
ને છે સાથમાં મધરાતમાં
ફૂજી રહેલું
શહેરપંખી – સ્ટીમરોલર.

નલિન રાવળ

દીવા જેવી

આજ સવાર સાંજના જેવી.
ચાંદની શ્વેત વેદના જેવી.
કોઇ ગમગીન રાહગીર માટે
વાત મુજ થાત વિસામા જેવી.
છેક આવી નદી ઠરી, મારી
દશા જણાય કિનારા જેવી.
આંખથી કોઈને હું શું રોકું?
આ હકીકત છે વાદળા જેવી.
એકલો હું નથી, સમય પણ છે,
રાત આ જાય છે દીવા જેવી.

રઘુવીર ચૌધરી

તાળો

આ છવિની અને પેલા લીમડા તણી ડાળીએ
વચ્ચે મેં પંખીઓને કેં કેટલી વાર છે દીઠાં.
બાંધતાં નીડ, ને જોવા માળાને એ જતાં પડી
કે માળા એ થકી ઈંડાં પડી જે ફૂટતાં ય મેં
અનેક વાર જોયાં છે :
આલું ચોમેર નિત્ય જ્યાં
થતું રહે તહીં બેસી મારી ખાતાવહી મહીં
રહું નિમગ્ન હું તો કેં, તાળો જમા ઉધારનો
બેસાડતો અને એનાં મેળ મેળવવા સમું
કશું છે વા નહીં તેની કશીકે ય તથા વિના
રહે છે તે નીડને ઈંડાં પડી પડી પ્રફુલ્લતા!

સ્નેહરશ્મિ

કમાઉ સ્મિત

આ વાર્તા.....વાંચીને ફૂલની પાંદડી શું કોમળ તમારું દિલ વીંધાઇ જશે. અને સ્વતંત્ર થયેલી નારીએ પોતાને હાથે ઊભી કરેલી એક બીજા પ્રકારની ગુલામીનું આ આબેહૂબ ચિત્ર.....

હિમાંશુ ઝવેરી

તમે મને જોઈ જ હશે. હું રોજ તમારી સામે હસતી હસતી ઊભી રહું છું. હા, હવે મને હસવાની ટેવ પડી ગઈ છે. પણ ટેવ પડી છે એટલે હું નથી હસતી. હું કાંઈ મફત નથી હસતી, મારા સ્મિતના પૈસા પડે છે. અને માત્ર સ્મિતના જ નહિ, મારા શરીરને તમારી સમક્ષ ખડું કરવાના, મારી અદાના અને આ બધું કરવાની મારી ઇચ્છાના પણ. પરંતુ રખે એમ માની લેતા કે મને તમારી સામે હસાવનારા, પૈસા આપીને અદા કરાવનારા માત્ર શોખ ખાતર એ બધું કરે છે. જી ના, મને તમારી સામે સ્મિત કરાવવામાં આવે છે, કારણ એ સ્મિતમાંથી પણ પૈસા બનાવી શકાય છે. પણ રખે માનતા કે મારા સ્મિતનો ઉપયોગ માત્ર મારો બૉસ જ કરે છે.

ના જી, જરા પણ નહિ.

તે દિવસે, હજી હું નવીનવી જ તમારી સામે હસતાં શીખી હતી, તે દહાડે, મારા બૉસે મને બીજી મોટી ઑફિસના એક ઑફિસર પાસે મોકલી. એરકન્ડીશન્ડ ઓરડામાં એ બેઠો હતો, મોટા ટેબલની પાછળ. મોંઘી, પોચી ખુરશીમાં બેસવાનો મને આદેશ—ના, વિનંતી થઈ. 'તમે હજુયે જોડાયાં લાગો છો?' એણે પ્રશ્ન કર્યો.

'હા જી.' મેં કહ્યું.

'પણ મૉડેલ તરીકે આઈડીઅલ છો, હોં!' એણે કહ્યું. એની નજર નાયલોનની સાડીની જેમ મારા ચહેરા પર ચઢીને શરીરના મધ્યભાગ તરફ સરકી ગઈ.

મેં કહ્યું, 'થૅંક્યુ'. એણે મારા મુખ પરની શરમ પારખી લીધી.

'હમણાં શરમ લાગશે, પછી ટેવાઈ જશો.' કહી એણે ઊમેર્યું, 'જો કે, શરમ પણ કામ લાગે છે, ફોટાને આકર્ષક બનાવવામાં.'

થોડી પળો એણે મારા બૉસની ચિઠ્ઠી વાંચવામાં પસાર કરી. પછી, 'ચોક્કસ, તમારા જેવું મૉડેલ મારી કંપનીની જાહેરખબર માટે કામ કરવાનું હોય પછી મારાથી ના પડાય? હું જરૂર તમારી એજન્સીને જ બધું કામ મળે એવી ગોઠવણ કરી દઈશ.' એમણે મારી સામે આંખ માંડી. મેં સ્મિત કર્યું. એણે કહ્યું, 'તમારું સ્મિત ફોટામાં તો મને ગમ્યું જ હતું, પણ અત્યારે વધારે ગમે છે.' કાંઈક બોલવાનું બાકી હોય એમ એ મારી સામે તાકી રહ્યો. હું ખુરશી પરથી ઊઠી એટલે એણે કહી જ નાખ્યું, 'ને સાચું કહું? Don't be offended, પણ તમારા સ્મિત વિનાના ફોટા તો સૌથી વિશેષ ગમે તેવા છે.'

હું શરમથી લાલ થઈ ગઈ ને બારણા તરફ ચાલવા માંડી. મારી પીઠ પાછળથી શબ્દો આવ્યા, 'વિચાર કરજો! તમને ખુશ કર્યા વિના નહિ રહું.'

મેં પાછળ ફરીને હોઠ મચકોડ્યા.

રસ્તામાં મને એના 'ખુશ કર્યા વિના નહિ રહું' શબ્દો સંભળાયા કર્યા. એ શબ્દોનો પૂરો અર્થ હું ઑફિસમાં પહોંચી ત્યાંસુધી પણ ન સમજી શકી.

ઑફિસમાં પહોંચતાં જ મારી સહકાર્યકર

રીટાને બધી વાત કરીને પૂછ્યું, 'ખુશ કરવાનો અર્થ શું?'

રીટા ખડખડાટ હસી પડી, 'તું ખરેખર બાળક જેવી છે.' એણે મારી નિર્દોષતાને બિરદાવી. એણે આ ધંધામાં મૉડેલ તરીકે લાંબો સમય કાઢ્યો હતો.

મને પણ નાયલોનની સાડીઓ ગમતી હતી. સાટીનની સલવાર ને પાયજામાના અડધો ડઝન પોષાકો મારે પણ વસાવવા હતા. ઊંચી કૉલિટિની લિપસ્ટિકથી મારે પણ હોઠ સજાવવા હતા. મોંઘા-દાટ રેસ્ટોરાંમાં સંગીત સાંભળતાં સાંભળતાં જમીને, વેઇટરોને મોટી ટીપો આપીને મારે પણ વટ પાડવો હતો. મારો પગાર પૂરતો હતો કે નહિ એ ન પૂછતા. કારણ, પૂરતો એટલે શું?

ને મારે ફરી પેલા જ—જેણે મને ખુશ કરવાનું વચન આપ્યું હતું એ—ઑફિસર પાસે જવાનું થયું. મને ડર હતો કે મારું પહેલી મુલાકાત વખતનું વર્તન એને તોછડું લાગ્યું હશે ને એટલે કદાચ તે દિવસ જેવો આવકાર મને નહિ મળે. પણ એણે તો કહ્યું, 'આવો, આવો! તમને ફરી જોઇને ખૂબ જ આનંદ થયો! બોલો, શું આજ્ઞા છે?'

હું ડઘાઈ ગઈ. મેં એના પર શું ઉપકાર કર્યો હતો? મને થયું.

'આ પત્ર છે, મિ. લૉબોએ મોકલ્યો છે. હમણાં જ જવાબ મળે તો સારું એમ કહેવડાવ્યું છે.' મેં કહ્યું.

'અરે, લૉબોને તો હું જવાબ આપીશ, પણ તમારો શું જવાબ છે એ કહોને?'

આ વખતે એના પ્રશ્નનો અર્થ સમજતાં મને વાર ન લાગી.

'જવાબ તો મિ. અરોરા, હું એમ કેમ આપી શકું?' મેં કહ્યું. મારી આંખોમાં ડોકાયેલા મસ્તીના અણસારાનું મને સંપૂર્ણ ભાન હતું.

'એમ નહિ તો કેમ કહી શકો, મીસ મુરારી?'

'વિગતો જાણ્યા વિના તમે કોઇને જવાબ આપો છો?' મેં મોં પર સ્મિત રમાડ્યું.

હા-હા કરીને એ હસ્યો. 'તો વાત એમ છે?' કહી એણે એના ટેબલના ખાનામાંથી કોરા કાગળની ચબરખી કાઢી ઉપર કાંઈ લખી, મારી સામે ધરીને કહ્યું, 'તમે આ વાંચો એટલી વારમાં તમારા બૉસનો કાગળ હું વાંચી લઉં.'

મેં વાંચ્યું, '૧૦૦—રિફ્ઝ—ગુરુવાર.'

આંખો ઊંચકીને મેં એની સામે દૃષ્ટિ ફેંકી લીધી. એ પત્ર વાંચવામાં મશગૂલ હતો. મેં મારી પેનથી ચબરખીમાં એકડો છોડીને બગડો મૂકી દીધો ને બીજા બંને શબ્દો પર 'ટીક' કરી.

અરોરાએ ઊંચું જોયું, ચબરખી પોતાની પાસે ખેંચી ને પછી નરી નફકટાઈથી એની નજર મારા વક્ષઃસ્થળ પર ડબલ નાળીની બંદૂકની જેમ રાખી મારા હોઠ પર લાવીને ફેરવી. 'તમે પણ શીખી ગયાં! અચ્છા, ભલે!' પછી ઉમેર્યું 'તમારા બૉસને પણ હું હમણાં જ જવાબ આપું છું. દસ મિનિટ બેસો.'

'ઓકેસ.' મેં આનંદભર્યા સ્વરે કહ્યું.

અરોરા દેખાવમાં કાંઈ ખરાબ તો નહોતો જ.

શુક્રવારે અરોરાના પૈસામાંથી મેં બે નાય-લોનની સાડીઓ અને શરીરને ચીપોચીપ ચોંટી જાય એવા બે સાંકડા પંજાબી પોષાકો માટે કપડું ખરીદ્યું.

સાડીની દુકાનમાં એક જૂની બહેનપણી મળી ગઈ. એને 'બુહારી' રેસ્ટોરાંમાં આવવા કહ્યું.

'બુહારીમાં?' એનું મોં આશ્ચર્યથી પહોળું થઈ ગયું.

'કેમ, એમાં તને આટલી નવાઈ લાગે છે?'

'એ તો કેટલું મોંઘું હશે?' એણે કહ્યું.

'યાર, એની તું શા માટે ફિકર કરે છે?'

બુહારીમાં ગયાં. મેં ઓર્ડર આપ્યો. ઓર્ડર સાંભળીને કુમુદે પૂછ્યું, 'તું ક્યાં કામ કરે છે?'

'નૂતન એડવર્ટાઇઝિંગ એજન્સીમાં.' મેં કહ્યું.

રસવંતી રસમાં ડૂબીને અટકી જાય, કે પછી રસ-સોતસ્વિની થઇને સટકે? આ બે પ્રશ્નોમાં જ અપ્સરા અને અર્ધાંગિનીનાં રૂપ છૂપાયાં છે!

'એટલે—શું કામ કરવાનું?'

'મૉડેલ તરીકે.'

કુમુદ કાંઈ બોલી નહિ. પછી પહેલાં પૂછવો હતો એ સવાલ હવે પૂછ્યો, 'તે તમારા ગ્રેડઝ બહુ સારા હશે?'

'અમારે ગ્રેડઝ જેવું કાંઈ નથી. પણ ઠીકઠીક મળી રહે.' મેં કહ્યું ને પછી પૂછ્યું, 'તેં સાડી ન લીધી?'

'ના રે.' એણે કહ્યું, 'ત્યાં મને પોસાય એવી નહોતી મળતી. ભૂલથી હું ખોટી દુકાનમાં ગઇ હતી.'

મેં બીલ આપ્યું, ટીપ આપી ને અમે છૂટાં પડવા લાગ્યાં. 'થેંક્યુ!' એણે કહ્યું.

'અરે, એમાં થેંક્યુ શાનું? તને એન્ટરટેઈન કરવાનો ચાન્સ મને ક્યારે મળવાનો હતો? કાલે જ મારો પગાર આવ્યો!'

'અચ્છા, આવજો.' એણે, ને પછી મેં પણ કહ્યું.

તે પછીના સોમવારે બૉસે મને બોલાવી.

'મીસ મુરારી, તમને અરોરાએ એન્ટરટેઈન કર્યાં તે સાચું?'

'હા જી.' મેં કહ્યું. મારા મોં પરની શરમને હું દૂર ન રાખી શકી.

થોડી પળો કશું જ બોલ્યા વગર લૉબો મારી સામે તાકી રહ્યો. પછી, 'તમને અહીં કેટલો વખત થયો?' એણે પૂછ્યું.

'આઠ મહિનો, સાહેબ.'

'ત્યારે તો ઈન્ક્રીમેન્ટ મળવાનો વખત થવા આવ્યો છે.'

'હા જી.'

'કેટલાની આશા રાખો છો?'

આશા? ઈન્ક્રીમેન્ટની?

'એવો કાંઈ વિચાર નથી કર્યો!'

'તમે ય ખરાં છો, ઈન્ક્રીમેન્ટનો વિચાર પણ નથી કર્યો?'

હું મૂંગી રહી.

'આમ તો હું મૉડેલોને પચીસ રૂપિયાથી વધારે આપતો નથી. પણ એમાં ય અપવાદ હોય છે.'

'હા જી,' મેં કહ્યું. જ્ઞાનનો, સમજનો સૂરજ ધીમેધીમે મારા મનમાં ઊગવા લાગ્યો હતો.

'જે લોકો અસાધારણ કુશળતા દાખવે તેઓ અપવાદમાં આવે છે.' લૉબોએ સ્પષ્ટતા કરી, 'તમે એવી કુશળતા બતાવી શકશો?'

'શા માટે નહિ? વિશેષ વધારો મળતો હોય તો હું ગમે તેટલી કુશળતા બતાવી શકું. એની મને ખાતરી છે.' મેં સ્મિતથી મોંશાડ લાંબી કરી.

'તમારા સ્મિતમાં જ હું આત્મવિશ્વાસ જોઈ શકું છું.' બૉસે કહ્યું.

ત્રીજે દિવસે સાંજે એમણે કહેવડાવ્યું, મારી મોટરમાં તમને ઘેર મૂકી જઈશ.

મોટરમાં બૉસે પૂછ્યું 'ઘેર જવાની ઉતાવળ નથી ને?'

'જરા ય નહિ,' મેં જવાબ આપ્યો.

મોટર એક હોટેલ પાસે ઊભી રહી. અમે અંદર પ્રવેશ્યાં એટલે મને એક ટેબલ પાસે બેસાડી બૉસ મેનેજર પાસે ગયા. થોડી મિનિટો પછી એ પાછાં આવ્યા. થોડી વારે હોટેલનો નોકર ચાવી લઇને આવ્યો, કહ્યું, 'રૂમ નંબર ચોત્રીસ.'

બૉસનો મોટા દાંતવાળો પાકટ, લગભગ ઘરડો, ચહેરો મારી સામે હસી રહ્યો.

થોડા દિવસ પછી; 'આજે તમારે નવું ઍસાઇનમેન્ટ છે.' બૉસે કહ્યું.

મારાં રૂવાં ખડાં થઈ ગયાં. નવું ઍસાઇનમેન્ટ!

'સ્ટાર કંપનીમાં જવાનું છે. એ લોકોએ આપણી સાથેનો એમનો એકાઉન્ટ ઓચિંતો બંધ કર્યો છે. તમારે ત્યાં મિ. સુખથનકરને મળવાનું છે, ને શા માટે એકાઉન્ટ બંધ કર્યો છે તે જાણીને પાછો ચાલુ કરવા માટે તેમને વીનવવાના છે. મોટો ક્લાયન્ટ છે. એકાઉન્ટ બંધ કરે તે આપણને પોસાય તેમ નથી.'

સ્ટાર કંપનીની ઑફિસમાં પ્રવેશી, રિસેપ્શનિસ્ટ સાથે સુખથનકરને મારું નામ મોકલ્યું. મને બોલાવી એટલે હું અંદર ગઈ.

'બોલો, શું છે?' એણે પૂછ્યું.

'આપે અમારી સાથેનો એકાઉન્ટ બંધ કર્યો છે, તેને અંગે હું આવી છું.'

'હા, તે બંધ ન કરીએ તો શું કરીએ? તમારું કામ બિલકુલ સંતોષકારક ન હતું.'

'અમારી શું ક્ષતિઓ હતી એ આપ બતાવશો તો, અમે એ સુધારવાનો પ્રયાસ કરીશું.'

'તમારી ક્ષતિઓ એટલી બધી છે કે એ સુધારવાનું શક્ય જ નથી.' સુખથનકરે મક્કમતાથી કહ્યું.

'જેવી કે–કઈ કઈ?'

સવાલ સાંભળીને એણે પહેલી વાર મારી પર નજર ઠેરવી. મેં સ્મિત ફરકાવ્યું.

'જેવી કે–એક તો તમે વખતસર કામ નથી કરતા. જ્યારે જાહેરખબર બહાર પાડવાની હોય છે ત્યારે તમે એ વખતસર બહાર પાડી નથી શકતા. બીજું તમારી કૉપી ઘણી વાર જૂના જમાનાની હોય છે–જાહેરાતના લેટેસ્ટ ટ્રેન્ડ્સથી તમે જાણે અજ્ઞાત હો એવું લાગે છે. ને ત્રીજું–તમને શું કહું–પણ તમારા મૉડેલોમાં ઘણી વાર દમ જ નથી હોતો. માફ કરજો, તમે મૉડેલ છો કે નહિ એની મને ખબર નથી–હશો તો તમે અપવાદરૂપ છો–બાકી મૉડેલોમાં જે સેક્સ–અપીલ હોવી જોઈએ એ તમારા મૉડેલોમાં હોતી જ નથી.' સહેજ અટકીને, 'યુ નો, અમારી પ્રોડક્ટસ્ બધી કન્ઝ્યુમર્સ પ્રોડક્ટસ્ છે. એની જાહેરાતમાં સેક્સ–અપીલ ન હોય તે કેમ ચાલે?'

'સાહેબ, હમણાં અમે ઘણાં નવાં મૉડેલોને રાખ્યાં છે–'માલતી સ્નો'ની જાહેર ખબર આપે જોઈ હશે, એમાં નવા જ મૉડેલનો ઉપયોગ અમે કર્યો છે, એટલે કે, મારો. અને એ બધાંમાં સેક્સ અપીલ ભારોભાર ભરી છે એની હું આપને ખાતરી આપું છું. અમારા કૉપી રાઈટિંગ ડિપાર્ટમેન્ટમાં પણ અમે ઘણા ફેરફાર કર્યા છે, એટલે એ અંગે પણ આપને કહેવાપણું નહિ રહે. અને વખતસર કામ થવા વિશે હું ચોક્કસ મિ. લૉબોને વાત કરીશ. આપ કહો છો એવું હશે તો એમાં સુધારો થયા વિના નહિ રહે.'

'એ બધું તમે કહો છો તે ખરું, પણ મને વિશ્વાસ નથી બેસતો.'

'સાહેબ, એક વખત આપ જોઈ જુઓ, પછી પણ સારું ન લાગે તો–'

'એવો બધો વખત અમને નથી, મીસ મુરારી!' સુખથનકરે કહી દીધું. મારી કાબેલિયત નાકામયાબ પુરવાર થવાની મને બીક લાગી. આ કામમાં સફળતા મેળવ્યા વિના ચાલે તેમ જ નહોતું. સ્ટાર કંપનીનો એકાઉન્ટ મળી જાય તો કંપનીની ને મારી પણ–આવકમાં મોટો ફરક પડી જાય.

'સાહેબ,' હું બોલી, ને સુખથનકર અલ્પ ક્ષણો મારી પર દૃષ્ટિ સ્થિર કરે એની રાહ જોતી થંભી. પહેલી વખત મારી આંખ સાથે એની આંખ મળી. સ્મિત હોઠની સાથે મારી આંખમાં પણ પ્રસરી ગયું.

'સાહેબ, આપ એક વખત અમને ચાન્સ આપો.' મેં કહ્યું અને ટેબલ પર મારું ડાબું અંગ ટેકવી જમણો હાથ લંબાવી ખુરશીની પીઠ પર મૂક્યો. આ માણસ બીજા કરતાં જુદો તો નહિ હોય ને, એવી આશંકાથી મારું હૃદય ફફડતું હતું. એની નજર સલવારમાં જકડાયેલા મારા ડાબા અંગમાં સપડાઈ ગઈ ને જાણે એ આરપાર જોવા મથતી હોય એવું લાગ્યું!

કહા કરી વૈકુંઠ લે, કલપ બચ્છ કી છાંહ,
'અહમદ' ઢાક સુહાવને, જહઁ પીતમ ગલબાંહ.
અહમદ

'સજ્જન' યા સંસાર મેં, પ્રીતિ કરો જિન કોય,
નિકટ રહે આદર ઘટે, દૂરિ રહે દુખ હોય.
સજ્જન

'તમને ચાન્સ આપું ?' એણે પૂછ્યું.

'હા, જી.' મેં કહ્યું અને એ સમજી ગયો કે હું સમજી હતી.

એણે ઘંટડીનું બટન દાબ્યું. એનો માણસ અંદર આવ્યો.

'નૂતન એડવર્ટાઈઝિંગને આપણો જાહેરાતનો ઓર્ડર મોકલી આપજો.' સુખથનકરે એને કહ્યું.

'પણ સાહેબ, એ લોકો તો—' માણસ બોલવા ગયો.

'હા, એ તો હું જાણું છું, પણ એક વખત ફરી આપી જોઈએ.'

માણસે આંખના ખૂણામાંથી મને જોઈ લીધી, 'ભલે સાહેબ.'

એ બહાર ગયો એટલે મેં પૂછ્યું, 'તો હું જાઉં ? પણ જવાની ન હોઉં તેમ ઊભી રહી. સુખથનકરે ટેબલ પર પડેલાં કેલેન્ડરનાં પાનાં ફેરવ્યાં.

'શનિવારે બપોરે ત્રણ વાગ્યે હું ફ્રી છું.'

બપોરે ?

સહેજ ખચકાઈને મેં કહ્યું, 'સારું.'

'તમે અહીં ઑફિસમાં જ આવજો ને ?'

'અચ્છા, થેંક્યુ વેરી મચ !' મેં હાથ લાંબો કર્યો. એણે એના પંજામાં મારો ઘોળો પોચો હાથ પૂરી એક મિનિટ સુધી દબાવેલો રાખ્યો. 'આવી રીતે ભાગ્યે જ કોઈ મારી પાસેથી બિઝનેસ લઈ જઈ શકે છે.' એણે કહ્યું.

'થેંક્યુ વન્સ અગેઈન ફોર ધી કોમ્પ્લીમેન્ટ' કહી હું બહાર નીકળી.

'તને કેટલું ઈન્ક્રીમેન્ટ મળ્યું ?' રીટા બાથ-રૂમમાં અરીસા સામે ઊભી ઊભી લિપસ્ટિક લગાડતી હતી.

'એંશી' મેં કહ્યું.

'એંશી !' રીટાએ ચીસ પાડી. લિપસ્ટિક એના હોઠ પર અદ્ધર તોળાઈ રહી. 'એ કેમ બન્યું ?'

'જેમ બીજાની બાબતમાં બને છે તેમ !' અરીસામાં દેખાતા એના આશ્ચર્યચકિત ચહેરાને સંબોધીને મેં કહ્યું.

'બીજાની બાબતમાં ?' રીટાના અવાજમાં ઘૂરકાટ હતો.

'બીજા કોઈને હજી સુધી એંશી રૂપિયા નથી મળ્યા !'

'તને કેટલા મળ્યા ?' મેં પૂછ્યું.

'ફક્ત પચાસ,' કહી એણે ગોળો છોડ્યો, 'તું મહિનામાં કેટલી વખત લોબો સાથે—'

'શટ્ અપ્' કહી મેં વાક્યને કાપ્યું.

'હવે જા, મોટી શટ્-અપ્વાળી ! તું હવે બચ્ચું નથી, નિર્દોષ હોવાનો ઢોંગ ન કર ! સહુ કરે છે તે તું ય કરે છે. પણ બચ્ચી, ધ્યાન રાખજે—રીટા કરતાં વધારે ઈન્ક્રીમેન્ટ લઈને તું પસ્તાવાની છે !' ને હું જવાબ આપું તે પહેલાં, 'સાલો લોબો ! મારા જેવી, એને વફાદાર રહે તેને પચાસ આપે છે ને તારા જેવી કુતરીને એંશી !'

'હવે જા, મોટી દાદી થઈને બેઠી છે તેં તારામાં મોટું છે શું ? વફાદારી વફાદારી કરે છે, પણ તારા જેવા ખટારા સામે લોબો સિવાય જોવાનું પણ કોણ હતું ?'

તે પછી ચોથે દિવસે લોબોનું કહેણ આવ્યું. હું ગઈ. લોબોનું મોં ભારે હતું.

'મીસ મુરારી, હું તમારામાં સંપૂર્ણ વિશ્વાસ રાખું છું એ તો તમે જાણતાં જ હશો.'

'હા જી,' મેં કહ્યું.

'એટલે તમારી પાસેથી હું પૂરેપૂરી વફાદારીની આશા રાખું એમાં કશું ગેરવ્યાજબી નથી ને?'

'ના જી.'

'પરંતુ, મારે ખેદપૂર્વક કહેવું પડે છે કે, તમે મારા વિશ્વાસનો બદલો આપ્યો નથી.'

'હું સમજી નહિ,' હું જુઠું બોલી.

'તમે એટલું પણ ન સમજ્યાં? તમે આ ઑફિસની બહાર આપણા ક્લાયન્ટો ને બીજી કંપનીઓના માણસો સાથે વ્યાજબી ન કહેવાય એવો સંબંધ રાખો છો—એની હું વાત કરું છું.' લૉબો લાલ થઈ ગયો હતો. એનો ગુસ્સો જાણે આંખમાંથી બહાર આવીને મને ગળેથી પકડશે એવું લાગ્યું. એને માટે રીટા જવાબદાર હતી, એ તો હું પામી જ ગઈ હતી.

'જી, એ ખોટી વાત છે. મેં કોઈની સાથે ગેરવ્યાજબી સંબંધ બાંધ્યો જ નથી. તમને આ બધું રીટાએ કહ્યું ને?'

'મને કોણે કહ્યું એ તમારે જાણવાની જરૂર નથી.'

'પણ મને ખાતરી જ છે કે રીટાએ જ મારે વિશે આવી અફવા ફેલાવી છે. મને એંશી રૂપિયા ઈન્ક્રીમેન્ટ મળ્યું એટલે એ બળી ગઈ છે. એને એવો ફાંફો છે કે એનાથી વધારે ઈન્ક્રીમેન્ટ કોઈને મળવું જ ન જોઈએ. તે દિવસે—પગાર મળ્યો તે દિવસે—આપની પર પણ એટલી ચિડાઈ કે હું આપની હાજરીમાં બોલી પણ ન શકું એવો શબ્દ એણે આપને માટે વાપર્યો.'

'એમ કે? એ બધી તો મને ખબર જ નહિ!' હાસના અવાજમાં આશ્ચર્ય હતું, 'પણ તમે તો મેના કરતાં કેટલી વધારે કુશળતા બતાવી છે! ટાર કંપનીનો એકાઉન્ટ પાછો આપણી પાસે પાણીને તો તમે કમાલ કરી છે!'

'જી, પણ આપણી સિદ્ધિઓ જ રીટા જોવાની આંખમાં ખૂંચે છે. તાકાત છે એની કે સુખથનકર પાસેથી એકાઉન્ટ પાછો લઈ આવે?' મેં વળતાં વહેણનો લાભ લીધો.

'હા, એ સાચું છે—યુ આર નલી ડિઝર્વ મોર ધેન રીટા, પણ જો મેં કહી એ વાત સાચી હોય તો—'

મેં એનું વાક્ય કાપી નાખ્યું,

'આપને એમ લાગતું હોય કે, હું કંપનીને કે આપને બેવફા થઈ છું તો હું રાજીનામું આપવા તૈયાર છું. મને તો કાંઈ વાંધો આવે એમ છે જ નહિ. જાહેરખબરની દુનિયામાં મારું કામ તો સહુ કોઈ જાણે છે. અને આજે જ મને રીમ્પા એડવર્ટાઇઝિંગવાળા ફર્નાન્ડીઝે મળવા બોલાવી છે—'

'એટલે તમે બીજે નોકરી માટે પ્રયાસ કરો છો, એમ ને?' લૉબો પાછો ગુસ્સે થયો.

'ના જી, આ તો સામેથી એણે મને બોલાવી છે—ને હું જવાની પણ નહોતી. પરંતુ જો આપને એમ હોય કે, મારી અહીં હવે જરૂર નથી રહી કે પછી—' 'જરૂર' શબ્દ પર ભાર મૂકીને હું જાણી-જોઈને અટકી, લૉબોને બોલવાની તક આપવા.

લૉબોની આંખમાંની વિહ્વળતા હું સ્પષ્ટ જોઈ શકી. એના લોલુપ હોઠ ઝડપથી ફફડવા માંડ્યા.

'મીના,' ઑફિસના સમય દરમિયાન પહેલી વખત એ મારું નામ બોલ્યો, 'જરૂર તો અહીં તારી છે એટલી બીજે ક્યાંય નહિ હોય. રીટા તો હવે ક્યાં સુધી ટકવાની હતી? પ્લીઝ, રાજીનામું આપવાનો વિચાર પણ ન કરતી! બીજા કોઈની પાસે તું જાય એ કલ્પના પણ હું સહન કરી શકું તેમ નથી.'

'થેંક્યુ, મિ. લૉબો!' મારા હોઠ પર સ્મિત રમી રહ્યું.

એમ હું હજી પણ એ જ 'માલતી સ્નો'ની જાહેરાતમાંથી તમારી સામે હસી રહું છું.

તમને મારું સ્મિત ગમે છે?

હું

આ આયનામાં....
....હું જ....કે આ કોક....બીજું ?!
ના, કદાચિત હું નથી;
મુજ આંખકેરું બાળપણ
આ આયનામાં કેમ દેખાતું નથી ?!
(આયનાને રહેજ તો લૂછી લઉં !)
....ના છતાં યે એક પણ અણુસાર....
રે, લાલ–પીળાં આ બધાં પડળો અહીં—
આ આંખમાં–શાનાં ?
(લાવ ત્યારે, આંખ પણ લૂછી લઉં !)
....ને....હજી....યે આંખ આ (કો રુગ્ણના ગળફા સમી
....તો હોય ના મારી....
—ના, આંખ આ મારી નથી !
.....
(ફૂલને બાઝી પડેલા ભૃંગ શા) આ હોઠ પણ કાળા
—નથી મારા !
....
અરે, મુજ વાળમાં પણ આટલાં આ ગૂંચળાં ક્યાંથી....?
અને આ આટલી (નાગણ સમી) કાળાશ તો પહેલાં ન'
—ના, વાળ પણ મારા નથી !
ચહેરા ઉપર આ કરચલીનો રાફડો ક્યાંથી ફૂટયો....?
રે તે ક્યાંથી
તીક્ષ્ણ હિંસક દાંતસહ નિર્ભયપણે સરતાં
આ સાપોલિયાં ક્યાંથી....?
ના....નથી ચહેરો ય આ મારો, અને
નક્કી, નથી આ હું અહીં;
—ના, ના, ખરેખર હું નથી આ આયનામાં !!
('હું' નથી ??)

—મા. નથી

ઘનશ્યામ દવે

આમ તો જ્યોતિષ શીખવાનો શોખ મને બચપણથી જ હતો. હું આજ સુધી કેમ ન શીખી શક્યો એ જ એક આશ્ચર્ય હતું. મારા ઘણા સ્નેહીઓ મને પૂછતા, 'કેમ શુક્લાજી? અગિયારસ આજે છે કે કાલે?' અને મને પણ એ જ સવાલ થતો. પછી હું હિસાબ લગાવવા બેસી જતો, કે પરમદિવસે આઠમ હતી (મારાં માતુશ્રી દર આઠમે ઉપવાસ કરતાં), તેથી આજે દશમ હોવી જોઈએ. અને એટલે અગિયારસ તો આવતી કાલે જ થાય. પરંતુ મારું આ ગણિત ખોટું ઠરાવવા મથતા મારા મિત્રો કહેતા, 'અમારા વહાલા ભૂદેવ! દશમનો ક્ષય છે.'

'ક્ષય કેવી રીતે હોઈ શકે?' હું લૂલો બચાવ કરવા મથતો.

'કેમ? પંચાંગ કાઢોને?'

'પંચાંગ? અરે, મારી બેગમાં તો ડિક્ષનરી મળે, પંચાંગ કાંઈ ઑફિસમાં લવાય?'

'તો પછી તમે ભૂદેવ શા માટે થયા?'

'ઝખ મારવા. આ તારીખના જમાનામાં તમે તિથિની વાત કરો છો? જમાનો કેટલો આગળ નીકળી ગયો છે?' હું બચાવ કરતો, પરંતુ મને મનમાં થતું કે હું બ્રાહ્મણ છું અને તિથિની મને ખબર નથી. પંચાંગ રાખતો નથી—અરે જોતા પણ આવડતું નથી! જન્મ બેકાર ગયો.

એ જ પળે મેં નિર્ણય કર્યો કે મારે પંચાંગ જોતા શીખવું. એટલું જ નહિ, જ્યોતિષ પણ શીખવું. અને મેં અધ્યયનના આવેગમાં 'લાયની-ભાષા', 'જ્યોતિષ-દર્પણ', 'સ્ત્રીજાતક' વગેરે થોડી ચોપડીઓ ખરીદી નાખી.

પ્રથમ તો મેં જ્યોતિષ-દર્પણ લીધું.

અને દર્પણ કેવું હોય તેનું મને ભાન થયું. મેં થોડાં પ્રકરણો વાંચી કાઢયાં. પછી હું શું વાંચી ગયો તે વિચારવા લાગ્યો ત્યારે જ્યોતિષ વિશે જે થોડું ઘણું જાણતો હતો, તે પણ હું ભૂલી ગયો.

હું મારા કૉલેજિયન ભેજાને ફળદ્રુપ માનતો હતો. માનતો હતો એટલું જ નહિ, સંસ્કૃતમાં મેં પ્રથમ વર્ગ પણ મેળવ્યો હતો. પરંતુ મારા બિચારા કોમળ મગજને શું ખબર કે સંસ્કૃત શીખવા ઉપરાંત સમજવાનો પણ વિષય છે.

મેં મારા એક સ્નેહી પંડિતને પૂછયું, 'રાશિઓ વિશે થોડી સમજ આપશો?'

મારી જ્યોતિષ વિશેની ધગશ, અભ્યાસ વગેરે સમજ્યા વગર તેઓ હસીને બોલ્યા, 'એ તો અમે બીજી ગુજરાતીમાં શીખ્યા હતા. તમે ત્રિરાશિ, પંચરાશિની વાત કરો છો? જુઓ, મુખ્ય ત્રણ રાશિઓ છે.'

મેં જોયું પણ નહિ અને સાંભળ્યું પણ નહિ. આ મારી તમન્નાનું અપમાન હતું. હું કંઈ બોલ્યા વિના ઘેર ચાલ્યો આવ્યો. અને જાતે જ અભ્યાસ કરી, જ્યોતિષવિદ્યાના મહાપંડિત થવાનો મક્કમ નિર્ધાર કર્યો. પરંતુ બાર રાશિઓએ તો મારા બાર વગાડ્યા. રાશિઓ તો બરાબર યાદ રાખી, પરંતુ તેના પ્રત્યયો, દાખલા તરીકે, મિથુન રાશિના ક...છ...ઘ...વગેરે યાદ કરતાં મારે બે બાટલી બ્રેઈન ટૉનિક, બે કીલો ઘી અને અઢી કીલો બદામનું સેવન કરવું પડયું. બદામના સેવનથી મન શાંત થયું. પણ પછી હું પોતે જ નક્ષત્ર હોઉં તેમ બધા મહોલ્લે મારા પર એકસામટો ધસારો કર્યો.

એ બધા ગ્રહોનાં નામ ગોખતાં ગોખતાં હું કેતુ જેવો થઈ ગયો અને ફરી સુકાઈ ગયો. હું રાહુ વિશે વાંચતો ત્યારે મને લાગતું કે રાહુ ખૂબ જ પાવરફુલ ગ્રહ છે, તેથી તેના લાભગેરલાભ પહેલાં જાણી લઉં. અને હું બરાબર તેની પાછળ પડ્યો. પરંતુ રાહુ મારાથી ડરતો હોય તેમ કોઈ જ રીતે મારી સમજમાં આવતો નહોતો. આખરે મેં ફરી મારા સ્નેહી પંડિતની સલાહ લીધી અને જ્યોતિષ શિક્ષા લેવાની શરૂઆત કરી.

હું ગયો એટલે તેમણે મારી કુંડળી કાઢી અને જાહેર કર્યું કે રાહુ બરાબર તમારે માથે છે, એટલે તમે જ્યોતિષશાસ્ત્રમાં આગળ વધી શકશો નહિ.

અહીં મારા અહમ્‌ની કસોટી હતી. પરંતુ હું મારાં બદામ, ઘી અને મહેનત પાણીમાં જતાં જોઈ બેસી રહું તેવો નમાલો નહોતો. મેં બીજું શાસ્ત્ર શીખવાનું શરૂ કર્યું. એ હતું 'હાથની ભાષા.'

મને એ વિષય ઠીક લાગ્યો કે પછી એ વિષયને હું ઠીક લાગ્યો એ જે હોય તે ખરું. મેં શરૂઆત કરી, અને હાથની ભાષામાં જે જે ખાસ રેખાઓ હતી તેને હું મારા હાથની રેખાઓ સાથે સરખાવતો. પરંતુ હાથની ભાષામાં જેટલી રેખાઓ કહી અથવા બનાવી હતી તેના કરતાં મારા હાથમાં મેં વધુ રેખાઓ જોઈ. અને એ જોઈ હું મૂંઝવણમાં પડી ગયો.

મારી મગજરેખા એટલી લાંબી, વિશાળ અને ગાઢ હતી કે હું એ જોઈ આનંદમાં આવી ગયો. હું આવી વિશાળ મગજરેખાવાળો એકબે શાસ્ત્રોમાં ઉત્તીર્ણ ન થઈ શકું, એ બને જ કેમ? અને મેં પ્રથમ મગજની રેખાઓનો જ અભ્યાસ શરૂ કર્યો. મારો આનંદ એટલો આવેશપૂર્ણ હતો કે મેં મારી શ્રીમતીને બાજુમાં બેસાડી એને પણ મગજરેખાનું મહત્ત્વ સમજાવવા માંડ્યું. સારી મગજરેખાથી શા શા લાભ થાય છે તે વાંચ્યું અને એને સમજાવ્યું. મારી પત્ની પણ હું કોઈ વિચિત્ર પ્રાણી હોઉં તેમ મને જોઈ રહેતી. તેણી કદાચ મારી વાત માની શકતી નહિ હોય, કારણ કે હું જ્યારે મગજરેખાનું સવિસ્તર પઠન કરી એને સમજાવી રહ્યો હતો ત્યારે તેણી બરાબર મારા મગજને જ લક્ષ્યબિંદુ બનાવી તેની સામે જ તાકી રહી હતી.

મગજરેખાના પ્રકરણની સમાપ્તિમાં લખ્યું હતું, 'જો આ રેખા વધુ ઊંડી, વધુ વિશાળ અને વધુ ગાઢ હોય તો, જે ફળ ઉપર જણાવ્યું છે તેનાથી વિરુદ્ધ સમજવું.'

અને મારી પત્ની તરત જ મને સમજી ગઈ હોય તેમ ઊભી થઈ કામે વળગી. મારું મોં અરીસામાં જોવા જેવું થઈ ગયું.

એ પછી એક દિવસ હું તથા મારાં શ્રીમતી ગાડીમાં મુસાફરી કરી રહ્યાં હતાં. અમારી સામેની સીટ પર જ એક સ્વરૂપવાન સ્ત્રી બેઠી બેઠી નિદ્રા લઈ રહી હતી. તેણીનો હાથ ખુલ્લો હતો. મને તેમાંની રેખાઓ ચોખ્ખી દેખાઈ રહી હતી. કુતૂહલવશ થઈ મેં તેણીનો હાથ હાથમાં લઈ નિરીક્ષણ કરવા માંડ્યું. પરંતુ એ એટલી ઝડપથી ઊભી થઈ ગઈ કે હું હેબતાઈ જ ગયો. તે બોલી ઊઠી, 'મર રોયા! તારે મા-બહેન છે કે નહિ!' મામલો જોવા જેવો હતો. સારું થયું, મારી પત્ની મારી બાજુમાં જ હતી, નહિ તો તે દિવસે મને "હાથની ભાષા" વિશે બરાબર ખબર પડી જાત. એવો બનાવ ફરી વાર પણ બન્યો. મારી શ્રીમતીને હું સ્ત્રી-રેખા વિશે સમજાવી રહ્યો હતો. ગમે તેમ પરંતુ તેણીએ મારા હાથની સ્ત્રી-રેખામાં કાંઈક વિચિત્રતા જોઈ એટલે તે દિવસે રાત્રે જ્યારે હું સુવા માટે ગયો ત્યારે તેણી ચોરીછૂપીથી ઊઠી અને એણે હાથની ભાષા પુસ્તક કાઢ્યું. પછી એમાંથી સ્ત્રી-રેખાનું પ્રકરણ કાઢી વાંચવા લાગી અને સાથે સાથે મારો હાથ પકડી ધારી ધારીને જોવા લાગી. હું ઝબકી ગયો હોઉં તેમ ઓઢવાનું ફગાવી દઈ ઊભો થઈ ગયો, પરંતુ કંઈ પૂછું તે પહેલાં હાથની ભાષા પુસ્તકની ફાસ્ટ બોલીંગ મારા માથા પર આવી. કોન્ટ્રાક્ટરની અદાથી હું પાછો હઠ્યો, અને શું થયું તે ખબર પડે તે

પહેલાં મૂર્છા ખાઈ પલંગ પર પડ્યો. જ્યારે મારી મૂર્છા ઊતરી અથવા ઉતારવામાં આવી ત્યારે હું પલંગમાં જ હતો. માત્ર મારા માથાના પૂર્વ ભાગમાં લખોટા જેવું કંઈક ઊપસી આવ્યું હતું. હું કંઈ સમજું–સમજાવું તે પહેલાં શ્રીમતીનો વાણી–પ્રવાહ–પ્રભાવ ચાલુ થયો, 'કહો, કોની સાથે તમે મારાથી છૂપી રીતે હરોફરો છો? જુઓ! આ ચોપડીમાં ચોખ્ખું લખ્યું છે કે, તમારે એકની સાથે લગ્ન અને બીજીની સાથે આડો વ્યવહાર હશે. એ રેખા તમારા હાથમાં રહેલી રેખાને બરાબર મળતી આવે છે.'

મેં સમજવાનું કે સમજાવવાનું માંડી વાળ્યું.

પરંતુ એ તરત જ તાડકીને બોલી, 'બોલો! જવાબ દો?'

શિક્ષક વિદ્યાર્થીને કવિતા બોલાવે અને વિદ્યાર્થી મારની બીક ચૂપ રહે એવું જ મારું પણ બન્યું. મારા હોઠે શબ્દો ઉચ્ચારવાની ના પાડી ત્યારે આખરે તેણીએ ફરી મારા માથા પર 'હાથની ભાષા' પછાડ્યું અને પથારીમાં પડીને રુદનનો સંગીતમય મહાકાર્યક્રમ શરૂ કર્યો. ગમે તેમ પણ મને લાગ્યું કે મારા કરતાં તેણીએ ઘણી જ ઝડપથી 'હાથની ભાષા' પર પ્રભુત્વ પ્રાપ્ત કરી લીધું છે. અલબત્ત, અમારાં લગ્ન થયાં ત્યારનું તેણીનું અધ્યયન ચાલુ જ હતું. તેણીને હું ક્યારે ય આવા પ્રસંગે કાર્યક્રમ બંધ રાખવા સમજાવી શક્યો નથી એ મારી બદકિસ્મતી છે.

મારા માથા પર બંને બાજુએ નવાં શીંગ ઊગતાં હોય તેમ મને લાગ્યું. આ કારણ હાથની ભાષાનું હતું કે ઘી–બદામનું એ હું સમજી ન શક્યો. પરંતુ આ નવા પ્રયોગથી મને એક યુક્તિ મળી આવી. મેં મારા માથામાં થતું દરદ દબાવી કહ્યું, 'તેં બરાબર વાંચ્યું છે કે, મારે આડો વ્યવહાર પણ છે. પણ મારી રેખાઓમાં એ પણ લખેલું છે કે મને મારી પહેલી પત્નીથી કદી સુખ મળવાનું નથી. પરંતુ હવે એ સમય પૂરો થવા આવ્યો છે. રેખાઓ સમયે સમયે બદલાય છે. અને

ત્રણ પદો

અખિયાँ હરિ દરસન કી પ્યાસી,

દેખ્યો ચાહત કમલનૈન કો નિસિદિન રહત ઉદાસી.
આયે ઊધો ફિરિ ગયે આँગન ડારિ ગયે ગર ફાँસી,
કેસરિ કો તિલક મોતિન કી માલા વૃન્દાવન કો વાસી.
કાહૂ કે મન કી કોઉ ન જાનત લોગન કે મન હાँસી,
'સૂરદાસ' પ્રભુ તુમરે દરસ કો જાઈ કરવટ લ્યોં કાસી.

* * *

પ્રભુ મોરે અવગુન ચિત્ત ન ધરો,

સમદરસી હૈ નામ તિહારો ચાહે તો પાર કરો.
ઈક નદિયા ઈક નાર કહાવત મૈલોહિ નીર ભરો,
જબ દોનોં મિલિ એક બરન ભયે સુરસરિ નામ પરો.
ઈક લોહા પૂજા મેં રાખત ઈક ઘર બધિક પરો,
પારસ ગુન અવગુન નહિ ચિતવૈ કંચન કરત ખરો.
યહ માયા ભ્રમ જાલ કહાવે 'સૂરદાસ' સગરો,
અબ કી બાર મોહિં પાર ઉતારો નહિં પ્રન જાત ટરો.

* * *

ઠગિની ક્યા નૈના ઝમકાવે, કબિરા તેરે હાથ ના આવે,
કઠ કાટિ મૃદંગ બનાયા નીબૂ કાટિ મૈજરા;
સાત તરોઈ મંગલ ગાવૈ નાચે બાલમ ખીરા.
ભૈંસ પદમિની આસિક ચૂહા મેઢક તાલ લગાવે,
ચોલા પહિરિ ગદહિયા નાચે ઊટ બિજુનપદ ગાવે,
આમ ડાર ચઢિ કછુઆ તોડે ગિલહરિ ચુનિ ચુનિ ખાવે,
કહૈં કબીર સુનો ભાઈ સાધો, બગુલા ભોગ લગાવે.

* * *

હવે મારી નવી જિંદગી શરૂ થવાની છે. હવે માત્ર એક જ પત્ની રહેવાની છે અને જીવન સુખમય બનવાનું છે.'

'તમને બીજીથી જ સુખ મળશે...' રડતાં રડતાં તે બોલી.

'ના, બીજી સાથેનો વ્યવહાર હવે બંધ થઈ જવાનો અને મારી પહેલી પત્નીથી જ મને સુખ મળશે, એ મારી કમનસીબી છે.'

અને બીજી જ પળે એ મારી પાસે આવી મારા ગળામાં હાથ નાખી બોલી, 'એમ ન કહો, વહાલા. આજથી હું તમને કદી દુઃખી નહિ કરું. હું તમને પ્રેમ કરીશ. ખૂબ ખૂબ પ્રેમ કરીશ.'

અને મારા આશ્ચર્ય વચ્ચે તેણીના જીવનમાં અજબ પલટો આવી ગયો. આ અકસ્માત અને અકસ્માતી જીવનપલટાનું કારણ શોધવાનું પડતું મૂકી હું મારા અભ્યાસક્રમના ત્રીજા તબક્કા–"સ્ત્રી-જાતક" તરફ વળ્યો. "સ્ત્રી–જાતક"ની શરૂઆત મેં મારી પત્નીથી જ કરી. તેણીનાં લક્ષણ જોઈ તેણી ચારમાંથી કઈ 'ટાઈપ'માં આવે છે તે શોધી કાઢયું. અલબત્ત, મેં મારી આ શોધ તેણીથી ગુપ્ત જ રાખી. કારણ, હું ફરીથી અકસ્માત સર્જવા તથા ફરીથી જીવનપલટો કરાવવા માગતો નહોતો. હું તેણીની આંખો સામે તાકી રહેતો ત્યારે હું કોઈ વિચિત્ર ક્રિયા કરી રહ્યો હોઉં તેમ તે કહેતી, 'આમ ઘુવડની જેમ શું તાકી રહ્યા છો? કાંઈ નવી પરણીને નથી આવી.'

પછી મારા નિરીક્ષણનું ક્ષેત્ર વિશાળ બનવા માંડયું. અને મારે સલામતીનો આશરો લેવો પડ્યો. કારણ એક વેળા મેં એક પંજાબી યુગલ જોયું. તેમાં પત્નીનો ચહેરો મને 'હરિણી' જાતની સ્ત્રી જેવો લાગ્યો અને હું બોલી ઊઠ્યો, 'વાહ, વાહ! શું ચહેરો છે? તમે બહુ જ સુખી...અને હું મારા અભ્યાસની વધારે પ્રતીતિ કરાવું તે પહેલાં સરદારજીના હાથ મારા ગળાની આસપાસ વીંટળાઈ વળ્યા. મારો જીવ બ્રહ્માંડમાં જરૂર અટકી ગયો હશે, નહિ તો મારા પડોશીઓના જણાવ્યા મુજબ હું મૃત્યુ–રોડ પર હતો.

બીજી એક સુંદર છોકરી અમારા ઘરની સામે જ રહેતી હતી.

તે દિવસે રવિવાર હોવાથી હું આખો દિવસ બારીમાં બેઠો બેઠો તેણીની વર્તણૂક, હાવભાવ વગેરેનું નિરીક્ષણ કરતો રહ્યો. અને તે દિવસે સાંજે મને સ્ત્રી–જાતકનો અભ્યાસ કરાવવા એ છોકરીનો બાપ અને તેણી પોતે આવી પહોંચ્યાં. સદ્‌ભાગ્યે એ સમયે હું બાથરૂમમાં સ્નાન કરી રહ્યો હતો, જેનું બારણું મેં બે કલાક સુધી ઉઘાડયું જ નહિ. મારી શ્રીમતીએ મને ફરી એક વાર બચાવ્યો. પરંતુ હું, 'સ્ત્રી–જાતક'નો અભ્યાસ કરી રહ્યો છું તે તેણી જાણી ગઈ. કારણ, તેના હાથમાં મારી 'સ્ત્રી–જાતક'ની જ ચોપડી હતી.

અને હું બાથરૂમમાંથી બહાર પડ્યો ત્યારે એક મહાન અકસ્માત થવાનો છે તેની આગાહી મને થઈ ગઈ. કારણ બાથરૂમના દરવાજા પર જ બે–ત્રણ લાત–પ્રહાર થયાના અવાજ મેં સાંભળ્યા હતા.

અને બહાર નીકળ્યા પછી મારી શી દશા થઈ હશે એ હું વર્ણવી શકું તેમ નથી. પરંતુ 'સ્ત્રી–જાતક'માં 'જ્યોતિષ શાસ્ત્ર' અને 'હાથની ભાષા' બન્ને શાસ્ત્રોનો સમાવેશ થઈ ગયો છે તેની એક મહાન શોધ મેં કરી–મારા અધ્યયનથી? ના. અનુભવથી જ.



હર્ષિદા પંડિત

જંતુસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ અને માનવસૃષ્ટિ વચ્ચે ઘણો બધો તફાવત હોવાને લીધે આપણે બધાંની તુલના કરી શકતાં નથી. ધ્યાન ખેંચે એવી એક જ હકીકત છે, તે એ કે જન્મતાંવેંત જંતુઓ અને પ્રાણીઓ પોતાના અસ્તિત્વ માટે મા-બાપ ઉપર આધારિત નથી; જ્યારે માનવબાળ સૌથી વધારે સમય માટે પરાવલંબિત છે, એને છૂટું મૂકી દેવામાં આવે તો એનું અસ્તિત્વ જ જોખમાય. આથી વાતાવરણમાંથી એને જે કાંઈ શીખવાનું અને વર્તનને સુધારવાનું છે, તે શક્ય જ ન બને.

બાળકને જન્મ વખતે કઈ કઈ શક્તિઓ વારસામાં મળી છે, અને કઈ તે વાતાવરણમાંથી મેળવે છે; તેને અંગે જુદા જુદા માનસશાસ્ત્રીઓ વચ્ચે મતભેદ છે. કેટલાક એમ માને છે કે, વર્તન એ વાતાવરણ ઉપર જ આધારિત છે. આવું માનનારાઓમાં જૉન લૉક મોખરે છે. એના મત પ્રમાણે બાળક જન્મે છે ત્યારે કોરી પાટી જેવું હોય છે, જેની ઉપર અનુભવો અક્ષર પાડે છે. આ વિચારને અનુમોદન આપતાં પહેલાં સહેજ વિચારવું પડે એમ છે. કારણ કે પરાવલંબી ને નિરાધાર બાળક પણ અમુક પ્રકારનું વર્તન તો કરે જ છે. એને જરાક અગવડ પડે એટલે એ રડે છે. ખોરાક ધરવામાં આવે એટલે તે ગળે છે, હાથમાં કંઈક મૂકવામાં આવે એટલે તે પકડવાનો યત્ન કરે છે. રુધિરાભિસરણ, ચયાપચય, શ્વાસોચ્છ્વાસ અને ઉત્સર્ગ જેવાં કાર્યો તેને સાધ્ય છે. અન્ય વણશીખેલાં વર્તનોમાં છીંક, ઉધરસ, હેડકી અને શરીરનું હલનચલન ગણી શકાય. વર્તાવવાદી માનવશાસ્ત્રીઓ વણશીખેલા વર્તનને પરાવર્તિત ક્રિયા તરીકે ઓળખાવે છે. વળી બધી જ જાતની પરાવર્તિત ક્રિયાઓ જન્મતાંવેંત શરૂ થાય તેવું પણ નથી. દા. ત. નવાં જન્મેલાં બાળકોમાં આંખના પલકારા દૃષ્ટિગોચર થતા નથી. એવી જ રીતે ભાંખડિયાં ભરવાની શક્તિ પણ તાત્કાલિક આવતી નથી. એને માટે શારીરિક વૃદ્ધિ અને પરિપક્વતા ઉપર પણ આધાર રાખવો પડે છે.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારીએ તો બાળકમાં ઘણી જાતનાં વણશીખેલાં વર્તનો જોવા મળે છે.

(૧) શિશુ અમુક પ્રકારની ઉત્તેજનાથી ઉત્તેજાય છે. તેની આંખ આગળ કંઈ પણ વસ્તુ ધરવામાં આવે કે તરત કંઈક હલનચલન સંભવે છે. ચાર-સાડાચાર માસના બાળકના હાથમાં ઘૂઘરો મૂકવામાં આવે તો તે તેને હલાવવાનો યત્ન કરે છે.

(૨) અમુક પ્રકારની ઉત્તેજનાના અમુક જ પ્રતિયોગો કરવાનું પણ બાળક શીખે છે. દા. ત. જે દિશામાંથી અવાજ આવે તે દિશામાં બાળક માથું ફેરવે છે.

(૩) બાળક રોજની જીવનચર્યાને અનુકૂલ થતાં થતાં પણ કાંઈક શીખે છે. નવડાવતાં પહેલાં માલિશ કરવાની તેની માની આદતથી તે ટેવાય છે. શરીરના અમુક ભાગો પર માનો હાથ ફરે ત્યારે આનંદની કે નાખુશીની લાગણી પણ તે વ્યક્ત કરે છે. માતા બાળકને ખોળામાં જે રીતે સુવાડે છે, તે ઉપરથી શું મળવાનું છે તેનો તેને ખ્યાલ આવી જાય છે. બાળકમાં ચોક્કસ ઉત્તેજનાના પરિણામે જે ચોક્કસ પ્રતિયોગો થાય છે, તેને પણ મનોવૈજ્ઞાનિકો માનસિક વિકાસ તરીકે ઓળખાવે છે.

માનસિક વિકાસની પ્રક્રિયા સતત ચાલુ રહે છે. સામાન્ય રીતે બાળકના વિકાસની જુદી જુદી ભૂમિકાઓ દ્વારા બાળકના માનસિક વિકાસને સમજવાનો યત્ન કરવામાં આવે છે.

(૧) બુદ્ધિનો વિકાસ (૨) ભાષાનો વિકાસ (૩) ઓધનનો વિકાસ (૪) કોયડાનો ઉકેલ શોધવાની શક્તિનો વિકાસ.

બધી ભૂમિકાની પૂરેપૂરી સમજ બાળકના મનોવિકાસને સમજવામાં મદદરૂપ નીવડે છે.

ઉપર વર્ણવેલી ભૂમિકામાંથી આપણે પ્રથમ ભૂમિકાનો વિચાર કરીએ.

બાળકમાં બુદ્ધિનો વિકાસ કેવી રીતે થાય છે તેનો ચોક્કસ જવાબ હજુ આપણી પાસે નથી. બુદ્ધિ વારસાગત છે કે વાતાવરણથી પ્રાપ્ત થાય છે, એ વિશે પણ વિદ્વાનોમાં મતભેદ છે. બુદ્ધિ માપી શકાય તેવું સર્વપ્રથમ ફ્રેંચ મનોવૈજ્ઞાનિક બીનેએ કહ્યું, એના મત પ્રમાણે 'બુદ્ધિ એટલે વિચારવાની વેધકશક્તિ, અનુકૂળ થવાની આવડત અને આત્મ-ટીકામાં નિખાલસતા.' બીજા કેટલાક મનોવૈજ્ઞાનિકો નવી પરિસ્થિતિને અનુકૂળ થવાની આવડત એટલે જ બુદ્ધિ એમ સ્વીકારે છે. ટર્મનના મતાનુસાર 'બુદ્ધિ એટલે અમૂર્ત વિચાર કરવાની શક્તિ.' બુદ્ધિના વિકાસને લગતાં સંશોધનો આ બધી માન્યતાઓને પડકારે છે. બુદ્ધિ માપનનો પણ હમણાં હમણાં બહુ વિરોધ થવા માંડ્યો છે. કારણ કે દરેક બાળકના વિકાસનો ક્રમ અલગ અલગ હોય છે. કોઈક બાળકમાં બુદ્ધિનો વિકાસ ધીમો હોય એટલે એ બાળક માનસિક રીતે ઊતરતી કોટીનું છે એમ કેમ કહેવાય? ઝડપથી વિકસતાં બધાં જ બાળકો પ્રતિભાશાળી હોય છે એવું પણ નથી હોતું. કારણ કે બાળકના વિકાસનો ક્રમ વિકાસનું માળખું, પરિસ્થિતિ, માનસિક અને સામાજિક સંજોગોનાં પરિબળો અને માનસિક કસોટીમાં કઈ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે એના ઉપર આધારિત રહે છે. ખરી જરૂર તો બુદ્ધિના વિકાસનું સાતત્ય કેટલું જળવાય છે એ ધ્યાનમાં રાખવાની છે. આધુનિક શૈક્ષણિક મનોવૈજ્ઞાનિકો બુદ્ધિ–આંક (I.Q.) ઉપર આધાર રાખતા નથી. મહત્ત્વનો પ્રશ્ન એ છે કે પ્રતિકૂળ સંજોગો I. Q. નો આંક ઉતારે ખરા? અને સાનુકૂળ સંજોગો I. Q. નો આંક ઊંચો ઉઠાવે કે નહિ? એક વસ્તુ ચોક્કસ છે કે જન્મજાત શક્યતાઓના ધોરણમાં વાતાવરણ ખાસ સુધારો કરી શકતું નથી, અને જન્મજાત શક્તિઓને માપવાનું પણ શક્ય નથી. આમ છતાં બુદ્ધિ-લબ્ધિ કાંઈક દિશા જરૂર ચીંધી આપે છે.

ઉંમર ને બુદ્ધિને પણ ચોક્કસ સંબંધ હોય છે. ખાસ કરીને બાળકના ભાષાવિકાસને આ વિધાન વધુ લાગુ પડે છે. બીજા કે ત્રીજા વર્ષે બાળક રોજની જરૂરિયાત જેટલા શબ્દો શીખી ગયું હોય છે અને જ્યારે બાળમંદિરમાં દાખલ થાય ત્યારે શિક્ષકની સૂચનાને અનુસરવામાં અને પોતાને જોઈતી વસ્તુ વિષે શિક્ષકને સમજાવવામાં તેને મુશ્કેલી નડતી નથી. બાળકના શબ્દભંડોળનો આધાર તેનાં માબાપના સામાજિક તેમ જ આર્થિક દરજ્જા પર પણ રહે છે. જે બાળકો વધારે સમય મોટેરાં સાથે ગાળતાં હોય તેમની ભાષામાં સહજ પ્રૌઢતા હોય છે, એવું રોઝન્થાલના અભ્યાસનું તારણ છે. બાળકોના શબ્દભંડોળ અંગે થયેલા અભ્યાસમાંથી એક હકીકત છતી થઈ છે કે, બાળપણમાં ગ્રહણશક્તિની તીવ્રતાને લીધે ઉંમર અનુસાર તેમાં સતત વધારો થયા જ કરે છે. સીશોર નામના મનોવૈજ્ઞાનિકના તારણ પ્રમાણે સામાન્ય રીતે ચાર વર્ષના બાળકને છપ્પનસો શબ્દો, પાંચ વર્ષના બાળકને છન્નુસો, છ વર્ષના બાળકને ચૌદ હજાર સાતસો, સાત વર્ષના બાળકને એકવીસ હજાર બસો, આઠ વર્ષના બાળકને છબ્બીસ હજાર ત્રણસો અને દશ વર્ષના બાળકને ચોત્રીસ હજાર ત્રણસો શબ્દો આવડતા હોય છે.

માનસિક વિકાસમાં બોધનના વિકાસનું પણ ઘણું મહત્ત્વ છે. બાળકે કંઈ પણ જ્ઞાન મેળવતાં પહેલાં બોધનમાં સ્પષ્ટતા મેળવવાની જરૂર રહે છે. દા. ત. પહાડની ઊંચાઈનો ખ્યાલ બાળકને સ્પષ્ટ થાય તે પહેલાં સપાટ મેદાનો કરતાં પહાડ ઊંચા હોય એ ખ્યાલ બાળકે પચાવેલો હોય તે ઇચ્છનીય છે. એણે પ્રત્યક્ષ પહાડ જોયો હોય તો પહાડ શબ્દનું ઉચ્ચારણ થતાં જ પહાડનું બોધન તેને સ્પષ્ટ થાય છે. શૈક્ષણિક સાધનોનું જે આધુનિકરણ કરવામાં આવ્યું છે, તેમાં દૃષ્ટાંતો, ચિત્રો અને નમૂનાઓ દ્વારા પરોક્ષ અનુભવ કરવાનો યત્ન કરવામાં આવે છે. આમ છતાં અમુક વિશિષ્ટ પ્રકારનાં બોધનો પ્રત્યક્ષ અનુભવ ઉપર જ અવલંબે

છે. દેશ (Space) અને કાળનું પ્રત્યક્ષ બાળકને એકદમ થતું નથી. ખાસ કરીને ઊંડાઈનું પ્રત્યક્ષ તેને ઝટ સંભવતું નથી. મોટાંઓ અંદર, ઉપર, તરફ કે નીચે એવા શબ્દો વાપરે છે ત્યારે બાળક ગૂંચવાય છે. એવું જ સમયના બોધનનું પણ છે. બાળક પાંચ વર્ષનું થાય ત્યારે જ સવાર, બપોર, સાંજ કે રાતનો તેનો ખ્યાલ સ્પષ્ટ બને છે. ત્રણ સાડાત્રણ વર્ષના બાળકને પાંચ-છ મહિના પહેલાં બનેલી કોઈ ઘટનાની રજૂઆત કરતી વખતે 'કાલ આપણે આમ કર્યું હતું' એમ કહેતાં ઘણાંએ સાંભળ્યાં હશે. પણ ધીમે ધીમે કાળનો ખ્યાલ બાળકમાં પણ સ્પષ્ટ થાય છે, અને બાળકની સ્મૃતિ નિશ્ચિત સ્વરૂપ ધારણ કરે છે. સંખ્યાની બાબતમાં પણ બાળક શરૂઆતમાં ગોટાળા કરે છે. કાર્યકારણના સંબંધનું બોધન પણ બાળમનમાં ઝટ સ્પષ્ટ થતું નથી. ગેરીસન એમના એક લેખમાં એક બાળકીનો દાખલો નોંધે છે, આઠ વર્ષની આ બાળકીને એમ પૂછવામાં આવ્યું કે આટલાં બધાં ફૂલ એના ઘરમાં ક્યાંથી આવ્યાં? જેના જવાબમાં બાળકીએ એમ કહેલું કે એની મમ્મીએ એ બધાં એ જ દિવસે ઉગાડ્યાં હતાં. બાળકના વિકાસની દરેક ભૂમિકાએ અનુભવ અને પરિપક્વતાની આવશ્યકતા રહે જ છે. અમૂર્ત બોધન માટે પણ અનુભવ ને પરિપક્વતાની જરૂર રહે છે.

કોયડા ઉકેલ (Problem Solving)

બાળકના માનસિક વિકાસમાં કોયડા ઉકેલ (Problem Solving)નું પણ ઘણું જ મહત્ત્વ મનોવૈજ્ઞાનિકો સ્વીકારે છે. કારણ કે બાળપણમાં, તરુણાવસ્થામાં તથા પુખ્તાવસ્થામાં ધ્યેયને પહોંચવા માટે તથા કોઈપણ સમસ્યાના ઉકેલ માટે યોગ્ય દિશામાં જવાની સર્વપ્રથમ જરૂર હોય છે. સમસ્યા જેમ વધુ ગૂંચવણભરી હોય તેમ વ્યક્તિનો માનસિક વિકાસ સ્પષ્ટ દિશામાં થાય છે. કોઈપણ સિદ્ધિપ્રાપ્તિ માટેના અવરોધો પાર કરીને સિદ્ધિ મેળવવામાં વ્યક્તિને અનેરો આનંદ સાંપડે છે. સાચું પૂછો તો પુરુષાર્થ બાદ મેળવેલી સિદ્ધિની ખુશી પણ તો જ થાય છે; એવી જ રીતે કેટલાક બૌદ્ધિક પ્રશ્નોમાં કે સમજદારીના પ્રશ્નોમાં આ વસ્તુ એવો જ અનુભવ કરાવે છે. એમાં તર્કશક્તિની પણ જરૂર પડે છે. બે થી ત્રણ વર્ષનાં બાળકો બાળમંદિરમાં લાકડાનાં રંગબેરંગી ચોકઠાંઓ સાથે રમે અને એકની ઉપર બીજું અને બીજા પર ત્રીજું ચોકઠું ગોઠવવામાં જે કુશળતા દાખવે, તેમાં પણ તેની તર્કશક્તિ છતી થાય છે. એ જ બાળક સહેજ મોટું થાય પછી એ જ ચોકઠામાંથી મિનારા, કમાનો કે પૂલો વગેરેની રચના કરે ત્યારે તર્કશક્તિનો વિકાસ થયો એમ આપણે કહીએ છીએ. આમ અનિયમિત રમતમાંથી જ એની યોજનાશક્તિ, કલ્પનાશક્તિ અને રચનાત્મકવૃત્તિનો વિકાસ થાય છે. શાળાએ જતાં બાળકોને આવી રમતો અને પ્રશ્નોના ઉકેલમાં અનેરો રસ પડે છે. ઉંમર વધે તેમ ઝડપ અને ચોકસાઈ આવે અને પોતે શું બનાવશે તેનું સુરેખ દર્શન પણ બાળકોમાં આવ્યા વગર રહેતું નથી.

આમ બાળકના માનસિક વિકાસમાં જે મુખ્ય મુખ્ય ઘટકોનો સમાવેશ થાય છે, તે બધાંની આલોચના આપણે કરી, બધાં પગથિયાંની અગત્ય સરખી જ છે, એટલે બાળકો સાથે કામ કરતી સંસ્થાઓના કાર્યકરો અને મા-બાપો આ મુદ્દો ખાસ ધ્યાનમાં રાખશે તો બાળકના માનસિક વિકાસને સમજવામાં સરળતા પડશે. કોઈ કોઈ વાર એવાં પણ બાળકો નજરે પડે છે કે, જેઓ પ્રયત્ન અને ભૂલ તથા અનુકરણ દ્વારા જ વિકાસની બધી જ ભૂમિકાઓ સિદ્ધ કરીને વિકાસ સાધે છે. માનસિક વિકાસ એ ધીમી પ્રક્રિયા છે, પણ એ સતત ચાલુ રહે તે જરૂરી છે. આથી બાળકોનાં તત્કાલીન વાતાવરણમાં એવાં પરિબળો ન સર્જાય કે જેથી વિકાસ અવરોધાઈ જાય એટલું મા-બાપોએ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. બાળક પોતાના સંજોગોને સમજી શકે અને યોગ્ય ઉંમરે એની રજૂઆત કરીને પોતાની મેળે ઉકેલ શોધી શકે એવું માર્ગદર્શન જો શાળાઓ અને માબાપો આપી શકશે તો વિકસતાં પહેલાં ફૂલ કરમાવાની પરિસ્થિતિ સર્જાશે નહિ.



નખી તળાવ પર પરોઢે

(શિખરિણી)

તૃણો વચ્ચે ઊગ્યું હરિત વરણું આભ, તરતાં
થયાં હિલ્લોળાતાં તરલ કિરણો સ્વર્ણ; શિખરો
પહાડોની ટોચે ઝગમગ થયાં–ઓસ અડકયાં
પખાળી ચંચુને ઋજુલય ભમે વ્યોમ ભરતો.
શરુનાં વૃક્ષોની ઝલમલ ત્વચા રંગ બદલ્યે
છૂપેલો કાચીડો પ્રગટ થઈને ડોક હલવી
સરે પર્ણો વચ્ચે; મૃદુલ રવનો સ્રોત ઝમતો.
ભરી આખી કાયે રજત ખિસકોલી રજકણો
પછી ખંખેરી દે અજબ જ કશો કેફ રજને,
ફરી ખોબે ખોબે રજકણ શરીરે મસળવા,
હજી ના અશ્વોના ગતિમય સુણાતાં પગરવ
હજી માંહે માંહે પથિક કરતા વાત નહિ, હું
સમાધી લીધેલાં સરવર જલે, કંકર કશા
તરંગે ફેંકીને રવસભર આંદોલન રચું.

—ચીનુ મોદી

દૃષ્ટિ

નીરખી તુજ વદનને ઉર્મિઓ જાગતી,
એ જ તારી જૂની પિછાણે,
હૃદય મારા વિશે બેઠી તું એકલી,
રમ્ય રસલીન રાધા જ જાણે,
ગહન વિચારમાં રાચતો હું અને,
બોલતી તું ય શું મૂક વાણી,
તાહરી અલક લટને કશો છેડતો,
પવન જાય વેગમાં ક્યાંય તાણી,
સંકેલી સાળુનો છેડલો તું વળી,
અલકતી મલકતી જાય ચાલી,
મસ્તીમાં મ્હેકતા માહરા ઉર મહીં,
નૈનની પીધી મેં શી ય પ્યાલી,
ત્યાં કશું—
જાગીને જોઉં તો રૂપની સૃષ્ટિ આ સાવ ઠાલી ?
આજ જાણ્યું ખરે માહરી દૃષ્ટિ રે સાવ ખાલી !

ગજાનંદ વ્યાસ



કરસનદાસ માણેક

ગોમતી : (ઘરમાં દાખલ થતાં) વળી પાછા ફોટા લઇને બેઠા ? અંતે ઇ તમારો જીવ લેશે ત યે એને છોડશો.

વિઠ્ઠલ : (ઉધરસ ખાતાં) ગોમી !

ગોમતી : (તોફાની પણ અત્યંત વહાલા બાળકને ઠપકો આપતી હોય, ક્યાંક ચાળા પાડતાં પાડતાં પણ, એવી રીતે) આમ તો કહેશો, મારાથી ઉઠાતું નથી ! શરીર ઝલાઇ ગયું છે ! અહીં કળતર થાય છે ને તંઈ કળતર થાય છે ! પણ જેવો મારો વાહો ફરે છે, તેવા તરત જ ઊભા થઈ જાવ છો ! ઠેઠને ગિલાનામાંથી ઊતરી જાવ છો અને ત્યારે વાયે હાલ્યો જાય છે વા ખાતો: ને પછી...નાના છોકરાની જેમ ટૂલ પર ઊભા થઇને મેજ પરથી પોટલી ઉતારી લ્યો છો ! કો'ક દિ, આ જેમ મગજ ખસી ગિયું છે ને, એમ ટૂલ ખસી જશે ને, તો આમે ય દાકતરનાં ગિલ ભરાતાં નથી ને વગર મોતે મુવા જેવા છીએ, તેમાં વળી હાડવૈદના ખર્ચા હાડકાં ભાંગી નાંખશે !

વિઠ્ઠલ : (ગરીબડે અવાજે–માફી માગતો હોય એમ) ગોમી ! (ઉધરસ)

ગોમતી : કોણ જાણે શું યે મોતી ટાંકકાં છે ઇ ફોટાઉમાં, કે નાનું બાળક રમકડાં પાથરીને બેઠે, એમ ગિલાના પર પાથરીને બેઠો છો. ઈ બધાં ય ને ! અને પછી માંડો છો આંખિયું તાણવા ! (ઉધરસ તો ચાલુ જ છે !) આમ તો કેસે કે ઓષ-ડીમાં બારણું ક્યાં છે ઇ યે ભળાતું નથી, પણ પાંત્રો પાંત્રી વરહ પહેલાંની ઉધઇ ખાઇ ગિયેલી આ છબીયુંમાં કોણ ક્યાં ઊભું છે અને કોણે શું પહેર્યું છે–ઇ બધું યે અરસલ ભળાય છે ! આંખિયુંનો પણ કૈ વાંક છે ! દિ' બધો આવું ઝીણું ઝીણું જોયા કરે, પછી જાડું ભળાય કઈ પેરે ! (ઉમ થઈને) લાવો દઇ દ્યો મને, દઇ દ્યો, નકર ઝૂંટવી લઉં છું. પછી કહેજો મા, કે ફાટી ગિયા, લાવો.

વિઠ્ઠલ : (ઉધરસ) દઉં છું, ગોમી ! દઉં છું. ખેંચ મા.

ગોમતી : તો દઇ દ્યો. ડાહ્યા થઈને, પોતાની મેળે. દાકતરે પણ ના પાડી છે. લોહીનું દબાણ વધી જાય છે. લાવો.

વિઠ્ઠલ : એક વાર જોઇ લઉં, ગોમી ! (ઉધરસ ચાલુ). આ ફોટાઓમાં મારું જીવન છે, ગોમી ! તું ક્યાં નથી જાણતી. મુવા પછી ભગવાન જીવનનાં લેખાં લેશે, ગોમી, તો એને આ ફોટા દેખાડીશ ! બસ ! આ ફોટાઓમાં છે, એટલું જીવન લેખે લાગ્યું ! બાકી (ઉધરસ) ઢસરડા !

ગોમતી : વળી પાછા ચઢી ગયાને ઇ જ રવાડે ! (ઝૂંટવવાની કોશિશ કરતાં) લાવો, જોઈ લીધા હવે.

વિઠ્ઠલ : એક મિનિટ, ગોમી ! એક અર્ધી મિનિટ, ગોમી ! હવે...આમ જો...આ...આ... હું સ્વાતંત્ર્ય લડતમાં જોડાયો તે વખતનો મારો ફોટો. (અવાજ ધીમે ધીમે જુવાન બનતો જાય છે.) આપણાં લગન નહોતાં થયાં તે વખતે ! આ જો.... આ હું ટુકડી લઇને નાગપુર ઝંડાસલામહ કરવા જઈ રહ્યો છું, આ જો...સૌની વચ્ચે ઊભો ! પડછંદ જુવાન ! પૂરા પાંચ હાથ ઊંચો ! ગજ ગજ પહોળી છાતી ! એ વખતે લોકો મને વીર વિઠ્ઠલ કહેતા, ગોમી ! વીર વિઠ્ઠલ ! આ જો, આ મારે ડાબે પડખે ઊભો તે જયંતી, આ કનૈયો, જમણે પડખે આ મકબૂલ મંદો, આ જીવણ, આ ખીમો, આ રુસ્તમ, આ હરકાંત, મારી ટુકડીનો એકેકે જણ જવાંમર્દ ! સ્ટેશન પર જ અમને પકડ્યા ! સત્યાગ્રહની જગાએ તો પહોંચવા જ ન દીધા ! મને દોઢ વરસની જેલ –ટુકડીના નાયક તરીકે, બાકીનાઓને બબ્બે મહિના (ઉધરસ.. ઉધરસ...ઉધરસ.)

નમાં જ એ કામ કરતો'તો (ઉધરસ) અને છતાં.... હિંમત જુવો એની ! હિંમત અને નફટાઈ....એ ય (ઉધરસ) ૧૯૨૪નો મારો ફોટો ૧૯૩૨ના પોતાના ફોટા તરીકે ઠઠાડી દીધો ! (ઉધરસ) જુઠ્ઠો ! લબાડ ! હરામી ! પારકું પોતાનું કરી લેવાની ટેવ પડી ગઈ છે ! એના મનમાં એમ હશે કે દાયકાઓ વીતી ગયા છે ને ફોટો ઝાંખો પડી ગયો છે એટલે બધું બંબેબંબ ઠાલ્યું જશે....પણ....હું એને ઉઘાડો પાડીશ, ગોમી ! (ઉધરસ) હું એને દેખાડી દઈશ ગોમી ! (ઉધરસ) જિંદગીભર હું સહન કરતો આવ્યો છું, ગોમી, પણ આ વખતે તો....હું એને ભોંય ભારે પડી જાય એવું કરીશ....

ગોમતી : (ટાઢાશથી) શું કરશો તમે ?

વિઠ્ઠલ : હું છાપામાં લેખો લખીશ.

ગોમતી : કોણ છાપશે ? છાપાં બધાં ય એના હાથમાં છે.

વિઠ્ઠલ : તો હું જાહેર રસ્તા વચ્ચે ઊભો રહીને....(ઉધરસ) ભાષણ આપીશ.

ગોમતી : કોણ સાંભળશે તમારું ભાષણ ? અને સાંભળશે કદાચ તો પણ માનશે કોણ ?

વિઠ્ઠલ : હું સાક્ષીઓ લાવીશ, ગોમી ! આ ફોટામાં જેઓ ઊભા છે, જેઓ મારી સાથે સત્યાગ્રહમાં હતા. સૌને ઈન્સાફની અદાલત સામે રજૂ કરીશ...આ જો....આ જયંતી.

ગોમતી : મરી ગયો, પંદર વરસ થઇ ગયાં.

વિઠ્ઠલ : આ કનૈયો ! (ઉધરસ)

ગોમતી : ગાંડો થઈ ગયો ! થાણામાં છે !

વિઠ્ઠલ : આ મકબૂલ મંદો !

ગોમતી : પાકિસ્તાનની જેલમાં છે, જીવતો હોય તો !

વિઠ્ઠલ : આ ખીમો...

ગોમતી : દસ વરસ પહેલાં તોફાનમાં ગોળીબારમાં ખપી ગયો !

વિઠ્ઠલ : આ હરકાંત....

ગોમતી : એણે જ તો આ ચોપડી લખી છે —એ વેઠિયાઓ, ઈ તો શેઠિયાઉ ચોપડિયું લખાવે ને વેઠિયાં લખે ! આ લ્યો, કહી દઉં છું તમને બધું ય —આ ચોપડી મને આપી છે યે એણે ! હું મંકનાની ઑફિસમાંથી નીચે ઊતરી, થાકીપાકી ભૂખીતરસી ઘેર આવવા નીકળતી'તી ત્યે ઇ ભાઈસાહેબ મોટરમાં બેઠવા જતા'તા. મને જાણીને જાણીબુઝીને ઊભા રહ્યા. "એય ડોસી !" કહીને મને પાંહે બોલાવી અને "આપજે તારા ડોહેલને" કહીને આ ચોપડી મારા હાથમાં આપી.

વિઠ્ઠલ : ને તું કે ન બોલી ? તેં એને ડામ ન દીધો ?

ગોમતી : તે વખતે મને આ ફોટાની ખબર નહોતી. પણ એટલી ખબર તો પડી જ ગઈ'તી કે આ દુનિયા હવે ડામ દીધે સુધરે એમ નથી.

વિઠ્ઠલ : તો...ય !

ગોમતી : તો ય ? તો...ય શું ? કહી દઉં ? આ દુનિયાને હવે ફરી પાછા "વીર વિઠ્ઠલો" જોઈએ...છે. આઝાદી તો મેળવી, પણ એને જાળવી રાખવા માટે ય બલિદાન આપવું પડશે. આજે ચારેકોર જે દાવાનળ સળગ્યો છે, એને ઠારવા માણસે કુરબાની આપવી પડશે.

વિઠ્ઠલ : હવે તું બોલી, ગોમી ! હું તૈયાર છું, ગોમી, પણ...

ગોમતી : પણ શું ?

વિઠ્ઠલ : પણ (ઉધરસ) આ ઉધરસ, આ લોહીનું ઘાણ...આ કળતર...

ગોમતી : ઈ બધું ય મટી જશે.

વિઠ્ઠલ : ક્યારે ?

ગોમતી : આ બધા ફોટાઉને ફાડી નાખશો ત્યારે....

વિઠ્ઠલ : તો લો....ત્યારે ! (ફોટાના ચીરા)

પૈસા એકઠા કરે છે. અને મૂળ મકનો મવાલી, તે થઇ બેઠો મકનદાસ શેઠ ! મને તો મુવાનું ડાચું જોવું યે ગમતું નથી. તમે ભોળા કે એને ખોળે લીધો એ વખતે તમારી આંગળીને વળગી વળગીને મોટાઉની ઓળખાણ કરી લીધી ને હવે....

વિઠ્ઠલ : એ તો એમ જ હોય, ગોમી ! (ઉધરસ) મોટાઉને એના જેવા કો'કની જરૂર હતી, અને એને મોટાઉની જરૂર હતી. મેં ઓળખાણ ન કરાવી હોત તો કો'ક બીજો કરાવત...પણ તું એની પાસે જઈ તો આવીને ?

ગોમતી : જઈ આવી.

વિઠ્ઠલ : શું થયું ? (ઉધરસ)

ગોમતી : શું થાય ? હવે ઇ જૂનો મકનો મવાલી ઓછો જ છે કે જયેં બોલાવો તયેં દોડતો આવે ! ઘેર ગઇ તો કહે શેઠ ઑફિસે ગિયા છે ! ઑફિસે ગઈ તો કે' શેઠ દિલ્હીથી મોટા અમલદારો આવ્યા છે એમની હારે ખાનગી વાતુમાં બેઠા છે ! કલાક પછી નીકળશે. કલાક પછી પૂછ્યું તો કે' ઇ તો બંગલે ઊપડી ગિયા, ને વેમાનમાં દિલ્હી જવાના છે, દિલ્હીવાળા એમને કે માન આપવાના છે તે લેવા માટે !

વિઠ્ઠલ : માન ? શેનું માન ? (ઉધરસ) માન શેનું ?

ગોમતી : કોણ જાણે ? એમની, દેશસેવા માટે જ હશે-બીજું શું ? આખરે થાકીપાકી આખા દિ'ની ભૂખી હું નીકળતી'તી એની ઑફિસમાંથી તયેં કો'ક ઊભી રાખી-અને આ ચોપડી મારા હાથમાં મૂકી.

વિઠ્ઠલ : (ચોપડી હાથમાં લઇને) ખૂબ વજનદાર છે, શેની છે ? તને શું કરવા આપી ! શું છે એમાં ?

ગોમતી : મેં પૂછ્યું તો કહે એમાં શેઠની, શેઠ મકનદાસ મોહનદાસ માનસરોવરિયાની જીવનકથા છે ! (સમજાવતાં) સમજ્યા ! જીવનકથા !

વિઠ્ઠલ : (ઉધરસ : પાનાં ઉથલાવતાં) મકનદાસની જીવનકથા ! પ્રકાશક મકનદાસ મોહનદાસ માનસરોવરિયા સન્માનસમારંભ સમિતિ-(વીજળીનો આંચકો લાગ્યો હોય એમ પથારીમાંથી ઊભો થઈને) ગોમી !

ગોમતી : કેમ છળી ગિયા ! ચોપડીમાં બોમ-ગોળો તો નથી ને !

વિઠ્ઠલ : આ જો, ગોમી, આ જો ! આ ચોપડીમાં....પહેલે જ પાને....

ગોમતી : (જોઇને) આ તો તમારો ફોટો છે ! પેલા નાગપુર સત્યાગ્રહવાળો.

વિઠ્ઠલ : એમ છે ત્યારે ! ગમે તેવો, તો ય....

ગોમતી : તો ય શું !

વિઠ્ઠલ : તો....ય મને સંભાર્યો મકનાયે ! આપણો ઉપકાર વીસરી નથી ગયો, મકનો ! ચોપડીમાં પહેલે પાને જ મને બેસાડ્યો છે ! (ઉધરસ) અરે....પણ આ શું ? (વીજળીનો બીજો, પણ પહેલા કરતાં પણ વધારે ભયંકર આંચકો) પછડાટ ખાઇને પથારીમાંથી પડી જાય છે.

ગોમતી : આમ ગાંડા શું કરવા કાઢો છો ? શું થયું વળી ?

વિઠ્ઠલ : કંક ભયંકર ભૂલ થઇ ગઈ છે, ગોમી ! મારી તમામ દોલત લૂંટાઈ ગઇ છે, ગોમી ! (ઉધરસ).

ગોમતી : કંઇ સમજાય એમ બોલો. શું થિયું છે ?

વિઠ્ઠલ : આ ચોપડીમાં છપાયેલ : મારા ફોટા નીચે, મારા ફોટા નીચે, શું લખ્યું છે....'સ્વાતંત્ર્યવીર શ્રી મકનદાસ મોહનદાસ માનસરોવરિયા, સ્વાતંત્ર્યની લડતમાં ગિરફતાર થયા તે પ્રસંગે !'

ગોમતી : એ વખતે તો એ મુવાનો જલમ પણ નહોતો થિયો !

વિઠ્ઠલ : એ તો દુનિયા આખી જાણે છે ! પણ આમ તો એ મારા કરતાં બેચાર વરસે જ નાનો છે. અને ૧૯૩૨માં તો જે દારૂની દુકાન સામે પિકેટિંગ કરતાં આપણે પકડાયેલાં તે દારૂની દુકા-

નમાં જ એ કામ કરતો'તો (ઉધરસ) અને છતાં.... હિંમત જુવો એની ! હિંમત અને નફટાઈ....એ ય (ઉધરસ)' ૧૯૨૪નો મારો ફોટો ૧૯૩૨ના પોતાના ફોટા તરીકે ઠઠાડી દીધો ! (ઉધરસ) જુઠ્ઠો ! લબાડ ! હરામી ! પારકું પોતાનું કરી લેવાની ટેવ પડી ગઈ છે ! એના મનમાં એમ હશે કે દાયકાઓ વીતી ગયા છે ને ફોટો ઝાંખો પડી ગયો છે એટલે બધું બંબેબંબ હાલ્યું જશે....પણ....હું એને ઉઘાડો પાડીશ, ગોમી ! (ઉધરસ) હું એને દેખાડી દઈશ ગોમી ! (ઉધરસ) જિંદગીભર હું સહન કરતો આવ્યો છું, ગોમી, પણ આ વખતે તો....હું એને ભોંય ભારે પડી જાય એવું કરીશ....

ગોમતી : (ટાઢાશથી) શું કરશો તમે ?

વિઠ્ઠલ : હું છાપામાં લેખો લખીશ.

ગોમતી : કોણ છાપશે ? છાપાં બધાં ય એના હાથમાં છે.

વિઠ્ઠલ : તો હું જાહેર રસ્તા વચ્ચે ઊભો રહીને....(ઉધરસ) ભાષણ આપીશ.

ગોમતી : કોણ સાંભળશે તમારું ભાષણ ? અને સાંભળશે કદાચ તો પણ માનશે કોણ ?

વિઠ્ઠલ : હું સાક્ષીઓ લાવીશ, ગોમી ! આ ફોટામાં જેઓ ઊભા છે, જેઓ મારી સાથે સત્યાગ્રહમાં હતા. સૌને ઈન્સાફની અદાલત સામે રજૂ કરીશ...આ જો....આ જયંતી.

ગોમતી : મરી ગયો, પંદર વરસ થઇ ગયાં.

વિઠ્ઠલ : આ કનૈયો ! (ઉધરસ)

ગોમતી : ગાંડો થઈ ગયો ! થાણામાં છે !

વિઠ્ઠલ : આ મકબૂલ મંઢો !

ગોમતી : પાકિસ્તાનની જેલમાં છે, જીવતો હોય તો !

વિઠ્ઠલ : આ ખીમો...

ગોમતી : દસ વરસ પહેલાં તોફાનમાં ગોળીબારમાં ખપી ગયો !

વિઠ્ઠલ : આ હરકાંત....

ગોમતી : એણે જ તો આ ચોપડી લખી છે –એ વેઠિયાઓ, ઈ તો શેઠિયાઉ ચોપડિયું લખાવે ને વેઠિયાં લખે ! આ લ્યો, કહી દઉં છું તમને બધું ય –આ ચોપડી મને આપી છે યે એણે ! હું મકનાની ઑફિસમાંથી નીચે ઊતરી, થાકીપાકી ભૂખીતરસી ઘેર આવવા નીકળતી'તી ત્યે ઇ ભાઈસાહેબ મોટરમાં બેઠવા જતા'તા. મને ભાળીને જાણીબુઝીને ઊભા રહ્યા. "એય ડોસી !" કહીને મને પાંહે બોલાવી અને "આપજે તારા ડોહેલને" કહીને આ ચોપડી મારા હાથમાં આપી.

વિઠ્ઠલ : ને તું કે ન બોલી ? તેં એને કામ ન દીધો ?

ગોમતી : તે વખતે મને આ ફોટાની ખબર નહોતી. પણ એટલી ખબર તો પડી જ ગઈ'તી કે આ દુનિયા હવે કામ દીધે સુધરે એમ નથી.

વિઠ્ઠલ : તો...ય !

ગોમતી : તો ય ? તો...ય શું ? કહી દઉં ? આ દુનિયાને હવે ફરી પાછા "વીર વિઠ્ઠલો" જોઈએ...છે. આઝાદી તો મેળવી, પણ એને જાળવી રાખવા માટે ય બલિદાન આપવું પડશે. આજે ચારેકોર જે દાવાનળ સળગ્યો છે, એને ઠારવા માણસે કુરબાની આપવી પડશે.

વિઠ્ઠલ : હવે તું બોલી, ગોમી ! હું તૈયાર છું, ગોમી, પણ...

ગોમતી : પણ શું ?

વિઠ્ઠલ : પેલું (ઉધરસ) આ ઉધરસ, આ લોહીનું થૂંકાણું...આ કળતર...

ગોમતી : ઈ બધું ય મટી જશે.

વિઠ્ઠલ : ક્યારે ?

ગોમતી : આ બધા ફોટાઉને ફાડી નાખશો ત્યારે....

વિઠ્ઠલ : તો લો....લાવો ! (ફોટાના ચીરા)

મને એમ થાય—

સંકટોની સામે ઘણું લડયા પછી દુર્બળતાની એક છેલ્લી ક્ષણે માણસ હારી જાય તો તેની છેક કાંઠે પહોંચવા આવેલી નૌકા પાછી ડૂબી જાય એવું બને—પણ જીવનદેવતાને એ દુર્બળતા મંજૂર નથી હોતી.

આ વહેતું કાવ્ય માણો, એનાં લેખિકા છે 'નવનીત'ના સંપાદક

કુન્દનિકા કાપડીઆ

મને ઘણી વાર એમ થાય કે મારે જો વૃક્ષ બનવાનું હોય તો હું કયું વૃક્ષ બનું ?

જેની આંખોમાંથી સોનેરી દિવસોની યાદ ઝરી ગઈ છે તેવો ઉદાસ પીપળો બનું ?

કે દીપ્ત યૌવનની શિખાઓથી જેનાં અંગેઅંગ પ્રજ્વળી ઊઠે છે તે ગુલમહોર બનું ?

પણ મને ઘણી વાર એમ થાય—કે હું સરગવો બનું તો ?

ગુલમહોર બનવાનું મારું ગજું નહિ. એટલી બધી શોભા મારી પાસે નથી, અને એવી ભભકથી રુઆબ બતાવવાની મારી પ્રકૃતિ યે નથી. પણ સરગવાને બીજા પર રુઆબ છાંટવાની કાંઈ પડી નથી. એ તો પોતાના સૌંદર્યથી પોતે તુષ્ટ. કશા પ્રસાર વિના, પોતાની હોય તેવડી જગ્યામાં મસ્તીમાં ફોર્યા કરે.

સરગવાનું ફૂલેલ્યું ઝાડ જોઉં ત્યારે મને હંમેશાં શ્વેતવસના તન્વી રાજકુમારી સાંભરે. સરગવાનું થડ, એની ડાળીઓ, પાન, ફૂલ બધું જ નાજુક. સફેદ ફૂલનાં વસ્ત્રો પહોળાં ફરકાવીને એ નાજુક રાજકુમારી મંદમધુર હસ્યા કરે.

પણ સરગવાનાં પાનની વાત કરતાં મને જકરંદ યાદ આવે છે. એનાં પાન તો જાણે વાયુએ વીંઝણો ઢોળવા માટે જ ખાસ બન્યાં હોય એમ લાગે. અને પછી એ પાંદડાંને ઢાંકી દેતાં જાંબલી ફૂલો, વેંગણી ફૂલોના ભારથી ઝાડ નમી કેમ નથી પડતું તેનું આશ્ચર્ય થાય.

પણ પછી વસંતના દિવસો વીતી જાય; અને એક દિવસ એ ફૂલો ખરવા માંડે....

પણ ખરવાનું કામ તો પારિજાતનું. પારિજાતનું ફૂલ એટલે અતિ પ્રિયજનનો અતિ કોમળ સ્પર્શ ! એની મહેક એ પ્રિયના શબ્દો ! રાતે સ્વપ્નને આલિંગતા એ શબ્દો ઝરી ઝરી જાય છે. કાનમાં કહે છે—જુઓ, સુંદરને જુઓ.

પણ મને શું અમલતાસ બનવું જ સૌથી વધુ ન ગમે ? લોકો કહે છે કે પીળો રંગ પકવ અવસ્થાનો રંગ છે. પણ અમલતાસનાં પીળાં ફૂલને જોઈને મને થાય છે કે લીલો રંગ જ્યારે એના શિશુકાળમાં હશે ત્યારે પીળા રંગનો હશે. પીળો રંગ એટલો તો સુકુમાર-જાણે વરસાદથી ધોવાયેલાં સાંજનાં સૂર્ય-કિરણો. પીળાં અમલતાસની જોડાજોડ અગન જેવાં ગુલમહોર ઊભાં હોય, ત્યારે ગુલમહોરનો નાનો ભાઈ શંખેશ્વર યાદ આવે. આંગણે ઊભેલો સલજ્જ સોહામણો છોડ. દરવાજાની એક બાજુ પીળા રંગનો, એક બાજુ કેસરી રંગનો. બગાળીમાં પીળા શંખેશ્વરને કૃષ્ણચુડા કહે, કેસરીને રાધાચુડા. પીત કૃષ્ણ અને અરુણ રાધા. એનું મિલન જોવા માટે, વહેલી સવારે, હજુ બીજું કોઈ ન ઊઠ્યું હોય અને માત્ર આકાશમાં પ્રભાતનું મૌન જાગ્યું હોય ત્યારે નજર માંડવી જોઈએ.

કે પછી મને દેવદારનું વૃક્ષ બનવાનું મન ? સોય જેવાં પાન. જરા અમથો વાયરો વાય કે સરસર થઈ ઊઠે. પણ દેવદાર તો જંગી. સો ફૂટ ઊંચું એનું શિખર નિરંતર આકાશ ભણી જોયા કરે. એની વિશાળ કાયામાં વાયુની કેટકેટલી વાતો ભંડારેલી હોય !

પણ દેવદાર કરતાં મેહોગની ઘણું વધારે સોહામણું. આટલું જબરું વૃક્ષ, પણ કેટલું સુરેખ ! લીમડાનાં પાન જેવાં એનાં પાન, પણ કરકરિયાળાં નહિ. મેહોગનીનું તો થડ પણ સુંદર.

મેં જુદાં જુદાં ઘણાં થડ જોયાં છે. જંગલી બદામનું થડ મોટી સેનાના સેનાપતિ જેવું, અક્કડ ને ક્યાંય ઊંચું. ઝરૂલના થડને જાણે પાંડુરોગ લાગુ પડયો હોય એમ લાગે. આંબાનું સદાયે જીર્ણ. અશ્વત્થનું ગ્રેવિટીના નિયમનું બરોબર પાલન કરતું હોય તેમ પગને કેટલી ય દિશામાં ફેલાવીને, ધરતી પર બધું વજન મૂકીને ઊભું રહે.

રોયલ પામના રિનગ્ધ થડ પર હાથ ફેરવવાનું મન થાય. કદલીસ્થંભની યાદ આવે. પણ મેહોગનીની વાત જુદી. પોતાની આટલી વિશાળ કાયા ક્યાંક ધરતી પર બોજ ન બની જાય એની એને કેવડી ચિંતા?

ઘણાં વર્ષો પહેલાં ભર બપોરે જ્યારે લોકો ઘરમાં સૂતા હતા, રસ્તા નિર્જન હતા અને એકાકી આકાશમાં સૂરજ તપતો હતો ત્યારે સૂના બંગલાના વિશાળ કમ્પાઉન્ડને એક ખૂણે એક વાર મેં સફેદ ચંપાના વૃક્ષની ડાળ પર બેસીને એક પરીની વાત સાંભળી હતી. તે મને કેટલીયે વાર યાદ આવે છે. જીવનના આનંદનો પરિચય થતાં પહેલાં જેને જીવનના હર ક્ષણે થતા મૃત્યુનો પરિચય થયો હતો તે મારી વહાલી મોટી બહેને મને ત્યાં બેસીને એક બહુ જ જૂની વાર્તા કહી હતી. મારી બહેન મને બહુ જ વહાલી હતી. તે સદાય હસતી રહેતી. પણ તેની આંખોમાં એક ઊંડી ઉદાસી હતી અને એનું કારણ હું જાણતી નહોતી. મેં તેને કદી એનું કારણ પૂછ્યું નહોતું. મને ડર હતો કે હું કારણ પૂછીશ તો કદાચ એ વધુ ઉદાસ બની જશે. એને જોઈને મને હંમેશાં મૃત્યુ પામેલાં સ્વપ્નો યાદ આવતાં, જે વસંતનાં ફૂલની જેમ બાગમાં ખીલ્યાં હતાં અને પાનખર આવતાં પહેલાં ઝરી ગયાં હતાં.

એણે મને એક પરીની વાત કહી હતી, જે એક સાચા મોતીની શોધમાં હતી. એ માટે એણે કેટલું ભ્રમણ કર્યું, કેટલા સાગરનાં ઊંડાણ ખોળ્યાં, કેટલા દિવસોનો તાપ અને રાતની કારમી નિર્જનતાઓ વેઠી, ખોટાં મોતીઓને પકડી પકડીને એના હાથમાં કેટલા ફોલ્લા પડ્યા, એની એક લાંબી વાત હતી. છેક છેલ્લે, ઘણાં વર્ષોને અંતે છેવટ એ નીલ સમુદ્રને કાંઠે પહોંચી અને ત્યાં તેને સાચું મોતી મળ્યું ય ખરું. પણ તે એટલી થાકી ગઈ હતી, આટલાં વર્ષોની નિષ્ફળ શોધથી તે એટલી ઘવાઈ હતી અને તેના ઘાવમાંથી એટલું બધું લોહી વહી ગયું હતું કે એ મોતી તેના હાથમાં આવ્યું તે પળે જ તે બેહોશ થઈને ઢળી પડી અને મોતી તેના હાથમાંથી સરકીને પાછું અતલ ઊંડાણમાં ચાલ્યું ગયું. તેની આ વ્યર્થતાથી નારાજ થઈને જીવનદેવતાએ તેને શાપ આપેલો કે હવેના જન્મમાં તે રણમાં એક ઠૂંઠું વૃક્ષ બનીને ઊગશે, તેને પાન નહિ ફૂટે, ફૂલ નહિ આવે અને તે છાયા નહિ પાથરી શકે. ફળહીના, તૃપ્તિરહિત જિંદગીમાં તે સૂનું સૂનું જીવશે ને એકલવાયું મૃત્યુ પામશે.

મારી વહાલી બહેને કહેલી, એક થાકી ગયેલી પરીની આ દુઃખની કથા મને હંમેશાં યાદ આવે છે. હું વૃક્ષોને જોઉં છું, ઘેરાં લીલાં પાનમાં લાલ ફૂલ વડે ઝબક ઝબક હસતું સ્પેથોડિયા થવાનું મને મન થાય છે, પ્લમ વૃક્ષોની સફેદ ફૂલની અપાર્થિવ શોભા બનવાનું મને મન થાય છે.

બધાં જ વૃક્ષો જ્યારે ફૂલહીન હોય, સારે લાલ–કેસરી રંગનો મુગટ માથે પહેરી જે ઠંડી ઋતુના શણગાર સજે છે, તે કોલવિલ્લિયાનું વૃક્ષ બનવાનું મને મન થાય છે; પણ પછી મને, ઘણી શોધ અને સંકટો પછી થયેલી જીવનની સર્વશ્રેષ્ઠ પ્રાપ્તિને દુર્બળ હાથમાંથી જેણે સરકી જવા દીધી હતી તે પરીની વાત યાદ આવે છે; અને મને એમ થાય છે–હું કોઈક રણમાં પત્રરહિત, પુષ્પરહિત, ફળરહિત, છાયારહિત વૃક્ષ બનું, જેથી, જે રસાર્દ્ર હૃદયને તકલીફો સામે અંતિમ ઘડી સુધી લડી ન શકવા માટે સૂકું ઠૂંઠું બનવાનો શાપ મળ્યો હતો, એને એમ થાય કે એ એકાકી નથી, આ સૂના રણવિસ્તારમાં કોઈક એનું સાથી છે, જેને એના દુઃખનું દુઃખ છે.

ફૂલથી ભરેલાં સુંદર વૃક્ષો બનવાનું મને મન; પણ મને રસહીન રણપ્રદેશમાં શુષ્ક થડ બનવાનું જ વધારે મન.

ચાંદરણાં ચોકમાં

ચીતરાયાં ચાંદરણાં ચોકમાં !
પરુંપરું ચંચલ તું ન્યાળે, કો રૂપનો ઊતર્યો વળાંક તારી ડોકમાં !
ચીતરાયાં ચાંદરણાં ચોકમાં !

પાછળ છે સ્મરણોની લહેર લહેર
ઊછળતો રંગનો કો સાગર સોહામણો !
આગળ છે સપનાની મહેક મહેક
મહોરતો વન વનનો મારગ લોભામણો !
ઊડતી બે આંખ તારી પરીઓ જગાડે, જાણે ભમતી કો આનંદના લોકમાં !
ચીતરાયાં ચાંદરણાં ચોકમાં !

વેલા વીંટાઈ વળે વહાલે હો ઝાંઝરમાં,
પગલી તું કેમ કરી માંડે ?
પાલવ લહેરાય, તને ખેંચે હો ખેંચે,
તું હેત એનું કેમ કરી છાંડે ?
અહીંથી ને તહીંથી તને મનમોહક વીંટે છે સળવળતા આકારો કોકના !
ચીતરાયાં ચાંદરણાં ચોકમાં !

ચન્દ્રકાન્ત ટોપીવાલા

દિમાગમાં

જોયા કરો છો શું ભલા, આ દિલના દાગમાં.
ફૂલો બધાં સફેદ નથી કોઈ બાગમાં !
પોતાની શોધમાં એ પધાર્યાં છે આંગણે,
જેની છવિ છુપાઈ છે મારા દિમાગમાં !
કળીઓ ઝૂકી ઝૂકીને ભરે છે મને સલામ,
હાજર નથી થયો, હું પધાર્યો છું ફાગમાં !
લૂંટી જનાર લૂંટી ગયા આપની મતા,
બાકી રહી છે દિલની દુઆ મારા ભાગમાં.
મારી વિરુદ્ધ વાત કરે છે એ ફૂલને
ભોળાંને શી ખબર કે વસું છું પરાગમાં !
એને ગમ્યું તો એમનાથી દૂર હું રહ્યો
ઊંડો હતો એ રાગ, ખપ્યો જે વિરાગમાં !
બન્ને દશામાં દૂર રહ્યાં, એ સુમન–મના
પોતું છું બાગમાં, અને જાગું છું આગમાં.
એણે 'જટિલ'ની શોધ કરી વિશ્વભર મહીં,
જેકે નિવાસ મેં તો કર્યો'તો સુહાગમાં.

જટિલ

ક્રોધનો દેડકો

મોંમાં
સૂનકારનું રસાયન
હલાવી હલાવી
હવાને તે પીવા નિમંત્રણ આપતો હતો,
ત્યારે
અપરાધના ગૂંચવાયેલાં રસ્તા,
મારું
મૌનનું જીવડું
ઉકેલવા મથતું હતું,
અને
ભાવિને ભૂલી જનારો હું
તે રસ્તાઓની પીઠ કોચવાનું
ખોટું સાહસ કરી બેઠો હતો....
પણ
ભાવિને ભૂલી જનારો હું
ચોટલું તો સમજ્યો હતો કે,
અપરાધ = છૂપું (રૂપ + મૌન)

મધુ કોઠારી

ઝળહળી ગઈ

આશાના એક કિરણની ઝલક જ્યાં મળી ગઈ,
અંધારી મુજ જીવનની દિશા ઝળહળી ગઈ.
કહેશે એ બાગેબાગમાં એકેક ફૂલને,
જે વાત આપણી આ હવા સાંભળી ગઈ.
અકળાઈ ગઈ જે બંધ કળીના તુરંગમાં,
છટકી જઈને ખુશ્બૂ હવામાં ભળી ગઈ.
મદિરાલયે તમારા હતી તો સુરા અખૂટ,
એક જામ કાજે તો ય તૃષા ટળવળી ગઈ.
આવી'તી શૂન્યમાંથી તને પામવા જગે,
એ જિંદગી અનંતમાં જઈને ઢળી ગઈ.
ઉપવનને સિંચવાનો સમય ના મળ્યો મને,
'સાકિન' ! વસંત આવીને પંથે પળી ગઈ.

'સાકિન' કેશવાણી

નથી મળતો

જગતમાં કોઈને મારા સમો વૈભવ નથી મળતો,
મળ્યો છે મારા દિલને એવો કો'ને દ્રવ નથી મળતો.

જગતમાં આજ માનવતાનું બસ એક નામ બાકી છે,
હકીકતમાં મને તો એક પણ માનવ નથી મળતો.

કરું છું એમ તો સૌની કદર સજ્જન ગણી લઈને,
મને દુર્જનનો કૈં પણ જ્યાં સુધી અનુભવ નથી મળતો.

આ દુનિયા એટલી રાખે છે જાણે સ્વચ્છતા આજે,
કમળને ખીલવા માટે હવે કાદવ નથી મળતો!

અમારી પણ નિરાધારી ભલા કઈ હદ સુધી પ્હોંચી,
ટપકતાં આંસુઓ માટે જુઓ પાલવ નથી મળતો!

વસું છું વસ્તીમાં તો યે બધું વેરાન લાગે છે,
કે મારા દ્વાર પર કો'નો કદી પદરવ નથી મળતો!

કરી લેજે બધા અરમાન પૂરા કોઈ પણ ભોગે,
કહે છે માનવી કેરો ફરીથી ભવ નથી મળતો.

તમારો જીવ મૂંઝાઈ જશે આ શાંતિમાં નક્કી,
સવારે પંખીનો પણ જ્યાં કદી કલરવ નથી મળતો!

ચમકતાં અશ્રુઓથી જિંદગી શણગારી લઉં છું હું,
જીવનમાં એમ તો બીજો મને ઉત્સવ નથી મળતો!

જીગરની વેદનાઓનું હજી પણ ભાન છે 'મુકબિલ!'
જીવનભર કેફ ના ઊતરે એવો આસવ નથી મળતો!

મુકબિલ કુરેશી

લાભશંકર રાવળ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના એક રસસિદ્ધ કવિ પ્રેમાનંદની રચનાઓનો અભ્યાસ વિદ્વાનોએ સારી રીતે કર્યો છે. વિદ્વાનોની આ અભ્યાસનિષ્કર્ષોમાંથી પ્રેમાનંદીય કૃતિઓના રસમર્મો પર સારો એવો પ્રકાશ પડયો છે. પરન્તુ પ્રેમાનંદનો સમગ્ર રીતે અભ્યાસ કરીને, તેના પ્રદાનનું પુનર્મૂલ્યાંકન કરવાનો સમય હવે પાકી ગયો હોય એવું લાગે છે.

એવું કરવાની આ લેખના લેખકની ઈચ્છા છે પણ ખરી. એના યત્કિંચિત ફળ રૂપે યા શરૂઆત લેખે અહીં બેએક મુદ્દાઓ પરની ઈષ્ટ વિચારણા રજૂ કરવાનું મન છે.

૧ : 'નળાખ્યાન'નું રહસ્ય

સાહિત્યની કળા અમરતી ય સૂચક કલા રહી છે. શ્રી ગોવર્ધનરામે મહાભારતમાં રૂપક જોઇને સરસ્વતીચન્દ્રમાં એ રૂપકનું અર્થઘટન વિસ્તારથી કર્યું છે. સીતા એટલે ચાસ એ અર્થ ઉપજ્યો રામાયણમાં પણ રૂપક જોવા વિદ્વાનો લલચાયા છે. કોઈ પણ વિશિષ્ટ યુગની કૃતિને આપણા યુગના સંદર્ભમાં જોવા બેસીએ ત્યારે સાહિત્યની સૂચનકલા અને ભાષાની અર્થવ્યંજકતાને આધારે અર્વાચીન ભાવનાને અનુકૂળ અર્થો એ કૃતિમાંથી નિષ્પન્ન અવશ્ય કરી શકાય, વિચારવાનું માત્ર એટલું જ કે એ નૂતન અર્થઘટનનું ઔચિત્ય કેટલું ?

શ્રી રા. વિ. પાઠકે પ્રેમાનંદના 'નળાખ્યાન'માં દામ્પત્યનું રહસ્ય જોયું છે. એ રહસ્ય તારવવાનો એમનો પ્રયાસ અને એ પ્રયાસ પાછળ ડોકાતી એમની અભ્યાસનિષ્ઠા અવશ્ય માનાર્હ છે. અને એક રીતે જોતાં 'નળાખ્યાન'માં, શ્રી પાઠકની આંખે જોઇએ તો, દામ્પત્યનું રહસ્ય દીવા જેવું સ્પષ્ટ દેખાય પણ ખરું.

પરન્તુ આપણે મહાભારતના નળોપાખ્યાનની વાત નથી કરતા, આપણે તપાસીએ છીએ તે તો પ્રેમાનંદના એક સ્વતંત્ર આખ્યાન 'નળાખ્યાન'ની કથા...અને તે પણ મધ્યકાલીન સાહિત્યસમાજના સંદર્ભમાં.

પ્રેમાનંદની કોઈ પણ આખ્યાનકૃતિ—મામેરું, દશમસ્કંધ, ચન્દ્રહાસાખ્યાન આદિમાં પ્રેમાનંદે સભાન પણે કોઈ રહસ્ય ગૂથ્યું હોય એવી ગંધ નથી આવતી. કથા કહી જપી, શ્રોતાઓની સંસ્કારદીપિકાને પ્રોજ્જ્વળ રાખવી, યથાશક્તિમતિ એ જનસમાજને આનંદ આપવો એ જ પ્રેમાનંદની તમામ રચનાઓનું સર્જનરહસ્ય છે. એ જોતાં 'નળાખ્યાન'માં દામ્પત્યનું રહસ્ય જોતાં વિચારવું પડે.

મધ્યકાલીન જનસમાજમાં દામ્પત્યની ભાવના ન હતી એવું તો કોઈ ગુજરાતી કહી ન શકે...દામ્પત્ય-જીવનની સોડમ એકંદરે મધ્યકાલીન પ્રજાનો એવો સહજ શ્વાસોચ્છ્વાસ થઈ ગઈ હતી કે એ તરફ જોવાનું એ કાળના સર્જકોનું વલણ હોય એ વાત પ્રતીતિકર જ નથી લાગતી. હા, એ કાળમાં કુટુમ્બ-જીવનની કાળી બાજુઓ પણ હતી, જેનો સુભગ આવિષ્કાર લોકસાહિત્યમાં થયેલો જોવા મળે છે...

એમ તો વલ્લભના ગરબામાં (કલિકાળનો ગરબો) ય એના અનુસાર વરતાય છે.

ભયંકર ચાબખા વીંઝનારો આખો ય દામ્પત્યજીવન પર આંખ નથી માંડતો એ હકીકત પણ એકંદરે મધ્યકાલીન દામ્પત્યની સ્થિરતા ને સ્વસ્થતા સૂચવે છે. અર્વાચીન યુગમાં પશ્ચિમી સંસ્કૃતિના પવને આપણા કુટુંબજીવનમાં, દામ્પત્યમાં ઝાપટાં પાડ્યાં એટલે પ્રસન્ન દામ્પત્ય પીખાયું ને એ જીવનનો સહજ શ્વાસોચ્છ્વાસ મટ્યું...પ્રસન્ન દામ્પત્ય એક આદર્શનો વિષય બન્યું. આને પરિણામે હોય કે, પછી પોતાના પ્રસન્ન દામ્પત્યની એક અસર હોય તેથી કદાચ શ્રી પાઠક સાહેબે 'નળાખ્યાન'માં દામ્પત્ય રહસ્ય જોયું હોય !

'નળાખ્યાન'નો પ્રારંભ પણ આ કથામાં આખ્યાનકાર દામ્પત્યનું રહસ્ય ગૂંથવા મથ્યો છે એ વાતની સ્પષ્ટ ના પાડી દે છે. યુધિષ્ઠિરના દુઃખને હળવું કરવા, એક સમાશ્વાસન રૂપે એમના જેવા સમદુઃખિયાની આ વીતકકથા છે એવું પ્રેમાનંદે પ્રારંભમાં જ કહ્યું છે–જો કે એમ કહ્યા પછી પણ એણે જે વીતકો ગાયાં છે તે નળનાં નથી એટલા દમયંતીનાં છે–ગમે તેમ, પણ એ વીતકકથા છે.

અનુરાગ થવો ને મિલન થવું એ પ્રણયની ભૂમિકાઓ હશે, દામ્પત્યની નથી. નળ–દમયંતીના અનુરાગને, અનુનયને આખ્યાનકારે વિલાસથી, વિસ્તારથી વર્ણવ્યા છે. એમના દામ્પત્યજીવનમાં ડોકિયું કરવાનો અવસર આખ્યાનકારે ક્યાંય ઊભો જ નથી કર્યો...પરિણય પછી ટૂંક સમયમાં કથા મહેલમાંથી કાનનમાં રવાના થાય છે ત્યારે કવિનું ધ્યાન કલિનાં કરતૂતો તરફ જ સતત કેન્દ્રિત રહે છે...અને દમયંતીનાં વીતકો શરૂ થાય છે...એમાં સતીનું સત સરાણે ચઢીને ઓઘું શોભી ઊઠે છે. પતિને પુનઃ પ્રાપ્ત કરવાની દમયંતીની એષણા અને પ્રવૃત્તિઓ એક સતી નારીને શોભે એવી છે. બાહુકવેશી નળના વિચિત્ર વર્તન દ્વારા દમયંતીની જીવનપરીક્ષા અવશ્ય થઈ છે, પરન્તુ પુનર્મિલન થતાં કથા પણ પૂરી થાય છે.. નળ–દમયંતીના સહજીવનની કોઈ સુભગ–દુર્ભગ છટા પ્રગટાવવા તરફ આખ્યાનકારની દૃષ્ટિ જ નથી લાગતી.

નળ અને દમયંતીના એકાન્તજીવનનો કોઈ પ્રૌઢ, માર્મિક કે પ્રસન્ન પ્રસંગ કથામાં ક્યાંય આવતો નથી. પ્રણયકથા, વીતકકથા ને પછી મિલનકથા આમ ત્રણ ઉચિત વિભાગોમાં કથા સરસ રીતે વહેંચાઇ રહેલી જોઈ શકાય છે. એમાંથી જે સુગંધ ઊઠે છે તે દમયંતીના તપોપૂત સતની છે, નળ દમયંતીના પરિણિત સહજીવનની નહિ. અને દામ્પત્યમાં તો જાયા-ચ પતિ બન્નેનો સહયોગ હોય છે. પુરુષ પક્ષે પણ જવાબદારી છે. તાણો ને વાણો બન્ને સુઘડ ન હોય તો પોત સારું બનતું નથી. આ કથાને જો દામ્પત્યકથા કહીએ તો એને one way trafic માનવો પડે ! જાયા ચ પતિમાંથી પતિની બાદબાકી કરવી પડે. લૌકિક વ્યુત્પત્તિનો આશ્રય લઇએ તો 'દમ્પતિ'માં દમ પતિનો નહિ, અહીં તો પત્નીનો નીકળ્યો છે !

જો કે બાહુકવેશે રહેવું પડે, નરશાર્દૂલને નોકરી કરવી પડે એ વીતક નળપક્ષે પણ નાનુંસૂનું ન ગણાય.

કથાનું વસ્તુ, પ્રારંભમાં પ્રેમાનંદે કરેલું સૂચન–કથાનું પ્રયોજન, મધ્યકાલીન જમાનો, પ્રેમાનંદનાં અન્ય સર્જનો પાછળના આશય આદિને ધ્યાનમાં લઇએ તો આ કથામાંથી દામ્પત્યનું રહસ્ય કાઢવું સહેલું નહિ લાગે.

ગુર્જરીસપૂત પ્રેમાનંદ

તો પાઠક સાહેબને આમ કેમ લાગ્યું ? હાસ્યરસની સમીક્ષા કરતાં બાહુકવેશી નળ સાથેનું દમયંતીનું મિલન, એ મિલનમાં પ્રગટતું દમયંતીનું ઔદાર્ય અને આલિંગનત્વ, સાહીઓની વ્યંગોક્તિઓ વચ્ચે પણ અચળ રહેતી દમયંતીની પતિનિષ્ઠા ને બાહુકનું પાઠક સાહેબ માફ ન કરી શકે એવું વર્તન...આદિ જોતાં એમને દામ્પત્યની રહસ્યઝાંખી થઇ.

નાગર નરસિંહ

પાઠક સાહેબે કથાને છેડેથી જોઈ, સમગ્ર રીતે નિહાળી નહિ. અને જે જમાનાની એ કૃતિ છે એ જમાનાનો સંદર્ભ તો તેઓ વિસરી જ ગયા !

એક બીજી વાત. માની લઇએ કે પાઠક સાહેબ કહે છે તેમ નળકથા તે દામ્પત્યકથા છે, તો એમ કરવાથી આ કથાની ઇયત્તામાં કાંઈ વધારો થાય ? 'હા'માં ઉત્તર આપવો મુશ્કેલ છે. પાઠક સાહેબનો મત ન સ્વીકારીએ તો આ કથાની રસવત્તાને કશી આંચ નથી આવતી એમ તો કહી જ શકાય. એટલે શ્રી પાઠકે આ કથામાં જોયું છે એવું રહસ્ય જોઇએ કે ન જોઇએ, 'નળાખ્યાન' એટલી જ આસ્વાદ્ય કૃતિ રહે છે.

ઉત્તમ કૃતિઓમાં અનેક અર્થોની સંભાવના પડી હોય છે. પાઠક સાહેબને દામ્પત્યની ભાવના દેખાણી, સંભવ છે કે બીજા રસજ્ઞને બીજું જ રહસ્ય દેખાય. આનાથી ફલિત થાય છે તે તો એ જ કે પ્રેમાનંદની આ કૃતિ કાલાન્તરે પણ કોઈ ને કોઇ સત્ય આથવા રહસ્ય પ્રગટ કરી શકે એટલી સમૃદ્ધ તો છે જ.

•

પ્રેમાનંદનું હાસ્ય

શૃંગારનું લલિત–મૃદુ સ્વરૂપ ખડું કરીને કાલિદાસ જીવી ગયો. રસોમાં જેને પરમ ઉદાત્ત ને ગંભીર માન્યો છે તે કરુણનું અવલંબન લઇને જગતસાહિત્ય-સ્વામીઓએ જનમાનસને સંતૃપ્ત રાખ્યા કર્યું છે.

જીવનની જે અગાધ સરિતા, તેના કિનારા બે–હાસ્ય અને કરુણ, શૃંગાર આદિ તો એ નદીના ચંચળ પ્રવાહના તિરોતો, છુટ્ટાછવાડે. કરુણા અને કરુણતાથી હાસ્યરસ જો લીનો થયો ન હોત તો એણે જીવનની વિડંબના કરી હોત, હાસ્યનું અવલંબન ન હોત તો કરુણ અસહ્ય થઈ પડયો હોત ! હસવું એ જીવનની એક સિદ્ધિ છે, હસાવવું એ પરમ સિદ્ધિ છે. અખા–ભોજાએ મધ્યકાલીન પ્રજાને હસાવી છે, પણ એમના હાસ્યમાં કરડાકી છે. નિર્દંભ, નિખાલસ ને વીર્યવંત હાસ્ય સમગ્ર મધ્યકાળમાં પ્રેમાનંદ જેટલું કોઈ ઇયત્તામાં આપી શક્યું નથી ! શ્રી. રા. વિ. પાઠકે તારવ્યું છે તેમ એની ઊંચામાં ઊંચી કૃતિમાં એનું હાસ્ય ઊંચામાં ઊંચું બની શક્યું છે..

પ્રેમાનંદના હાસ્યનાં ઉપાદાનો છે–કઢંગી પરિસ્થિતિઓ, વિચિત્ર વેશભૂષા, વિલક્ષણ જીવનની વિચિત્રતાઓ...અને સાચું ઉપાદાન તો છે માનવસ્વભાવની અન્તરંગી લીલાઓ...પોતાનું અહમ્, અન્યને હલકા પાડવાની વૃત્તિ, સ્વાર્થપરાયણતા, લેલુપતા આદિ માનવસ્વભાવની અવળચંડાઇ–અન્યને માટે ઉપહાસપાત્ર બને છે.

માનવજીવનની આ ઉપહસનીય લીલાઓનો પ્રેમાનંદ અનાસક્ત દ્રષ્ટા છે. એનું દ્રષ્ટાપણું હાસ્યને અદ્ભુત રીતે પકડી આપે છે, તો એની અનાસક્તિ હાસ્યને સાર્વજનિક કરી મૂકે છે. અને હાસ્યપાત્રને પણ હસાવે છે. કલાકાર પ્રેમાનંદની આ લાક્ષણિક સિદ્ધિ છે.

પ્રેમાનંદના હાસ્યના ઉપાદાનની આ વિશિષ્ટતા ઉપરાંત એક બીજું ગંભીર તત્ત્વ પણ એના હાસ્ય-નિરૂપણમાં છે, અને તે એ કે પ્રેમાનંદ જીવનની ગંભીરતાને ઓળખે છે જીવનના આ ગાંભીર્ય સાથે અડપલું કરતી માનવ ચેષ્ટાઓ, જીવનની તપોપૂત આદર્શમયતા સાથે ટીખળ કરતી માનવની છીછરી આછકલાઈ પ્રેમાનંદ સહન કરી શકતો નથી. એટલે પેલા ગાંભીર્યને ધ્યાનમાં રાખી એ હસવા, હસાવવા મથે છે. 'મામેરું'માં નરસિંહ સામે નાગરો, 'સુદામા-ચરિત'માં સુદામા સામે દ્વારકાની પૌરાંગનાઓને મૂકીને પ્રેમાનંદે આ ગાંભીર્ય જાળવ્યું છે. આ પ્રેમાનંદની એક અનુપમ સિદ્ધિ છે. અને સૌથી મોટી વાત એ છે કે પ્રેમાનંદનું હાસ્ય કેવળ જીવનભીનું નથી, કરુણા-ભીનું પણ છે. એના ખડખડાટ હાસ્યમાં પણ કરુણ-

પ્રયત્નોમાં પ્રેમાનંદે હાસ્ય ભર્યું છે. આખા કાવ્યના વ્યંગ્ય સાથે કશો સંબંધ નહિ ધરાવતા પણ પ્રસંગમાં પૂરૂં ઔચિત્ય જાળવતો આ હાસ્યરસ કુંભકર્ણની વિલક્ષણ બન્નના પાસે એની પત્નીની સુકુમારના ઊભી કરીને કેવું મુલાયમ ચિત્ર ખડું કરી જાય છે!

ઓખાહરણમાં, અભિમન્યુઆખ્યાનમાં, ચન્દ્રહાસ-આખ્યાનમાં—બધે જ પ્રેમાનંદે હોઠ તો હલાવ્યા છે, પણ એના હૈયાએ મોકળાશ અનુભવી નથી. શ્રી પાઠક કહે છે તેમ આખા કાવ્યના વ્યંગ્ય સાથે માર્મિક સંબંધ રાખનો, આખા કાવ્યમાં ઓતપ્રોત હોય એવો હાસ્યરસ એનાં ત્રણ ઉત્તમ કાવ્યોમાં છે.

'સુદામાચરિત'માં "અલ્પજીવ" સુદામા ને "ભગવાન" કૃષ્ણ વચ્ચેના વિરોધમાં ય હાસ્ય ભર્યું છે. ક્યાં કૃષ્ણ ને ક્યાં સુદામો! ક્યાં રાજભોજ ને ક્યાં ગાંગો તેલી! સુદામાની દયદયાભરી સેવા કરાવીને અને ખાનગીમાં બધું ય આપીને પણ જાહેરમાં ખાલી હાથ જોડીને ઊભા રહેલા કૃષ્ણે ભક્તની કેવી મમતાળુ કેડી ઉડાવી છે! મોટે ઉપાડે આવેલો સુદામો ખાલી તૂંબડે પાછો ફર્યો, ભગવાનને મનોમન 'પોંખવા' સુધી ગયો ને અંતે તત્ત્વજ્ઞાનનું પૂંછડું ઝાલીને સ્વસ્થ થઇ રહ્યો. સુદામાના આ ભાવવિવર્તો હસાવે એવા છે. સુદામાની સવારી દ્વારકામાં આવતાં દ્વારકાની સ્ત્રીઓ જે ચાળખા વીંઝે છે એ સામાજિક હાસ્યનો સરસ નમૂનો છે. આ પ્રકારની ઉક્તિઓ આજે ય કોઇ પણ નગરની ગલિઓમાં સાંભળવી દુર્લભ નથી. પ્રેમાનંદે આમ વ્યક્તિનિષ્ઠ અને સમષ્ટિનિષ્ઠ બન્ને હાસ્ય આપ્યાં છે શ્રી પાઠકે સાચું જ કહ્યું છે. "સુદામાચરિતનો હાસ્યરસ જીવના સ્વરૂપની વિલક્ષણતા, તેની શક્તિ ને સીમા, મહત્તા ને લઘુતા, શ્રદ્ધા અને શંકા, બુદ્ધિ ને વ્યામોહ, જીવ અને ઇશ્વરના સંબંધની વિચિત્રતા—એ સર્વ કોયડાને વ્યક્ત કરે છે!" સનાતન સત્યના સત્યને પ્રેમાનંદે રગિડતાથી-ને હસતાં હસતાં નિરૂપ્યું છે.

'નળાખ્યાન'માં પ્રેમાનંદના હાસ્યે મોટે ભાગે ખખડવાનું પસંદ કર્યું છે. 'પર થઈ બેઠા પ્રાણી માત્ર'માં પ્રેમાનંદનો હાસ્યરસ રાજાઓ અને દેવોના મૂછનાં પાણી માપી આવ્યો છે! અને ભરી સભામાં બોલી ઊઠ્યો છે કે "અલ્યા એ ય ખાટલાદિવાઓ! કન્યા તો નળની રાહ જુએ છે!"

આમ તો 'નળાખ્યાન'ના પ્રારંભમાં યુધિષ્ઠિરના દુઃખ વૃત્તાન્તમાંય પ્રેમાનંદે તો હસવા જ માંડ્યું હતું. અને બાકી રહ્યું હતું તે "હું સરખો કો દુઃખી" એ યુધિષ્ઠિરના પ્રશ્નના સમાધાનમાં નારદે કહેલા માઠેલી વાર્તામાં ક્યાંય સુધી વર્ણન તો નળની જાહોજલાલીનું જ આવ્યું અને યુધિષ્ઠિરના દુઃખનો પ્રાસ ક્યાંય મળ્યો જ નહિ એ પણ એક કેડી જ ને! (નારદને ય "કેડી"ના કેકદાર ગણવા જોઇએ.)

ઘરમાં રૂપાળી બૈરી હોવા છતાં ય ઋતુપર્ણની પરણવાના ચસકા થાય (જેમ નાગરાણીઓને પટોળું પહેરવાના) ને બાહુકનાં બધાં ય અપલક્ષણો નિહાળવા પડે, હડી કઢીને હળિયું જીતવા જતાં ઋતુપર્ણ મોંઢું વકાસી રહે ને બાહુક દમયંતીના હાથનો કંસાર જમવા બેસી જાય....એ સ્થિતિ વિષયલંપટ પુરૂષની ક્રૂર મશ્કરી જ ને! તો પોતાની પત્નીને પરણવા જનારનો રથ હાંકવો પડે, પોતાનાં છોકરાં જોઇને એકાંતમાં રોવું પડે, દેવો જેની ઈર્ષા કરતા તે નળને માછલાં ખાતર દમયંતીને છોડવી પડે, નળના પૌરુષની આ ઓઇલી મજાક છે?

ને "માંઝા વિજયનાં ચિહ્ન"માં કોઇ વાંક દેખો માણસ સતીત્વના આદર્શની અતિશયતાની કેડી જોઇ બેસે તો એને ના કહેવાશે? પ્રેમાનંદ દમયંતીની બે ભાભીનાં મુખમાં બોલ્યો છે પણ ખરો.

અને પેલા ઋતુપર્ણનાં ટાયડાં ઘોડાં નરસિંહની વેલ્યના બળદિયાનો જાણે પૂર્વાવતાર! ઘોડા-બળદિયાને પણ પ્રેમાનંદે મૂક્યા નથી—ના, એ પશુ દ્વારા માનવપશુઓને એણે હાસ્યપાત્ર કરી મૂક્યાં છે. 'નળાખ્યાન'માં દ્વારપ્રસ્તરહાસ્ય જોવા ગયેલા શ્રી પાઠક સાહેબ, પ્રેમની વિડંબના જ હાસ્યાસ્પદ છે એનું ભોળી ભાળ્યા છે. ઘોડા, બળદિયા તો ઠીક, દાનવો, માનવો, દેવો, રાજાઓ, નરપુંગવો, સતીઓ આ સૌ મોટા માણસોની નાની વાતો પ્રેમાનંદ કલાકારની કુશળતાથી ચોરી આવ્યો છે.

'નળાખ્યાનનો' હાસ્યરસ એના કરુણની તંગદિલીને ઓછી કરે છે, એ વ્યંગ્ય છે ખરો, પણ સમગ્ર કાવ્યની જે વિભાવના છે તેની સાથે પૂર્ણતઃ સંવાદી નથી. બાહુકે બાંધેલા ઘોડાની જેમ એ લંગડાતો ચાલે છે. એની રાશ પ્રેમાનંદના હાથમાં હોવા છતાં ય પ્રેમાનંદનું એ ક્યારેક નથી માનતો

'નળાખ્યાન'માં ઓખલો ખખડાટ કરી આવેલો પ્રેમાનંદનો હાસ્યરસ કંકાવટીમાં આંસુ ઘોળતી કુંવર ને આકાશ સામે તાકીને ઊભેલા નરસિંહને જોઇને હાવકો થઈ ગયો છે. કદાચ પ્રેમાનંદનું ઉત્તમ હાસ્ય 'મામેરું'માં છે. શ્રી પાઠક સાહેબે એમાં હાસ્યના બે પ્રવાહો જોયા છે–સ્થૂળ અને સૂક્ષ્મ...બન્ને ઉન્નત ને માર્મિક છે એમ એમને જણાયું છે. એમાં હાસ્યની સાથે મર્મવેધી કરુણ ભળેલો છે. કંકોત્રીમાં શિષ્ટાચારનો ખૂંગ વાળતો શ્રીરંગ મહેતો વેવાઇ નરસિંહ પ્રત્યક્ષ આવ્યા પછી કેવું ભયંકર મૌન સેવે છે! શ્વસુરપક્ષ ને પિતા વચ્ચે ફરતા લોલક જેવી કુંવરબાઇ "મોસાળું કરશે શ્રીહરિ"એ પિતાના શ્રુતિવાક્ય પછી પણ શ્રદ્ધાના કોઈ સમ પર આવી શકતી નથી. એની આ ગભરામણના એક કિનારે સાસરિયાનું અટ્ટહાસ્ય ને બીજે કિનારે નરસિંહનું અગાધ મૌન! આ બધું પરિસ્થિતિને કરુણગર્ભ કરી દે છે અને એટલે જ પ્રેમાનંદનું હાસ્ય ઉત્તમ રીતે પ્રગટે છે.

નાગરોએ નરસિંહની મશ્કરી કરેલી કે "ઊભો રહીને શંખ ફૂંકશે!" અને આ નાગર ગૃહસ્થે પોતાના જ્ઞાતિજનોની આગાહી શંખ ફૂંકીને ખરી પાડી જ. મશ્કરીમાં નાગરાણીઓ જે વસ્ત્રાલંકારની એષણા પ્રગટ કરતી હતી, તે અંતમાં હકીકતમાં કરવા લાગી જાય છે. આમ ભક્ત જ નહિ, પ્રાકૃતજનોને પણ પ્રેમાનંદે લાગમાં લીધા છે.

પરિસ્થિતિને પ્રસંગનું શીર્ષાસન કરાવવાની કળા પ્રેમાનંદના હાસ્યે અહીં સિદ્ધ કરી છે. વચ્ચે વચ્ચે આવતા પ્રેમાનંદીય ટમકાંઓની માર્મિકતા તો પ્રેમાનંદના પાઠકોને રસબોળ કરે જ. હમણાં બ્રહ્માંડ ખળભળાવશે એવો ભયવિહ્વલ આડંબર પ્રગટાવનાર ખખડપંજ ડોશી (વડસાસુ) બીરાદકથી ખુશ ખુશ થઇ રહે છે! કમળાશેઠાણીનું જગતવિજયી સ્વરૂપ જોતાં જ વેવાણ નરસિંહ સાથે મહામાયાનું સમપણ પૂછી બેઠી! સભામાં આવ્યા પછી પણ સ્વભાવથી ચંચળ એવી લક્ષ્મી અચંચળ થઇ ગઈ ને ભગવાનને કહેવું પડયું કે "કુંવરની સંભાળ લ્યો." સર્વજ્ઞ ઈશ્વર પણ બધું જાણતો હોવા છતાં અગાઉથી કાપડું આપતો ન ગયો ને છેલ્લે છેલ્લે ય બાપ દીકરીને ઊંચા શ્વાસ કરાવી ગયો! આવાં માર્મિક ચટકાંઓ પ્રેમાનંદનું હાસ્યપ્રભુત્વ સાબિત કરે છે. ભલે નવલરામ ઋતુપર્ણના વરઘોડાની બીજી આવૃત્તિ જેવા વેલ્યના વર્ણન પર ઓવારી ગયા હોય, હાસ્યનાં ભિન્ન ભિન્ન આલંબનો–આ ઉપર કહ્યાં તે તો ખરાં જ–પણ "જાનમાં કોઈ જાણે નહિ ને વરની કોઈ હું" એ લોકોક્તિના સાકાર સ્વરૂપ શા પેલા "ટોપીવાળાઓ" (નરસિંહના નિત્ય સંગાથીઓ) બહુ પ્રિય થઈ પડે તેવા છે. તેઓ કાંઇ સમજ્યા વિના, કાંઈ પ્રાપ્તિ વિના, લોલેલોલ કરતાં, મોસાળાની કચેરીમાં જે કરે છે, જેનો આખ્યાનમાં મશ્કરી સિવાય કશો ભાવ પૂછાતો નથી, તે હાસ્યનો ફક્કડ વિભાવ છે.

વેલ્ય ભૂલાય, નાગરાણીઓ ભૂલાય પણ આ ટોપીવાળા ભૂલાય તો પ્રેમાનંદને અન્યાય થશે. પ્રેમાનંદે એમને જ કોરાકાંટ રાખ્યા છે. એમને કાંઇ ફળપ્રાપ્તિ કરાવી નથી. આમ 'મામેરું'નું હાસ્ય ઉત્તમ લાગી રહે છે. આથી જ શ્રી પાઠકના આ વિધાન સાથે સહમત થવાય કે–"ભગત ને જગતના સંઘર્ષમાં રહેલું મહાન સત્ય, ગુજરાતના સામાજિક જીવન દ્વારા ગુજરાતની ઉત્તમમાં ઉત્તમ ગણાતી નાગરી નાતના જીવનમાં પ્રેમાનંદે પ્રતીત કરાવ્યું છે."

આથી જ પ્રેમાનંદમાં મહાકવિના ઘણાં આવશ્યક લક્ષણો જોઇ શકાય છે.

રજનીકાન્ત મોદી

સામાન્ય રીતે એવો ખ્યાલ લોકોમાં પ્રચલિત છે કે જે માનવ અધ્યાત્મપથે વળે તેણે વિશ્વને છોડીને જ એમ કરવું પડે. અમુક અંશે આ ખ્યાલ સાચો છે, કેમકે જ્યાં સુધી માનવ જગતના વ્યવસાયોમાં ગૂંથાયેલો રહે ત્યાં સુધી એને આત્મા કે પરમાત્માનું સાચું સ્વરૂપ અનુભવમાં આવતું નથી. પણ એ ખ્યાલ અમુક જ અંશે સાચો છે, સંપૂર્ણપણે નહિ.

આપણે જગત પ્રત્યે અભિમુખ બનીએ છીએ આપણી ઇંદ્રિયો વડે તેમજ બહિર્ગામી મન અને બુદ્ધિ વડે. અને ઇંદ્રિયો, કાન અને બુદ્ધિ તો પરમાત્માએ નિરપવાદપણે સૌ કોઇને આપ્યાં છે. તો પ્રશ્ન એ થાય છે કે જો આ બધાં કરણોની બહિર્ગામિતા અથવા તો બહિર્મુખતા પોતે જ દોષમય હોય તો પરમાત્મા સૌ કોઇને એ આપે જ શું કરવા? પરમાત્મા જગતમાં પ્રયોજન વિના કશું જ ઉત્પન્ન ન કરતો હોય તો પછી આ બધાં કરણોને પણ એ શા માટે ઉત્પન્ન કરે? અને આપણે એમ કહીએ કે એ કશા જ પ્રયોજન વિના પણ અમુક વસ્તુઓ ઉત્પન્ન કરે છે, તો આપણે એમ જ કહેવું પડે કે એ તેટલા અંશે ચેતનાહીન હોવો જોઇએ; કેમકે ચેતના તો પ્રયોજન વિના કશું જ કામ નથી કરતી. પ્રયોજનપૂર્વકતા અને સભાનતા તો ચેતનાનાં મૂળભૂત લક્ષણો છે.

આથી આપણે આવશ્યકપણે એમ સ્વીકારવું જ પડે છે કે આ બધાં કરણો રચવા પાછળ અને તે પણ આટલા બધા સર્વવ્યાપકપણે રચવા પાછળ પરમાત્માનું કોઈ ગહન પ્રયોજન હોવું જ જોઇએ. અને જો એ હોય તો આપણે એને શોધી કાઢવું જ જોઇએ.

જ્યારે આપણે એ શોધવા નીકળીએ છીએ ત્યારે જણાય છે કે પરમાત્મા અથવા આત્મા પોતે મૂળરૂપમાં અદ્વૈતસ્વરૂપ હોવા છતાં એણે પોતે જ પોતાના આનંદને વિવિધરૂપે પ્રાપ્ત કરવા માટે તો જગત રચ્યું છે, અને પોતે અનંત અંતરાત્માઓરૂપ બનીને જુદાં જુદાં સ્વરૂપે એને વિશ્વમાં ગ્રહણ કરે છે. સાચું અદ્વૈત તો તે જ છે, જે પરમાત્માને કેવળ વિશ્વાતીત એકતારૂપે જ ન જોતાં, એક બાજુએ જગત સાથે અને બીજી બાજુએ અંતરાત્મા સાથે પણ એકાત્મક સ્વરૂપે રહેલો સ્વીકારે અને અનુભવે.

આમ એક જ આત્મા એક બાજુએ જગતરૂપે પણ પોતાની જ અભિવ્યક્તિ કરે છે અને બીજી બાજુએ વ્યક્તિગત અંતરાત્મારૂપે પણ પોતાની જ અભિવ્યક્તિ કરે છે. અને એ બંને સ્વરૂપોની પરસ્પર ક્રિયા પ્રતિક્રિયાઓમાં પોતાના મૂળ આનંદની પ્રાપ્તિ કરવા પ્રત્યે આગળ વધે છે. આથી બાહ્ય ભૂમિકા પર એણે દરેક સત્તને, એ સત્તથી બાહ્ય ભાસતા વિશ્વ સાથે સમાગમમાં આવવા માટે ઇંદ્રિયો, મન, બુદ્ધિ આપ્યાં છે. અચેતનમાંથી પ્રગટ થઇને આગળ વધતી ચેતનાને માટે મૂળ અદ્વૈત પર જવા માટે આ કરણો સિવાય છૂટકો નથી. પણ જ્યાં સુધી ચેતના એકતા પ્રત્યે સીધેસીધી અભિમુખ બનવા જેટલી તૈયાર નથી થયેલી હોતી ત્યાં સુધી આ બધાં કરણો એને માત્ર જગત સાથેના પોતાનાં દ્વૈત અને ભિન્નતાનું

જ ભાન સમર્પિત કરે છે.

અને આ જ છે માનવની બહિર્ગામિતા અને બહિર્મુખતાની પાછળ રહેલી મૂળ હકીકત. માનવ કરતાં નિમ્ન પ્રાણીઓ વધુ બહિર્મુખ છે. કેમકે માનવમાં તો ચિંતનશીલ મનનો પણ ઉદય થયો હોઈ એ પોતાના માનસસ્વરૂપમાં પણ અંદર ઊતરીને બાહ્ય જગતને ભૂલી જઈને રહી શકે છે, પણ પ્રાણીઓ અને જીવજંતુઓમાં તો એવું ચિંતનાત્મક મન ન હોઈ તેમની ચેતના તો સંપૂર્ણપણે માત્ર બાહ્ય-જગતનાં પદાર્થો અને ઘટનાઓમાં જ રોકાયેલી રહે છે.

પરંતુ મનના વિચારોમાં ડૂબેલા રહેવું એ કંઈ સાચી અંતર્મુખતા નથી. અલબત્ત, એ એક વચ્ચેનું પગથિયું અથવા Stepping stone હોઈ શકે છે, પણ ખરી અંતર્મુખતા તો એ જ છે, જે જડતત્ત્વના ઘડાયેલા બાહ્યજગતમાંથી તેમજ મનમાં રહેલા ચિંતનાત્મક જગતમાંથી પણ છૂટી થઈને એનાથી યે વધારે ઊંડાણમાં રહેલા અંતરાત્મામાં પ્રવેશીને ત્યાં સ્થિરપણે રહી શકે આવી અંતર્મુખતા કોઈ કવિ કે વિચારક કે ચિત્રકાર કે મણિતશાસ્ત્રી કે વૈજ્ઞાનિકની કહેવાતી અંતર્મુખતા કરતાં તદ્દન જુદી જ છે, જેને અંગ્રેજીમાં Introspection કહેવામાં આવે છે તેના કરતાં તદ્દન જુદી છે.

અધ્યાત્મવિદ્યામાં જેને જરૂરી ગણવામાં આવી છે તે આ Introspectionના સ્વરૂપની અંતર્મુખતા નહિ, પણ એના કરતાં અતિશય વધારે ઊંડી એવી આ સાચી અંતર્મુખતા જ છે. અને નોંધપાત્ર વાત તો એ છે કે આ સાચી અંતર્મુખતામાં નથી આપણા વિચારો નડતા કે નથી આપણી ઇંદ્રિયો, મન અને બુદ્ધિ વડે જગતના સ્વરૂપને ગ્રહણ કરવા માટે સહજ જ થતી કહેવાતી બહિર્મુખતા નડતી.

સાચી અંતર્મુખતામાં તો ઊલટો આ બંને બીજી વૃત્તિઓનો સમાવેશ સંપૂર્ણ સંવાદિતાપૂર્વક થઈ શકે છે, કેમકે જે અંતર્મુખતા અંતરાત્મામાં આપણી સ્થિરતા હોય અને જે અંતરાત્મામાં પરમાત્મા સાથેનું તેમ જ વિશ્વાત્મા સાથેનું અદ્વૈત આપણે

કહી નથી શકતો !

કરવા પણી વાતો છતાં કૈં કહી નથી શકતો !
અજબ છે હાલ કે એ વાતને પાત્ર સહી નથી શકતો !
સમયની વાત લાવે તે ખરો વક્તા ગણાયે છે ;
કવિનું શું પરંતુ જે કહીને કહી નથી શકતો !

વગર વાંકે નનામી નીકળે કોઈ બિચારાની ;
કરાર તારા ખુદાઈ કામમાં હું કહી નથી શકતો !
તને પણ શું કહું, મારાં થયાં છે સહુ પરાયા જ્યાં ;
અગર પડછાયાઓનાં નામ પણ હું કહી નથી શકતો !

સ્મરણ જેનું કરું તેની જફાઓ યાદ આવે છે ;
જહર પીધું છે જેની જાત પણ હું કહી નથી શકતો !
પછી મનફાવતો શો તર્ક લોકોએ કરી લીધો ;
ખબર જ્યારે પડી કે એમને હું કહી નથી શકતો !

મરણ પામે પછી ઉત્સાહ સહુને વાત કહેવાનો ;
ફિકર ના રાખશો કે આટલું હું કહી નથી શકતો !
સમય આવે સહુ સમજી જશો મોઘમ ઈશારામાં ;
કવિની શી જરૂરત છે કે જે કૈં કહી નથી શકતો ?

—ચાંદ વ્યાસ

અંતરનો એકતારો

રામ રામ બોલે,
શ્યામ શ્યામ બોલે;
હો...આખા અંતરનો રે એકતારો...
રામ રામ બોલે, શ્યામ શ્યામ બોલે.

એને તુંબડે રામ, એને હૃદિયે રામ,
એના અણુ અણુએ વિરામે રામ;
હો...એની આંખનો રે અણસારો...
રામ રામ બોલે, શ્યામ શ્યામ બોલે.

એને ઢરે ઉમંગ, છે નવેલા શા રંગ !
ઝરણાના ઝાંઝરિયે ઝણકે અભંગ !
હો.. તુંહી તુંહીનો રે ધબકારો...
રામ રામ બોલે, શ્યામ શ્યામ બોલે.

ઊંચા ડુંગરિયાની, મોટા આભલિયાની !
તારક પલકારે મલકંતી રાતરાણી !
હો...સહુણા સાળુએ રે સરનારો...
રામ રામ બોલે, શ્યામ શ્યામ બોલે.

—પ્રવીણ ઉપાધ્યાય

અનુભવતા હોઇએ તો ઇંદ્રિયોની બહિર્ગામિતા પણ એ જ અદ્વૈતનો આપણને અનુભવ કરાવી શકે તેમ છે. અને તેથી એને આપણે બહિર્મુખતા કહી શકતા નથી.

આમ, આવી અંતર્મુખતા પ્રાપ્ત કરવાના બે માર્ગો આપણી સમક્ષ ખુલ્લા થાય છે. એક માર્ગ એ છે કે જેને આપણા પ્રાચીન યોગીઓ, તપસ્વીઓ વગેરે અનુસરતા આવ્યા છે અને એમાં પહેલાં બાહ્ય ભૌતિકજગતમાંથી અને પછી આંતર મનોમય-જગતમાંથી પણ આપણી વૃત્તિઓને પાછી ખેંચી લઇ અંતરાત્મા અને પરમાત્મા પર સ્થિર કરવી. નેતિ નેતિનો માર્ગ, કેમકે એમાં આપણે એવો અભ્યાસ કરવો પડે છે કે આ વસ્તુ આત્મા નથી, આ માનસિક વૃત્તિ આત્મા નથી, તે માનસિક વૃત્તિ આત્મા નથી.

પણ એ જ અંતર્મુખતા પ્રાપ્ત કરવાનો બીજો પણ માર્ગ છે, અને તે એ કે પ્રત્યેક બાહ્યવસ્તુ અથવા પ્રસંગના બહારથી દેખાતા સ્વરૂપમાં પણ અંદર ઊંડાણમાં તો આત્મા રહેલો જ છે અને આપણે એ આત્માની ખોજ એ વસ્તુ, વ્યક્તિ કે પ્રસંગમાં અંતર્મુખ બનીને કરવી પડે છે. જેમ આપણા પોતાના વ્યક્તિગત અંતરાત્મસ્વરૂપના ઊંડાણમાં ઊતરવું એ અંતર્મુખતા છે તેમ બાહ્યવિશ્વના અથવા તેમાં રહેલા પ્રત્યેક વ્યક્તિગત સ્વરૂપના ઊંડાણમાં ઊતરવું એ પણ અંતર્મુખતા જ છે. આ ઇતિ ઇતિનો માર્ગ છે એમ આપણે કહી શકીએ, કેમકે એમાં આપણે કશું જ છોડતાં નથી, પણ પ્રત્યેક પદાર્થ, વ્યક્તિ અને પ્રસંગનાં ઊંડાણમાં છુપાઇને રહેલા આત્મા અથવા પરમાત્માને સ્વીકારીએ છીએ અને એના અનુભવ અથવા સાક્ષાત્કાર પ્રત્યે આગળ વધીએ છીએ. આપણે તે તે પદાર્થ, વ્યક્તિ કે પ્રસંગને છોડતા નથી પણ માત્ર એના કહેવાતા બાહ્યસ્વરૂપ પરથી આપણી દૃષ્ટિ પાછી ખેંચી લઇને એના ઊંડાણમાં રહેલા આત્મસ્વરૂપ પ્રત્યે એને લઇ જઇએ છીએ.

આમ આ માર્ગે અધ્યાત્મપંથે જવા માટે એક બાજુ આપણે આપણું સમૃદ્ધ માનસિક જીવન છોડવાની પણ જરા યે જરૂર નથી અને બીજી બાજુ આપણે ભૌતિક જગત અને જીવન સાથેનો સમૃદ્ધ સંબંધ અને વ્યવહાર છોડવાની પણ જરા યે જરૂર નથી. જે છોડવાનું છે તે તો માત્ર આપણી અવિકસિત ચેતનાએ ઊભો કરેલો, અનાત્મભાવ જ છે.

પરમાત્માએ રચેલું અને રચાતા પહેલાંની જેમ જ રચાયા પછી પણ પરમાત્મ સ્વરૂપ જ રહેલું જગત પરમાત્મરૂપ જ જોવું અને અનુભવવું એ જ સાચું અદ્વૈત છે. અને એ જગતમાં બીજી બધી વ્યક્તિઓ તથા પદાર્થો તેમજ આપણે પોતે પણ એ જ પરમાત્મારૂપ છીએ એમ જોવું અને અનુભવવું એ પણ એટલું જ સાચું અદ્વૈત છે. પરમાત્મા, વિશ્વ અને વ્યક્તિ એ ત્રણે મૂળભૂત તત્ત્વો છે. અને એ ત્રણમાંના પ્રત્યેકના બીજા બે સાથેના અદ્વૈતને લક્ષમાં રાખતાં આપણી સમક્ષ છ પ્રકારનું અદ્વૈત આવીને ઊભું રહે છે: (૧) પરમાત્મા અને વિશ્વ વચ્ચેનું, (૨) પરમાત્મા અને વ્યક્તિ વચ્ચેનું, (૩) વિશ્વ અને પરમાત્મા વચ્ચેનું, (૪) વિશ્વ અને વ્યક્તિ વચ્ચેનું, (૫) વ્યક્તિ અને પરમાત્મા વચ્ચેનું, અને (૬) વ્યક્તિ અને વિશ્વ વચ્ચેનું.

આમાંના કોઇ પણ એક કે વધુ પ્રકારનાં અદ્વૈત પ્રત્યે દુર્લક્ષ થતાં એટલું અદ્વૈત ઓછું અનુભવાય છે. આથી આપણે તો અધ્યાત્મવિદ્યાના અનુસરણમાં વ્યક્તિ કે વિશ્વ બેમાંના એકેયને બાજુએ મૂકીને આત્માનું અનુસરણ કરવાનું નથી, પણ એ બંનેને સાથે રાખીને જ આત્માના આ સમમાત્રક ષડ્વિધ અદ્વૈત પ્રત્યે આગળ વધવાનું છે.

બોજ

મારા મનમાં ઊગે રોજ
મારે છે
તડકાનો બોજ.
તડકો કહે :
'હું હળવો ફૂલ,
આકળના પર્દાની ઝૂલ.'
આકળને મેં પૂછ્યું એમ :
'તમને તડકો લાગે કેમ ?'
બોલે કે ના ચાલે
ઓસ,
જાણે મેજે મૂક્યો
'સોસ.'
મેં સૂરજનો પકડ્યો કાન
એ કહે :
'મોજે ગાને ગાન.'
મનમાં ઊગે તડકો રોજ
ભારે છે
તડકાનો બોજ.

બિરેન રાય

શ્રી ... ૮૮૩૫૫ મુંબઈ-૪



વાઇપર

વર્ષા કેરા દિવસ હતા ને
સૂમસામ ફૂટપાથ પરે ત્યાં,
ઊભો તો રાહ કો'ની જોતો,
દૃષ્ટિના તંતુ પર ઝૂલતી
મોટર આવી,
સાથ પવનને લાવી, ઊભી, થંભી.
અગાધ આખાં મેઘલ વારિ,
ટપ્, ટપ્, ટપ્, ટપ્ ખરે કાચ પર,
ફરે કાચ પર,
ફરે કાચ પર,
ફરે કાચ પર,

—'વાઇપર.'

ગજાનંદ વ્યાસ



પ્રવીણચંદ્ર પરીખ

'જાયસી' અને 'પદ્માવત' આ બે નામો અનેક સહૃદય સાહિત્યરસિકોને માટે એકબીજાના પર્યાયો બની ગયા છે. હિંદીની અવધીધારાનો આ ઉત્તમ કાવ્યગ્રંથ હિંદી સાહિત્યનું એક સંપન્ન કાવ્યરત્ન છે. તુલસીદાસનું રામચરિતમાનસ લખાવાને હજુ પાંત્રીસેક વર્ષની વાર હતી, ત્યારે શેરશાહ સૂરીના સમયમાં મલિક મુહમદ જાયસીએ અનન્ય ગ્રંથ 'પદ્માવત'ની રચના કરી હતી જાયસ ગામના રહેવાસી હોવાને કારણે કે પછી આ ગ્રંથની જાયસ ગામમાં રચના થઇ એ કારણે કવિ 'જાયસી' કહેવાયા.

ગંભીર મેધા, ઉચ્ચ કલ્પનાશક્તિ, અદ્ભુત ભાષાસામર્થ્ય, વિલક્ષણ કાવ્યશક્તિ, તથા સાહિત્ય, સંસ્કૃતિ અને લોકોનાં જીવન તથા માનસનો અત્યંત નિકટનો પરિચય ધરાવતાં આ કવિ, દર્શન અને ધર્મના પણ ઊંડા અભ્યાસી હતા.

કાવ્યશાસ્ત્ર અને છંદના લય અને સ્વર પર પ્રભુત્વ ધરાવનાર આ કવિનું પ્રબંધકાવ્યની વિધાનકળા પરનું સંપૂર્ણ સ્વામીત્વ આપણી સામે 'પદ્માવત' દ્વારા સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ પ્રબંધ સાહિત્યની પરંપરાના ક્રમિક વિકાસનો, એક આદર્શ નમૂનો રજૂ કરે છે.

સોળમી સદીમાં ભારતીય સંસ્કૃતિનું મહોરેલું સ્વરૂપ વ્યક્ત કરતી આ રચના ભારતના મધ્યકાલીન સાંસ્કૃતિક ઇતિહાસ માટે આજે પણ હજુ પુષ્કળ સામગ્રી પૂરી પાડી શકે તેમ છે. અસુરોનાં ફારસી ગ્રંથોએ તથા 'આઇને-અકબરી'એ પણ આ ગ્રંથનો વિશેષ ઉલ્લેખ કરી એનું મહત્ત્વ સ્વીકાર્યું છે.

પદ્માવતની માંડણી, બાંધણી અને ચણતર પર ફારસી પ્રેમકાવ્ય અને ગસનની કથાઓની દેખીતી સીધી અસર છે. પણ ભાષા અને ભાવની દૃષ્ટિએ તો કહેવું જોઈએ કે અવધી અને અવધ બન્ને આ રચનામાં સજીવ થઈ ઊઠ્યાં છે.

સિદ્ધપંથી સાધના, નાથ સંપ્રદાયનો યોગ, નિર્ગુણ પરંપરા અને મુસ્લિમ સંતોનો સૂફીવાદ, આવા અનેક પ્રવાહોનાં સારભૂત માનતત્ત્વોના સુભગ સંમિશ્રણથી જાયસીએ પોતાનો એક વિશિષ્ટ આધ્યાત્મિક દૃષ્ટિકોણ સાધ્યો. એને એણે પ્રેમમાર્ગનું ઉદાત્ત નામ આપ્યું અને કહ્યું :

मानुष प्रेम भयेउ बैकुंठी

પ્રેમની વિભૂતિથી માનવ દેવતા બની શકે છે. સૂફી કવિઓનાં પ્રેમાખ્યાનોમાં નાયક-નાયિકાની શોધમાં નીકળે છે ને ઝૂરે છે. આ ધારામાં સૂર્યચંદ્રનાં પ્રતીકો વિશેષ મહત્ત્વ ધરાવે છે. નાયક સૂર્ય અને નાયિકા ચંદ્રની જ્યોતિ, સમરસતા પામે છે, અને ઐહિક-દૈહિક બંધનોથી પર થઈ વિદેહ સ્થિતિ પામે છે. પૂર્વરાગ, ઉત્કટ આકાંક્ષા, પ્રવજ્યા, તપસ્યા, દિવ્યકૃપા, સાધના અને સિદ્ધિનાં મેઘધનુષથી રંગાયેલા ચંદરવા હેઠળ પ્રેમી વિરહમિલનની અનુભૂતિમાં પરિપ્લાવિત થઈ અંતે અદ્વૈત પ્રાપ્ત કરે છે. સાંકેતિક દૃષ્ટિએ દુઃખાન્ત પ્રેમાખ્યાન ચિરંતન પ્રેમની પરિણતિમાં પરિપૂર્ણ થાય છે. કવિ કહે છે જ ને :

गाढो प्रीति नैन जल भरी

પ્રેમમાં જીવનનો પૂર્ણ વિકાસ છે ને આંસુમાં એની સમાપ્તિ છે.

ચિતોડના રાજા રત્નસેનને પદ્માવતી તો મળી, અનધિકા અહંકારીને એનો દ્વેષ થયો ને પદ્માવતીનું હરણ કરવાના પ્રયત્નમાં યુદ્ધ થયું ! રત્નસેન શત્રુ

દેવપાલને મારીને પોતે પણ ખૂબ ઘવાઈને દેવગતિ પામ્યા.

> हाथ झारी जस चला जुवारी ।
> तजा राज होइ चला भिखारी ॥
> जब हुत जीव रतन सब कहा ।
> जौं मा बिन जिय, कौडि न लहा ॥

જુગારીની જેમ રાજા હાથ ખંખેરીને ચાલી નીકળ્યા ને રાજપાટ તજી ભિખારીની જેમ નીકળી ગયા. જ્યાં સુધી જીવ હતો ત્યાં સુધી રતનસિંહ–રત્ન કહેવાયા. હવે દેહ નિર્જીવ થઈ પડયો છે ત્યારે એનું કોડીનું પણ મૂલ નથી રહ્યું.

પણ પ્રેમીઓને માટે તો મૃત્યુ આનંદનો ઉત્સવ પણ બની શકે છે. પદ્માવતી પતિની જોડે પરલોકયાત્રા માટે નીકળી પડી.

> पदुमावति नइ पहिरि पटोरी ।
> चली साथ होइ पियकी जोरी ।

પદ્માવતી નવું રેશમી પટોળું પહેરીને પ્રિયતમ જોડે નીકળી પડી.

પદ્માવતીની વ્યાકુળતા તો જુઓ :

> जेहि देवस हौं चाहति नाहाँ ।
> चलौ साथ बाँहौ गल बाँहाँ ।
> सारस पंखि न जियै निनारे ।
> हौं तुम्ह बिनु का जियौं पियारे ।
> नेवछावरि कै तन छिरिआवौं ।
> छार होइ सँगि बहुरि न आवौं ॥
> दीपक प्रीति पतंग जेउं । जनम निबाह करेउ ॥
> नेवछावरि चहुँ पास होइ । कंठ लागि जिउ देउ ॥

હે પ્રિતમ, હું તો તારી રાહ જ જોતી હતી કે, ક્યારે એવો દિવસ આવે કે હું તારે ગળે હાથ નાખી તારી જોડે નીકળી પડું–સારસની જોડીમાંથી કોઈ એક એકલું રહી જાય તો જીવે ખરું? તો હું તારા વિના શી રીતે જીવી શકું? આ તન તારે ચરણે ભેટ ધરી આજે એનું વિસર્જન કરીશ ને રાખ બનીને ચારે તરફ ઊડી જઈશ. ફરી કદી આ સંસારમાં નહિ આવું. દીપકને માટે પ્રેમ ધરાવતાં પતંગિયાની જેમ મેં મારું જીવન વિતાવ્યું છે. હવે તારી પ્રદક્ષિણા કરીને હું તારે ચરણે આવીશ. તારે કંઠે વળગી મારા પ્રાણની આહુતિ આપીશ.

આવી સતીઓને જોઈને જ કોઈ ફારસી કવિએ તો કહ્યું પણ છે કે, એણે બળતાં દીપક પર કુરબાન થતાં પતંગિયાં તો અનેક જોયાં છે, પણ ભારતની નારી એ પણ એક એવું પતંગિયું છે, જે બુઝાયેલા દીપક પર પણ કુરબાન થઈ શકે છે.

પદ્માવતી સતી થતી હતી ત્યારે વાજાં વાગવા માંડ્યાં–લગ્ન વખતે વાગે છે તેમજ. જે રીતે પ્રારંભ થયો હતો તે રીતે જ અંત આવ્યો.

> एक जो बजां भएउ बियाहू ।
> अब दोसरे होइ ओर निबाहू ॥
> जियत जो जरहिं कंतकी आसा ।
> मुए रहसि बैठहिं एक पासा ॥

જીવનમાં જે પ્રિયતમના પ્રેમમાં પ્રજળે છે તે જ તેના મૃત્યુ પછી ચિરમિલનની સ્થિતિ પામે છે. કથાનો અંત આમ આવે છે. પણ અંતનો ય પ્રારંભ તો હોય જ ને!

એક વખત પદ્માવતી, પોતાના પિતા સિંહલદ્વિપના નરેશ ગંધર્વસેનના મહેલમાં સખીઓ સાથે રમતી હતી. બિલાડી સ્વરૂપે આવતાં આ મૃત્યુથી ગભરાયેલો એનો પોપટ ઊડી ગયો. ને કોઈ શિકારીના હાથમાં જઈ પડયો. એના ગુણોથી આકર્ષાઈ ચિત્તોડના એક ગરીબ બ્રાહ્મણે એને ખરીદી લીધો. ને એમ એ ચિત્તોડના રાજા રત્નસેનના દરબારમાં પહોંચી ગયો.

થયું એવું કે એક દિવસ પટરાણી નાગમતી સોળ શણગાર સજીને દર્પણમાં જોતી ગર્વમાં પૂછી બેઠી, 'તારા સિંહલદ્વિપની પદ્માવતી શું મારા કરતાં પણ વધુ રૂપવતી છે?'

> सँवारि रूप पदुमावति केरा ।
> हंस सुआ रानी मुख हेरा ॥
> जेही सरवर महँ हंस न आवा ।
> बकुली तेही जल हंस कहावा ॥

પોપટે પદ્માવતીનું સ્વરૂપ માદ કર્યું, ને હસીને નાગમતી તરફ જોઈ રહ્યો. એણે કહ્યું, 'જે સરો-

વરમાં હંસ કદી આવ્યો જ નથી, ત્યાં બગલી પણ પોતાને હંસ કહેવડાવી શકે છે.'

નાગમતીએ ધાઇને પોપટને મરાવી નાખવાની આજ્ઞા કરી. પણ રત્નસેનને પોપટ વગર ગમે એમ નહોતું. રાજહઠ શરૂ થઈ. સારું થયું કે ધાઇએ પોપટને મારી નાખવાને બદલે સંતાડી રાખ્યો હતો. એટલે પોપટ પાછો આપી રાજાનો ક્રોધ શાંત કરી શકાયો.

હવે પોપટે રાજાને પદ્માવતીનો પરિચય આપ્યો.

> पदुमावति राजा कै बारी ।
> पदुम गंध ससि बिधि औतारी ॥
> ससिमुख अंग मलैगिरि रानी ।
> कनक सुगंध दुआदस बानी ॥

પદ્માવતી રાજકન્યા છે. વિધાતાએ કમળના પરિમલ અને ચાંદનીના સારમાંથી એને ઘડી છે. એનું મુખ ચંદ્ર જેવું છે ને અંગેઅંગમાં મલયગિરિની સુગંધ મહેકે છે. સોના અને સુગંધનો એમાં અનન્ય સુમેળ છે.

વર્ણનના શ્રવણમાત્રથી રાજાના મનભ્રમરે એ કમલાની કલ્પના પર ભમવા માંડ્યું. રાજા વધુ ને વધુ વિગતો પૂછતો ગયો ને પોપટ પણ વધુ ને વધુ ખીલતો ગયો. એણે પદ્માવતીનું નખશીખ વર્ણન કરી કહ્યું :

> बरनौं मांग सीस उपराहिं ।
> सेंदुर अबहि चढा तेहि नाहीं ।
> बिन सेंदुर अस जानहु दिया ।
> उजियर पंथ रैन महँ किया ।

હવે હું સેંથીનું વર્ણન કરું. એની સેંથીમાં હજુ સિંદૂર નથી પુરાયું. એટલે કે એ કુંવારી છે. પણ સિંદૂર વગરની એ સેંથી-ઉજ્જવળ સેંથી, અંધારામાં પણ માર્ગ અજવાળતાં દીપકની જેમ પ્રકાશે છે! ને સાથે સાથે એ પણ કહી દીધું કે :

> कनक दुआदस बानि होइ यह सुहाग वह मांग ॥

જો કે એ સેંથી પણ સિંદૂરના સોનલ વર્ણથી યે વધુ ઝળહળવાની અભિલાષા તો સવ છ જ.

પદ્માવતીનાં અંગપ્રત્યંગોનું આવું કાવ્યમય વર્ણન સાંભળી રાજા અવશપણે પ્રીતિપાશમાં બંધાયો અને જોગી થઈ સિંહલદ્વીપ પહોંચી ગયો. પોપટ પણ રાજાનો સંદેશો લઈ પદ્માવતી પાસે પહોંચી જ ગયો હતો.

વસંતના સાનુકુળ વાતાવરણમાં પોપટે આપેલા સંદેશાએ ધાર્યું કામ કર્યું, ને પદ્માવતીના મનમાં પણ રત્નસિંહ પ્રત્યે પ્રેમનો અંકુર ઊગ્યો.

પદ્માવતીની કથાનો સરસ આસ્વાદ લેવા માટે તો 'પદ્માવતી'નો જ પરિચય સાધવો રહ્યો. અહીં તો પેલા પોપટે કરેલા પદ્માવતીના વર્ણનની જેમ, આ ગ્રંથની આછી ઝાંખી કરાવવાથી વધુ શું થઈ શકે ?

કવિની સંવેદનશીલતા, કાવ્યનાં લય અને માધુર્ય તથા ઊંડી વેદનાની અનુભૂતિ માટે સહૃદય રસજ્ઞો માટે તો કવિના શબ્દો જ વધુ યોગ્ય છે.

> मुहमद यहि कवि जोरी सुनावा ।
> सुना जो प्रेम पीर गा पावा ॥
> जोरी लाइ रक्त कै लेइ ।
> गाढी प्रीति नैन जल भेइ ॥

મુહમદ જાયસીએ આ કાવ્યની રચના કરીને સંભળાવ્યું; જેણે જેણે આ સંભળ્યું તેણે પ્રેમની આ પીડા પીછાણી. આ કથા કવિએ રક્તની શાહીથી જોડી છે અને ગાઢ પ્રીતિ આંસુથી ભીંજવી છે.

આ અમર કૃતિના કવિને હાથે અનાયાસ લખાયેલી પંક્તિ આજે એને પોતાને માટે પણ શબ્દના સંપૂર્ણ અર્થમાં સાચી નીવડવાથી કેવી ધન્યતા અનુભવતી હશે ?

> धनि सो पुरुख जस कीरति जासू ।
> फूल मरै पै मरै न बासू ॥

એ પુરુષ ધન્ય છે, જેની કીર્તિ અમર થઈ છે. ફૂલ કરમાય છે, એની સુગંધ કરમાતી નથી.

નેહરુની ખુરશી

હતાશ થઈ જવાય એવા આજના સંજોગો સામે ઝઝૂમવા માટે બળ આપે એવો એક આશાવંતુ આ રહ્યો, 'તેજનાં જે બીજ ભૂમિમાં વેરાયાં છે, તે એક દિવસ પથ્થરની શીલાઓ તોડીને પણ ઊગી નીકળશે–ખીલશે.'

મૃણાલિની દેસાઇ

ઑગસ્ટની પંદરમી અને જાન્યુઆરીની છબ્બીસમીએ ધ્વજવંદન કરવું એ જાણે શ્રાવણી પુનમને દિવસે જનોઈ બદલવા અને રાખડી બાંધવા જેવું થઈ પડ્યું છે. વંદેમાતરમ્ ગાતી છોકરીઓ હવે તો હાથમાં કાગળ લઈને ગાય છે. 'ઝંડા ઊંચા રહે હમારા' એ ધ્વજગીત ગાવામાં ભૂલો પણ થાય છે! ધ્વજવંદન જેમના શુભહસ્તે થવાનું હોય છે, એમનાથી ધ્વજ ભાગ્યે જ સરસ રીતે છૂટો થઇને ફરકે છે–અને આટલું પતે એટલે જાણે રાષ્ટ્ર પ્રત્યેની આપણી ફરજ પૂરી થાય છે!

એક દિવસ એવી જ રીતે ધ્વજવંદનનું રગશિયું ગાડું ચાલતું હતું. ધ્વજની દોરીને ઘણી વાર આમતેમ ફેરવી–ખેંચી પણ ધ્વજ કેમે કર્યો ફરકે જ નહીં. નેતાના કપાળ પર કરચલી દેખાઈ. સ્થાનિક નેતાઓ વિચલિત થઈને આપસ આપસમાં ફુસપુસ કરવા લાગ્યા. સ્વયંસેવકો ભેળાકળા થઈ ગયા. એટલામાં તપેલા ત્રાંબા જેવા વર્ણવાળી એક વૃદ્ધ પણ અણનમ વ્યક્તિ ધીરગંભીર પગલે ત્યાં જઈ પહોંચી. પ્રમુખની રજા લઈ એણે ક્ષણમાં જ ફરકાવ્યો. દોરી ખેંચી નહીં–તાણી નહીં–એણે ભગવાનનો ચરણસ્પર્શ કરતા હોય એવી રીતે એમણે દોરીને સ્પર્શ કર્યો. ધ્વજ ફરકયો કે તુરત પોતે માનવંદના આપી. અંગમાંથી જાણે ધ્રુજારા અને શ્રદ્ધા ન નિતરતી હોય! ઉપસ્થિત જનમેદની પર પણ એ બનાવની જાદુઈ અસર થઈ ગઈ તેમ બધાં શાંત, ગંભીર બની ગયાં...તે દિવસે સાચા અર્થમાં ધ્વજને નમ્યાની લાગણી તેમનાં મનમાં થઈ.

એ વૃદ્ધ ગૃહસ્થ કોણ હશે એનું કુતૂહલ જાગ્યું. પહેલાં તેઓ દવાનું એક નાનું કારખાનું ચલાવતા હતા અને હવે નિવૃત્ત થઈ અમારા ગામમાં રહેવા આવ્યા છે એટલું તો જાણવા મળ્યું. નાના ગામમાં પરિચય થતાં વાર નથી લાગતી. દવાઓ વિશે પણ તેઓ ઘણું જાણતા–એ એમની વાતચીત ઉપરથી અમે બધાં જાણી ગયાં હતાં. સાધારણ માંદગીમાં લોકો એમને પૂછીને દવા કરતા–અને એમની બતાવેલી દવા અકસીર નીવડતી. એક દિવસ બાબાના કાકડા ખૂબ ફૂલી ગયા. તાવ પણ ખૂબ ચડયો. રાત્રે શહેરમાં જવા માટે સાધન ઝટ મળે એમ નહોતું. એટલે હું મોહનકાકા પાસે ગઈ. એમને બધી વાત કરી. એ તરત જ એક નાની સરખી પેટી લઈ અમારે ઘેર આવ્યા. પેલી નાનકડી પેટીમાં સર્જનને ઉપયોગી થાય એવાં સરસ ઓજારો હતાં. ચીવટપૂર્વક તપાસી એમણે બાબાને ઈંજેકશન આપ્યું અને અઠવાડિયા પછી અમે એનું ઑપરેશન કરાવવા ગયાં ત્યારે એ પણ અમારી સાથે શહેરમાં આવ્યા.

હૉસ્પિટલના મોટા ડૉક્ટર એમને જોઈ જરા વિચારમાં પડ્યા. પછી આનંદથી એકદમ એમને ભેટી પડ્યા, 'ડૉક્ટર! તમે? અહીં?'

અમે તો કશું ન સમજ્યાં. મોહનકાકા ડૉક્ટર હતા એની પણ અમને ક્યાં ખબર હતી? પણ

એ ડૉક્ટર હતા એટલું જ નહીં પણ ઘણા હોશિયાર ડૉક્ટર હતા. બાબાના ઑપરેશન વખતે એ એની પાસે જ હતા. વળી અમે મોટા ડૉક્ટરને કાંઈ પણ પૂછવા જઈએ એટલે કહે, 'મોહનભાઈ છે ને? પછી શું કામ ચિંતા કરો છો? એ તો સાક્ષાત્ ધન્વંતરી છે!'

બાબો તદ્દન સારો થયો પછી અમે પાછાં ઘેર આવ્યાં. હવે 'ડૉક્ટર કાકા' કુટુંબીજન જેવા જ બની ગયા હતા. લગભગ રોજ મળવાનું થતું. બાબા પર તો એમને ખાસ હેત. એક વાર એવું બન્યું કે તેઓ આવે ત્યારે બાબો કાં તો રમવા ગયો હોય અથવા તો ઊંઘી ગયો હોય. અઠવાડિયું થયું હશે—એ એનો મેળાપ ના થયો. ત્યારે સંધ્યાકાળે ઘેર આવ્યા. કહે 'જમવાને વખતે ઘેર હશે જ ને! મને એને જોયા વગર ચેન નથી પડતું. એ જ્યારે હસે છે ત્યારે મને અનંતા યાદ આવે છે.'

ડૉક્ટરકાકા એકલા જ રહેતા. એમના પરિવારમાં કોઈ ન હોય એ જરા અજુગતું લાગતું. ઘરમાં પણ કોઈ સ્વજનનો અણસાર સરખો ના મળે! એવા મજાના કાકા આખી જિંદગી આમ સ.વ એકલા જ રહ્યા હશે? એ સવાલ ઘણી વાર અમને સતાવતો. આજે પહેલી વાર અમે એમની પાસેથી અનંતાનું નામ સાંભળ્યું. એ તક ઝડપી લઈ મેં તરત પૂછ્યું, "ક્યાં છે એ અનંતભાઈ?"

"અનંતા?" ડૉક્ટરકાકા વ્યથિત સ્વરે બોલ્યા, "ભગવાનને ત્યાં." અમે થોડી વાર શાંત રહ્યાં.

"એ કોણ? આપનો ભાઈ?" એમણે પૂછ્યું.

"મારો ભાઈ? હા, આપણા સહુનો ભાઈ!"

"એટલે?"

"એટલે? એક જમાનો એવો હતો કે લોહીની સગાઈ વહેતાં લોહી સાથે બંધાતી. ત્યારે પ્રાંત, ભાષા, જ્ઞાતિ, ધર્મ બધાં બંધનોને ઉલ્લંઘીને એ ધારા વહેતી. આ વાત કરું છું તે અનંત મહારાષ્ટ્રમાં જન્મ્યો હતો..."

"અને એ તમારો—આપણો સહુનો ભાઈ?"

"હા જી, મારો વહાલસોયો ભાઈ અને બીજાનો ભુલાઈ ગયેલો ભાઈ!"

"તમે શું કહો છો તે નથી સમજાતું, કાકા!"

"વીતી ગયેલા જમાનાની વાત છે." કાકાની આંખોમાં સ્વપ્નો રમતાં હતાં, "વીસમી સદીની શરૂઆત હતી. ગોરાનું રાજ્ય મોટા ભાગના લોકોને ગમતું હતું...ભગવાનની કૃપા ઊતરી હોય એવું સરસ લાગતું હતું. એ રાજ્યકર્તા ઉંદરની માફક ફૂંક મારી મારીને દેશ આખાને ફોલી ખાતા હતા—જે સમજતા એમનો જીવ બળીને ખાખ થતો. આ હર્યા-ભર્યા દેશનું કંગાળ ભવિષ્ય કલ્પીને તેઓ કંપી ઊઠતાં. સામાન્ય લોકો એવા માણસોને માથાના ફરેલા કહેતા. અને અન્યાય, પક્ષપાત, શોષણનો વિરોધ કરી સામનો કરનાર એકલવીરો પોતાનું લોહી રેડી વિસ્મૃતીની ઊંડી ખાઈમાં પડતું મૂકતા. એવો એ કાળ હતો. ૧૯૦૮ના જુલાઈ માસમાં વર્તમાન-પત્રના એક ખૂણામાં બે જ લીટીમાં એક સમાચાર અપાયા હતા, 'મદનલાલ ધિંગરા નામના એક યુવાને લંડનમાં કર્ઝન વાયલીને ગોળીથી વીંધી નાખ્યા હતા.' કર્ઝન આપણા દેશ પર કદીનકાળ જેવું રાજ કરી ગયા હતા. મદનલાલને મેં જોયા હતા ત્યારે તેઓ મને મનમોજી અને લહેરી લાગ્યા હતા. પૈસાદાર માબાપના આ નબીરાએ આ કામ કર્યું એ જાણી નવાઈ તો ઘણી લાગી."

"પણ તમે મદનલાલને ક્યાં મળેલા?"

"લંડનમાં. હું ત્યાં મેડિકલ કૉલેજમાં હતો ત્યારે."

"તે...તમે..."

"હું ત્યાં સર્જન થયો હતો."

"તો પછી પ્રેક્ટિસ કેમ ન કરી? બહુ મોટા ડૉક્ટર છો તમે તો!"

"અને એ જમાનામાં!"

"પણ મારે થવું જ નહોતું ને 'મોટા ડૉક્ટર'."

"કેમ, એ ધંધો ગમતો નહોતો? તો પછી..."

"આટલો ખર્ચો કરી લંડન સુધી ભણવા શું કામ ગયા...એ જ પૂછવું હતું ને? પણ મને તબીબીનું કામ કરવું ગમતું...ગમે છે પણ ખરું. છતાં એનાથી વધારે ગમે એવું કામ મને જડ્યું એટલે એ છોડી દીધું."

કર્યું ? દવાના બાટલા ભરવાનું કામ ?"

"તમે પૂરું સાંભળશો તો સમજશો. નકામી વાતો કરશો તો કાંઈ નથી કહેવું."

"ના, ના. એમ નહીં. હા, તમે મદનલાલ વિશે વાત કરતા હતા..."

"હા. તે મેં ભારત પાછા વળતાં એ સમાચાર જાણ્યા. અને મદનલાલને મેં છેલ્લે જોયો હતો તે પ્રસંગ મને યાદ આવ્યો. લંડનમાં ઇંડિયા-હાઉસમાં અમારી એક નાનકડી સભા મળી હતી. એમાં વીર સાવકર હતા. શામજી કૃષ્ણવર્મા હતા. માદામ કામા હતા...એવા સભ્યો વચ્ચે સાવ જુદી ભાત પાડતો-સુંદર વસ્ત્રોમાં સજ્જ એવો એ યુવાન, એને સાં જોઈ મને ઘણી જ નવાઈ લાગી.

એ સભામાં કર્ઝનનો ભોગ લેવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે મદનલાલે એકદમ ઊભા થઈ એ કામ માંગ્યું. બધાંને લાગ્યું કે લાગણીવશ થઈ એ મોજીલો છોકરો આગળ ધપ્યો હશે. પરંતુ એનું પાણી ત્યાં તરત જ મપાય એમ હતું. વીર સાવકરે એને પાસે બોલાવ્યો અને બે હાથના પંજા જમીન પર ઊંધા મૂકવાનું કહ્યું. પછી પોતાના હાથમાંનાં કાગળીયામાંથી એક ટાંકણી ખેંચી લીધી અને એના ડાબા પંજા પર એની અણી ટેકવી. બંનેની આંખો મૈત્રક રચી એકબીજાનું અંતર માપતી હતી. ટાંકણી ધીમે ધીમે દબાતી ગઈ—આખી અંદર ઊતરી ગઈ...લોહીની ધારા વહેતી હતી પણ એમાંથી એકે મટકું સરખું ન માર્યું. સાવરકર એને ભેટી પડ્યા અને એ કામ એને સોંપવામાં આવ્યું. એ જોઇને હું ત્યાંથી નીકળ્યો હતો. મદનલાલે પોતાનું કામ પૂરું કર્યું હતું.

હું ભારત પહોંચી ગયો. મદનલાલ સ્વર્ગે સિધાવ્યો હતો. દેશના યુવાનો એ ઘટનાથી તપી ઊઠ્યા હતા. અને સરકાર બાવરી બની જઈ એમને દબાવતી હતી. છૂંદી નાખવા માથતી હતી. તેજસ્વી સાહિત્યકારો-નાટ્યકારો-કવિ-પત્રકારો બધાનું કાસળ કાઢવા બેઠી હતી ! લોકમાન્ય તિલક જેવાને માંડલે પકડ્યા. સાવરકરના ભાઇને કાવ્ય રચવા માટે

આજે અભરાઈ પર નજર ગઈ. અમદાવાદથી આવેલ એક બાટલી તરફ નજર ગઈ. શું સુંદર મનમોહક 'બોટલ' ! લેબલ એથી ય વધુ આકર્ષક. મોટા અક્ષરે લખેલ : પાઇનેપલ સીરપ (અનનસનો શરબત), વિશુદ્ધ કરેલ ખાંડમાંથી બનાવવામાં આવેલ. નીચે નાના અક્ષરે લખેલ "કૃત્રિમ પીણું—આમાં ફળરસ નથી." વેપારી પેઢી પ્રમાણિક તો ખરી જ ! આવાં બનાવટી પીણાં ભાતભાતનાં હોટેલોમાં ને ભંડારોમાં મળે છે. નામ ફળનું પણ માત્ર કેમિકલ્સથી જ રંગસુગંધ પામેલ.

એના કરતાં અમારી વાડીની રીત ન્યારી. રજાઓમાં બહેન લયલાનાં ને એની બેનપણીનાં મળી દશ બાળકો અજવાળું થતાં જ બહાર નીકળી પડે છે. ને કેરી તો અંદર ઊંચે ઊંચે એમના હાથ ન પહોંચે ત્યાં હજી કાચી લટકે છે, પણ તોય વાડી વાત્સલ્ય વિહોણી નથી થઈ શકતી. દક્ષિણ આફ્રિકાની ગોરી કરમદી ને વિપુલફલા ફાલસા તેમને ખાટ્ટમીઠું કંઈક તો આપે છે. ગજ્જું ગમતું હોય એ ચીકુમાંથી પાકાં ગોતે છે ને આંબલીના કાચા ખાનાર શોખીનો કાચી અંગૂર બેરી નાખતાં ('ખટ્ટા બહાર' લેવાતો નથી) રહી જ ભલ ઝૂમખાં શોધીયે છે ! નવાઈ તો એ કે અઢી ત્રણ વર્ષની બાળકીઓ લીંબુ ચૂસી શકે છે ! પણ આ બધાં ભેલસેલ વિનાના ખાદ્ય ને પેય પદાર્થો. બધાં પોષણદાયી-પ્રજ્ઞવકોથી ભરપૂર અને "તાન્નબતાન્ન...નવ બનવ."

પણ હવે 'કંટ્રાક્ટરીઓ' ત્યાં પણ પોતાની રીતરસમો લાવવા માંડ્યા છે. ગેસથી ફળ પીળાં બનાવવાં, મીણથી ચળકતાં કરવાં. રંગીન કાગળથી રૂપાળાં બનાવવાં ને બનાવટી ગરમીથી કાચાંમાંથી પાકાં લાગે તેવાં પોચાં બનાવવાં-વગેરે વગેરે તરકીબો આવી ગઈ છે. જતે દિવસે 'વનપક' ફળ ખાવાં હશે એણે પોતે વાડીમાં નહીં તો વાડામાં ફળ વાવવાં પડશે. ને ફળનાં શરબત રસોડામાં પોતાને ત્યાં સો ટકા શુદ્ધ સ્વાદિષ્ટ, સુંદર ફળોમાંથી બનાવી શકાશે.

ગૃહવિજ્ઞાન ને ઉદ્યાનવિજ્ઞાન હાથ મિલાવશે, ને લોકો ખાનપાનનાં ખરાં મૂલ્યો સમજશે ત્યારે બનાવટી શરબત ને સિરકાની જગ્યાએ ગૃહઉદ્યોગની સાત્ત્વિક ચીજો "તાજા-સોજા" આપણા આરોગ્યના પાયા મજબૂત બનાવશે.

ઇસ્માઈલભાઇ નાગોરી

જન્મટીપની સજા ફરમાવી આંદામાનમાં ભંડારી દીધા.

સપ્ટેંબર માસની ૧૬મી તારીખ હતી. નાશિકમાં કેટલાક યુવાનોની એક સભા મળી. એમાં હું હાજર હતો. તેમાં જૅકસનને ઉડાવી દેવાનો નિર્ણય લીધો. એ બીડું ઝડપવા આગળ આવ્યો એક કુમાર. મૂછનો દોરો ય હજુ દેખાતો નહોતો! "અનંત બેટા! બહુ નાનો છું હજુ. આ કૃષ્ણાજી કર્વે અને વિનાયકરાવ દેશપાંડેને આ કામ સોંપીએ." આ શબ્દો પૂરા થતાં પહેલાં એ કુમારે ટેબલ પર બળતાં દીવાનો કાચ મુઠ્ઠીમાં પકડી એના ચૂરેચૂરા કરી નાખ્યા! ચામડી કાચથી ચિરાઇને લબડતી હતી, અને એ છોકરો હસતો હતો! ગાલે ગલ પડતા હતા! એક શબ્દ વધારે બોલ્યા વગર એ કામ એને સોંપ્યું—કર્વેએ અને દેશપાંડેએ એને મદદ કરવી એવું નક્કી થયું. ડિસેંબરની ૨૧મીએ શારદા નાટક જોવા ગયેલા જૅકસનને અનંતે થિયેટરમાં જ વીંધી નાખ્યો. અને પછી એવો જ હસતો ને હસતો એ ત્યાં ઊભો રહ્યો—ત્યાંથી ભાગવાનું હિચકારું પગલું ભરવાનું એના લોહીમાં જ નહોતું! કોર્ટમાં પણ એણે સાફ સાફ શબ્દોમાં કહી દીધું કે "અમે બોલીયે કે લખીયે તો જન્મટીપની સજા થાય, તડીપાર કરવામાં આવે. અને કોઈ મિ. વિલ્યમ જીવતા ગાડીવાનને ચાબકે ચાબકે ફટકારી મારી નાખે તો એનું બહુમાન જે રાજ્યમાં થાય, એ રાજ્યકર્તા રાજ્ય કરવાને નાલાયક છે. ન્યાયાસનને અભડાવવાનો એમને કશો હક નથી. એ રાજ્યના પ્રતિનિધિને મેં મારી નાખ્યો તે મારું કર્તવ્ય હતું—એમાં મેં કંઈ જ અજુગતું કાર્ય કર્યું નથી." નિવેદન કરી એ બેસી ગયો. ફાંસીની સજા કહેતા હતા. પણ એ માત્ર સાક્ષી બની રહે એવા લાગતા નહોતા. તેઓ પોતે પણ એ બધી ઘટનાઓની એકાદ કડી સમા હોવા જ જોઇએ. અનંતા વિશે બોલતાં બોલતાં તેઓ જાણે એ જ કાળમાં ખોવાઈ ગયા હોય એવી રીતે સ્તબ્ધ બેઠા હતા! સૌની નજર આગળ એ કિશોરનું ચિત્ર ખડું થયું હતું. ડૉક્ટરકાકા પોતે એ ચિત્રમાં ક્યાં? મારી જિજ્ઞાસા સળવળી ઊઠી. મેં પૂછ્યું, "ડૉક્ટરકાકા, આ બધી સભાઓમાં તમે શું હંમેશા માત્ર પ્રેક્ષક જ રહ્યા?"

"બહેન! સભાઓમાં પ્રેક્ષકને સ્થાન જ ક્યાં હતું? કાંઈક કરી છૂટનાર માટે જ ત્યાં પ્રવેશ હતો. આકરી કસોટીમાંથી પસાર થયા વગર ત્યાં જવાય એમ ક્યાં હતું?"

"તો તમે?"

"હા. મને પણ એક નાનું સરખું કામ સોંપ્યું હતું. હું સર્જન થયો હતો. પણ એ ધંધો છોડી ફાર્મસીનો કોર્સ લઈ, અહીં દેશમાં દવાનું કારખાનું ખોલ્યું. દવાનું કારખાનું તો જાણે નાનકડું હતું; પણ ઓઠે ચાલતું દારુગોળાનું કારખાનું સાચું હતું. વર્ષો સુધી એ કારખાનાએ ક્રાંતિકારીઓને સાહિત્ય પૂરું પાડેલું. આઝાદી મળી અને મારું કર્તવ્ય પૂર્ણ થયું. કારખાનું બંધ કરી તમારા ગામમાં રહેવા આવ્યો." ડૉક્ટરકાકા જાણે કોઈ તદ્દન સામાન્ય વાત કહેતા હોય તેમ સહજ રીતે બોલતા હતા. પણ એ વાત શું સામાન્ય હતી? હાથવેંતમાં આવેલી કીર્તિ, સંપત્તિ—બધું જતું કરી—અજ્ઞાત રહી—માથે સતત મોત લટકતું રાખી...નાનકડા કારખાનામાં જિંદગી હોમી દેનાર એ ડૉક્ટરકાકા, શાનથી મૃત્યુને શોભાવનાર મદનલાલ જેટલા જ શૂરા અને એમના લાડકા અનંતા જેવા જ વીર હતા.

એવાં આ તેજનાં બીજ આ ભૂમિમાં દટાયાં છે...શું એ ઊગી નહીં નીકળે? જવાબમાં પથારીમાં સૂતેલો બાબો ઊંઘમાં હસ્યો...ગાલે પડેલા ગલમાં એ તેજનાં બીજનો અણસાર જોઈ, હરખાઇને મેં એને ચૂમી લીધો.

'અમારો ધોબી' કહેવાથી આ ધોબી કંઈ લેખકનો નથી બની જતો, તમે પણ એની પર હક ધરાવી શકો છો– ધરાવો છો.

જશવંત મહેતા

(બારણે ટકોરા)

મહેશ : બસ, થઈ ગઈ શરૂઆત. રવિવારની સવાર પડે એટલે મિનિટે મિનિટે બ્લૉકનાં બારણાં બંધઉઘાડ કર્યાં જ કરો...કર્યાં જ કરો...મીના... ઓ...મીના, જરા બારણું તો ઉઘાડ...કોઈક આવ્યું લાગે છે.

મીના : (અંદરથી) તે તમે શું સવારના પહોરમાં ફૂંડીનાં ખોખાં વટાવો છો?...જરા બારણું ખોલશો તો કાંઈ દૂબળા નહિ થઈ જાવ...

(બારણે ફરી ટકોરા)

મહેશ : (કંટાળીને) ચાલ જીવ...આ દુનિયામાં આપ મુઆ વગર સ્વર્ગે જવાય એમ નથી...મીનારાણી એકાદ કામની કોડીમાં સપડાઈ ગયાં લાગે છે...

(બારણું ખૂલવાનો અવાજ)

રામલો ધોબી : (પ્રવેશતાં જ) જય રામજી કી શેઠજી...

મહેશ : જય રામજી કી...કૈસા હો રામચન્દ્રજી...

રામલો : કા કહું શેઠજી...આપ સબ લોગ કી મહરબાનીસે...અચ્છા હું...બહુત અચ્છા હું... (થંભીને) કયા બાયજી ઘરમેં નહીં હૈ...

મહેશ : અરે હોંગી...લેકિન એક બાત પહેલે સે બતા દો...

રામલો : કયા બાબુજી...

મહેશ : આજ તો સબ કપડે સલામત હૈ ના? એક ભી કપડા ફટા નહીં હૈ ના?

રામલો : (ખડખડાટ હસી પડતાં) કૈસી બાત કરત હો શેઠજી...હમ...કા...હંમેશ કપડા ફાડ કે લાવત હૈ કા?

મહેશ : તો ઠીક મારા બાપલા...નહિ તો રવિવારની સવાર બગડી જશે. મીના...ઓ...મીના, ...આ આપણા રામચન્દ્રજી પધાર્યા છે...જરા સ્વાગત કરવા આવજે...

મીના : (પ્રવેશતાં જ) આપણા નહીં...તમારા ...મને તો મુઆનું મોઢું ય જોવું નથી ગમતું... માથામાં વાળનું જંગલ...દાઢીના ઠેકાણા નહિ... મોઢામાં પાનના ડૂચા...અને મુઆની આંખો તો એવી છે કે કો'ક બચાડો છળી જ મરે.

રામલો : (હસી કાઢતાં) કા...શેઠાણી...કા બાત કરત હો...હમ આપકા કીતના સાલ કા પુરાના ધોબી...અબ તો બુઢા હો ગયા બુઢા.

મીના : (હસતાં હસતાં) મુઆ મરતો કેમ નથી?

રામલો : કાહેકો મરેગા શેઠાણીજી...દુનિયામેં મરનેવાલે બહુત ગઝલ લડાનેવાલે જવાન હૈ...હમ જીયેગા, ખૂબ જીયેગા.

મીના : અમારાં લોહી પીવા કેમ?...હવે કપડાં લાવ્યો છે કે પછી આમ વાતોનાં વડાં કરી મારો ટાઈમ બગાડવા જ આવ્યો છે.

રામજી : (ઉત્સાહિત થઈ) કાહેકો નહીં લાયેગા

...ગીન લો તુમારે હાથસે.

મીના : એકે ય કપડું ઓછું નથી લાવ્યો ને ?

રામલો : કાહેકો લાયેગા શેઠાણીજી ?...ગીનલો (ઝડપથી) ૨ ખમીસ, ૨ પેન્ટ, ૩ બ્લાઉઝ, ૨ સાડી...કુલ નવ કપડા હો ગયા ના ?

મીના : (અટકાવતાં) અલ્યા, આમ ફલાઇંગ-રાણી કાં દોડાવસ ? જરા જોવા તો દે, એકે કપડું ફાડીને તો નથી લાવ્યો ને ?...

રામલો : કૈસી બાત કરત હો શેઠાણીજી ?...

મીના : જોવા દે મને...તારું ભલું પૂછવું...

મહેશ : ઝટ પતાવને, સવારના પહોરમાં તારે ય બીજો કાંઈ કામધંધો છે કે નહિ ?

મીના : તમારે તો બધું પતાવવાનું જ હોય ને ! એમ કાંઈ આંખો મીંચીને કપડાંને કબાટમાં ન મૂકી દેવાય, સમજ્યા.

મહેશ : તો જો નિરાંતે...

મીના : (ગુસ્સામાં) અલ્યા રામલા...ઓ રામલા !

રામલો : (ગભરાઈને) બોલોજી.

મીના : (ગુસ્સામાં) બોલે શું તારું કપાળ... તુમ કૈસા આદમી હો ? તુમકો એક વાર બોયલા... દો વાર બોયલા...તીન વાર બોયલા...તો ભી તુમ દેખો સાડી ફાડકે લાયા...ઔર શેઠ કા ખમીસ કા કૉલર ભી ખલાસ કર દીયા...આજકલ કપડા ફ્રીતના મેંઘા હૈ વો માલુમ હૈ...તુમ ઘોબી...હો યા ગધ્ધા...

મહેશ : (વચ્ચે પડતાં) હાં...હાં...આપણી માતૃભાષાનું ખૂન ના કર મીના...તારે કહેવું છે શું એ વાત કરને. દેખાવમાં તો એ ઘોબી લાગે છે. વાત શું છે ?...આટલી બધી ગરમ કેમ થઈ ગઈ ? કેટલાં કપડાં ફાડ્યાં ?

રામલો : (ગભરાતાં ગભરાતાં) શેઠજી...શેઠજી ...હમારે સે કપડા નહીં ફટા...નહીં ફટા.

મીના : (ગુસ્સામાં) તેં નથી ફાડ્યાં તો મેં ફાડ્યાં ?...આ હું તમને કહી કહીને થાકી, કે ભાઈ-સા'બ કપડાં લોંન્ડ્રીમાં આપતા જાવ. પણ તમારે તો અમારું સાંભળવું જ ક્યાં છે ? આ રોજ રવિવારે તમારા રામલા ભૂત સામે માથાં ફોડી ફોડીને હું તો હવે કંટાળી ગઈ છું, ભાઈસા'બ. એક વાર કપડું ઓછું લાવ્યો હોય તો બીજી વાર ફાડીને લાવ્યો હોય. અને કાં તો કપડામાં કો'ક વાર સાત ડબ્બી ટીનોપોલનાં પાણીથી ય ન જાય એવા ડાઘા પાડીને લાવ્યો હોય.

મહેશ : (કંટાળીને) હા...પણ હવે એનું શું છે ?

મીના : (ગુસ્સામાં) હોય શું ?...મારે આ ઘોબી ઘોળે ઘરમે ય ન જોઈએ.

રામલો : સા'બ...સા'બ...હમ અભી પૂરા ખ્યાલ રખેગા...સા'બ હમ આપકા ફ્રીતના પુરાના ઘોબી...

મહેશ : જો ભાઈ, આ તું દર વખતે કાંઈક ને કાંઈક લફ્ડું લઈને આવે છે એ આપણને પસંદ નથી...અને તારી પંચાતમાં તારી શેઠાણી રવિ-વારની સવારે માથું ખાવા માંડે એ આપણને પોસાતું નથી.

મીના : હા...તમારું માથું ખાઉં છું કેમ ? હું તો કહી કહીને થાકી કે આ બે ડગલાં ચાલો ત્યાં લોન્ડ્રીવાળાની દુકાન છે, કપડાં ત્યાં આપવાનું શરૂ કરો, પણ સાંભળો છો જ ક્યાં ?

પ્રવક્તા : અને સાહેબ, એ સવારે જ અમારા રામલા ઘોબીનાં અંજળપાણી અમારે ત્યાંથી ઊઠી ગયાં.

મીના : નહિ...નહિ...હવે તો કપડાં લોંડ્રીમાં જ આપવાં છે. પાંચ પૈસા વધારે બેસશે પણ કપડાં બગલાની પાંખ જેવા ઘોળાં તો થશે. રામલાભાઈ, તું તારે જા હવે...આ તારી સાથેના ઋણાનુબંધ તૂટ્યાં, બીજું શું ?

રામલો : સા'બ...સાબ...એક દફે...એક દફે...

મહેશ : રામલા...તું મને પછી મળજે... અત્યારે ભાઈસાહેબના મગજનું બોઈલર ફાટ્યું છે, એમાં તારો ગજ નહિ વાગે.

(રામલાના જવાનો અવાજ)

મહેશ : (ખેદજનક સ્વરે) મીના, રામલો તો ગયો.

મીના : (નિરાંતભર્યા સ્વરે) કાંશ ગઈ.

મહેશ : એવું ના બોલ, મીના. આ તું તારા પૈસાદાર પાડોશીના રવાડે ચઢી છેલ્લા ૭ મહિનાથી

"લોન્ડ્રી...લોન્ડ્રી" કહ્યા કરે છે, પણ એ આપણને કોઈ રીતે પોસાય તેમ નથી હોં.

મીના : કઈ રીતે નહિ પોસાય...તમે જ કહો ને ? બહુ બહુ તો એક કપડે પાંચદસ પૈસા વધુ પડશે. એ જ કે બીજું કાંઈ? લોન્ડ્રીની ધોલાઈ કેટલી સરસ આવે છે, એનો ખ્યાલ કર્યો ?...તમારી ઓફિસના પેલા સેલ્સમેન રાજેનાં કપડાં જુઓ અને તમારાં કપડાં જુઓ...ફેર લાગે છે કે નહિ ?

મહેશ : અચ્છા બાબા, તું જીતી અને હું હાર્યો, બસ. પણ જો એક વાત તને કહી દઉં કે હું શા માટે રામલા ધોબીને અત્યાર સુધી વળગી રહ્યો હતો ?

મીના : શા માટે વળગી રહ્યા હતા ?... બિચારો ભુદ્રો બચરવાળ માણસ છે એટલે જ ને ? જોયા નહિ હોય મોટા જીવદયાવાળા. એને ખાતર કાંઈ આપણે સમાજમાં આપણી પોઝીશન ખરાબ દેખાડવી ?

મહેશ : એ વાત તો ખરી...પરંતુ એથી વિશેષ તો લોન્ડ્રીમાં કપડાં લેવા અને આપવા જવા માટે ધક્કા ખાવાનું આપણા જેવા આળસુ માણસને પોસાય તેમ નથી. બીજું, એ લોન્ડ્રીવાળા કપડાં ધોઈ નાખે કે ફાડી નાખે તો એ લોકોની સાથે માથાં ફોડવા જવાનો આપણને સમય નથી, સમજી.

મીના : (ઉત્સાહમાં) લો, એમાં કઈ મોટી વાત હતી ? આટલાં વરસોમાં શું અમને એટલી ય ખબર નહિ પડી હોય કે એક બિલકુલ આળસુ માણસ સાથે અમારો પનારો પડ્યો છે ?

મહેશ : તો તો બહુ સારું. તો એ બધી જવાબદારી તારે શિરે રહેશે...છે ને કબૂલ ?

મીના : હા, હા. તમારે માથે કાંઈ ઉપાધિ નહિ, પછી છે કાંઈ ? તમ તમારે ફુલફટાક થઈ, સરસ મજાનાં કપડાં પહેરીને ફરજો ને...એ બધી ચિંતા મારે માથે. કપડાં આપી આવવાના અને લઈ આવવાના...બધું જ મારે માથે.

મહેશ : હાં, તો તારે ઠીક પડે તેમ કર.

પ્રવક્તા : અને રામલા ધોબીથી છૂટકારો પામ્યાને ત્રણેક દિવસ માંડ થયા હશે ત્યાં તો...

મીના : સાંભળો છો કે ?

મહેશ : (બેધ્યાનપણે – છાપાનાં હેડીંગ વાંચતો) એ. આઇ. સી. સીની બેઠકમાં તંગ વાતાવરણ... મોરારજી દેસાઇની રાજીનામું આપવાની ધમકી... મૈસુર મહારાષ્ટ્ર વચ્ચે ગોવા અંગે ધમાલ...

મીના : (મોટેથી) આ છાપું વાંચ્યે દહાડા નહિ વળે. જરા કાન સરવા રાખતા જાવ.

મહેશ : અરે...મીનુ ! ઓ મીનુ...આ જો છાપામાં કેવા 'ઇન્ટરેસ્ટીંગ' સમાચાર આવ્યા છે. ડીફેન્સ મિનિસ્ટર હિમાલયને બદલે ગોવાની સરહદ સાચવવામાં ગૂંચવાઈ ગયા. કામરાજ–પ્લાનવાળા કામરાજે કોંગ્રેસપદ એક વર્ષ વધુ ચાલુ રહે એ માટે ખટપટ આદરી. મેનન મોરારજીએ સ્વર્ણસીંગની વિદેશમોરચે દાઢી છોલી નાખી. આ તું સાંભળ તો ખરી, રાષ્ટ્રહિતમાં રાચતાં આપણા એક જમાનાના નેતાઓ આજે કેવી બાલિશ વાતો પર લડી રહ્યા છે ?

મીના : ભલે લડે...એ બધા દેશનું સત્યાનાશ વાળશે...પણ મારે હવે એ મોંકાણના સમાચાર નથી સાંભળવાં. ગેસ પર દાળ ઊકળે છે, ઝટ ખમીસ પહેરીને બે દિવસથી ખીંટીએ ટીંગાડેલાં આ તમારાં કપડાં જરા બાજુની લોન્ડ્રીમાં આપી આવો...

મહેશ : પણ...પણ...

મીના : પણ ને બણ કાંઈ નહિ...આ દીવાનખાનામાં મેલાં કપડાંનું પ્રદર્શન સારું નથી લાગતું. ...જરા ઊભા થાવ. આમ છાપું વાંચ્યે આપણા દહાડા નહિ પાકે. મુવાઓને ઓલ્યા ચીનવાળા હારે બાઝવા જવાને બદલે અંદર અંદર બાઝવાનું સૂઝે છે...

મહેશ : પણ...મીના...આપણી પેલી શરતનું શું ?

મીના : (આશ્ચર્ય સાથે) કઇ શરત વળી ?

મહેશ : બસ, ત્રણ દિવસમાં ભૂલાઈ ગઈ ? આ લોન્ડ્રીમાં કપડાં આપી આવવાની સ્તો વળી ?

કાગડે ખાધું ઈંડું

કાગડે ખાધું ઈંડું,
સર્જન પાછળ શીદને મૂકે,
માધવ મોટું મીંડું ?
કાગડે ખાધું ઈંડું.

કબૂતરાંએ માળો કર્યો તો, પાણીઆરાની પાળે,
સવારસાંજે ચારા વચાળે, વખત એમાં ગાળે,
કબૂતરીનાં સુખમાં પાડ્યું, કાગડે છેવટ છીંડું.
કાગડે ખાધું ઈંડું

અંડ મહીં આવી બ્રહ્મ વસ્યો ને એમ થયું બ્રહ્માંડ,
કબૂતરાં એમાં કોમળ પાક્યાં, કાગડા પાક્યા દાંડ
હાય-કારે મારું થીજતું હૈયું, હોંશ કરી ક્યાં હીંડું ?
કાગડે ખાધું ઈંડું.

ચિત્ત ચડ્યું ચકડોળે મારું, ઘર છે જાણે માળો,
આશ નિરાશા કેરો મારા ઉરમાં નિત ઉકાળો,
કાગડા જેવા કાળમુખો છું, હું ય માટીનું પીંડું.
કાગડે ખાધું ઈંડું.

મીનપિયાસી

મીના : (ગુસ્સામાં) હા...તે આપી આવશું અમે...એમાં યાદ શું દેવડાવ્યું ? મૂકી દો કપડાં...હું જ આપી આવીશ. (રડતાં સ્વરે) : જીવ જ રોયો અભાગીયો છે તે મારાથી કામ ચીંધાઈ ગયું. (કટાક્ષમાં) બેસો બાપુ... તમ તમારે નિરાંતે. હું જ બપોરના ઘાટીને કહીશ કે બિચારો આપી આવશે.

પ્રવકતા : અને સાહેબ, અમે જ લોન્ડ્રીમાં કપડાં દઈ આવ્યા. પૂરી પંદર મિનિટ બગાડી. લોન્ડ્રીવાળાએ આપેલી રસીદ માંડ માંડ ગજવામાં સાચવીને લાવ્યા અને મીનાના હાથમાં સોંપતા—

મહેશ : મીના...જો આ રસીદ સંભાળજે, પાછી ક્યાંક ગુમ થઈ જશે તો કપડાં જ નહિ મળે.

મીના : તે એવી વાતે અમને કહેવું ના પડે હોં...

પ્રવકતા : અને ચાર દિવસ પછી ખરેખર અમારે કહેવું પડ્યું.

મહેશ : મીના, તું ક્યારની શું શોધ્યા કરે છે?

મીના : (ક્ષોભ સાથે) કાંઈ જ નહિ, કાંઈ જ નહિ. એ તો જરા અમસ્તું.

મહેશ : ના, ના, તું જરૂર કાંઈક શોધતી લાગે છે. શું હીરાનાં લવીંગડાં ક્યાંક મુકાઈ ગયાં ? સોનાની બંગડી આડા હાથે મુકાઈ ગઈ ! મીના તું આટલી બધી વિહ્વળ કેમ બની ગઈ ? મારાથી પણ છુપાવે છે કે શું ?

મીના : લવીંગડાં કે બંગડી કાંઈ જ નથી ખોવાણું...

મહેશ : તો શું ખોવાણું છે...?

મીના : ઓલી...તે દિ' તમે રસીદ આપી હતી ને !

મહેશ : (યાદ આવતાં) અરે હાં...પેલાં કપડાંની રસીદ કે ?

મીના : હા...હા...એ...જ...

મહેશ : અરે ભાઇસાહેબ, બોલતી કેમ નથી. એ તો મેં પેલા કબાટના ખાનામાં મૂકી છે.

મીના : (આનંદમાં આવીને) અરે હાં....હું તો સાવ ભૂલી ગઈ હતી, રોયો સ્વભાવ જ હમણાં તો એવો થઈ ગયો છે કે કાંઈ હૈયે જ નથી રહેતું.

પ્રવક્તા : અને મીના ઢીલા પગલે કપડાં સાથે પાછી ફરી ત્યારે...

મહેશ : કેમ, આવી ગયાં કપડાં ?

મીના : આવે શું ? તમારું ખમીસ બાકી રોકાયું.

મહેશ : કેમ ? જરા ખખડાવવો'તો ને.

મીના : શું ખખડાવે ? કહે કે ઇસ્ત્રી કરવાનું બાકી છે. કાલ સવારે લઈ જજો.

મહેશ : કાંઈ વાંધો નહિ. લઈ આવજે સવારે.

મીના : (કંટાળીને) પણ એવા કેટલા આંટા ખાવા ?

પ્રવક્તા : અને સાહેબ, એ ત્રણ અઠવાડિયાંમાં તો અમારા મીનારાણી લૉન્ડ્રી અને ઘર વચ્ચે આંટા મારી મારીને કંટાળી ગયાં. અને એક રવિવારે...

મીના : સાંભળો છો કે ?

મહેશ : કેમ શું છે ?

મીના : આજે આપણો રામલો ધોબી બાજુમાં આવ્યો હશે, તો જરા બોલાવજો ને.

મહેશ : કેમ કાંઈ અચાનક ?

મીના : મતું...આ ત્રણ અઠવાડિયાંમાં લોન્ડ્રી-વાળાને ત્યાં ત્રીસ આંટા ખાઈ ખાઈને મારો તો દમ નીકળી ગયો. એક તો ટાઈમસર કપડાં ન આપવાં. વળી એકાદ નાનું મોટું કપડું તો દર વખતે બાકી રાખવું, અને ઉપરાંત છેલ્લે છેલ્લે તો આ તમારું નવું નકોર ખમીસ ફાટીને આવ્યું ત્યારે જરાક કહ્યું, ત્યાં તો સામો વળગતો કહે છે કે તમારું સોંઘા ભાવનું સસ્તી ગયેલું કપડું હશે તે ખમીસ ફાટી ગયું...મને તો એવો ગુસ્સો ચડયો કે વાત નહિ.

મહેશ : અરે પણ મીના...પછી સોસાયટીમાં આપણી આબરૂ શું રહેશે ?... પેલા રાજે જેવા ધોળાં કપડાં પહેરવા નહિ મળે. પાડોશીને ત્યાં તારો વટ નહિ પડે ! એ બધાનો કાંઇ વિચાર કર્યો કે ?

મીના : (રડમસ ચહેરે) હા. બસ...તમતમારે ચીડવો...હું જ મરી જૂંડી છું કે તમારાં કપડાંની બહુ સારસંભાળ રાખવાનો પ્રયત્ન કરું છું...હવે મારે કાંઈ પંચાત જ નથી કરવી. તમે જાણો ને...તમારો રામલો ધોબી જાણે. ધોવે, એને જેવા ધોવા હોય એવા.

મહેશ : મારો નહિ, આપણો રામલો ધોબી. મીના, ઊભી રહે, હું હમણાં બાજુના બ્લોકમાંથી બોલાવી લાઉં...આપણી પેલી - કપડાં નોંધવાની ડાયરી લાવ.

(બારણે ટકોરા)

મહેશ : મીના, લે, સંભારતા જ રામચન્દ્રજી પધાર્યાને શું ?

રામલો : જય રામજી કી શેઠજી...કૈસે હો... હમને સોચા...શેઠ કો....મીલ કે આઉં...સલામ દે કે આવું...

મીના : હવે જોયો નહિ હોય મોટો સલામ આપવાવાળો...આવ્યો પાછો એનું મોઢું દેખાડવા !

રામલો (ખીજવાઈને) હમ ચલેગા શેઠજી... હમ આપકા પુરાના ધોબી...મીલને કો ભી નહિ આવે કા !

મીના : હવે ચલે ક્યાં...આ કપડાં ગણવા માંડ...બે પાટલૂન...ત્રણ ખમીસ, બે ચાડલા... અને ઝટ ઉપાડ અહીંથી તારા લબાચા.

[આકાશવાણી મુંબઇના સૌજન્યથી ચોટાક ફેરફારો સાથે]

શિવકુમાર નવલકથા

હસમુખ શાહ

શિવકુમાર એક લેખક હતો; શિષ્ટ અને ઉચ્ચ સાહિત્યનો એક નંબરનો લેખક. એની લેખક તરીકેની પ્રતિભા એનાં લખાણોમાં જ નહીં, જાણે એના વ્યક્તિત્વમાંથી પણ જોવા મળતી! એને જોતાં જ જાણે નજર સમક્ષ કોઈ સિદ્ધહસ્ત કલમકસબીની પ્રતિમા ખડી થઈ જતી; કોઈ ખાદીધારી ધોતિયા-ઝભ્ભા અને ટોપીવાળા સજ્જનને જોઈને કોંગ્રેસ નેતાની યાદ આવી જાય એમ! એનાં લખાણોમાં પણ એના જીવનનો એક માત્ર આદર્શ-આશાવાદ દૃષ્ટિગોચર થતો-એની વાર્તાઓમાં, નવલકથાઓમાં અને નાટકોમાં. વાર્તાઓ-ટૂંકી વાર્તાઓ વાંચતા એવું લાગતું કે મોપાંસા, ટોલ્સ્ટોય, ગોર્કી, ચેખોવ કે ઓ. હેન્રી-કોઈને ય દુનિયા યાદ નહીં કરે! એની નવલકથાઓ વાંચતા લાગતું કે શરદબાબુ, પર્લ બક, મોમ અને દોસ્તોવસ્કી કે પુશ્કીન જાણે જુના જમાનાના લેખકો હતાં! એનાં નાટકો શેક્સપીઅરને ય ભૂલાવી દે તેવાં હતાં! પરંતુ બધા લેખકો માટે જેમ બને છે તેમ એની એ પ્રતિભા પીછાણનાર કોઈ ઝવેરી હજુ પાકયો ન હતો! એની વાર્તાઓ 'અસ્વીકાર્ય' કે 'સાભાર પરત' લખાઈને જ પાછી આવતી એટલું જ નહીં, એણે જાણી જોઈને ચોંટાડી દીધેલું વચ્ચેનું પાનું એવું ને એવું ચોંટાડેલું જ પાછું આવતું! કોઈ કોઇ તંત્રીને એ પાનાં ઉઘલાવવાનો સમય જ ક્યાં હતો! એની નવલકથાઓ છાપવાનું કોઇ સાહસ કરતું નહીં! એનાં નાટકો 'રજેજ' કરવામાં દિગ્દર્શકો જોખમ સમજતા!

છતાં શિવકુમારના જીવનમાં નિરાશા જેવી કોઇ ચીજ નહોતી. આશાવાદ-એક દિવસ મારો છે-એ એનો જીવનમંત્ર હતો. એક પછી એક એમ એ લેખો લખ્યે જતો-પ્રકાશનની કોઇ ચિંતા કર્યા વિના જ! એનાં લખાણો વાંચી એને પોતાને સંતોષ થતો.

એક દિવસ એને થયું-એનાં નાટકો રજેજ કરવામાં દિગ્દર્શકો જોખમ સમજે છે, પરંતુ પોતાને વિશ્વાસ છે કે એમાં કોઈ જોખમ નથી. લોકો એને ઉત્સાહથી જોશે એટલું જ નહીં, અનેક વાર જોશે અને એની પાસે એવાં જ બીજાં નાટકો માગશે. પરંતુ દિગ્દર્શકો પાસે એ સૂત્ર ન હતી. એક દિવસ શિવકુમાર જાને એનું એક નાટક લઇ 'રંગભૂમિ'ના દિગ્દર્શક ગિદારીલાલ પાસે પહોંચ્યો. ગિદારીલાલે એનાં નાટકો પહેલાં પણ વાંચ્યાં હતાં, એટલે હાથમાં લઇને તરત જ પાનાં ફેરવી પાછું આપતાં કહ્યું. "આ જમાનો આવવાને હજુ સો વર્ષની વાર છે. ત્યાં સુધી રાહ જુઓ." શિવકુમાર નિરાશ થવાને બદલે ઊલટો ખુશ થયો-કેટલી મોટી કિંમત છે એનાં નાટકોની; સો વર્ષ પછીની દુનિયા એને આવકારશે!

અને એના 'રંગભૂમિ'ના આંટા એક પછી એક વધતા જ ગયા. એ કોઈ નવું નાટક લઇને ત્યાં પહોંચતો, ગિદારીલાલ એ જ ઢબે હાથમાં લેતા, પાનાં ફેરવતા-જાણે પાનું ફેરવવામાં જ એમને અંદરનું લખાણ વંચાઇ જતું!-અને એને પાછું આપતાં કહેતાઃ "તમારો આ જમાનો નથી. તમારું ભવિષ્ય ઊજળું છે. આજથી સો વર્ષ પછીની જનતા તમને આવકારશે." અને શિવકુમાર ગયો હોય એનાથી યે વધુ ઉત્સાહથી એ 'અસ્વીકાર્ય' નાટક લઇને પાછો ફરતો.

એની પત્ની ક્યારેક એને કહેતી, "કોઈક દિગ્દર્શકને તમે એ તો પૂછો કે તમારા નાટકોમાં જો સો વર્ષ પછીની જનતાની માગ છે, તો પછી આજની જનતા શું માગે છે? અને એ માગને અનુરૂપ કોઈક નાટક તમે લખો!" પણ શિવકુમાર હસતે

મોંએ એને કહેતો, "ગાંડી ! લેખકોનું એવું જ હોય ! વર્તમાન ગરીબ અને ધૂંધળું, ભાવિ અમીર અને ઉજ્જવળ !"

અને એ પાછો કોઈ નવું નાટક લખવા બેસી જતો.

આમને આમ પાંચેક વર્ષનો ગાળો વહી ગયો. શિવકુમારની ફાઈલમાં દસેક નાટકોનો થોકડો થઈ ગયો. વાર્તાઓ તો સામટા દસ-પંદર સંગ્રહ એક સાથે પ્રકાશિત થઈ શકે એટલી ભેગી થઇ ગઇ હતી ! અને નવલકથાઓ નાટકોની હરીફાઈ કરતી હતી !

એક દિવસ એ એના અભ્યાસખંડમાં બેઠો હતો. સામે ટેબલ પર એનાં નાટકોનો થોકડો પડયો હતો. એણે એક નાટક હાથમાં લીધું-'જીવનનો આદર્શ', એક વખત એ ફરી વાંચી ગયો. અને પછી એનાં પાનાં છૂટાં કરી હાથમાં પેન લઈ એમાં આડીઊભી લીટીઓ દોરી, કાપકૂપ શરૂ કરી. એક પ્રસંગને આગળથી પાછળ લીધો અને એક દૃશ્યને વચમાંથી ઉપાડી આગળ આવ્યું. આંખો બંધ કરી થોડી વાર વિચાર કર્યો અને પછી નાટકનો અંત કાપીને ટેબલ નીચેની ટોપલીમાં નાખી દીધો-એણે નાટકમાં એવી રીતે કાપકૂપ કરવા માંડી, જાણે કોઈ સર્જન પોતાના જ શરીર પર વાઢકાપ ન કરતો હોય ! એણે આખું નાટક ફરીથી લખ્યું, નવા સુધારાવધારા સાથે અને શક્ય ત્યાં ત્યાં નવાં સૂત્રો વડે, નવા આદર્શો વડે એને મઠાર્યું. અને છેવટે એ સંપૂર્ણ કૃતિને બગલમાં મારીને એ ઊપડયો 'રંગભૂમિ'ના કાર્યાલયે-પોતાના પ્રથમ બાળકને કોઈ બાળ-હરીફાઈમાં સામેલ કરવા લઈ જતી ઘેલી માતા જેમ !

પરંતુ એની એ સર્વાંગસુંદર કૃતિમાં પણ 'રંગભૂમિ'ના લોકોને કંઈ સૌંદર્ય ન ભાસ્યું સારે એને એમની મૂર્ખતા, અજ્ઞાનતા ઉપર હસવું આવ્યું ! પણ ફરી પાછું એને ભાન આવ્યું કે એ દિગ્દર્શકો એની પ્રતિભાના પીછાણનારા છે-હીરાને પારખનારા જવેરી છે. એમની મૂર્ખતા કે અજ્ઞાનના ઉપર હસવું એ પોતાની જ મૂર્ખતા ઉપર ઉપહાસ છે. છેવટે એણે મન મનાવ્યું : "તમે લોકો મારા ઊજળા ભાવિની આગાહી કરો છો એટલું જ શું ઓછું છે ?"

પોતાના અભ્યાસખંડમાં બેઠો બેઠો એ દરેક નાટકને આમ નવારૂપે સજાવતો-અતિશય વાઢકાપને અંતે અને આડું-અવળું ગોઠવ્યા પછી એને ફરી લખતો અને સંતોષના શ્વાસ સાથે એ સંપૂર્ણ કૃતિ એની પત્નીને વાંચી સંભળાવતો. છેવટે કહેતો: "પ્રિયા ! હવે તો હું એ લોકોની માગને જરૂર પહોંચી વળવાનો ! હવે તો હું ઘણો જ નજદીક આવી ગયો છું એ લોકોની !" અને એની પત્ની મ્યુનિસિપલ ગૅસથી ચાલતી સગડી પર મૂકેલ શાકને દાઝતું બચાવી લેતી !

અને ફરી પાછો શિવકુમાર 'રંગભૂમિ'ના કાર્યાલયે પહોંચી જતો અને ફરી પાછું નાટક 'અસ્વીકાર્ય'ની મુદ્રા સાથે એની પાસે આવી પડતું. ફરી પાછું એ આદિ-અંત ફેરફારો સાથે નવો સ્વાંગ સજતું અને ફરી પાછું 'રંગભૂમિ'ના કાર્યાલયે પહોંચતું, અને ફરી પાછું એ જ ગતિએ શિવકુમારના હાથમાં પાછું આવતું ! એ જ નોંધ સાથે-"આ જમાનો તમારો નથી !"

"આ લોકો કેટલા મૂર્ખ છે !" એ બબડતો.

"ના. એ લોકો મૂર્ખ નથી !" એની પત્ની ધીર-ગંભીર અવાજે કહેતી-"એ લોકો જરાય મૂર્ખ નથી !"

અને પ્રિયાના ખભે હાથ મૂકતાં શિવકુમાર હસતો, કહેતો: "પ્રિયા ! તું મારી જેમ આશાવાદી બન, તો તને જણાશે કે આ લોકો કેટલા મૂર્ખ છે !"

અને ધીમે ધીમે એ સમય આવ્યો કે શિવકુમારને માટે આખો દિવસમાં બે કપ ચા અને બે આનાનો બ્રેડનો ટુકડો ય ખર્ચાળ ગણાવા લાગ્યો ! એણે હમણાં એક નવું નાટક શરૂ કર્યું હતું-'જીવનનો આનંદ'. એને એના અંતરતમ હૃદયમાં લાગતું હતું કે એનું એકાદ નાટક એનું નસીબ ફેરવી નાખશે. આ નાટકને પૂરું કરીને એણે એને 'રંગભૂમિ' કાર્યાલય પર મોકલી આપ્યું. એને વિશ્વાસ હતો કે એક દિવસ એનું નસીબ જરૂર એના મકાને આવશે-એ જ ટપાલીના હાથે, જે ટપાલી એનાં નાટકો 'અસ્વીકાર્ય'ની નોંધ સાથે પાછાં લાવતો હતો ! અને એ આશામાં એ જીવતો હતો-બે આનાની બ્રેડને સહારે !

એક વર્ષાઋતુની સવારે એ એના અભ્યાસખંડમાં બેઠો હતો. સામે એનાં નાટકોનો ઢગ પડેલો હતો. બહાર મુશળધાર વરસાદ વરસતો હતો, અને વાતાવરણમાં એ સિવાય સર્વત્ર શાંતિ હતી. શિવકુમારના મગજમાં એ મિનિટે એક વિચાર આવ્યો–એક અદ્‌ભુત, અંતિમ વિચાર! એણે અત્યાર સુધીમાં દસેક નાટકો લખ્યાં હતાં. બધાં જ કંઈ ખરાબ ન હોય! અરે ખુદ બિહારીલાલે કહ્યું હતું કે એના કોઈ નાટકમાં દૃશ્યો સારાં છે તો ભાષા સારી નથી, કોઇમાં ભાષા સારી છે તો પાત્રો યોગ્ય નથી, કોઈમાં પાત્રો સારાં છે તો એના પ્રસંગો અનુરૂપ નથી. એને વિચાર આવ્યો–"એ બધાંને દોરડે બાંધીને એક જ હોડીમાં બેસાડું તો? જે જરૂરનું ન હોય તેને નાખી દઇએ નદીમાં, અને પછી રહે હોડીમાં એને લઈ જવાય કે નહીં પેલે પાર? જોઇએ શું થાય છે તે–એ તરીને પહોંચે છે પેલે પાર કે પછી ડૂબી જાય છે અધવચ્ચે?"

અને એનો એ વિચાર જાણે એનો જીવન-પ્રયોગ બની ગયો. એ એના આ નવા કામમાં એવી રીતે લાગી ગયો–એક ગાંડાની જેમ, કે એની પત્નીને પણ એની ચિંતા થવા લાગી. પરંતુ શિવકુમારનું ગાંડપણ જોઇને પ્રિયા કંટાળી ગઈ. ધીમે ધીમે એણે એ રૂમમાં જવાનું બંધ કર્યું–એ થાકી જતી. પણ શિવકુમાર તો એનાં બધાં નાટકોમાંથી કંઇ કંઇ બોલતો જતો, લખતો જતો, ક્યારેક ઊભો થઈ અભિનય કરતો, ને ક્યારેક બરાડા પાડી ઊઠતો. શિવકુમારના આ ગાંડપણથી તો એના પડોશીઓ પણ કંટાળી ગયા, એમની ફરિયાદો આવવા લાગી ત્યારે પ્રિયાએ શિવકુમારને કહ્યું કે હવે એ આ ગાંડપણ બંધ કરે. પણ શિવકુમારને કશાયની પડી નહોતી-એ તો સઘળું ભૂલી ગયો હતો–એની પ્રિયાને અને એના અસ્તિત્વને. એ એના કામમાં રત, પ્રિયા સામે શૂન્ય નજરે તાકી રહ્યો અને પ્રિયાએ એને એનો અંતિમ નિર્ણય સંભળાવી દીધો કે પોતે હવે પોતાના પેટ માટે કંઈક શોધવા જઇ રહી છે, એની ધીરજની હવે હદ આવી ગઇ છે. એણે કેવળ સંમતિસૂચક ડોકું હલાવ્યું અને પાછો પોતાના કામમાં મંડી પડ્યો. જતાં જતાં પ્રિયાએ કહ્યું: "હું જાઉં છું–જશવંત–મારો પિત્રાઈ, મને તેડવા આવ્યો છે–હું જાઉં છું. એની સાથે–થિયેટરમાં!"

પણ શિવકુમારને કશું સાંભળવાની ફુરસદ ન હતી. એ તો મંડ્યો હતો એના એક માત્ર જીવન-પ્રયોગ પાછળ–અવર્ણનીય જાદુઇ કાર્ય પાછળ! એ એનાં દસે નાટકોમાં જે કંઇ સારું દેખાતું હતું એને એના એ અંતિમ નાટકમાં ભેગું કરતો હતો–જાણે મધદરિયે તૂટી પડેલા વહાણનો ખલાસી! એની સઘળી મિલકતનું જાણે નવનીત ભેગું ન કરતો હોય એમ એ એનાં દસે નાટકોનું નવનીત એ અંતિમ નાટકમાં ભેગું કરતો હતો. જાણે એ એનું સમગ્ર જીવન આ નવા ઢાંચામાં રેડતો હતો!

છેવટે એ આખી યે કૃતિને એણે ફરીથી વાંચી. સુધારા-વધારા કર્યા, આઘુંપાછું કરી ફરી મઠારી. અને અંતમાં તૈયાર થયેલ નાટક એની સમક્ષ એવી રીતે ઉપસ્થિત થયું જાણે આજ સુધીમાં આવી કોઈ કૃતિ એણે જોઇ નથી કે એના વિષે એણે સાંભળ્યું નથી! આવી અદ્વિતીય સર્વાંગસુંદર કૃતિને રચ્યા કરતાં પહેલાં એણે એક પત્ર લખ્યો–બિહારીલાલ ઉપર, અને એમાં જાણે એને આસમાન હાથ લાગ્યું હોય એમ ગાંડા થઇને મોટી મોટી માગણીઓ કરી. એને વિશ્વાસ હતો કે એની આ અંતિમ કૃતિ–જીવનનું નવનીત–જરૂર એનું નસીબ ઉઘાડી નાખશે. એણે એ નાટક અને પત્ર બન્ને બિહારીલાલ પર મોકલી આપ્યાં-એ હકીકત મનમાં જાણીને કે આ કૃતિથી કાં તો એના ભાગ્યનો સિતારો ચમકવો જોઇએ નં કાં તો અસ્ત થઇ જવો જોઇએ–પ્રશ્ન એક જ હતો–આ પાર કે પેલે પાર!

પરંતુ છેલ્લા કેટલા યે દિવસોની મહેનત અને પાગલપણામાં એણે એના દેહની પરવા કરી ન હતી-હકીકતમાં એના એ કામમાં એ સર્વસ્વને ભૂલી ગયો હતો, પરંતુ હવે એના પેટે પોતાની ફી માગવા માંડી. શિયાળાની ભૂખે એને પરિસ્થિતિ સમજાવી દીધી. શિવકુમારે ના છૂટકે મજૂરી કરી–માન, મરતબો, યોગ્યાયોગ્યનો કોઈ પણ જાતનો વિચાર કર્યા વિના એણે મજૂરી કરી પેટ ભરવા પૂરતી રકમ

એકઠી કરી. એના મકાનનું ચડેલું ભાડું, વીજળીનું બીલ, અને મ્યુનિસિપલ ગૅસનું બીલ તો જાણે એ અત્યારે યાદ જ ન કરી શકયો, પરંતુ એની હોજરી-માંથી ઊઠતાં એ ગુડડ...ગુડડ અવાજને યાદ કરવા જવાનો પ્રશ્ન જ ન હતો, એમણે તો એમની માગણી એવી રીતે રજૂ કરી કે શિવકુમારને એ પૂરી કરવા સિવાય છૂટકો ન હતો. તે રાત્રે એ ઘેર પાછો ફર્યો ત્યારે એના હાથમાં પાશેર ચણા અને ચાર આનાનો બ્રેડનો ટુકડો એની ભૂખ સંતોષવા તૈયાર હતા. છતાં ય એની ભૂખને સંતોષવા કરતાં ય વધુ ઉતેજારી એને ઘેર ટપાલપેટીમાં પડેલી ટપાલને જોવાની હતી—એક જ પત્ર, ફક્ત સાડા ત્રણ જ શબ્દો—સ્વીકાર્ય—અને જાણે એનું નસીબ... પરંતુ ઘર બહાર લટકાવેલી ટપાલપેટીમાં રોજની જેમ કંઇ ન હતું !

શિવકુમારે ચણા ફાકી ખાધા, બ્રેડ ખાઈ નાખી—ચા તો કયાંથી લાવે, પાણી સાથે ગળે ઉતારી લીધી. ટપાલીની રાહ જોઈ જોઇને એ થાકયો એટલે એક દિવસ એણે 'રંગભૂમિ'ના કાર્યાલયે જઈ તપાસ કરી તો જણાયું કે બિહારીલાલ મુંબઈ ગયા હતા. એકાદ—બે અઠવાડિયાં સુધી કંઇ થઇ શકે તેમ ન હતું.

એ રાત્રે પ્રિયા ઘેર આવી—શાંત અને ગંભીર. એણે શિવકુમારને કહ્યું કે એણે પેટ ભરીને ખાઇ લીધું છે, પણ મોડા મોડા એનાથી ન રહેવાયું અને એણે રડી દીધું. શિવકુમારને એનું કારણ ન સમજાયું. બીજે દિવસે એણે જોયું તો ઘરમાંથી અનેક ચીજો અલોપ થઇ ગઇ હતી—જાણે ભૂત ન લઈ ગયું હોય ! એનો ય કોઇ જવાબ ન હતો !

છેવટે એને પરિસ્થિતિ સમજાઇ. એણે શહેરમાં કંઇક કામ મળે એ માટે રખડવા માંડયું—એક જગ્યાએથી બીજી જગ્યાએ—ભૂલા પડેલા કુરકુરિયાની માફક ! ચાર ચાર દિવસની રખડપટ્ટી પછી એ મોડી રાત્રે ઘેર પાછો ફર્યો—ભારે હૃદયે અને લથડતે પગે.

સ્વાભાવિક રીતે જ એણે ટપાલપેટી ખોલી—એ આશાએ કે કંઇક મળે, પરંતુ એ વિશ્વાસથી કે અંદર કંઇ જ નહીં હોય !—અંદર બે પત્રો પડેલા હતા. એણે એકીસાથે બંનેને ઝડપી લીધા અને પેટી બંધ કરી બારણું ખોલવા લાગ્યો. બારણા પર ઘર ખાલી કરવાની નોટિસ ચોંટાડેલી હતી એ પર એની નજર પડી. એ નોટિસ એણે ધીમે રહીને ઉખાડી નાખી અને ડૂચો વાળીને ફેંકી દીધી. બારણું ખોલ્યું અને અંદર આવી બંધ કર્યું.

એણે બંને પત્રો હાથમાં લઇને જોયા. કેટલા બધા દિવસે પત્રોનાં દર્શન થયાં ! બારી પાસે ખુરસીમાં બેસીને એણે ધીમે રહીને એક પત્ર ખોલ્યો. એ પત્ર એની પત્ની પ્રિયાનો હતો. ગડી વાળેલો પત્ર ઊકલીને એણે વાંચવા માંડયો :

"મેં મનને તમારી સાથે રહેવા ઘણું સમજાવ્યું, શિવ ! પણ દરેક સ્ત્રીને ઘરની જરૂર હોય છે ! હું આજે બપોરે જ જગદીશ સાથે મુંબઈ જાઉં છું. મારે માટે એ સિવાય બીજો કોઇ રસ્તો નથી. મને આ રીતે છાનું છાનું જવાનું જરા ય પસંદ નથી, પરંતુ અહીં હવે વધુ રહેવાય એમ પણ નથી—ધીરજ ખૂટી ગઇ છે.— પ્રિયા"

શિવકુમારે એ મરોડદાર અક્ષરો ફરીથી વાંચ્યા. કોઇ પણ જાતની અસ્વસ્થતા અનુભવ્યા સિવાય એ પત્ર એણે પાછો કવરમાં મૂકયો અને બીજો પત્ર હાથમાં લીધો. એ પત્ર ખોલતાં એનો જીવ ન ચાલ્યો—જાણે એની અને એ પત્રની વચ્ચે ધુમ્મસ જેવું કંઇક છવાઇ ગયું હતું ! એ આસમાની રંગના કવરે એનું ધ્યાન ખેંચ્યું હતું અને એને વિચારતો કરી મૂકયો હતો. એણે એને એક હાથમાં લઇ લાઇટ સામે ધરીને જોયું. અંદર જાણે કંઈક ચેક જેવું દેખાયું.

એણે કવર ખોલ્યું, અંદરના પત્રે એને જરા ય અસ્વસ્થ ન બનાવ્યો કે ઉશ્કેર્યો ય નહીં. એને જાણે એનું ભાન જ ન હતું કે એ પત્રમાં બિહારીલાલે એને લખ્યું હતું કે એનું નાટક—જીવનનું નવનીત—સ્વીકારાયું હતું અને આવતા મહિને મુંબઈમાં થનાર એના પ્રથમ શો માટેનું રિહર્સલ સોમવારે રાખવામાં આવ્યું હતું. તે વખતે હાજર રહેવાનું નિમંત્રણ પણ એમાં હતું અને એ નાટકની રૉયલ્ટીના એડવાન્સ પેટે રૂ. ૧૦૦૦)—પણ એની સાથે ચેકથી મોકલ્યા હતા. તે સ્વીકારી, મળવાની પહોંચ બીડવાનું પણ



કૃષ્ણલાલ કોટડાવાળા

કોલંબસે નવી દુનિયા શોધી કાઢી. તેણે અને ગોરાઓએ અમેરિકામાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાં માણસની વસતી હતી એટલું જ નહિ, પણ તે વખતની યુરોપીય પ્રગતિની સરખામણીમાં એ અમેરિકનો ઘણા વધારે આગળ વધેલા હતા. ત્યાં મોટાં શહેરો હતાં અને જહોજલાલીવાળાં મોટાં સામ્રાજ્યો હતાં. ધર્મગુરુનું ઉચ્ચ સ્થાન હતું અને અઢળક પ્રમાણમાં સુવર્ણ હતું. ગોરાના આગમન પહેલાં મધ્યઅમેરિકામાં વિદ્વાન રાજાઓના શાસન નીચે આઝટેક, ઇન્કા અને માયા સંસ્કૃતિનાં સામ્રાજ્યો હતાં. આ સંસ્કૃતિઓ વિષે આજે સંશોધન ચાલે છે.

આપણાં પુરાણોમાં મયદાનવનો ઉલ્લેખ છે આ મયદાનવ અને માયા સંસ્કૃતિ વચ્ચે કંઈ કડી હશે ખરી ? આજે માયા સંસ્કૃતિનાં જે ખંડિયેરો મળી આવે છે, એના અવશેષો પર જે સંશોધન થાય છે અને એ જૂની પ્રજાના વારસદારો પાસેથી જે તથ્યો મળે છે, તે ઉપરથી પશ્ચિમના કેટલાક વિદ્વાનો એવા મત પર આવ્યા છે કે, માયાઓ મૂળ ભારતમાંથી અમેરિકા ગયા હતા. એશિયા અને અમેરિકા વચ્ચે બેરિંગની સામુદ્રધુની જ દરિયારૂપે આડખીલી છે. એટલે ભારતવાસીઓ આ સાંકડો ભાગ ઓળંગીને ઉત્તરમાંથી અમેરિકા ગયા હોય એ વાત અશકય તો નથી જ. વિવિધ સંસ્કૃતિઓના ઊંડા અભ્યાસ માટે દુનિયાભરમાં ખ્યાતિ મેળવનાર શ્રી દીવાન ચમનલાલ પણ ખાતરીપૂર્વક કહે છે કે અમેરિકાની અસલી સંસ્કૃતિઓ ભારતમાંથી ઊતરી આવેલી હતી.

અસલી માયા સંસ્કૃતિ ધર્મ પર રચાયેલી હતી. ઉત્તરમાંથી જેઓ આક્રમણ કરવા આવ્યા હતા તેઓ માયા પ્રજા સાથે ભળી ગયા હતા—માયા પ્રજાના જીવનમાં ખલેલરૂપ થયા નહોતા. પણ સોળમી સદીની શરૂઆતથી ભૂખ્યાં સ્પેનિશ ધાડાઓએ દગાફટકા કરી માયા સંસ્કૃતિનો નાશ કરવા માંડયો. કોરટેઝ નામના બાહોશ પરંતુ ક્રૂર અને દગાબાજ સ્પેનિશ સરદારે આ સામ્રાજ્યને જડમૂળથી ઉખેડી નાખ્યું. ત્યારથી માયા લોકો જંગલો અને દુર્ગમ સ્થાનોમાં ચાલ્યા ગયા. એ સમયની માયાપ્રજાના વંશજો આજે પણ સુંવરેલા લોકોથી અલિપ્ત છૂટાછવાયા રહે છે. તેઓ તેમના પૂર્વજોની રહેણીકરણીને ચુસ્તપણે વળગી રહ્યા છે. અલગ અલગ રહેવા છતાં બધા માયાવંશજોમાં ધર્મ, ભાષા, સંસ્કૃતિ, પહેરવેશ અને સામાજિક રીતરિવાજો એક સરખા જ છે. આજે તેમની કુલ વસતી ૨૦ લાખની છે. આમાં ૧૪ લાખ માયાઓ તો ખાલી ગ્વાટેમાલામાં રહે છે, બાકીના મેકિસકો અને તેને અડીને આવેલા મધ્ય-અમેરિકાના બીજા પ્રદેશોમાં વસે છે.

અસલના માયા રાજમહેલોનાં ખંડિયેરો ઉપર આજે બાંધકામો નજરે પડે છે. તે સમયે માયાઓએ જે ઘોરી રસ્તાઓ બાંધ્યા હતા, તે આજે પણ મોજૂદ છે.

એમ મનાય છે કે ઈસુની ત્રીજી સદીની આસપાસમાં માયા સંસ્કૃતિ શરૂ થઈ હતી. માયાઓનું એક સામ્રાજ્ય નહોતું. પણ બધાં રાજ્યોમાં ધર્મ, ભાષા, સંસ્કાર અને વિચારસરણી એક સરખી હતી. આ રાજ્યોને વિસ્તાર વધારવાની કોઈ આકાંક્ષાઓ નહોતી કે જેથી તેઓ એકબીજા સાથે ઝઘડા કરે. રાજ્યકર્તાઓ પરોપકારી અને વિદ્વાન હતા. પ્રજામાંથી જેઓ બુદ્ધિશાળી હોય તેમને ખાસ તાલીમ અપાતી અને પછી રાજદરબાર તેમ જ ધર્મ–કારભારમાં તેમની ઉચ્ચ હોદ્દા પર નિમણૂંક થતી. માયાઓ શાંતિપ્રિય હતા.

સામ્રાજ્યો ધર્મ પર રચાયેલાં હતાં. માયાઓ સર્જનહાર 'હુનુઝકુ'ને પૂજતા. સર્જનહાર નિરાકાર હતો; અજ, અજ્ઞેય અને સર્વશકિતમાન હતો, પરંતુ તેના પુત્રો દેહી હતા. અને માંયાઓ આ દેવપુત્રોમાં મનુષ્યનાં લક્ષણો દેખતા. પૃથ્વીમાતા એક મહાન દેવી હતી, જે વનસ્પતિ, પ્રાણીઓ અને માણસનું

અરણ્યપૂજા કરતી. પૃથ્વીમાતાની પુત્રી 'મકાઈ' હતી; જે માયાના સમગ્ર જીવન સમાન હતી. ધાર્મિક ઉત્સવોમાં મકાઈ મુખ્ય સ્થાન પામતી. કલાત્મક રજૂઆતોમાં પણ મકાઈનું ઉચ્ચ સ્થાન હતું.

ગણિતક્ષેત્રમાં તેઓએ સારી પ્રગતિ કરી હતી અને ઘણાખરા માયા-પ્રજાજનો પોતાની લિપિમાં લખીવાંચી શકતા હતા. તેઓને ખગોળનું પણ સારું જ્ઞાન હતું. ત્યાં વેધશાળાઓ પણ હતી. યુરોપમાં આંકડાશાસ્ત્રના શૂન્યની જાણ થઈ એના ઘણા વખત પહેલાં માયાઓ આંકડાઓમાં શૂન્યનો ઉપયોગ કરતા હતા. દરેક માસના ૨૦ દિવસ હતા અને ૧૮ માસનું વર્ષ હતું. આમ થતા ૩૬૦ દિવસના અંતે પાંચ દિવસનો ગાળો ઉમેરાતો અને ૩૬૫ દિવસનું વર્ષ પૂરું થતું. બાકીના ૫ા દિવસના હિસાબ માટે તેઓ વખતોવખત ગણતરી કરી લેતા. સૂર્ય, ચંદ્ર અને ગ્રહોની ચાલનું સચોટ ગણિત હતું અને ભવિષ્યનાં ગ્રહણો માટે તેઓ અગાઉથી માહિતી આપી શકતા હતા. બુધ જેવા નાના ગ્રહને પણ તેઓ ઓળખતા હતા.

માયા કડિયાઓ સુંદર ઈમારતો, મંદિરો અને રાજસભાગૃહો બાંધતા. તેમની લગ્નપ્રથાઓ તેમ જ બીજી કેટલીક સામાજિક વિધિઓમાં હિંદુ સંસ્કૃતિ દેખાતી.

માયા સંસ્કૃતિના વારસો આજે ઉપર કહ્યું એમ ૨૦ લાખની સંખ્યા ધરાવે છે. પશ્ચિમના વિદ્વાનોએ આ પ્રજા વિશે સંશોધનો કર્યાં છે. આમાં કેટલીએ ટોળકીઓ છે, જેમાંની એક વિષેનો રસપ્રદ અહેવાલ અહીં રજૂ કરું છું.

આ લોકો 'લેકેનડોન'ના નામથી ઓળખાય છે અને મેક્સિકો તથા તેને અડતા ગ્વાટેમાલાનાં જંગલપ્રદેશોમાં તેમ જ ભીનાં ઘાસવાળાં મેદાનોમાં રહે છે. એક વાર તેમની મોટી વસતી હતી, પણ આજે માંડ ૧૫૦ લેકેનડોનો રહ્યા છે.

જૂના માયાઓ ખેતી અને શિકારમાં પ્રવીણ હતા. અને લેકેનડોનોએ એ કળાઓ જાળવી રાખી છે. તેમનાથી વસાવાયેલી લાકાન્દા ખીણ ખરેખર તો ખોવાયેલી દુનિયા જ છે અને એની આસપાસ મોટી સંખ્યામાં જંગલી જનાવરો રહે છે. 'ટાપીર' અને રાડારાડ કરતાં 'હાઉલર'ના નામથી ઓળખાતાં વાંદરાં બીજા પ્રદેશોમાં આજે ભાગ્યે જ જોવા મળે છે, પણ અહીં એ મોટી સંખ્યામાં ફરે છે વગડાઉ હરણ, જંગલી સૂવર, આર્માડિલો, નાના વાંદરાં, ફીડીખાઉ રીંછ અને જેગ્યુઆર સાવ સામાન્ય છે જંગલી ટર્કી પંખીઓ માનવ વસતીની હદમાં જ દેખાય છે, અને તેઓ એટલાં બધાં હળી ગયેલાં છે કે કોઈ પકડે તો પણ ટર્કી ગભરાતું નથી.

કુદરતી સૌંદર્ય સોળેકળાએ ખીલી ઊઠ્યું છે, નદીનાળાં, તળાવો અને સરોવરો બારેમાસ પાણીથી છલકાતાં રહે છે, અને તટ પ્રદેશો રંગબેરંગી ફૂલોથી શોભી રહે છે પાણી વિવિધ પ્રાણીઓનું ધામ છે. માછલીઓ, કરચલા અને દેડકા પાણીમાં મોટી સંખ્યામાં રહે છે, અને એ કુદરતી ખોરાકનો આહાર કરનારાં આઈબીશો, ફ્લેમિંગો અને બગલા પર વિનાની સંખ્યામાં ઊતરી આવે છે. દુનિયાના નાનામાં નાનાં અને મેઘધનુષ્યના બધા જ રંગો ધરાવનારાં વિવિધ હમીંગબર્ડ પંખીઓ અહીં અવારનવાર દૃષ્ટિએ પડે છે. લાલ અને વાદળી રંગોથી મઢેલું મેક્ષ (પોપટ જેવું પંખી) અને મોટા લીલા પોપટ નદી પરના વગડાનાં વૃક્ષો પર માળા બાંધીને રહે છે.

મુખ્ય પાક કેતકી (સીસલ)નો છે. મકાઇ તો લેકેનડોનનું જીવન છે. ત્યાં મકાઇના છોડ ૧૬ ફૂટ ઊંચા થાય છે. કોળાં, દૂધી જેવાં શાક અને રતાળુ વિપુલ પ્રમાણમાં પાકે છે. ખભા સુધી લાંબો કપાસનો છોડ ઊગે છે. પ્રાણીજન્ય અને વનસ્પતિજન્ય પુષ્કળ ખોરાક મળવા છતાં લેકેનડોન ભાગ્યે જ પાંચ ફૂટથી વધારે ઊંચાઈ ધરાવે છે, અને સ્ત્રીઓ તો એનાથી પણ નીચી હોય છે. આમ છતાં લેકેનડોન મજબૂત સ્નાયુઓ ધરાવે છે

આ પ્રજાએ આ મુલકમાં કેટલા સમયથી વસવાટ કર્યો છે તેની બહારની દુનિયાને જાણ નથી. કુદરતને ખોળે વસતી આ ભોળી પ્રજા મારામારી કે લૂંટફાટથી અજાણ છે. તેઓ નથી લાકડી કે પથરાથી લડી મરતા કે નથી મુક્કાબાજીથી ઘાયલ થતા. દુનિયાની ઘણી જૂની પ્રજાઓમાં જૂઠનો સદંતર અભાવ છે, અને લેકેનડોન લોકો પણ કદી જૂઠું ન બોલવા માટે પંકાયા છે. તેઓ સ્ત્રીઓ તરફ સારું

વર્તન રાખે છે. સ્ત્રીઓ ઘરકામ કરે છે આમ છતાં આધિપત્ય પુરુષનું છે. શિકાર, ખેતી, માછલી પકડવી અને ખેતી માટે ઝાડ પાડવાનું કામ પુરુષ કરે છે. પુરુષ દેવનો દૂત ગણાય છે. ગમે ત્યારે તે ખાવા માંગે અને સ્ત્રી તે હાજર કરે છે. પણ આ બધું સંપથી થાય છે, અને સ્ત્રીપુરુષ વચ્ચે કલહનો બિલકુલ અભાવ છે.

લેકેનડોન રાજકીય બાબતોથી ઘણો દૂર છે. નથી તેને અંગ્રેજીનું જ્ઞાન કે નથી સ્પેનિશનું જ્ઞાન. વસતીગણતરી વખતે લેકેનડોનને બાકાત જ રખાય છે. મેકિસકો શું છે તેની પણ તેને ખબર નથી. નથી તેને ફિકર કરવેરા ઉઘરાવનાર અમલદારોની કે નથી તેને ખબર મેકિસકન રાષ્ટ્રધ્વજ કે મેકિસકન રાજચિહ્નની. બહારની દુનિયાનો તેને બિલકુલ સંસર્ગ નથી.

લેકેનડોન માયાની જૂની ભાષા બોલે છે, અને પુરાણો માયા ધર્મ જ પાળે છે એ જ ઇષ્ટદેવ અને એ જ દેવદેવીઓ. એ જ અસલથી ચાલતા આવેલા માટલાઓમાં તેઓ એ જ ધૂપ સળગાવી દેવોને સંતુષ્ટ કરે છે. હાથમાં સ્તુતિપત્રો લઇ, ઊભા રહી તેઓ માયા રાગો વડે દેવસ્તુતિ કરે છે. દર નવ માસના અંતે તેઓ તેમના અસલી ધર્મસ્થાનની જાત્રાએ જાય છે. યાકસચીલન ખાતેનાં આ માયામંદિરો અત્યારે જર્જરિત હાલતમાં છે. પંદર સૈકા પહેલા બનતાં માટીનાં રમકડાં આજે પણ એ જ આકારોમાં ઘડાય છે.

મોભ. વનસ્પતિનાં દોરડાં અને તાડનાં પાંદડાંથી પુરુષો ઝૂંપડાં બાંધે છે. વ્યવસાયસ્થાનોને આ ઝૂંપડાં અનુકૂળ ન પડે તો એ તોડી નખાય છે અને નવાં બંધાય છે. કોઇ બીમારી આવી પડે તો પણ લેકેનડોન જૂનાં ઝૂંપડાને બાળી નાખી નવા બાંધે છે ગોરાઓ તરફ તેઓ વિચિત્ર વલણ રાખે છે. કોઈ ગોરો ઝૂંપડીમાં દાખલ થયો અને તેનાથી છીંક ખવાઈ ગઇ તો લેકેનડોન પોતાનું ઝૂંપડું અભડાઇ ગયું એમ માને છે, તેને બાળી નાખે છે અને નવું ઝૂંપડું તૈયાર કરે છે. મેલેરીઆનો અભાવ છે, પણ ચરદીયા લેકેનડોન બહુ કરે છે.

મુખ્ય આહાર મકાઇનો છે, અને તેમનો ચાલતો આવેલો માયા મકાઇ ખૂબ પાકે છે. અત્યાર સુધી તેઓ ખેતી માટે પત્થરનાં ઓજારો વાપરતા, પણ મેકિસકોના બીજા ઇન્ડિયનોએ તેમની સાથે જેમ તેમ કરી ઓળખાણ કરી તેઓને લોઢાનાં સાધનો આપ્યાં છે, જે તેઓ વાપરે છે. પણ ખેતી માટે તેઓ હાથમજૂરી કરે છે. ઘોડા, ગધેડા, ખચ્ચર કે બળદ જેવું કોઈ જનાવર વપરાતું નથી.

તેમનું માદક પીણું બાલટચે છે. ઝાડનાં થડમાંથી કાઢેલા રસ સાથે મકાઈના દાણાનો છૂંદો અને જંગલી મધ ભેળવી, આથવણી કરી આ આસવ બનાવાય છે. આ દારૂ ઘણો જ કડક હોય છે, અને લેકેનડોન તેને અમુક ધાર્મિક ઉત્સવો વખતે જ પીવે છે. આ ઉપરાંત લેકેનડોન તંબાકુ વુક્કા કદ, કહોળો અને કેટલીક જાતનાં મરચાંનું વાવેતર કરે છે. તેઓ તંબાકુ ખાતા નથી. પણ સિગાર બનાવીને પીવે છે ખડકમાંથી બનાવેલા ખરસદરતાથી સ્ત્રીઓ મકાઈના દાણા પીસે છે અને લોટમાંથી રોટલા શેકે છે. રોટલા શેકવાનું કામ મોટે ભાગે સૂર્યતાપથી ધગધગતા ખડકો પર થાય છે. માયા રીત પ્રમાણે જ તેઓ રૂમાંથી તાર ખેંચે છે અને કાપડ વણે છે. માટીમાંથી બનતા વાસણો પર ખનિજ રંગોની આકર્ષક ડિઝાઇનો દેખાય છે. પીંછાં અને કોડીઓનાં આભૂષણો બને છે.

ગાવાના અને સંગીતના તેઓ શોખીન છે શેરડી જેવા સાંઠામાં કાણાં પાડી તેઓ વાજિંત્ર બનાવે છે, અને આ વાજિંત્રમાંથી તેઓ સૂરો કાઢી શકે છે. ગીટાર કે ફ્લ્યૂટ જેવું વાજિંત્ર વાગતું સાંભળીને લેકેનડોન ઘણો જ ખુશ થઈ જાય છે.

તેઓ તીરકામઠાથી શિકાર કરે છે. સરેરાશ આયુષ્ય ૫૦ વર્ષનું છે શાયા આ પ્રજા લગભગ નષ્ટ થઇ ગઇ તેની ખબર નથી. તેઓ શાંતિપ્રિય હોવા છતાં સારા લડવૈયાઓ છે. સંખ્યા ઘટી જવાનું કારણ કદાચ લશ્ર વિગેના પ્રતિબંધો છે. દરેક જૂથને પોતાનું પ્રાણીચિહ્ન છે. જેગ્યુઆર, પોપટ, કાગડો,વગેરે. કોઈ પણ જૂથના સભ્યોમા અંદરોઅંદર કન્યાની આપલે થઇ શકે નહિ. નજીવી સંખ્યામાં પણ આવા પ્રતિબંધો હોય એટલે લગ્નોમાં ઘણી મુશ્કેલીઓ પડે છે.

જિતેન્દ્ર લા. ધોળકિયા
(અર્થશાસ્ત્રના રીડર અને મજૂરકલ્યાણ વિભાગના વડા–ગુજરાત યુનિવર્સિટી)

ભારતમાં નિયોજિત વિકાસનું એક ભગીરથ કામ ચાલી રહ્યું છે. આપણા આ નિયોજનમાં ઉદ્યોગીકરણને અગ્રસ્થાન અપાયું છે. ઉદ્યોગીકરણની ભારતીય મજૂરવર્ગની આર્થિક સ્થિતિ પર શી અસર થઇ છે, તેની ચર્ચા કરવાનો આ લેખનો હેતુ છે.

ઉદ્યોગીકરણને લીધે ઇંગ્લેંડ કે જાપાનના મજૂરવર્ગને જે આર્થિક મુશ્કેલીઓ ભોગવવી પડી હતી, તેવી મુશ્કેલીઓ ભારતીય મજૂરવર્ગને નથી ભોગવવી પડી. એનાં કેટલાંક કારણો છે. સૌ પ્રથમ તો નિયોજિત ઔદ્યોગિક વિકાસકાર્યક્રમનો હેતુ સમાજવાદી અર્થરચના સ્થાપવાનો હોવાથી મજૂરવર્ગ તરફ રાજ્યસત્તાનું વલણ પ્રગતિશીલ છે. મજૂરવર્ગની આર્થિક સુધારણાની નીતિ ધરાવતું છે. ઉદ્યોગીકરણના પ્રારંભકાળમાં ઇંગ્લેંડની રાજ્યસત્તાનું વલણ મજૂરવર્ગની મુસીબતો પરત્વે બિલકુલ ઉદાસીન હતું ત્યાં 'જેમ આવે છે તેમ ચાલવા દો' એ સૂત્ર પર આધારિત છુટાદોરની નીતિ હતી. જાપાનમાં તો સરકારી સામંતશાહી અને મૂડીવાદી વર્ગનાં અપવિત્ર જોડાણથી ઉદ્યોગીકરણને પરિણામે મજૂરોનું આર્થિક શોષણ થયું હતું. ભારતમાં રાજ્યસત્તાનો હેતુ મજૂરોનું જીવનધોરણ સુધારવાનો છે. બીજી અને ત્રીજી પંચવર્ષીય યોજનાના અહેવાલોમાં મજૂરનીતિના પ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ઉદ્યોગીકરણનાં ફળોની સુયોગ્ય વહેંચણી થાય અને સામાન્ય મજૂરવર્ગની ખરી આવક વધે તો જ ઉદ્યોગીકરણનું કાર્ય સમાજવાદ સ્થાપવામાં સફળ થયું ગણાય. વળી ભારતીય મજૂરચળવળ પણ જાગૃત અને વ્યવસ્થિત છે, એથી પણ ઉદ્યોગીકરણની વિપરીત અસરોને ખાળી શકાઇ છે.

હવે આપણે જોઈએ કે છેલ્લાં કેટલાંક વર્ષોના ઔદ્યોગિકવિકાસને કારણે કામદારોનું જીવનધોરણ સુધર્યું છે કે નહિ. આ માટે કામદારોને મળતા નાણાકીયવેતનના આંકડાઓ તપાસીએ તો જણાશે કે કામદારોનાં વેતન અને મોંઘવારીભત્યામાં વધારો થયો છે. પરંતુ આ આંકડાઓને કામદારો માટેની ચીજવસ્તુઓના ભાવોના આંક સાથે સરખાવીએ તો જણાય છે કે કામદારોનાં ખરાં વેતન કે વાસ્તવિક વેતન(Real Wages)માં ગણનાપાત્ર વધારો નથી થયો. અલબત્ત, થોડો વધારો તો થયો છે. આ હકીકત નીચેના કોષ્ટક પરથી સ્પષ્ટ જોઇ શકાય છે :–

વર્ષ	નાણાકીય વેતનનો આંક	ચીજ વસ્તુઓનો ભાવાંક	વાસ્તવિક વેતનનો આંક
૧૯૫૧	૧૦૦	૧૦૦	૧૦૦
૧૯૫૨	૧૦૭	૯૮	૧૦૯
૧૯૫૩	૧૦૮	૧૦૧	૧૦૭
૧૯૫૪	૧૦૮	૯૬	૧૧૨
૧૯૫૫	૧૧૩	૯૧	૧૨૪

૧૯૫૬	૧૧૫	૧૦૦	૧૧૫
૧૯૫૭	૧૨૧	૧૦૬	૧૧૪
૧૯૫૮	૧૧૯	૧૧૧	૧૦૮
૧૯૫૯	૧૨૨	૧૧૫	૧૦૬
૧૯૬૦	૧૩૦	૧૧૮	૧૧૦
૧૯૬૧	૧૩૮	૧૨૦	૧૧૫

(નોંધ : એપ્રીલ ૧૯૬૪ના રિઝર્વ બેંક બુલેટીન અને ભારતીય મજૂર આંકડાઓને આધારે. ૧૯૬૨, '૬૩ અને '૬૪ના આંકડાઓ હંગામી છે, એટલે એની ગણતરી નથી કરી. આખરી આંકડાઓ ઉપલબ્ધ થતાં સરેરાશ બે વર્ષ લાગે છે.)

ઉપરના કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે ૧૯૫૧ અને ૧૯૬૧ના સમયમાં કામદારોનાં નાણાકીય વેતનમાં ૩૮ ટકાનો વધારો થયો છે, જ્યારે વાસ્તવિક વેતનમાં માત્ર ૧૫ ટકા જેટલો જ વધારો થયો છે. જો ચીજવસ્તુઓના ભાવોને કાબૂમાં લાવી શકાયા હોત તો કામદારોને મળેલી વધારે નાણાકીયઆવકની ખરીદશક્તિ પણ એટલી વધારી શકાઈ હોત. કામદારોનું જીવનધોરણ અલબત્ત સુધર્યું છે, પરંતુ ફુગાવાને અંકુશમાં લાવી શકાયો હોત તો આપણે ચોક્કસ સમાજવાદની દિશામાં કદમ માંડ્યાં હોત. વળી વેતનમાં મળેલા વધારાને ઔદ્યોગિક ઉત્પાદનમાં થયેલા વધારા સાથે સરખાવીએ તો જણાશે કે, વેતનમાં વધારો થયો છે તે કરતાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ઘણો વધારો થયો છે. ૧૯૫૧ અને ૧૯૬૧ના સમય દરમ્યાન ઉદ્યોગોનાં ઉત્પાદનમાં ૯૦% વધારો થયો, જ્યારે કામદારોનાં નાણાકીયવેતનમાં ૩૮ ટકા જેટલો જ વધારો થયો છે. આથી એક એવી સંભવિતતા પણ ઊભી થાય છે કે કામદારવર્ગને ફાળે ઓછું મળતર પ્રાપ્ત થયું છે, જ્યારે મૂડીપતિ, મેનેજરવર્ગ અને કાચો માલ તથા યંત્રસામગ્રી વેચનાર અને કારખાનાંના માલિકોને ફાળે વધારે હિસ્સો ગયો છે. ઉદ્યોગોના વધેલા ઉત્પાદનમાં કામદારોનો ફાળો વધ્યો નથી પણ બીજા વર્ગોનો વધ્યો છે એવું તો માત્ર પ્રાથમિક તપાસ પરથી પણ જણાય છે. આ સંજોગોમાં આપણે પૂર્ણપણે સમાજવાદી સમાજરચના સ્થાપી નથી શક્યા. પરંતુ એટલું કહી શકાય કે કામદારોનું શોષણ થતું અટકવાની પ્રક્રિયા શરૂ થઈ છે; નાણાકીય-વેતનો વધ્યાં છે અને વાસ્તવિક વેતનનો દર પણ વધારા પ્રતિનું વલણ દર્શાવે છે.

વેતન ઉપરાંત મળતી બીજી સગવડોનો વિચાર કરીએ તો જણાશે કે કામદારવર્ગની આર્થિકસ્થિતિ સુધરી રહી છે. કામદારો માટે સામાજિક સલામતી અને વીમાની મોટી યોજનાનો અમલ થઈ રહ્યો છે. કામદારોને તબીબી સારવાર વગેરે મળે છે. કામદાર વીમાયોજના ૧૯૫૨માં માત્ર દોઢ લાખ કામદારોને લાગુ પડતી હતી. ૧૯૬૩ના માર્ચ સુધીમાં ૨૩ લાખ કામદારોએ આ યોજનાનો લાભ લીધો. વળી કામદારો માટેનાં પ્રોવિડંટ ફંડની જે યોજના ૧૯૫૨માં માત્ર ૭ ઉદ્યોગોને લાગુ પડતી હતી તે ૧૯૬૧માં ૬૧ ઉદ્યોગોને લાગુ પડતી હતી. આમ માંદગી, સુવાવડ 'અકસ્માતમાં થતી ઈજા, નિરાધારપણું વગેરે મુશ્કેલીભર્યા સમયને માટે રાજ્ય તરફથી સામાજિક સલામતીની યોજનાઓ હેઠળ કામદારવર્ગને ઠીક ઠીક ફાયદો થયો છે. સામાજિક સલામતીની બાબતમાં કામદારવર્ગની સ્થિતિ મધ્યમવર્ગના કારકુનો અને ગુમાસ્તાઓ કરતાં પણ સારી છે. વળી ખેતમજૂરની સરખામણીમાં ભારતીય ઔદ્યોગિક મજૂરવર્ગને સારી સગવડો પ્રાપ્ત થઈ છે. પરંતુ સામાજિક સલામતીની બાબતમાં હજી ઘણી પ્રગતિ કરવાની છે. બેકારી અને ધંધારોજગારની અનિશ્ચિતતા માટે સામાજિક સલામતીની એક વ્યાપક યોજના ઘડવાની જરૂર છે.

ઉદ્યોગીકરણને પરિણામે ભારતીય મજૂરવર્ગની

સમૃદ્ધિ-ગર્જક

Dial : 322492
T. Gram : TRUCK LOAD

NEW
MADHYA PRADESH
TRANSPORT CORPORATION



399, Narshi Natha St., Katha Bazar, BOMBAY-9

Daily Service To
INDORE, UJJAIN, RATLAM, BHOPAL
GWALIOR, AGRA, *DELHI*

Full Load Truck For
DELHI, U. P. & RAJASTHAN

: *Branches* :

355, Jawahar Marg,
INDORE (M. P.)
T. N. 4415

New Chandpuri Bldg.
Sadar Bazar, DELHI-6
T. N. 220753

અગાઉ કોઈવાર કામદારવિરોધી પ્રવૃત્તિઓમાં પણ થયો છે. રાજ્યહસ્તકના ઉદ્યોગોમાં કામદારવિરોધી નીતિ સામે મજદૂરમંડળોએ ઘણીએ હડતાલો પાડી છે. આશ્ચર્યની વાત એ છે કે, સમાજવાદી ઢબની સમાજરચનાના ધ્યેયની ઘોષણા કરતી સરકારના સીધા અંકુશ હેઠળના ઉદ્યોગોમાં, વધારે વેતન અને બોનસ માટે કામદારોને હડતાલો પાડવી પડી છે. અહીં નોકરશાહીમાનસ અને રાજ્યહસ્તકના ઉદ્યોગોના વહીવટીતંત્રની ખામીઓએ ભાગ ભજવ્યો છે સરકારીક્ષેત્રના ઉદ્યોગો નૂતન સમાજરચનાનાં નવાં મૂલ્યો સમજે એવા વહીવટકર્તાઓના હાથમાં સોંપાય તો કામદારોની ઘણી મુસીબતો ઓછી કરી શકાય.

આપણી આખી ચર્ચાનો ટૂંક સાર એ છે કે ભારતમાં ઉદ્યોગીકરણની અનિષ્ટ અસરો ઓછેવત્તે અંશે નિવારી શકાઈ છે. કામદારોનું શોષણ અટકાવવાની પ્રક્રિયા શરૂ થઈ છે; નાણાકીય અને વાસ્તવિક વેતનો ઊંચી સપાટીએ લઈ જવાના આદરણીય પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ કામદારોના વસવાટની બાબતમાં સંતોષકારક પ્રગતિ નથી થઈ. વળી વ્યવસ્થાતંત્રમાં કામદારોની સહભાગીદારી કે ઔદ્યોગિક લોકશાહીની યોજનાઓ ખુદ સરકાર હેઠળના ઉદ્યોગોમાં પણ સફળ નથી થઈ. કામદારો ઉત્પાદનનું અંગ નથી પણ જીવંત વ્યક્તિત્વ ધરાવનાર અને ઉદ્યોગોના સહભાગીદાર છે એ વિચારસરણીનો સ્વીકાર સર્વત્ર નથી થયો. ઉદ્યોગીકરણને કારણે કામદારોનું જીવનધોરણ ચોક્કસ સુધર્યું છે. ૧૯૫૩ની સાલમાં જ, બીજા યુદ્ધ પહેલાં કામદારોની જે આર્થિક હાલત હતી તે પ્રકારની સ્થિતિ મેળવી શકાઈ છે એમ સરકારના મજૂર-ખાતાના આંકડાઓ બોલે છે. મધ્યમવર્ગ અને ખેતમજૂર કરતાં ઔદ્યોગિક કામદાર આજે સુ છે આપણે ઉપરાંત જોયું તે મુજબ, આ રાજ્યની કલ્યાણલક્ષી કામદાર નીતિ અને પ્ર મજદૂરચળવળ જવાબદાર છે. જ્યારે જ સરકારની કામદાર તરફી સમાજવાદી નીતિ ઢચુ જણાઈ છે. ત્યારે ત્યારે વ્યવસ્થિત મજદૂરચળ એ નીતિને પડકારી છે અને એને યોગ્ય દિશ વાળવાનો પ્રયાસ કર્યો છે ભારતની મજદૂરચળ વધારે સંગઠિત અને જોમવંતી બની છે. ભારત મજદૂરવર્ગે ઉદ્યોગીકરણને અપનાવ્યું છે, અને સ્વાભાવિક છે કે ઉદ્યોગીકરણના ફાયદાઓમાં વર્ગ વધારે હિસ્સો મળે કામદારવર્ગ જેટલે અ સંતુષ્ટ રહેશે એટલે અંશે ઉદ્યોગીકરણની ઝડપ વધ શકાશે ઉદ્યોગીકરણની મુખ્ય આધારશિલા મજદૂરે કાર્યક્ષમતા છે આ કાર્યક્ષમતા વધારવામાં પ્રગતિશ મજૂરનીતિ અને વ્યવસ્થિત કામદાર ચળવળ ન અગત્યનો ભાગ ભજવે છે આપણે એવી અ વ્યક્ત કરીએ કે ભવિષ્યમાં સરકારની પ્રગતિશ મજદૂરનીતિનો યોગ્ય અમલ થશે અને કામ ચળવળ કરેલી માંગણીઓ પર પૂરતું ધ્યાન અપ આમ થશે તો કામદારો જરૂર ઉત્પાદનક્ષમતા વધા રાષ્ટ્રિય આવકના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો ક શકશે અને તો જ ઉદ્યોગીકરણની યોજનાઓ સ થશે અને આપણો દેશ દુનિયાના આગળી હરોળ ઉદ્યોગપ્રધાન દેશોના જેટલી જ આર્થિક પ્રગતિ સ શકશે ઔદ્યોગિક પ્રગતિના ઉચ્ચ શિખરો પહોંચવા માટે મજૂરવર્ગના સહકાર વગર ચાલે જ નથી. અને આ સહકારની આર્થિક કિંમત ઉ વેતન, બોનસ, સુંદર વસવાટ અને કામદારકલ્યાણ વિવિધલક્ષી યોજનાઓ પર થતો ખર્ચ છે- હકીકતનો નિયોજકે એ સ્વીકાર કરવો જ પડશે.

'પ્રતીક્ષા' સપ્ટેમ્બરમાં મૂકવાના હતા. પરંતુ અનેક પ્રકારની મુશ્કેલીઓને લીધે ડિસેમ્બરના અંતમાં મૂકી રહ્યા છીએ. આ ઢીલ બદલ ક્ષમાપ્રાર્થી છીએ —વ્યવસ્થાપક

સ્ટેનલેસ સ્ટીલના વાલ્વ,
પાઇપ ફીટિંગ તથા
ફાર્નિચર માટે સંપર્ક સાધો

T. N.
581308

ઉત્પાદક :

સેન્ટ્રલ સ્ટીલ એન્ડ મેટલ ઇન્ડસ્ટ્રીઝ

મંગતરામ પેટ્રોલ પંપની પાછળ
આગ્રા રોડ,
ભાંડુપ,
મુંબઈ–૭૮

T. N. 334658

Get Your Perfect
Materiel From :

Perfect Metal Corporation

Dealers in :

Brass, copper & Gun-metal Rods,
Pipes, sheets, wires, strips, screps,
coils and Non-Ferrous Metals.

123, Kika Street, Gulalwadi,
BOMBAY–4. BR

અફીણી ધરા !

શતકોડ મુખે ઝીલી ઝીલીને ગળે ઝરતી ઝરમર ઝીણી;
કેફના કેફ પાશવારમાં તે ડૂબી ધરણી આ ધે રે અફીણી.
મદીલી મ્હેકમાં મ્હેકીને ખ્હેકી આ;
વ્હાલી વસુધા રસભર.
વર્ષાનાં ફોરાં કેરાં મદભર અડપલે;
અંગ અંગ મહોરે ઉમંગ.
લીલા ઓછાડે ઢાંકી, ઉઘાડી કાય, વાગે વર્ષાની ધાર ના તીણી
હા, વાગે વર્ષાની ધાર ના તીણી.
હિમની તે છત ચૂવે અગણિત છીદ્રથી–
ને મુગ્ધાનું હૈડું ભીંજાય.
એ રે અદીઠા એવા આનંદના ઊભરે;
પાંગર્યું જોબન ઝોલા ખાય.
મેહુલાને મેળવી, મંદ મંદ મલકંતી, આંખલડી એની ભીની ભીની
હાં આંખલડી એની ભીંની ભીંની

સુશીલા ઝવેરી

જીવનના કાફલા માટે
(ગઝલ)

કરું ચિંતા હવે શાને હું તોફાની હવા માટે,
મળી આ જિન્દગાની છે બલાથી ખેલવા માટે.
તમારી યાદ માનીને રમાડયાં દર્દને દિલમાં,
જીવનની ઝંખના અમને નથી કેવળ મઝા માટે.
પરિચિત બાગનાં પુષ્પોએ, એવાં છેતરી લીધાં,
સરિતાએ ધર્યાં પ્યાસાને મૃગજળ પી જવા માટે.
પ્રણયના દર્દની ચર્ચા નિરંતર વિશ્વમાં થાયે,
પ્રયાસો એટલે નિયમિત કરું છું હું દવા માટે.
પડયા ભુલા અમે આ ભવતણી આંધી મહીં, ત્યારે–
મળ્યા રોશન ઈશારા આપના અમને દિશા માટે.
ખબર તમને પડી જાયે અમારા દિલની વાતોની,
મને લાગે છે તમને થાય છે ચિંતા બધા માટે.
તમોને જો વિસારું તો રહે ના મારી હસ્તી પણ,
કરું છું હું રટણ દિલમાં તમારું આટલા માટે.
છવાયાં ચોતરફ તિમિર, ભટકતાં માનવી દર દર,
ઉજાળી દે તું મંઝિલો, જીવનના કાફલા માટે.

શ્રીમતી નંદન અંધારિયા

ડૉ. નિપુણ ઈ. પંડ્યા

સમય સમર્થનું કામ કરે છે. યુગપરિવર્તનને રોકવા કોઈ શક્તિમાન થયું નથી, કોઇ શક્તિમાન થશે નહીં. આ નક્કર સત્ય જાણ્યા પછી પણ જ્યારે જીવનનાં મૂળભૂત મૂલ્યાંકનો બદલાતાં જણાય છે ત્યારે એ પરિવર્તન જરૂર ગંભીર વિચારણા માંગી લે છે. યુગપરિવર્તનનાં જે બળો હાનિકારક છે, તે બળોને ખાળવા માટે આપણે આપણી બધી શક્તિઓ એકત્રિત કરવી જોઇએ અને આ આવી રહેલી આંધીમાંથી ઊગરી જવું જોઇએ.

વિદ્યાર્થીજીવનની ભીતરમાં

Simple living and high thinking એ આપણા સમસ્ત જીવનનો આદર્શ છે. ગૃહસ્થાશ્રમ ધર્મના અનુશીલન માટે પણ એ લગભગ અનિવાર્ય છે. જીવનના કોઈ પણ તબક્કા કરતાં વિદ્યાર્થીજીવનમાં તો એ સૌથી શ્રેષ્ઠ આદર્શ ગણાવો જોઇએ. સ્વાશ્રય, કરકસર, ચિંતન અને વિદ્યાવ્યાસંગી જીવન એના વગર સંભવી જ ન શકે. ચારિત્રના ઘડતર માટે જીવનમાં વિદ્યાર્થીજીવન જેવો ઉત્તમ કોઈ સમય જ નથી. પરંતુ આધુનિક વિદ્યાર્થીઆલમ તરફ દૃષ્ટિ કરતાં જણાશે કે આ મૂલ્યાંકનો તદ્દન બદલાઈ ગયા છે કિનારા વગર વહી જતી નદી માફક નીતિનિયમોના કિનારા વગર બેફામ વહી જતું વિદ્યાર્થીજીવન હવે લાલબત્તી માગી લે છે. આજનાં વિદ્યાર્થીઓ આવતી કાલના નાગરિકો અને ભવિષ્યની પેઢીનાં ઘડવૈયા છે એ વાત વિસારે પડી હોય એમ જણાય છે. ચલચિત્રોની સૃષ્ટિનાં કલાકારો અને ચલચિત્રોમાં આલેખાતાં તેઓના મૃગજળ સરખાં જીવનને આદર્શ તરીકે સ્વીકારી આજનો વિદ્યાર્થીવર્ગ એને જીવનમાં ઉતારવાનો નિષ્ફળ પ્રયાસ કરે છે અને એમાંથી જીવનની કરુણતા ઉદ્ભવે છે. સ્વાશ્રયને એણે તિલાંજલી આપી છે. ચલચિત્રોની ટિકિટો માટે બે કલાક શાંતિથી ઊભા રહેનાર વિદ્યાર્થીને જ્યારે ઘરમાંથી કોઇ કામ સોંપવામાં આવે ત્યારે એનો અભ્યાસ બગડે છે. એના સમયનો દુરપયોગ થાય છે. કરકસરની વાત એને મૂર્ખાઇભરી લાગે છે. ટ્રેલીન અને નાયલોન એને સહજ લાગે છે. પિતાની કમાઇ, એમાંથી થતો ઘરખર્ચ, ગૃહસ્થાશ્રમની જવાબદારીઓ વગેરે સાથે એને કાંઈ નિસ્બત નથી. એને ખિસ્સાખરચી જોઇએ છે. મહિનાના ઓછામાં ઓછા બે સિનેમા, પાઉડર, રનો, બૂટ, ચંપલ, ભારેમાં ભારે સિલાઇ આપી સિવડાવેલાં કપડાં ઈચ્છે છે. ભવિષ્યની માતાઓ બનનારી અને ભારતના ભાવિ ઘડવૈયાઓનાં જીવનનું ચણતર કરનારી આજની મોટાં ભાગની વિદ્યાર્થીનીઓ અર્ધનગ્ન તંગ પોશાક, પાઉડર, રનો, ક્રીમ, લીપસ્ટીક, રૂઝ વગેરે વડે સજ્જ થઈ ઘરમાં અને બહાર, પોતાના રોજિંદા વ્યવહારમાં અભિનેત્રીઓનું આંધળું અનુકરણ કરે છે. વિદ્યાર્થીવર્ગને ધર્મ પ્રત્યે પ્રેમ નથી એટલું જ નહીં, પરંતુ નફરત છે. વડીલો પ્રત્યે એને માન નથી, એ માને છે કે વડીલો કરતાં પોતે વધારે બુદ્ધિશાળી, જાણકાર અને શાણો છે. ગુરુભક્તિ, જેને વિદ્યોપાસનાનો પાયો ગણવામાં આવતો, તે જ ગુરુની આજે વર્ગોમાં ઠેકડી ઊડે છે. વિદ્યા માટેના પ્રેમનો પણ મોટે ભાગે અભાવ જ વર્તાય છે. એ ભણે છે તો પદવી મેળવી સારી નોકરી મેળવવા માટે. ગુરુ પોતાનાથી વિશેષ જાણે છે અને એની પાસેથી મારે કાંઈક મેળવવાનું છે એવો ભાવ ભાગ્યે જ એનામાં દેખાય છે. ક્યાં તો પિરિયડો બંક કરવા અથવા તો વર્ગમાં ભાતભાતનાં તોફાનો કરી એમાંથી આનંદ મેળવવાનો એનો પ્રયાસ હોય છે. પરીક્ષાના બે મહિના પહેલાં માર્ગદર્શિકાઓ વાંચી પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ જવું એ એને મન ઘણું જ મહાન કાર્ય છે. વર્ષના બાકીના સમયમાં કૉલેજના ગ્રંથાલયોનો કેટલો ઉપયોગ થતો હશે? જ્ઞાનની જિજ્ઞાસા, એ માટેની તડપ, વિદ્યાર્થીજીવન સિવાય મને આ બધું વાંચવાનો સમય ભવિષ્યમાં ઓછો મળશે એ પ્રમાણેની સમજ, એ બધાનો જ સંપૂર્ણ અભાવ આજના વિદ્યાર્થીજીવનને છિન્નભિન્ન કરી રહ્યો છે. પરીક્ષાઓ પાસ કરવી એજ એનો ધ્યેય છે અને એ માટે કોઇ પણ રસ્તો અખ્તિયાર કરવામાં એને વાંધો નથી. પોતાને બદલે બીજા

કાપન પરીક્ષામાં બેસાડવાના તથા પરીક્ષામાં ચોરી કર્યાના અનેક કિસ્સાઓ વર્તમાનપત્રોમાં આવે છે, અને આ તો ફક્ત પકડાયેલા કિસ્સાઓ, તો વગર પકડાયેલા કેટલી મોટી સંખ્યામાં હશે ? આ પ્રવૃત્તિમાં આનંદથી સહકાર આપતાં માતાપિતા પણ પરીક્ષકોને શોધી કાઢી નંબરો આપી આવે છે. ભાગ્યે જ કોઈ પરીક્ષક એવો હશે, જેની પાસે આવી નમ્ર છતાં સંપૂર્ણરીતે અનીતિપોષક માંગણી નહીં આવી હોય. કેટલાક પ્રસંગે તો, પોતાની પુત્રી કે પુત્ર ઘણો હોશિયાર અને મહેનતુ હોવાથી પ્રથમવર્ગમાં આવે તેમ હોવા છતાં પણ તે પ્રથમવર્ગમાં પ્રથમ આવે તે માટે માબાપો દોડાદોડી કરે છે આનાથી વધારે અધોગતિ બીજી કઈ હોઈ શકે ? આ રીતે પાયાના ચણતરમાં જ આપણે નીતિનાં મૂળભૂત મૂલ્યાંકનો બદલી નાખ્યાં છે. જે જીવનનું ઘડતર જ આ ધોરણે થયું હોય, તે જીવનનો વિકાસ બીજી કઈ રીતે થઇ શકે ? સત્તા અને પૈસાના મોહમાં ગરત બનેલા આપણા નેતાઓ જો આ વસ્તુ પર ધ્યાન આપશે તો આજે દેશમાં મૂલ્યોનો જે અભાવ વર્તાય છે, તેનું મૂળ શોધવા માટે ફાંફાં નહીં મારવા પડે. અને આજે, પેટમાં દુઃખતું હોય અને માથાના દુઃખાવાનો ઉપાય કરવાની જે ખોટી નીતિ અખત્યાર કરી છે, તેમાંથી પણ ઊગરી જશે. વિદ્યાર્થીજીવનના આદર્શો પાછા લાવવા પડશે. એ મૂળભૂત મૂલ્યાંકનો છે. અને જો યુગબળો એમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કરે તો તેનો સામનો કરવો જ પડશે ધર્મ અને નીતિ, સદાચાર અને સાદાઇ, શિસ્ત અને સ્વાર્પણ, કરકસર અને વિવેક, ગુરુપ્રેમ અને વિદ્યોપાસનાની ધગશ, વિનય અને નમ્રતા વગર આજનો વિદ્યાર્થી કદીપણ ભવિષ્યનો સાચો અને જવાબદાર નાગરિક બની શકશે નહીં. જ્યાં સુધી આમ નહીં બને ત્યાં સુધી દેશની સ્થિતિ વધુ ને વધુ બગડતી જશે.

સમાજજીવનની ભીતરમાં

સંયુક્ત કુટુંબો મોટે ભાગે તૂટવા માંડયાં છે. વ્યક્તિવાદ એ આ યુગની મનગમતી કે અણગમતી પ્રસાદી છે. સંયુક્તકુટુંબોને તૂટતાં અટકાવી શકાય તેમ નથી એ પણ હકીકત છે. પરંતુ લગ્ન એ



વ્યક્તિગત પ્રશ્ન છે એમ જ્યારે જ્યારે સાંભળીએ છીએ ત્યારે એક વિચાર આવે છે કે, શું મનુષ્ય કદી સમાજ વગર રહી શકયો છે ? સમાજ પર શું પ્રત્યેક લગ્નની અસર નથી પડતી ? સંખ્યાબંધ આંતરજાતીય લગ્નો આજે થાય છે એ પ્રત્યેક લગ્ન સીધી યા આડકતરી રીતે સમાજ પર અસર કરે છે. આપણી લગ્નસંસ્થા પાછળનો એક હેતુ સમાજમાં સ્થિરતા રાખવાનો પણ છે. એટલે આપણે એ સત્ય સ્વીકારવું જ રહ્યું કે લગ્ન એ કેવળ વ્યક્તિગત પ્રશ્ન નથી, એની સાથે આખા સમાજનો પ્રશ્ન સંકળાયેલો છે. વધૂની પસંદગીનાં ધોરણો પણ હવે બદલાતાં જાય છે. પહેલાં કુટુંબ, ભાઈબહેન વગેરે જોવામાં આવતું આજે તો મોટે ભાગે છોકરાઓ પોતે જ પસંદગી કરે છે. અને પસંદગીના ધોરણમાં ૭૫ થી ૯૦ ટકા ગુણ તો બાહ્ય દેખાવને જ અપાય છે. છોકરાઓ એમ માને છે કે રાંધતાં નહીં આવડે તો એ પ્રશ્ન ઘણો મહત્વનો નથી, કારણ કે હવે લોજોનો તોટો નથી, અને ભણેલી છોકરી નોકરી કરી શકે એટલે લોજનો ખરચો મોંઘો પણ ન પડે. પરંતુ છોકરી એવી હોવી જોઇએ, જેને એ પોતાના મિત્રોમાં ગર્વ ઓળખાવી શકે અને એવી સૌન્દર્યવતી સ્ત્રી મેળવી પોતે કંઇક સિદ્ધિ મેળવી છે એવો આનંદ લઈ શકે. સાસુસસરાની સેવા, કુટુંબની મર્યાદા, નણંદભોજાઈ વચ્ચેનો પ્રેમ, ગૃહસ્થી જીવનના આદર્શોનું પાલન એ બધી આજે વીત્યા દિવસની વાતો થઈ ગઈ, જે કેવળ આપણા લોકસાહિત્યમાં જ સચવાઈ રહી છે. પોતાની પત્નીમાં 'कार्येषु मंत्रि, करणेषु दासी, भोजनेषु माता, शयनेषु रंभा' એ ગુણોની હવે બહુ જરૂર નથી. ફક્ત એમાંનો છેલ્લો એક જ ગુણ એનું જીવન સફળ કરવા માટે બસ છે એમ એ માને છે. વ્યક્તિવાદને આ યુગના એક અનિવાર્ય અનિષ્ટ તરીકે આપણે ભલે સ્વીકારીએ, તો પણ

પત્નિનું મૂલ્યાંકન તો આપણે ઉપર જણાવેલા આદર્શ પ્રમાણે જ કરવું પડશે. સ્ત્રી કેવળ વાસનાનું સાધન નથી, પરંતુ એ મહાન શકિત છે અને જીવનમાં જુદાં જુદાં સ્વરૂપે આપણે એનું સ્થાન સ્વીકારવું જ પડશે. આ આદર્શના પાલન પર સમાજની સહરતાનો આધાર છે. પત્નીનું મૂળભૂત મૂલ્યાંકન ફેરવવા જતાં આપણે કેટલું ગુમાવી દઈશું એનો અંદાજ પણ આપણે આજે કાઢી શકીએ એમ નથી.

જીવનમાં આનંદનો વેપાર

નૈસર્ગિક આનંદ, સમાજજીવનનો આનંદ, ઉત્સવોનો આનંદ–એમ અનેક પ્રકારના આનંદ પર જીવનરસનો આધાર છે. આપણું સમાજજીવન ભર્યું ભર્યું હતું. આપણાં લગ્નગીતો, લોકગીતો, ધાર્મિક ઉત્સવગીતો વગેરે આપણા કુટુંબજીવનના રસને સમૃદ્ધ કરતાં અને સમાજજીવનને પણ રસમય બનાવતાં. પરાપૂર્વથી ચાલ્યો આવતો આ વારસો આજે આપણા જીવનમાંથી ધીમે ધીમે લુપ્ત થતો જાય છે. આજે લગ્નગીતો અને લોકગીતો ઉચ્ચ પદવી માટે સંશોધનના વિષયો બની ગયા છે. લગ્નના પ્રસંગે લગ્નગીતો ગાતી બહેનોની ઉપેક્ષા થાય છે અને એ જ ગીતો રેડિયો કે સ્ટેજ પર આપણે આનંદ અને ઉત્સાહથી સાંભળીએ છીએ. આ પણ વિધિની ક્રૂરતા જ છે ને! જે આપણા જીવનમાં હતું, જે આપણું પોતાનું હતું, તેને આજે આપણે આપણી પાસેથી હડસેલી દીધું છે અને તે જ આપણે પૈસા ખરચી અગર તો પરાવલંબી બની ઉમંગે સાંભળીએ છીએ, પણ રોજિંદા જીવનમાં અપનાવવા માંગતા નથી. લોકસાહિત્ય અને લોકગીતો, કોશીમાની ધર્મકથાઓ અને પ્રસંગો, ભજનો અને હાલરડાં હવે ઘરોમાં નહીં પરંતુ રેડિયો, ગ્રામોફોન કે સ્ટેજ પર સાંભળીને સંતોષ માનવાનો રહે છે. આપણી બહેનોમાંથી આજે કેટલી બહેનો આ વારસા પર પોતાનો હાથ આસાનીથી મૂકી શકે એમ છે? એમની મદદે આજે સિનેમાનાં ગીતો અને થોડીક ભાગ્યશાળીની મદદે આવશે કદાચ થોડાક ગરબા. ચલચિત્રોની ખતરનાક અસરનું આ સચોટ દૃષ્ટાંત છે. ચલચિત્રોની

તમે જાણો છો?

સ્વાદિષ્ટ રસોઈનો આધાર ગૃહિણીની કુશળતા ઉપરાંત એમાં વપરાતા મસાલા અને વિવિધ વસ્તુઓ પર પણ રહે છે, અને સારા મસાલા તેમ જ ચીજવસ્તુઓ તો વર્ષોના અનુભવી વેપારીને ત્યાંથી જ મળી શકે.

સારા અને ઊંચી જાતના દરેક પ્રકારના મસાલા, શુદ્ધ કેશર, કસ્તુરી, ચંદન, દરેક પ્રકારના ધૂપ, હીંગ, પીપરામૂળ, ચોખ્ખું મધ, સૂકો મેવો, ગરમ મસાલો, ચાનો મસાલો, ચા, દૂધનો પૌષ્ટિક મસાલો, કરિયાણું ને બીજી ગૃહઉપયોગી અનેક પ્રકારની વસ્તુઓ મેળવવા માટે આ વર્ષોનો અનુભવ ધરાવનાર નામ નોંધી રાખો.

ડાહ્યાભાઈ સુરચંદ ગાંધી

(પ્રો. જયંતિલાલ નારણદાસ શાહ)

સાગરભુવન, કબૂતરખાનાની સામે, ભૂલેશ્વર,

મુંબઈ–૨

ત્રાણની રાહમાં

અસર લગભગ નશા જેવી છે. નશાની માફક જ એની અસર થોડા દિવસ રહે છે અને પછી ફરી નશાની તડપ જગાવે છે. ગમે તેમ ખોટી કરકસર કરવાનો પ્રયાસ કરીને પણ આ નશો કરવો જ પડે છે. જીવનમાં એ નશો અનિવાર્ય બની ગયો છે, કારણ કે આપણી આંતરશાંતિ માફક આપણા કૌટુંબિક જીવનમાંથી જે નૈસર્ગિક આનંદ આપણને મળતો, તે ખલાસ થઇ ગયો છે, અને આપણે પૈસા ખરચીને બહારથી કૃત્રિમ આનંદ મેળવવાના ફાંફાં મારીએ છીએ.

પરિવર્તનો ભલે આવે. પરંતુ સ્ત્રીએ માતા બનવું જ પડવાનું છે. માતા બનવામાં જ એના જીવનની સફળતા છે. કારણ કે એ જ એના હૃદયમાં રહેલી મહત્ત્વાકાંક્ષાની સિદ્ધિ છે. જ્યાં સુધી માતા બનવાનું છે ત્યાં સુધી માતા તરીકેનો ત્યાગ પણ એને કરવાનો જ છે. એ પદની જવાબદારી એને ઉઠાવવાની છે. પુરુષ એમાં સહકાર આપવાનો જ છે. નારીનું મૂલ્યાંકન કદી બદલી શકાવાનું નથી. એનું કાર્યક્ષેત્ર ભલે થોડુંક બદલાય. ભલે એ રસોઇ ન કરે અને લોજનો આશરો લે. ભલે એ સ્વતંત્ર રીતે રહે અને અપરિચિત જીવન ગાળે, પરંતુ એના હૃદયમાંના માતૃત્વનો કદી પણ નાશ થવાનો નથી. "ડોસો કુંવારો મર્યો છે, ડોશી કુંવારી મરી સાંભળી નથી." એ કથાનક આજે સંભવ નથી. ડોશી આજે કુંવારી હોય તો એનું માતૃત્વ વિસ્તૃત બને છે. શાળામાં બાળકો પ્રત્યે પ્રેમ, મહોલ્લામાં પણ પરાયાં બાળકો પ્રત્યે પ્રેમ એ આ જ વિસ્તૃતપ્રેમના સૂચક છે.

ઉપસંહાર

જીવનનાં આ મૂળભૂત મૂલ્યાંકનોને બદલાતાં અટકાવવાનો પ્રયાસ નૂતન યુગમાં પૂ. ગાંધીજીએ કર્યો. ત્યાર પછી તો વિનોબાજી, કેદારનાથજી, રવિશંકર મહારાજ, કનૈયાલાલ મુનશી અને આચાર્ય તુલસી જેવી અનેક વિભૂતિઓએ આ દિશામાં પ્રયાસ ચાલુ જ રાખ્યો છે. પરંતુ એ પ્રયાસોનાં પરિણામો ચકાસણી માંગી લે છે. પૂ. ગાંધીજી તો આજે વિસારે પડ્યા છે. આજે ગાંધીજીનું સાહિત્ય વાંચનાર વ્યક્તિઓ કેટલી ? ગાંધીવાદને અપનાવનારી અને "ગાંધીજીના અનુયાયી" ના બિરુદથી ઓળખાતી વ્યક્તિઓ જે રીતે વર્તે છે, તે જોઇને આપણું મસ્તક શરમથી ઝૂકી જાય છે. પૂ. ગાંધીજી સિવાય બીજાઓના પ્રયાસને કેટલે અંશે સફળતા મળી છે, તેનો અંદાજ આપણા આજના વિદ્યાર્થીઓ, વેપારીઓ, કાર્યકર્તાઓ, નેતાઓ, અમલદારો વગેરે તરફ એક દૃષ્ટિ કરતાં જ આવી જાય છે. આ નિષ્ફળતા શાને આભારી છે ? મનુષ્ય સ્વભાવે મોજશોખ અને આરામપ્રિય છે. જ્યાંથી એને તાત્કાલિક સુખ, પછી ભલે તે ક્ષણિક જ હોય, મળવાનો યોગ જણાય, ત્યાં જ એ દોડી જવાનો. નૂતન યુગની દેખાતી સુખસિદ્ધિઓ એને એ સુખ આપે છે, પરંતુ તે નીતિ અને જીવનના આદર્શોને ભોગે. આવા મનુષ્યને જીવનનું ખરું મૂલ્યાંકન કરવાનું શીખવી, એને પાછો જીવનના મહાન આદર્શો માટે પરિશ્રમ કરતો અને એ આદર્શોની સિદ્ધિમાં જ જીવનની સાર્થકતા જોતો કરવો એ કાર્ય ભગીરથ અને અવિરત પ્રયાસ માંગે છે. જે સમાજે પૂ. ગાંધીજી જેવી મહાન વિભૂતિની અસરને પણ એક દાયકામાં ખોઇ નાખી, તેને સાચા માર્ગે કોણ લઈ જશે ? જો આપણને 'સંભવામિ યુગે યુગે' માં શ્રદ્ધા હશે, તો નિરાશ થવાની જરૂર નથી. એક દિવસ જરૂર કોઇ મહામાનવ આવશે, જે આપણને જીવનનો સાચો મર્મ સમજાવશે.

શુક્રવારની સાંજ. હરસમયની જેમ આજે પણ મેફ્ફરૂસનના ઓતરાદા રસ્તાની પગથીએ તે–ખાનગીમાં તેના અમુક દોસ્તો તેને સુરાસુંદરી કહેવાનું પસંદ કરે છે તો–સુરાસુંદરી લટાર મારવા નીકળી હતી; સાવ ધીમા ડગ માંડતી, નિરાશ આંખોને ચોપાસ ફેરવતી, ને આતમતાપથી જલતી. આમે ય જો કે શુક્રવારની સાંજ એને માટે વસમી તો હોય જ છે, પરંતુ આજે તે એથી ય વધારે વસમી હોય તેમ તેના સમગ્ર વર્તન પરથી જણાઈ આવતું હતું.

એક બ્લોક એણે માંડ વટાવ્યો હશે, ત્યાં એની નજર શાળામાંથી છૂટતાં, કિલ્લોલ કરતાં, ઘર ભણી જઈ રહેલાં બાળકોનાં જૂથ પર પડી. એક ચબરાક પોરીની પાછળ ઘેલું એવું છોકરાઓનું ટોળું ઈકરાણુ કરતું એને ઘસાઈ ને પસાર થયું. સહસા એને યાદ આવ્યું, વર્ષો પહેલાંનું બચપણનું એક દૃશ્ય: આમ જ શાળા છૂટતી. તે પહેલીમાં ભણતી હતી તે વખતે છોકરા છોકરીઓ આમ જ મીઠો કલરવ કરતાં છૂટતાં લગભગ બધી જ નાની મોટી ભૂલકીઓ એમના છોકરા–મિત્રોની સંગાથે–કે તેમની બહેનપણીઓ સાથે તો જરૂર–હસતી, કૂદતી એવી જ પગથીઓ પર થઇને પસાર થતી. પરંતુ એવડી નાની ઉંમરે ય તે એકલી, અટૂલી, કોઇ પણ છોકરા–છોકરીના સાથ વિના ધીમાં ડગ માંડતી નિરાશ વદને ઘેર જતી. અને ઘેર પણ ક્યાં સુખ હતું? ઘેર પહોંચતી ત્યારે એવે કસમયે તેની મા ને તેની મોટીબહેન તેમના પુરુષ દોસ્તદારો સાથે પીધેલી હાલતમાં, ગંદી ફ્લોર પર, બેફામ દશામાં પડેલાં જોવાં મળતાં, ક્યારે મશ્કરી કરતાં. હા, ત્યારની–બાળપણથી તે આવી એકલી, મિત્રો વિનાની, સ્વજન વિનાની હતી, આજે છે, ને કદાચ જીવનભર રહે તો નવાઈ નહિ. એનું આ સમગ્ર સંસારમાં કોઈ કહેતાં કોઇ હતું નહિ.



ઈવાન ડેવ

જે કોઇ હતા તે બધા સ્વાર્થના સગા હતા. એની વસમી પરિસ્થિતિનું કારણ પણ આજ હતું ને! એના બધા જ કહેવાતા પુરુષ–મિત્રો–જેઓએ તેને સુરાસુંદરીનું નામ આપ્યું હતું–અત્યારે અઠવાડિયાના પહેલા પગારની ગરમીમાં જાણે એનું અસ્તિત્વ જ ના હોય તેમ કીમતી મદિરા ને દેખાવડી સ્ત્રીઓના સહવાસમાં ગુલતાન થઇ ગયા હતા તે કાંઇ એને માટે નવું નહોતું, છતાં ય આજે એ જ ખૂબ ડંખતું હતું; કારણ આજે એને એમનો સાથ જોઇતો હતો; કારણ આજે એના જીવનમાં કાંઈ ન સમજાય એવો અસુખનો અજંપો થઈ રહ્યો હતો; એને લગારે ય ગમતું નહોતું; ને તેથી એમને સહુને એની આસપાસ વીંટળાયેલા રાખવા હતા, જેથી એનું હૈડું પેલા અજ્ઞાત ડરથી ઓછું મૂંઝાય. જો એને કોઈના–ખાસ જાને તો કૅલ્વિનના–વિશાળ, ઉંચાટીભર્યા સીનામાં લપાઈ જવાનું મળે તો! પણ એ કેમ મળે? એના બધા પુરુષમિત્રો મગ્ન હતા બીજી કોઈ રખડેલ માનિનીઓને મનાવવામાં.

તે વિચારતી હતી: "તેઓ આવશે, એક પછી એક. આવતી કાલે રાત્રે; જ્યારે છેલ્લો સેંટ સુદ્ધાં ખરચાઈ ગયો હશે ત્યારે; જ્યારે પેલી છાકટીઓ અને બારમાલિકો ભેગાં મળી એમને તગેડી મૂકશે ત્યારે, હા, ત્યારે જ તેઓ ઘેર ગાળેલો હલકો દારૂ ભીખીને તેને ત્યાં આવશે. એને મનાવવાનો ડોળ કરશે. પણ જ્યારે અબઘડી તેને એમની ભયંકર જરૂરત છે ત્યારે? ઓહ! એક વખત, માત્ર એક વખત પેલી બાર-છાકટીઓની જેમ લાત મારી તેમને ભગાડી મૂકવાની તાકાત એનામાં આવે તો! પણ એ કેવી અટૂલી, અસહાય, ને બાયલીત છે! ના એ તો એનાથી કેમે ય બની શકે એમ નથી."

એ અટકી; ખૂણા પરના ડ્રગસ્ટોર આગળ. સ્ટોરના કાચના બારણામાં પ્રતિબિંબિત એના દેહ પર. એની સહજ જ નજર પડી. નિઃશ્વાસ

નીકળી ગયો એના અંતરમાંથી. એ જ એની જાત, જે તે વર્ષોથી જોતી આવી છે; ઠીંગણી કાયા (તરત તેને યાદ આવ્યું કે તે ભાગ્યે જ કેલની છેલ્લી પાંસળી સુધી પહોંચતી), શાહુડીનાં ઊભાં થઈ ગયેલાં પીંછાં સમાં, કાંકરા જેવા ખરછટ, રુક્ષ વાળ, ભમરીઓ કરડતાં ફૂલી ગયું હોય એવું કદરૂપું મોં, ને લગભગ કોલસા જેવી ચામડી. એને યાદ આવ્યો છોકરડો બૉબ. આસમાન જમીનનો તફાવત હતો બેઉની વચ્ચે. બૉબ નીગ્રો હતો, પણ એનો વાન હતો ગોરા માણસ જેવો; જાણે ઊજળી રાત: જ્યારે તે હતી અમેરિકન નીગ્રો તોય લાગતી હતી આફ્રિકન હબસી સમી: એથીય ભૂંડી, જાણે અમાસની અંધારી રાત! પેલા પ્રતિબિંબ પર બીજી નજર નાખવાની હિંમત તે કરી શકી નહિ પણ ઝડપથી આગળ વધવા જતાં તેની દૃષ્ટિ ચોર નજરે દેખી ગઈ તેના લચી પડેલા વક્ષઃસ્થળ ને અલમસ્ત થાપાને.

ફરીથી તે સંરમરણો ચમળાવવા લાગી: "તેઓ આવશે એને ત્યાં; એક પછી એક. પહેલો આવશે પેલો બબૂચક કેલ. (એને જોઇને હમેશાં એને ઘુવડની જ યાદ આવતી.) બુદ્ધિ વિનાનો, જડ, પણ મજબૂત ને ઊંચો; કદરૂપો પણ રીંછ-કાળા રીંછ શો કદાવર. એની પહોળી. પહોળી, પ-હો ળી છાતી ને એની ઉપર ઊગેલા ગૂંચળાં ગૂંચળાં ગોરીલાની રુંવાટી જેવા વાળ. ઓહ! કોઈ કોઈ વખત એમાં લપાવાનું એને એવું ગમે, એવું ગમે કે વાત જ ના પૂછો.

"પછી આવશે રંગીલો બૉબ. સાવ નાનો છોકરડો, દૂધમલ, ઉંમરમાં એનાથી ઘણો નાનો. એના ને કેલમાં બે ધ્રુવ જેટલું અંતર. જાણે ડેવિડ ને ગોલિયાથ. (બાઇબલની એ વાર્તા એને બહુ ગમી હતી. આ બેઉને જોઇને તેને હમેશાં એ વાર્તા યાદ આવતી.) એની પ્રેમ કરવાની રીત ખૂબ ખૂબ રૂડી. કેવો હળવે હાથે એ એને સળંગ પંપાળે! એને છાતીએ વળગાડી સૂવું એને બહુ ગમે. ઓ મા! જ્યારે કેલ વચ્ચે આવી ચડે છે ત્યારે! કુરકુરિયાને જેમ પૂંછડી પકડી કોઈ ફંગોળી દે તેમ તે બૉબને હડસેલી મૂકે છે. પણ એણીનું એ રાખ્ખસ સામે ચાલે ય શું?

"ઘાડ આવશે સીમોન આવશે. કદાચ આવશે કોઇ મિશ્ર-લોહી પણ. ગમે તેટલા રૂપાળા હોય પણ એ મિશ્રલોહી એને કદિ ય ગમતા નહિ એ સહુ જૂઠું બોલશે. સાચેસાચ ક્યાં હતા તે તેઓ તેને નહિ કહે. ખોટી ખોટી પ્રેમની વાતો કરશે, ગાળેલા દારૂની બોટલો જાણે શેમ્પેઇનનાં બૂચ તોડતા હોય એમ અદાથી તોડશે! અને સેકંડોમાં તો તેઓ ચકચૂર થઇ જશે નશામાં; એ પણ; ને એને એ ખ્યાલ પણ નહિ રહે કે તેઓ હરામીઓ છે, તેઓ જૂઠા છે, લબાડ છે; તેઓ એને છેતરી રહ્યા છે, તે સ્વાર્થીઓ એનો પૂરેપૂરો લાભ ઉઠાવી રહ્યા છે. એ સુરાના ઘેનમાં તેઓ ચવાઈ ચવાઈને ફૂચા થઇ ગયેલી વાતો ફરી ફરીને કહેશે, તે છતાંય તેને એ બહુ ગમશે, અક્ષરે અક્ષર એને સાચો લાગશે, ને એમનું બોલવું નર્યું મીઠું મીઠું લાગશે; જાણે ગળ્યું મધ ઝરી રહ્યું. એમના સહજ સ્પર્શ માત્રથી એનું અંગે અંગ રોમાંચ અનુભવી ઊઠશે. કો' ગાલ ચૂમતાં, કો' સ્તન પંપાળતાં, કો' હસ્તોને ભીંજવતા, કો' સાથળે ખરબચડી દાઢી ઘસતા-સહુ કો' બોલી ઊઠશે, એક સામટા:

'ઓ રૂપી, તું તો સુંદરી છે, સુંદરી!'

'ત્યાં એકાએક, કવિતા કરતો હોય તેમ છોકરડો બૉબ મૃદુ સ્વરે કહેશે: 'નહિ યાર, નહિ; એવી વાતે સુરા; બેઉ ભેળાં જ જાય છે. ખરું નામ તો સુરાસુંદરી છે!' હો હા મચી રહેશે. પા પા બાટલો સહુ કોઈ ઢાલવી દેશે એમનાં પેટમાં. એને લાગશે કે જાણે એ કોઈ આરબ શેખની બેગમ છે અને એની આસપાસ વેરાયેલા સહુ એના ગુલામો છે! એનાં ઇશારામાત્રથી એ નાચવા મંડી પડે તેમ છે.

નારીનું શમણું

"એ સહુ બોલ્યા કરશે : 'હા, હા, રૂથી સચમુચ, તું અમારી સુરાસુંદરી છે. અમે તારા જીગરજાન આશકો છીએ. તારા વિના અમે જઇએ ક્યાં, સુલતાના ! તું જ અમારો આશરો છે. અને બધા જ, તે પોતે પણ પાગલની જેમ હો હો કરી ક્યાં થ સુધી હસશે. નર્યું દંગલ મચી રહેશે. એને ભરમ થશે કે જાણે બેન્ડ જોરશોરથી વાગી રહ્યાં છે ને દારૂખાનું ફૂટી રહ્યું છે. જાણે જ તાલમાં ગુલતાનમાં નાચી રહ્યાં છે. ને એને સંભળાશે : એની છાતી જુઓ, દોસ્ત ! ગોરી મડમો તો નરી સપાટ પાટિયાં છે.' બીજો સાદ આપશે : 'એમાં શું જોવાનું ! એના ધગડા જો ધગડા. બ્રાક શમણામાં હોય એમ બોલશે : 'વા'જુ, અમારું વા'જુ નાગર્યું'તું. સ્પેનના બાર્સલોનાના બંદરમાં અમે સહુ નાવિકો આખલાની લડાઈ જોવા ગયાંતા. તારા સોગન રૂથી, એ માતેલા, કાળા સાંઢના થાપા; ઊફ, એવા થાપા છે તારા; ભરાવદાર, યન-ગનતા, માંસલ, ઓહ સુરાસુંદરી.' રાત એમ પાણીના રેલાની જેમ ચાલી જશે.

"હા, તો તેઓ જરૂર આવશે, ખૂબ ઢીંચશે, બેફાટ લવશે, ને નર્યો ખરબચડો પ્રેમ કરશે. પણ બીજી સવારે તે જાગશે ત્યારે–! સામે ઝાંખા થઇ ગયેલા અરીસામાં દેખાશે એની નગ્ન કાળીમેશ કાયાનું પ્રતિબિંબ. છાતી પર, હાથ પર, જાંઘો પર ઊડી નીકળ્યાં હશે કાળાં કાળાં ચકામાં. જમીન પર ખડકાઇ હશે ખાલી બોટલો. ક્રેન ને પ્યાલીઓ. ત્યારે એને યાદ આવશે કે એ બધું પોકળ હતું. ફોગટ હતું; સચ્ચાઇનો અંશમાત્ર એમાં નહોતો. ફરી પાછી છ દિવસ સુધી તે નિઃસહાય ને એકલી એ કોટડીમાં પડી હશે. બચપણ એમ ગયું, જવાની ગઈ, હવે–! કદાચ સારુ જીવન એમ એળે ચાલ્યું જશે !"

"બિચારી સુરાસુંદરી !" તે ફિક્કા હાસ્ય સાથે બબડી.

એક બ્લોક પછી બીજો બ્લોક ને પછી ત્રીજો, એમ તે વટાવતી રહી. એનું એકલવાયું હૈયું જાણે ધાણીમાં ન પિસાઈ રહ્યું હોય !

With
Best Compliments
From

SHANTILAL BOLE
58, NEHRU ROAD,
BOMBAY-57.

T. N. 572021

"તે એકલી છે, અટૂલી છે, તેનું કોઈ કહેતાં કોઇ નથી આ સંસારમાં. કોઈ પણ પુરુષે સભાન રહીને તેને 'આ' દિ વહાલથી બોલાવી નથી. બાળકે, યુવાને કે વૃદ્ધે જાણે એને સ્ત્રી તરીકે જોઇ નથી."

એણે ઊંચું જોયું તે આવી પહોંચી હતી એને અનુકૂળ દારૂના પીઠા આગળ; સરતું, અંધારિયું ને મોટે ભાગે એના જેવી તરછોડાયેલી સ્ત્રીઓથી ભરેલું. જૂટબોક્સમાંથી ઝાઝી સંગીત રેલાતું હતું. તે એક ખૂણામાં જઇને બેઠી. વેઇટ્રેસે આવીને પૂછ્યું : "કાં, રૂથા ?"

"મઝા, મીઠી, બીઅર."

પેલી ઝટપટ બીઅર લાવીને મૂકી ગઈ. રૂથ ધીરે ધીરે ઘૂંટ લેવા માંડી. બૉટલ પૂરી થતાં એના શરીરમાં એક પ્રકારની તાજગી ફરી વળી. અંગોમાંથી અકડાશ જતાં એણે એક રાહત અનુભવી. મનમાંથી જાણે ઉદ્વેગ અલોપ થઈ ગયો. બીજી બોટલ આવી, થોડી વાર પછી ત્રીજી પૂરી થઈ. હવે તે આનંદદાયક ઉત્તેજનાનો અનુભવ કરવા લાગી. બધાં જ અંગો આરતે આરતે ઢીલાં થવા લાગ્યાં. સ્વપ્નમાં નહોતું પડવું તો ય જાણે પોપચાં ઢળી પડયાં ને એમાં ડૂબવું પડયું; નહોતું બોલવું તો ય જીભ અવારનવાર ચિત્રવિચિત્ર અવાજ કાઢવા માંડી. એનું આંતરમન એનો કબજો લઈ રહ્યું. એક પૂરી થતાં બીજી બોટલ તરત આવી, આવતી રહી.

"લગ્ન ! એનાં લગ્ન થઈ રહ્યાં હતાં. માન્યામાં ના આવે એવી વાત હતી. ખરે જ મોટી નવાઈની વાત હતી ! રથળ તો હતું એની કોટડી. એમાં જ એની બહેનપણીઓ એને પેલો સુંદર સફેદ ગાઉન પહેરાવી રહી હતી. પરંતુ એ સખીઓમાંથી એકેયને તે ઓળખતી નહોતી. ગાઉન કોણ લાવ્યું ? કેવું આશ્ચર્ય ! એનું લગ્ન થઈ રહ્યું હતું. પેલા સંગેમરમરના સફેદ ચર્ચમાં પૂરી વિધિથી એનું લગ્ન થવાનું હતું. એનું કહેવાય એવું તો આ સંસારમાં કોઈ છે જ નહિ ! તો પેલી બધી કોણ હતી ! સાહેલીઓ ! ખીખી હસતી એને ગાલે ચૂંટીઓ ખણતી એકાએક અદૃશ્ય થઈ ગઈ.

"એ ચર્ચ તરફ જઈ રહી હતી. સાથે હવે કોઇ નહોતું. એનો વિવાહ ક્યારે થયો ? એનો વર કોણ—! અરે ! એને તો એણે જોયો પણ નથી. ભલા ભગવાન ? એ બધું શું થઈ રહ્યું હતું ? એ પરણવા જઈ રહી હતી તે ચોક્કસ. માત્ર એક વખત તે એને જોઈ શકી હોત તો કેટલું સારું થાત ! અરે ! આ સામેથી કોણ આવતું હતું ? એની મા ! અસંભવિત ! કોઈ દિવસ નહિ ને આજે એ અંતરી ક્યાંથી ટપકી પડી ! બરાબર ટાણાસર. ઓહ ! જિંદગીમાં કશું ય સીધું ઊતરતું જ નથી. બરાબર અણીને સમયે જ બાજી ઊંધી વળી જાય છે. હવે એની મા ક્યાંકથી ફૂટી નીકળી. આવા સારા અવસરે કેવું વિચિત્ર ! એનું શરીર ગોરેવાન

ફૂલ ઝરે—ગંધ ફૂટે

નભમાંથી ઓળે ઓળે ફૂલ ઝરે—
(રસ-રૂપ-ગન્ધ કેરા શ્વેત શ્વેત શબ્દની સૂરાવલિ)
ધરતીના અંગમાંથી ગંધ ફૂટે—
(સાત સાત પાતાળના અન્ધકારે ઓગળેલી
ઝૂરતી—રીબાતી એક પરીની
બે પાંખો હલે)

ફૂલ ઝરે,
ગંધ ફૂટે, ગંધ ફૂટે
ફૂલ ઝરે
હળુહળુ પરી એક
રૂપ ધરે,
રસ ઝરે, રસ ઝરે
રૂપ ધરે
પરીની બે પાંખો હલે.....
પ્રભાતનાં અધબીડયાં પક્ષ્મો ઝીલે
શ્વેત શ્વેત શબ્દોની ભૂતાવળો !

—જ્યોતિષ જાની

હતું. તો પછી તે પોતે કેમ આવી કાળી મેશ હતી? એની વર્તણૂકમાં તો લગારે ય ફેર પડ્યો નહોતો. એના હાથમાં હલકા દારૂની બાટલી હતી. ને ભરબજારમાં ઓછાકટીની જેમ ઢીંચી રહી હતી. એને શરમ આવવા લાગી. પણ એની મા એને ક્યાં છોડે તેમ હતી? રસ્તા વચ્ચે બળજબરીથી એને થોભાવી, એના પેટ તરફ આંગળી ચીંધી, તે ઉપહાસ કરતાં બરાડી: 'કુંવર, પૈણવા તો હાલ્યાં, પણ આનું સું?' પછી તે હા, હા, કરતી હસતી હસતી બેવડ વળી જવા લાગી.

એણે એના પેટ પર નજર નાખી કે તે ચોંકી ઊઠી. તે બે જીવાણી હતી. હવે ચર્ચમાં કેમ કરી જવાય? એને પૈણશે પણ કોણ? અરે! પણ તે પરણવાની કોને હતી? આસપાસ લોકોનો કોલાહલ વધવા માંડ્યો હતો. એની છાતીમાં અમૂંઝણ થવા માંડી. ત્યાં એકાએક એના પેટમાં ભયંકર શૂળ ઊપડી આવ્યું. બેઉ હાથ એણે પેટ પર મૂક્યા. શૂળની પીડા પળ માત્રમાં અલોપ થઈ ગઇ. એનું પેટ બેસી ગયું. એની ભયંકર શરમ વચ્ચે ઓચિંતાના બે બાળકો એના ગાઉનમાંથી બહાર દડી પડ્યાં. પેલાં બે બાળકો —એક ગોરું ગોરું ને બીજું કાળું કાળું—નાનાં વાછરડાંની જેમ કૂદતાં, ઠેકતાં દોડવા લાગ્યાં. ટોળે વળેલા માણસો કિકિયારીઓ કરતાં તેમની પાછળ દોડવા લાગ્યાં. એ ભયથી કંપી ઊઠી. એ રડી ઊઠી: 'ઓ, ઓ, મારાં ભૂલકાંઓને આ મૂઆં માણસો કચરી નાખશે. એમને બચાવો, કોઇ—!" ચીસ પાડી ઊઠી.

ચીસ સાંભળી વેઇટ્રેસ તેના ટેબલ આગળ ધસી આવીને તેને ઢંઢોળીને પૂછ્યું: "કા, ઠીક નથી, રથી?"

એનો ઉત્તર આપવાના રથમાં હોશ નહોતા. "હે!" એમ કહી એણે મહાપ્રયાસે ઊંચું જોયું ને ફરી પાછા ટેબલ પર ફસડાઈ પડી. ન તો એ સ્પષ્ટ સાંભળી શકતી હતી કે ના એ કશું ય જોઈ શકતી હતી. એના સમગ્ર દેહે જાણે એની સામું બંડ પોકાર્યું હતું.

વેઇટ્રેસ એક કડક કાળી કોફીનો પ્યાલો લેતી આવી. જેમ તેમ કરીને બેઠી કરી એણે એ આખો કોફીનો કપ રથીના ગળામાં ઠાલવી દીધો.

પંદરેક મિનિટ પછી રથ ભાનમાં આવી. પરંતુ હજુ તેને ચોગમ બધુ ધૂંધળું ને અગડમ્ બગડમ્ લાગતું હતું. વેઇટ્રેસ કોફીનો બીજો પ્યાલો લઇને ત્યાં આવી અને તેની ખબર પૂછવા લાગી. એ મૂક જ રહી. દસેક મિનિટ પસાર થતાં એને આછો ખ્યાલ આવ્યો કે તેની આસપાસ શું થઈ રહ્યું હતું. એણે કળી લીધું કે બધાની નજર સપ્રશ્ન તેના ઉપર મંડાઈ હતી. ઝટપટ પૈસા ચૂકવી તે પીઠાની બહાર નીકળી ગઈ.

અંધારી રાત હતી. રસ્તાઓ નિર્જન થઈ ગયા હતા. બધું સૂમસામ ને બિહામણું લાગતું હતું. તે પાછી કોટડીએ ફરી રહી હતી, આવી હતી તેમ, ધીમા ડગ માંડતી, શૂન્ય નેત્રે, અને અત્યંત હતાશ દિસે. પીઠાની બહાર નીકળતાં જ એને ખ્યાલ આવ્યો કે હજુ તે સંપૂર્ણપણે ભાનમાં આવી નહોતી. એના પગ લથડતા હતા, શરીર કળતું હતું ને મગજ જાણે બહેર મારી ગયું હતું. ઘરભણી જઈ રહેલ રથીના મનમાં રહી રહીને એમ થયા કરતું હતું: "હું એકલી છું, અટૂલી છું. આહ! મારું કહેવાય એવું એક પણ સ્વજન આ ફાની સંસારમાં છે નહિ."

મૂળ ગણતરી તો ૨૦૦ પાનાંનો અંક મૂકવાની હતી. પરંતુ સંજોગો અને મુશ્કેલીઓને લીધે તેમજ પ્રેસમાં ઊભી થયેલી કેટલીક અરાણીને લીધે પાનાં ઘટાડવા પડયાં છે. એને પરિણામે જે મિત્રો અને મુરબ્બીઓની કૃતિઓ પાછી મોકલવી પડી છે, તેમની અમે ક્ષમા માંગીએ છીએ.

—વ્યવસ્થાપક



હસમુખ રાવળ

ટપ...ટપ...ટપ...

ટાઈપરાઈટર ગતિમાન હતું.

તન્વી ટાઈપ કરતી હતી :

'એ ટાઈની વુમન !'

તેનાં આંગળાં ચલાયમાન હતાં. તન્વીનું વિચારતંત્ર પણ અકોડાબદ્ધ રીતે વિચારમાળાના મણકા ફેરવ્યે જતું હતું.

તે ગણગણી :

'એ ટાઈની વુમન !'

તે વાર્તાના નફફટ લેખક પ્રત્યે તેને તિરસ્કાર છૂટ્યો. જો કે તેને નોકરીમાં રાખનાર પણ તે જ હતો. તે એક સામયિક-કાર્યાલયમાં કામ કરતી 'ટાઈપીસ્ટ ગર્લ' હતી.

તેનાં આંગળાં ગતિમાન હતાં; વિચારતંત્ર ગતિમાન હતું; હૃદયમાં ખળભળાટ મચી ગયો હતો. તે ટાઈપ કરતી હતી :

'નાજુક સ્ત્રી 'સેક્સ અપીલીંગ' માટે શ્રેષ્ઠ લેખાય છે.'

તન્વી !

—એક નાજુક સ્ત્રી !

તેનું નાક બંદૂકથી ભરાઈ ગયું. ટેબલ પર જ ઈબ્સનનું 'ડોલ્સ હાઉસ' પડ્યું હતું. પાસેના અમેરિકન મેગેઝીનમાં નાજુક સ્ત્રીઓ વિશે વિચિત્ર વાતો છપાયેલી હતી.

તન્વી ગઈ કાલે બની ગયેલા પ્રસંગને આટલા કામ વચ્ચે પણ વોગોળતી હતી. સાંજે તે થાકી-પાકી ઘેર પહોંચી. બહારથી આવીને 'રોલીંગ ચેર'માં તેણે પડતું મૂક્યું. ખુરસી વ્યવસ્થિત રીતે ચલાયમાન બની. તેનું થાકેલ મગજ ભરી ભરીને હાંફતા કૂતરાની જેમ થા ખાતું હતું. પાસેની પરસાળમાં બે બાળકોને ઘોંઘાટ વધી પડ્યો હતો. થોડી વારે બન્ને બાળકો ઝઘડતાં ઝઘડતાં તન્વી પાસે આવી પહોંચ્યાં. બન્ને બાળકોનો ઝઘડો એક ઢીંગલી માટે હતો. બન્ને તે ઢીંગલીને પોતાની ગણતા હતા.

ઢીંગલી—એક રમકડું !

એક રમકડાના બે માલિક !

તન્વી તે ઢીંગલી વિશે કાંઈ નિર્ણય આપે તે પહેલાં બન્ને બાળકો ફરી ઝઘડી પડ્યાં અને બળિયો બાળક ઢીંગલી ઝૂંટવીને જતો રહ્યો.

એક બાળક : આવતી કાલનો કિશોર પછી પુરુષ.

એક ઢીંગલીનો ઝઘડો : આવતી કાલે...

તન્વીએ ફરી 'રોલીંગ ચેર'ને સહેજ ધક્કો આપ્યો અને તે ચલાયમાન બની.

ટપ...ટપ...ટપ...

ટાઈપરાઈટર પર તન્વીની આંગળીઓ ફરે જતી હતી.

તન્વી થોડીવાર થોભી.

૪ ફૂટ ૪ ઇંચની એક ઢીંગણી છોકરી—તન્વી એના જીવનમાં અને મગજમાં અવારનવાર ધમસાણ મચતું.

—પણ તેને થોભવું પાલવે તેમ નહોતું.

ટપ...ટપ...ટપ...

ટાઈપરાઈટર પર આંગળાં ફરતા જ ગયાં.

ટાઈપરાઈટર પરથી એક પછી એક કાગળો ઊતરતા જ ગયા. તેના જીવનના એક પછી એ પ્રસંગો સ્મૃતિપટ પર ચડીને વિસ્મૃત થતા ગયા

નાની તન્વી !

તેની માતા કહેતી :

'તું તો મારી ઢીંગલી છે, ઢીંગલી !'

Always Insist on
Burmah-shell Petrolium Products

Chandivali Automobiles

(Authorised Dealers of Burmah-shell)

Pump & Service Station :
Chandivali Farm,
P. O. Kurla,
BOMBAY-70 (As)
T. N. 58-1861

Bombay Office :
Janmabhoomi Chambers,
29, Fort St.,
BOMBAY-1
T. N. 26-1036

With Best Compliments From

T. N. 265569

RUPAM PRINTERY

- ARTISTIC PRINTERS,
- BOX-MAKERS,
- BOOK-BINDERS,

34, Goa Street,
Near G. P. O., Fort,
BOMBAY-1 (BR)

બાર વર્ષ !

તેનો શિક્ષક કહેતો :

'છે તો કટકા જેવડી, ને...'

તે થોથવાઇ જતો. શબ્દો કેમે ય કરીને તેની જીભે ન ચડતા.

સોળ વર્ષ !

તેનો સહાધ્યાયી કહેતો :

'કદ નાનું ને રૂપ ઝાઝાં !'

વીસ વર્ષ !

તન્વીની હાલની ઉમર, એક સામયિકનો તંત્રી, લેખક, તેનો શેઠ, તેનો માલિક કહેતો :

'આઈ લાઈક ટાઈની વુમન.'

તન્વીનાં આંગળાં થંભી ગયાં. તે સ્થિર હાથે અને ગરમ લમણે વિચારતી હતી :

'આ પુરુષોને વળી નાજુકાઈના આટઆટલા અભરખા શે હશે ?'

—પણ તેને વિચારવું પાલવે તેમ નહોતું. ફરી અસ્વસ્થ મને અને ચલિત હાથે કામ કરવા લાગી. ટાઈપ કરેલા કાગળો તેણે અંદર મોકલી આપ્યા.

બેલનો અવાજ રણઝણી ઊઠ્યો.

એક અવાજ આવ્યો :

'મિસ તન્વી...'

તે ખુરસી ખસેડી કેબિન તરફ જવા લાગી.

સામે બેઠેલો ખજાનચી તન્વી સામે ઘૂરકી ઘૂરકીને જોવા લાગ્યો.

તન્વીના કેબિન તરફના એક એક પગલાને તે ઈર્ષાભરી નજરે જોતો રહ્યો.

દીંગલી—એક રમકડું !

એક રમકડાના બે માલિક !

તન્વી એક નાજુક સ્ત્રી !

એક સ્ત્રીના બે...

તે કેબિનમાં ગઈ.

તંત્રી–લેખક ચિરૂટનો ઊંડો દમ ખેંચીને બોલ્યો :

'પેલી સ્ક્રીપ્ટ પૂરી થઈ ?'

'કઈ ?'

'એ ટાઈની વુમન.'

'જી, થોડી અધૂરી છે. મેં થોડાં પાનાં આપની પાસે મોકલ્યાં છે.'

સ્ક્રીપ્ટ બરોબર ટાઈપ થઈ નથી.

'આઇ એમ સોરી.'

'ઈટ'સ ઑલ રાઈટ. પણ તમે ખોટી જગ્યાએ 'ટાઈની વુમન', 'ટાઈની વુમન' ટાઇપ કરેલ છે.'

તન્વી નિરુત્તર રહી.

ચિરૂટનો ધુમાડો ગૂંગળામણભર્યો લાગ્યો.

'તમને–તને વાર્તા કેવી લાગી ?'

'સારી છે.'

'ઈન ફેક્ટ, યુ હેવ ઇન્સ્પાયર્ડ મી ટુ રાઇટ ધીસ સ્ટોરી.'

'મેં ?'

'હા, તું પણ નાના કદની સ્ત્રી છે. 'એ ટાઇની વુમન', 'સ્વીટ વુમન', એક ફીંગલી જેવી, 'બ્યૂટીફુલ સ્વીટ ગર્લ'...'

તે હજુયે બોલ્યે જતો હતો.

તન્વીના મગજમાં લોહી ધમધમી ઊઠ્યું. વળી તેનું લોહી થીજી ગયું. નોકરી મેળવવા માટેના અથાગ પ્રયત્નોનો થાક તેને યાદ આવી ગયો.

એક નાના કદની છોકરી–ટાઇની તન્વી !

–ઘરના એક ખૂણામાં સતત ચાર વર્ષથી ખાટલો પાથરીને સુતેલી મા ! લોહીના ગળફા થૂંકતી વિધવા મા !

–એક નાનો મુફલીસ ભાઈ !

લાલચોળ ગળફા થૂંકતી મા !

ત્રણ પેટ !

ગંદી ચાલી...ગંદી ખોલી...

–ને તન્વી કેબિન છોડી બહાર નીકળી.

હજુયે ખજાનચી આંખો ઘૂરકાવતો બેઠો હતો.

ટપ...ટપ...ટપ...

ટાઈપરાઈટર પર આંગળીઓ ફરવા લાગી !

તે ટાઈપ કરતી હતી :

'એ ટાઇની વુમન !'

તન્વી !

ફીંગણી !

'સ્વીટ વુમન !'

ટાઇની !... ટાઈની !...

તન્વી !... તન્વી !...

ડિસેમ્બરના અંતમાં સુરત ખાતે મળનારી ગુજરાતી સાહિત્ય પરિષદને શુભેચ્છાઓ પાઠવતાં આનંદ અનુભવીએ છીએ. આજના વાતાવરણમાં એ પણ કંઈક અસામાન્ય કાર્ય ઉપાડે એટલી ઈશ્વર પ્રત્યે અમારી પ્રાર્થના.

–સંપાદકો



ધનંજય ગૌતમ

આધુનિક સ્થાપત્ય કોને ગણવું તે પ્રથમ નક્કી કરવા જેવું છે. વર્ષોથી ચાલી આવતી અમુક ચોક્કસ શૈલીને અનુસરતા સ્થાપત્યમાં કંઈક નવીનતા હોય એવા સ્થાપત્યને આધુનિક કહેવું? કે પછી, દરેક પ્રકારના સમકાલીન સ્થાપત્યને આધુનિક કહેવું? હાલ પૂરતું આપણે અમુક ચોક્કસ નવીન વિચારસરણીવાળા અર્વાચીન સ્થાપત્યને 'આધુનિક સ્થાપત્ય' કે 'આધુનિક વાસ્તુશાસ્ત્ર' કહીશું તો ચાલશે. સ્થાપત્યશાસ્ત્રના સર્વાંગી વિકાસમાં આ સૈકાનો ફાળો વધતો જાય છે એ આનંદની વાત છે. વીસમી સદીના વિજ્ઞાનની હરણફાળ સાથે જ કૂચ કરતાં આ નૂતન સ્થાપત્યને સમજનારા અને ઉત્તેજન આપનારાઓની સંખ્યા વધતી જ જાય છે. માત્ર સુશોભનની સીમિત રમત ન ગણાતાં હવે સ્થાપત્યશાસ્ત્ર પ્રજાજીવનની સાથે થડકારા લેતી એક સામાજીક કલા Social art) છે એવું પ્રસ્થાપિત થતું જાય છે અને તેથી જ 'આધુનિક સ્થાપત્ય'ની સમજ ઘણી જરૂરી બને છે. આ સાથે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, આ સદીમાં જીવતાં લોકો અને પાછલી સદીઓમાં જીવી ગયેલા લોકોનાં જીવન વચ્ચે કંઈ તફાવત ખરો? આધુનિક સ્થાપત્ય, માનવામાં આવે છે એટલું ક્રાંતિકારી ખરેખર છે ખરું?

આપણા વડીલો જે પ્રકારનું સ્થાપત્ય જોવા ટેવાયેલા હતા તેનાથી તદ્દન ભિન્ન પ્રકારનું સ્થાપત્ય છેલ્લાં પચીસેક વર્ષથી દેખાવા લાગ્યું છે. આ નવીન સ્થાપત્યના આયોજકો–સ્થપતિઓ ખૂબ પ્રમાણિકપણે વિજ્ઞાનની પ્રગતિનો પૂરો લાભ ઉઠાવવા પ્રયત્ન કરે છે. ગઈ સદીમાં સ્થપતિઓએ લોકસંપર્ક ગુમાવ્યો હતો. અનેક પ્રકારના ક્રાંતિકારી ફેરફારના જુવાળમાં ટેવો અને વિચારસરણીઓ જાણે કે અટવાઈ ગયાં. પ્રગતિની દોડમાં સ્થાપત્ય જાણે કે પાછળ પડી ગયું. હાલનો સ્થપતિ આ શાસ્ત્રને એક 'જીવંત કલા' તરીકે પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો કરે છે. દરેક ક્ષેત્રમાં લોકોની જરૂરિયાતો ધરમૂળથી બદલાવા માંડી છે અને તેથી બાંધકામની પાછલી રીતરસમો અને આયોજનમાં પણ ફેરફાર થવો આવશ્યક છે. નૂતન સ્થાપત્ય જે આકાર લઈ રહ્યું છે, તેની પ્રશંસા કરવાનું ઘણાને મુશ્કેલ લાગે છે, છતાં પણ એ લોકો એટલું તો કબૂલ કરે છે જ કે આવી તાજગી, નવીનતા, વૈવિધ્ય પાછલાં વર્ષોમાં હતાં નહિ.

આધુનિક સ્થપતિ માત્ર પ્રયોજનવાદ (Functionalism)માં જ રાચે છે અને સ્થાપત્યવિજ્ઞાનનાં વાસ્તવિક પાસાંમાં જ એને રસ છે, એમ માનવું અયોગ્ય ગણાશે. તે એક આદર્શ કલાનો વાહક છે અને તેથી જ સૌંદર્ય સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. વર્ષોની પ્રણાલિકાથી રૂઢ થયેલા રૂપ–આકારોને આપણે સાક્ષાત્ સૌન્દર્ય માનતા થઈ ગયા છીએ. પરંતુ આકાર અને સૌન્દર્ય વચ્ચેનો તફાવત સમજવો અનિવાર્ય છે.

સ્વાભાવિક જ છે કે સામાન્ય માનવી તો એમ જ માનશે કે, અત્યાર સુધી સામે ભટકાયેલી અનેક ચકિત કરનારી શૈલીઓમાં આ આધુનિક સ્થાપત્ય એક વધુ શૈલી છે! આ નવીન શૈલી શુદ્ધ, કાર્યક્ષમ, ઓછી ભભકદાર અને સાચી જરૂરિયાતોને સંતોષે એવી તો છે જ, તો પણ આ મંતવ્યનો સ્વીકાર કરાવવા આધુનિક સ્થપતિઓએ ખૂબ જાગૃત અને પ્રયત્નશીલ રહેવું પડશે. રૂઢિચુસ્તતા અને રૂઢિપ્રિયતાને કારણે હજી ઘણો મોટો વર્ગ આ નવીન શૈલી પ્રત્યે શંકા અને પ્રતિમુખતા સેવે છે. સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિ સબળ કારણો વગર પોતાની પરિચિત વસ્તુને સ્થાને

અપરિચિત વસ્તુનો સ્વીકાર સહેલાઈથી કરતી નથી: કમનસીબે સામાન્ય પ્રજાની માન્યતા એવી હતી અને છે કે આધુનિક સ્થાપત્ય અને તેના યોજકો તરંગી, ક્રાંતિકારી અને વિદેશી હોય છે, અને માટે જ અસ્વીકાર્ય છે! આવું લગભગ બધી જ આધુનિક કલાઓ માટે બને છે.

છેલ્લાં વીસેક વર્ષથી આધુનિક સ્થાપત્ય વિષે લોકોમાં સમજ અને કદર વધ્યાં છે. પણ આની સાથે જ થોડા પ્રશ્નો પણ પુછાય છે. આ બધી નવીન કહેવાતી ઈમારતો રુચિભંગ કરતી હોય એવી કેમ જણાય છે? જૂનાં સ્થાપત્ય કરતાં કંઈક અલગ દેખાવા પૂરતી જ આવી રચના કરવામાં આવી હશે કે પછી એની પાછળ કોઈ વૈજ્ઞાનિક તર્કયુક્ત કારણો હશે? એના આયોજકો તો પોતાને આવી ચૂકેલા કે આવનારા સ્થાપત્યના ઘડવૈયા ગણાવે છે, પરંતુ જનમત એમ માને છે ખરો?

આધુનિક સ્થાપત્યશાસ્ત્ર વિષે એટલી બધી ગેરસમજ ફેલાયેલી છે કે તેને સરળતાથી સમજવા માટે આપણે નેતિ નેતિ સિદ્ધાંતનો આશરો લેવો પડશે. આ સ્થાપત્ય એ કંઈ શિલ્પ જ નથી, તેમ નથી એ કોન્ક્રીટનાં સપાટ છાપરાં કે કબૂતરખાનાં જેવાં ઊંચાં મકાનો, નથી એ રંગબેરંગી અને ચિત્રવિચિત્ર આકારોવાળું માત્ર બાહ્ય સુશોભન. એ કોઈ એક માત્ર વાદ કે શૈલી નથી. 'સ્થાપત્ય'માં તો આખી 'સંસ્કૃતિ'નો પ્રતિશબ્દ પડે છે. પ્રાચીન સ્થાપત્યોની જેમ આ પણ વિજ્ઞાન અને કલાનું વાસ્તવિક અને પ્રમાણિક સર્જન છે. બાંધકામની પદ્ધતિ અને આયોજનને સાચી જરૂરિયાતો સાથે સાંકળી લેવાનો તેનો પ્રયાસ છે.

પોતાની જિજ્ઞાસા સંતોષવા તથા આધુનિક સ્થાપત્યના પુરસ્કર્તાને જ્યાંજ્યાં ફેરવવા જેવાં કારણો ઉપરાંત બીજાં પણ અનેક કારણો છે, જેથી આધુનિક સ્થાપત્ય શું છે તે જાણવું દરેક વ્યક્તિ માટે મહત્વનું છે. દરેક નવીન અને અને મહત્વની પ્રવૃતિમાં બને છે તેમ આ ક્ષેત્રમાં પણ ઘણા નકલકારો, તકવાદીઓ અને અપરિપક્વ અશિષ્ટ તત્વો ઘૂસી ગયાં છે. આ તત્વો સસ્તી જાહેરાત કરીને પૈસા પેદા કરવા પૂરતો જ રસ ધરાવે છે. કોઈપણ પ્રકારના તર્કબદ્ધ સંકલન વગર ભડકા જેવાં રંગબેરંગી સુશોભનો (?) કરનારા, ચિત્રવિચિત્ર આકારોનો ખીચડો કરનારા અને કોંક્રીટ, કાચ, રંગેલા કાંકરા જેવી આધુનિક વસ્તુઓનો માત્ર દેખાવ પૂરતો જ ઉપયોગ કરનારાઓ આ જમાતના કહેવાય. આ વર્ગને સ્થાપત્યશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતોની જરા પણ સમજ કે અભ્યાસ હોતાં નથી. અલબત્ત, એ પણ સાચું છે કે કલાની ઊંડી સમજ વગરના નવા ધનપતિઓનો આશ્રય મેળવવા માટે તથા



સાબરમતી આશ્રમ : સ્વાતંત્ર્ય કુંડ

સાદાઈ અને આધુનિકતા

સમજણ વધશે તેમ તેમ સ્થાપત્યનાં પ્રમાણો સુધારવાનું કામ સરળ બનતું જશે, પરંતુ ખરાબ કે અસંતોષકારક કામના બચાવ માટે સામે માત્ર શુભ હેતુને જ ધરી શકાય નહિ. કામ ખરાબ થવાનાં કારણો જાણવાથી જ તે સુધરી જતું નથી. સ્થાપત્ય એ સામાજિક કલાની સાથે સાથે દૃષ્ટિ સાથે સંબંધ ધરાવે છે, અને તેથી જ સૌન્દર્ય વિષેનો નિર્ણય બુદ્ધિ, જ્ઞાન કે તર્કથી સ્વતંત્ર હોવો જોઇએ. અપરિપક્વતાને લીધે મળેલી તેની નિષ્ફળતાની નિંદા કરવાથી સ્થાપત્યના આદર્શોને મદદ ન થતા ઊલટું તેની માવજત નિરુત્સાહી બની જશે.

• સ્થાપત્યશાસ્ત્ર વિષે વિચાર કરતાં હંમેશાં એક મુશ્કેલી સામે આવે છે અને તે એ કે સ્થાપત્યને કોઈ પણ એક કલા, વિજ્ઞાન કે વિષય તરીકે ગણી શકાય એમ નથી. રોજિંદા જીવનમાં તેના સ્થાન વિષે વિચારીએ છીએ ત્યારે તે રહેઠાણ, નગર-રચના, વાહનવ્યવહાર જેવા વિષયોમાં સરળતાથી ભળી જાય છે. આ સાથે જ તે શિલ્પકલા, ચિત્રકલા, હસ્તઉદ્યોગ, ગૃહસુશોભન જેવી કલાઓ સાથે સંબદ્ધ છે. એક મકાન, મંદિર કે રોજે બાંધવામાં શિષ્ટ અને મજબૂત બાંધકામ ઉપરાંત તેમાં બીજી પણ ઘણી વસ્તુઓનો સમાવેશ થાય છે, જેમકે—એ ઈમારતની રચનાનો હેતુ, પ્રમાણબદ્ધતા, સમગ્ર રચનાનો લયમેળ, સૌન્દર્ય અને સુશોભન, તેમજ જે સ્થાને બાંધવાનું હોય તેનું નિસર્ગ દૃશ્ય અને વાતાવરણ. ઈમારતને એની સામાજિક વ્યવસ્થા-માંથી છૂટી પાડીને રચના કરવી એ એક પ્રકારનો ગુનો જ ગણાય, અને આ ભૂલને લીધે જ રૂઢિને સત્ય માની લેવાય છે. સાચો સ્થપતિ કોઈ પણ પ્રશ્નનો વર્ષોથી ચાલ્યો આવતો પૂર્વનિશ્ચિત ઉકેલ કે આયોજન સ્વીકારી લેશે નહિ, પોતાની ડિઝાઈન માત્ર અડસટ્રેજ કે અનુમાન પરથી કરશે નહિ. એ તો દરેક પ્રશ્નને સ્વતંત્ર રૂપ આપી એના ગુણદોષ અને યોગ્યતા ઉપર જ આધાર રાખવાનો.

આજસુધી ભૂતકાળની અનેક વસ્તુઓ આપણે કશી ચર્ચા કે દલીલ વગર સ્વીકારી લેતા આવ્યા છીએ, પણ હવે એ બધા ઉપર પણ પ્રશ્નો ઊઠવા માંડ્યા છે. ભૂતકાળ પાસેથી ઉછીના લીધેલા સુશોભિત વાઘાઓ વડે મકાનો શોભાવવાની હવે કોઈ આવશ્યકતા નથી. સમાજની જરૂરિયાતો, કુટુંબની રહેણીકરણી વગેરે છેલ્લા દસકાઓમાં વિપુલ પ્રમાણમાં બદલાઈ ગયાં છે. ખેતીપ્રધાન સમાજ વ્યવસ્થામાંથી ધીરે ધીરે ઉદ્યોગપ્રધાન સમાજ વ્યવસ્થા તરફ જવાની દેશની પ્રક્રિયાએ અનેક નવા પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે. મોટાં ગીચ શહેરો આધુનિક વ્યવસ્થાનું પરિણામ છે, અને તેથી જ રૂઢિગત મકાનોનાં આયોજન હવે અવ્ય-વહારૂ થઈ પડ્યાં છે. આમ થવાથી જ માળાઓ અને પરાં જેવી નવીન શૈલી આપોઆપ જન્મી.

આધુનિક સ્થાપત્ય બાંધકામની પ્રવૃત્તિમાં વેગ અને સફળતા લાવી શક્યું છે. નવી નવી વસ્તુ, વૈજ્ઞાનિક સાધન અને પદ્ધતિને કારણે બંધાવનારની ઇચ્છા પ્રમાણે મકાનને આકાર આપી શકાય છે. માનવીને સ્પર્શતા માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવાં શાસ્ત્રોનો ઉપયોગ સ્થાપત્યમાં જણાય છે. સંજોગો અત્યંત ઝડપથી પલટાતા જાય છે અને કદી ન અનુભવેલી કે કલ્પેલી સમસ્યાઓ આવતી જાય છે. આમ નવીન વિચારસરણીનો આશરો લીધા વગર ચાલે એમ નથી. જેને આપણે 'આધુનિક' કહીએ છીએ તે વર્તમાન સ્થાપત્યની વિશ્વને આજે ખૂબ જ જરૂર છે. આ સૈકાના અનેકવિધ પ્રશ્નોના ઉકેલ માટે અને તત્કાલીન સમાજની સાથે ડગ રાખવા માટે પણ આ કલાને વિકસાવીને સંપૂર્ણ બનાવવાની જરૂર છે. વિજ્ઞાન અને ટેકનોલૉજીના ઉપયોગ અને ઝડપી વિકાસની અસરથી જીવનનું એક પણ ક્ષેત્ર બચ્યું નથી, તો પ્રજાજીવનની સાથે તાણા-વાણાની જેમ ગૂંથાઈ ગયેલી સ્થાપત્યકલા તેનાથી કેમ અલિપ્ત રહી શકે? એણે પણ આવશ્યક ફેરફારો અપનાવ્યે જ છૂટકો!

Cable : HariRamco
T. N. 323671

Hariram Bhavanji Co.

Canvas Merchants

Dealers in :

Tarpaulins on Hire and Sale,
Jute & Cotton Canvas,
Rubber, P. V. C. Rexine,
Hessian cloth & Bags,
Plastic & Polythine Etc.

156-60, Musjid Bunder Road,
BOMBAY-3.

T. N. 243
T. Gram : MasterMill

ધી માસ્ટર સિલ્ક મિલ્સ પ્રાઇવેટ લિમિટેડ

પોસ્ટ બોકસ નં. ૩
ભાવનગર

અમારી મીલનું આર્ટ-સિલ્ક કાપડ બજારમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. અમારું વિશિષ્ટ ઉત્પાદન સાટીન, ગોલ્ડ સિલ્વર, જેકાર્ડ એસીટેડ ફ્લાવર, ચ્યાસ, બ્રોકેડ્ઝ, પરમેટો, નાયલોન, બુશ શર્ટીંગ વગેરે છે.

માસ્ટર ફેબ્રીકન સારું છે, માટે જ તે વાપરવાનો હંમેશાં આગ્રહ રાખો.

ગ્રાહકોની સગવડ ખાતર જહાંગીર મીલની સામે રીટેલ શોપ શરૂ કરવામાં આવી છે.

મેનેજિંગ ડિરેક્ટર :
રમણિકલાલ ભોગીલાલ શાહ

કલા—ચોરીની !

આમ જ વાંચીને ભડકવાની જરૂર નથી, એ નહિ વાંચો તો એક સુંદર વસ્તુ ગુમાવ્યાનો અફસોસ કરવો પડશે. વિવિધ સામગ્રી પરથી રજૂ કરનાર છે

દમયંતી કે. વોરા

આસમાની આકાશ પર રાત્રિની કાલિમા છવાઈ ગઈ છે. ચંદ્ર અંધારાથી ભયભીત થઈને ક્યાંક છુપાઈ બેઠો છે. ચારુદત્તની વિશાળ હવેલીની દીવાલ સમીપ ઊભેલો શર્વિલક વિચારી રહ્યો છે—'તરુલતાઓથી આચ્છાદિત આ ભીંતને કયા પ્રકારે કોચવી ? એ કોચેલી ભીંત જોયા પછી લોકો એની પ્રશંસા ન કરે તો મારા એ કાર્યની વિશેષતા શું ?'

• 'મૃચ્છકટિક'માં ભીંત કોચવાના સાત પ્રકારો બતાવાયા છે :

पद्म व्याकोशं भास्करं बालचन्द्रं,
वापी विस्तीर्णं स्वस्तिकं पूर्णकुंभम् ।

કમળ, સૂર્ય, અર્ધચંદ્ર, જલકુંડ, સ્વસ્તિક, પૂર્ણકુંભ અને આયતાકાર એમ સાત પ્રકારો થયા.

કુશળ અને વિદ્વાન ચોર શર્વિલક થોડી જ પળોમાં નિર્ણય કરી લે છે કે આ દીવાલ માટે પૂર્ણકુંભ પ્રકાર જ વધારે ઉપર્યુક્ત રહેશે. દીવાલ કોચીને અંદર પ્રવેશ કરતાં એ એક દરવાજા પાસે જઈ પહોંચે છે. દરવાજાની રચના જોઈને એ થોડી પળો માટે વિચારમાં પડી જાય છે :—

जीर्णत्वाद्गृहस्य विघोति कपाटः

—દરવાજો સાવ જીર્ણ અવસ્થામાં છે. ખોલવાનો પ્રયત્ન કરતાં જ અવાજ થશે.

આથી શર્વિલક શોધીને ક્યાંક્થી પાણી લાવે છે અને દરવાજાનાં મજાગરાં પર એ પાણી છાંટીને ધીરે ધીરે એને ખોલે છે, કમાડ અવાજ કર્યા વગર ખુલી જાય છે.

ઘરમાં અનેક પ્રકારનાં વાદ્યયંત્રો પડ્યાં છે—વીણા, તાનપુરો, મૃદંગ, વગેરે. શર્વિલક વિચારમાં પડે છે, 'આ કોઈ સંગીતપ્રેમીનું મકાન તો નથી ?' એટલામાં એની નજર ખાટલા પર ઊંઘતી બે વ્યક્તિઓ પર પડે છે. એમની મુખાકૃતિ પરથી એ જાણી લે છે કે તેઓ ઘણા ઉદાર હૃદયવાળી છે. કદાચ તેથી જ ઘરમાં કશી સંપત્તિ નથી દેખાતી; પરંતુ ક્યાંક જમીનમાં ધન દાટેલું હોય, તો ?

राजभयाच्चौरभयाद्वा भूमिष्ठं
द्रव्यं धारयति

રાજા તેમ જ ચોરોના ભયથી ધન ક્યાંક જમીનમાં ન દાટી દીધું હોય !

શર્વિલક જમીનમાં દાટેલું ધન શોધી કાઢવાની વિદ્યામાં પણ પારંગત છે. એ કંઈ સાધારણ અને ગમાર ચોર નથી. એ પોતાનો પરિચય નીચેના શબ્દોમાં આપે છે :

अहं हि चतुर्वेदविदो प्रतिग्राहकस्य
पुत्रः शर्विलको नाम ब्राह्मणः

ચારે વેદના જ્ઞાતા, પ્રતિગ્રાહકનો પુત્ર શર્વિલક નામનો બ્રાહ્મણ હું જ છું. મંત્રનું ઉચ્ચારણ કરતાં કરતાં એ દાટેલું ધન શોધી કાઢવા માટે થોડાં બીજા જમીન પર વેરી દે છે.

ઉપરની ઘટના રાજા શુદ્રકલિખિત સંસ્કૃત-નાટક 'મૃચ્છકટિક'ની છે. વસ્તુતઃ ચોરી ચોસઠ કલાઓમાંની એક કલા છે અને બીજી કલાઓની સરખામણીમાં એનો ઇતિહાસ પણ ઓછો રોચક નથી.

ચોર કાર્તિકેય પુત્ર કહેવાય છે. શર્વિલક ગણેશિયું ભરાવતાં પહેલાં એ વાત સારી રીતે વિચારી લે છે કે કયો પ્રકાર ઉચિત ગણાશે; કારણ કે ચોરોની સફળતા ઘણુંખરું એની પર નિર્ભર રહે છે. એ કહે છે :—

प्रथममेतत्स्कन्दपुत्राणां सिद्धिलक्षणम् ।

કાર્તિકેય પુત્રોની સફળતાનું પહેલું લક્ષણ તો એ જ છે. અને અંદર પ્રવેશતાં પહેલાં પણ એ પ્રાર્થના કરે છે :—

Punjab
Engineering
Corporation

Manufacturers & Exporters of Small hand Tools

Basti Danashmandir
JULLUNDUR
(Punjab)

Buy
R. R. Brand Steel

Letter & Figure Sets.
Guaranteed equal to any reputed English Make.

नमो वरदाय कुमार कार्तिकेयाय,
नमः कनकशक्तये ब्रह्मण्याय
देवाय देवव्रताय,
नमो भास्करनन्दिने, नमो योगाचार्याय
यस्याहं प्रथमः शिष्यः ।

મનુષ્યની ઉત્પત્તિની સાથે જ ચોરીની કલા પણ ઉદ્ભવી. સહુ પ્રથમ ચોરી અસુરની મધુ–કૈટભ જોડીએ કરી હતી. એમના વિશે કથા છે કે તેઓ વિષ્ણુના કાનના મેલમાંથી પેદા થયા હતા. મધુ–કૈટભ પાસેથી વેદો છીનવી લેવા માટે વિષ્ણુને હયગ્રીવનું સ્વરૂપ લેવું પડયું હતું.

ભગવાનના અન્ય અવતારો સાથે પણ ચોરીનો કોઈ ને કોઈ રૂપે તો સંબંધ રહ્યો જ છે. અસુર-રાજ હિરણ્યાક્ષે પૃથ્વીની ચોરી કરી ત્યારે પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે ભગવાનને વારાહનું રૂપ લેવું પડયું. ઇંદ્રએ હિરણ્યકશિપુની ગર્ભવતી રાણી કયાધુની ચોરી કરી. એનો હેતુ હતો, નારદ દ્વારા ગર્ભસ્થ શિશુને નારાયણ–મંત્ર શીખવવાનો. એમ કહેવાય છે, એટલા માટે જ પ્રહલાદ બાળપણથી જ ઈશ્વરભકત હતા અને એક દિવસ પિતાના મૃત્યુનું કારણ બન્યા. ભગવાને નૃસિંહ અવતાર લીધો–દેવોના મનોરથ પૂરા થયા. કાર્તવીર્ય અર્જુને જમદગ્નિની ગાય ચોરી, એટલે ભગવાનને પરશુરામરૂપે અવતાર લેવો પડ્યો. કૃષ્ણાવતારની ચોરીલીલા તો આજે પણ ઘેર ઘેર ગવાય છે.

તો બીજી બાજુ ભકતોએ પણ ચોરીઓ કરી છે. દક્ષિણના સંત તિરુમંગૈજીએ વૈષ્ણવ સેવા માટે ચોરી કરી. કહે છે કે એક વખત ખુદ ભગવાન પણ એમને હાથે લૂંટાઈ ગયા. ભગવાનના પગની એક આંગળીમાં હીરાની વીંટી હતી. તિરુમંગૈજીએ એ ચોરવાનો પ્રયત્ન કર્યો. અને સરળતાથી ન નીકળી એટલે એ આંગળી કાપી લેવાનું વિચાર્યું. રામાનુજાચાર્ય યવનકન્યાના અંતઃપુરમાંથી ભગવાનની મૂર્તિ ચોરીને ભાગ્યા હતા. કહેવાય છે કે તિરુનારાયણપુરમાં પ્રતિષ્ઠિત મૂર્તિ એ જ છે. મૂર્તિના વિરહમાં યવનકન્યાએ જીવ આપી દીધો, આજે પણ ભગવાનની મૂર્તિની સાથે એની મૂર્તિની ય

પૂજા થાય છે.

દંતકથા છે કે એક વખત સાધુસંતોની સેવા કરવા માટે ભક્ત કબીરે પણ ચોરીનો આશરો લીધો હતો. તેઓ તો ચોરી કરીને સલામત બહાર આવી ગયા, પરંતુ એમનો પુત્ર કમલ જ્યારે કોચેલી ભીંતમાંથી બહાર નીકળી રહ્યો હતો ત્યારે ઘરના લોકો જાગી ગયા. એમણે કમલના પગ પકડી લીધા. ઓળખાઈ જતાં બદનામી થવાના ભયને લીધે કબીરે પોતાના દીકરાનું માથું કાપી લીધું.

પ્રાચીન સમયના કેટલાક રાજાઓને પણ ચૌર્યવિદ્યામાં ઘણો રસ હતો. વિક્રમાદિત્યના વિશે કહેવાય છે કે તેઓ ચૌર્યકલામાં ઘણા પ્રવીણ હતા. એમનો એક વાલ્યિોમિત્ર પણ આ કલામાં પારંગત હતો. એ સમયમાં જ સોરઠમાં કોડિયો નામે એક પ્રસિદ્ધ ચોર હતો. કહેવાય છે કે સોરઠના રાજાએ એક વખત એ બન્નેની બુદ્ધિની પરીક્ષા લેવા માટે એક ખાસ પ્રકારનો મોર બનાવરાવ્યો. મોરની નીચે સોનાનું ઈંડું રાખ્યું હતું. ઈંડું ઉઠાવવાનો પ્રયત્ન કરતાં જ યાંત્રિક રચનાવાળો મોર કલશોર મચાવી દેતો હતો. સોરઠના રાજાએ જાહેર કર્યું કે પેલું ઈંડું ચોરી જનારને સહસ્ર સોનામહોરોનું ઈનામ આપવામાં આવશે. ખાપરાએ ઘણી કુશળતાપૂર્વક ઈંડાના વજનની બરાબરનો પથરો મૂકીને ઈંડું ઉપાડી લીધું. સોરઠનરેશે એનું સન્માન કર્યું ને પોતાના રાજ્યમાં રહેવા આગ્રહ કર્યો. ખાપરાએ શરત મૂકી, 'જો કોડિયો ઉજ્જનમાં ચોરી કરીને પાછો આવે તો હું સોરઠમાં રહી જઈશ.'

કોડિયો પણ પોતાની કળામાં પ્રવીણ હતો. એ ઉજ્જનના ગંગુ તેલીની મદદથી ચોરી કરીને સહિસલામત પાછો ફર્યો. ખાપરો સોરઠમાં રહી ગયો. એમની અનેક વાતો આજે પણ પ્રસિદ્ધ છે.

રાજા ભોજ સાથે સંબંધિત પણ ચોરોની અનેક વાતો પ્રસિદ્ધ છે. એક વખત કોઈ ચોરને ફાંસીની સજા કરવામાં આવી. શૂળીએ ચઢાવતાં પહેલાં એની છેલ્લી ઈચ્છા પૂછવામાં આવી ત્યારે એણે એક પત્ર લખીને એ મહારાજાને પહોંચાડવાની વિનંતી કરી. પત્રમાં ફક્ત એક શ્લોક હતો :

भीटूर्नष्टो मालविश्यापि नष्टो,
भिक्षु नष्टो भीमसेनोपि नष्टः ।
मुक्कुन्डोहं, मृगतिप्तवं हि राजन्!
मन्मा पंक्तौ कालधर्मः प्रवष्ट ।

હે રાજન્! 'ભ'ના આખા પરિવાર પર યમરાજની વક્ર દૃષ્ટિ પડી હોય એમ લાગે છે. કારણ કે વિક્રમના મંત્રી ભટ્ટિ મર્યા, ભારવી કવિનું મૃત્યુ થયું, ભિક્ષુ શંકર મર્યા અને પછી ભીમસેન નરેશ પર યમની કૃપાદૃષ્ટિ પડી. હું મુકકુંડ નામધારી છું અને આજે હું પણ મરી રહ્યો છું. 'ભ', 'ભા', 'ભી', અને 'ભુ' પછી હવે આપનો વારો જ આવશે, કારણ કે આપ 'ભૂ'–પતિ છો. મને જીવતદાન આપીને જો તમે આ ક્રમ તોડો તો તમારા પર કશું સંકટ નહિ આવે.

રાજા ભોજ ચોરની આ કાવ્યકલા પર પ્રસન્ન થયા અને એને મુક્તિ મળી ગઈ.

ચોરીની કળા વિશે દુનિયાની દરેક ભાષામાં પુસ્તકો લખાયાં છે અને દરેક દેશના ઇતિહાસમાં એનો ઉલ્લેખ છે. હોમરના સુપ્રસિદ્ધ કાવ્ય 'ઓડેસી'ની પ્રેરણા એને હેલનની ચોરીમાંથી જ મળી. હ્યુગોની નવલકથા 'લા મીઝરેબલ્સ'ની વાર્તા ચોરી પર આધારિત છે. બર્નાડ શૉનું પ્રસિદ્ધ નાટક 'ડેવિલ્સ ડિસિઝન' પણ ચોરીની આસપાસ જ ભમે છે. મિસર અને રોમના ઇતિહાસમાં તો ચોરીની સેંકડો કથાઓ છે. ભારતેંદુનું નાટક 'અંધેરી નગરી, ચોપટ રાજા' પણ ચોરી પર આધારિત છે.

તામિલનાડની એક પ્રસિદ્ધ વાર્તા છે કે એક ચોરે એક સુંદર મકાનની ભીંત કાડી. પણ એ મકાન તો કોઈ હજામનું હતું. એટલે જેવું ચોરે માથું અંદર ઘાલ્યું કે હજામે અસ્તરા વડે એનું નાક કાપી નાખ્યું. જેવી સવારે ફરિયાદ થઈ શકે. પરંતુ ચોરે ઓછો કુશળ નહોતો. પોતાની શેરીમાં આવીને એ જોરશોરથી ભગવદ્ભજન કરવા લાગ્યો.

લોકો એકઠા થઈ ગયા. ચોરના નાકમાંથી લોહી વહી રહ્યું હતું, પરંતુ એ તો આંખો બંધ કરી જોરજોરથી ભજન ગાઈ રહ્યો હતો. મહામહેનતે

લોકોએ એને અટકાવીને વિગતો પૂછી ત્યારે એ કંઈક દુઃખી સ્વરે બોલ્યો, 'તમે નકામી મારા આનંદમાં ખલેલ પાડી. જાઓ, મને હેરાન ન કરો. હું અત્યારે સાક્ષાત ભગવાનનાં દરશન કરી રહ્યો છું.'

લોકોએ કહ્યું, 'અમને તો ભગવાન નથી દેખાતા.'

ચોરે ચિડાઇને કહ્યું, 'આંખ આગળ આ લાંબું નાક છે તે!'

અને એટલું સાંભળતાં જ, કેટલાયે લોકો સવાર થતાં સુધી નાક કપાવીને સાક્ષાત ભગવાનનાં દરશન કરવા લાગ્યા!

પરંતુ આ બધાને ટપી જાય તેવી વાર્તા છે આપણા ગુજરાતની. એક રાજાએ કોઈ સોનીને બોલાવીને કહ્યું, 'સાંભળ્યું છે કે ગમે તેવો કડક જાપ્તો રાખવામાં આવે તો પણ તમે કામ કરતી વખતે સોનું ચોરી જ લો છો. મારે એની પરીક્ષા કરવી છે. સિપાહીઓના કડક પહેરા નીચે તમારે સોનાની મૂર્તિ બનાવવાની છે.'

સોનીએ રાજાની આજ્ઞા માથે ચઢાવી. રોજ કડક જાપ્તા નીચે બેસીને એ મૂર્તિ બનાવતો અને એની સલાહ પ્રમાણે એની પત્ની ગોવાળણનો વેશ લઈ રોજ બપોરે ત્યાં છાશ વેચવા આવતી. સોની એની પાસેથી છાશ લઇને પીતો. સાથે જ એ પોતાને ઘેર એવી જ એક પિત્તળની મૂર્તિ પણ તૈયાર કરતો જતો હતો.

કામનો છેલ્લો દિવસ આવ્યો. સોનીએ મૂર્તિ તૈયાર કરી અને એ એને આમતેમ ફેરવીને જોતો હતો કે એટલામાં ગોવાળણ આવી. સોનીએ છાશ લઇને પીવા માંડી, એ જ વખતે એના હાથમાંથી છટકીને પેલી મૂર્તિ ગોવાળણના માટલામાં જઈ પડી. તરત જ સોનીએ માટલામાં હાથ નાખીને મૂર્તિ કાઢી લીધી. અને પેલી ગોવાળણ એલફેલ બોલતી રસ્તે પડી. પરંતુ મૂર્તિ બદલાઈ ગઈ હતી. રાજાને શંકા ય ન આવી. પાછળથી સોનીએ રાજાને સાચી વાત કહી.

સોનીઓની ચોરીની વાર્તાઓ તો પ્રસિદ્ધ છે. એમના વિષયમાં કવિ ક્ષેમેંદ્રે કહ્યું છે:

तथापि हेमकारा हारण कला ।
योगिनः पृथुध्यानाः
ये धाम्नि बहुल लक्ष्म्याः
शून्यत्वं दर्शयंत्येव ।

સોની તો ચોરીની કળામાં પ્રવીણ હોય છે. એનું ધ્યાન સદા સોનું ચોરવામાં જ રહે છે. એને જો સોનાના મહેલમાં રાખવામાં આવે તો થોડા જ દિવસોમાં ત્યાં વેરાન જમીન જોવા મળશે.

આપણે ત્યાં સોનીઓ વિશે એક કહેવત છે.'

સઈ ચોરે કપડું ને સોની ચોરે રતી,
હજામ બાપડો શું ચોરે? માથામાં કંઈ નથી.

આમ ચોરી પણ એક કળા છે. ચોસઠ કળાઓમાં એની ગણતરી થાય છે.

T. N. : 325369
T. Gram : INDOIRANS

The Indore National Transport Co. (P) Ltd.

FLEET SUPPLIERS & TRANSPORT CONTRACTORS

37, Khadak Street, Maszid Bunder Road, BOMBAY-9.

Daily Regular Service For :
M. P.
RAJASTHAN
PUNJAB
U. P.
DELHI

Head Office :
24, JAWAHAR MARG,
INDORE.
(M. P.)

ધૂંધળી દૃષ્ટિનું સંપાદન: 'નજરું લાગી'

અર્પતી દવે

જૉન લિવિંગ્સ્ટન લોઝે કહ્યું છે: "It is for the ear, not for the eye, that poetry is written." ડબ્લ્યુ એચ ઑડન પણ આ મંતવ્ય સાથે સહમત છે. તેમણે કહ્યું છે: "No poetry which, when mastered, is not better heard than read, is good poetry." આ કથનોનો ધ્વનિ એ છે કે કાવ્યમાં લયમાધુર્ય અને નાદશક્તિનું સ્થાન છે, અને શબ્દ દ્વારા, તેના અંતરસંગીત દ્વારા ચિત્તસ્પર્શી બનવાનું તેનું એક લક્ષણ છે. ગીત પણ એક પ્રકારનું કાવ્ય જ છે. પણ રૂઢ અર્થમાં આપણે 'કાવ્ય' અને 'ગીત'ને ભિન્ન ગણીએ છીએ તેનું કારણ એ છે કે, ગીતમાં ગેયતાની–સંગીતાત્મકતાની અપેક્ષા રહે છે. ગીતમાં ગેયતા હોવી જોઇએ, એનો લય અમુક લહેકાથી ઉચ્ચારી શકાય એવો હોવો જોઇએ, તેમાં શબ્દના રવાનુકારી અને અર્થાનુસારી લક્ષણોનો સુભગ સંવાદ થવો જોઇએ. અર્થાત્, ગીત એક એવી રચના છે, જેમાં કવિતા અને સંગીત એ બંને ય શક્તિઓનો આવિષ્કાર થાય છે ને તેમાંથી આહ્લાદક સંવાદ પ્રકટે છે. કાવ્યત્વ વિનાની ગેય રચના ગીત નથી. અનુભૂતિના ઊંડાણ વિનાની, શબ્દશક્તિની ઉપાસના વિનાની, કેવળ અલંકૃત શબ્દોથી શણગારેલી રચના, ભલે શ્રવણરંજક હોય છતાં, 'ગીત'ની કક્ષાની નથી. ટી. એસ. ઇલિયટે 'The Music of Poetry' નામક પુસ્તકમાં સંગીતાત્મક કાવ્યમાં નાદના સૌંદર્યની અર્થઘનતાનું ગૌરવ પણ માન્યું છે: "A 'musical poem' is a poem which has a musical pattern of sound and secondary meanings of the words which composes it, and that these two patterns are indissoheble and one."

'ગીત' વિશે આ ટૂંકી ચર્ચા પ્રસ્તુત એટલા માટે છે કે 'નજરું લાગી'ના પીઠપૃષ્ઠ પર અને મુખપૃષ્ઠ પછીના પહેલા પાના પર 'કવિતાની કક્ષાની ગેય રચના' એ શબ્દો અંકાયેલા છે. પ્રશ્ન એ થાય છે કે આપણે જેને 'ગીત' તરીકે ઓળખીએ છીએ તે રચના અને 'કવિતાની કક્ષાની ગેય રચના' એ બેનું વ્યાવર્તક લક્ષણ હોય ખરું? હોય તો તે કયું?

પહેલું એ સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે કે સંપાદકોને 'કવિતાની કક્ષાની ગેય રચનાઓ'માં અભિપ્રેત 'ગીત' જ છે. 'આ ઊંડી ચાલ્યા ધૂપ' શીર્ષક હેઠળ સંપાદકોમાંના એક શ્રી સુરેશ દલાલે જે વિસ્તૃત ચર્ચા કરી છે તે ગીત વિશેની જ છે. સંગ્રહીત રચનાઓમાંથી કેટલીક રચનાઓ સાચા અર્થમાં ગીતરચનાઓ છે. આમ સંપાદકો 'કવિતાની કક્ષાની ગેય રચનાઓ' અને ગીતરચનાઓ એ બે વચ્ચે કોઇ ભેદ માનતા હોય એમ લાગતું નથી. સંપાદકોએ નિવેદનમાં કહ્યું છે: "સંગ્રહીત રચનાઓ ગેય રચનાઓ તરીકે ઓળખાવી છે તે પરથી ગેય પ્રકારની છે એમ રહેજે સમજી શકાય અને 'ગીત' શબ્દનો આ સંદર્ભમાં જે રૂઢ અર્થ છે તે ઘણીખરી રચનાઓને લાગુ પાડી શકાશે પણ આમાંની ગણતર રચનાઓ સાથે ગીત'નો અર્થ બંધબેસતો નથી. તેના કારણરૂપે જો કંઈ સ્વીકાર્ય હોય તો એટલું કહીએ કે ભલે 'ગીત' જે અર્થમાં ગેય છે એ અર્થમાં નહીં તો બીજી રીતે એમને પણ ગેય ગણી શકાય." આમ આ ગેય રચનાઓને સંપાદકો 'ગીત' તરીકે માને છે એ એમના નિવેદન પરથી પણ ફલિત થાય છે. જોકે "'ગીત'નો અર્થ બંધબેસતો નથી" એ વિધાનમાં થોડો વળાંક (deviation) લીધો છે. આમ આ સંગ્રહને ગીતરચનાઓના સંગ્રહ તરીકે સંપાદકોએ માન્યો છે પણ તેની જાહેરાત જુદી રીતે કરી છે. કવિતાની કક્ષાની ગેય રચનાઓ બરાબર ગીત એવું સમીકરણ માન્ય હોય છતાં પ્રચલિત શબ્દને સ્થાને આવું, ભિન્ન અર્થનો આભાસ ઉપજાવે તેવું, લાંબું લેબલ લગાવવું સંપાદકોને કેમ ઇષ્ટ લાગ્યું એ

Statement about ownership and other Particulars about newspaper Prateeksha (Gujarati Annual)

Form IV

(See Rule 8)

1 Place of Publication	47/48, Ramji Ashar lanc, Bombay–77
2 Periodicity of its Publication	Annual
3 Printer's Name Nationality Address	Shanti H. Shah Indian 47/48, Ramji Ashar lane, Bombay–77
4 Publisher's Name Nationality Address	Shanti H. Shah Indian 47–48, Ramji Ashar lane, Bombay–77 M. B. Shah, Indian Mishra House, Valji Ladha Road, Bombay–80
5 Editor's Name Nationality Address	P. Vashvina Indian 47/48, Ramji Ashar lane, Bomba–77
6 Names and address of Individuals who own the newspapor and partners or share holders holding more than one per cent of the total capital	Shanti H. Shah 47/48 Ramji Ashar lane, Bombay–77 M. B. Shah Mishra House, Valji Ladha Road, Bombay 80

We, Shanti H. Shah & M. B. Shah hereby declare that particular given above are true to the best of our knowledge and belief.

S. H. Shah
M. B. Shah

પ્રશ્ન સહેજે થાય છે.

સંગ્રહો ઉપરાંત કેટલાંક સામયિકોમાં પણ ગીતોની ખોજ કરવાનો પરિશ્રમ સંપાદકોએ લીધો છે. દિનેશ કોઠારી, ચંદ્રકાન્ત શેઠ, દિલીપ ઝવેરી, મણિલાલ દેસાઈ અને સિતાંશુ મહેતાની કૃતિઓ એ પરિશ્રમ વિના મૂકી શકાઈ ન હોત. વર્તમાન ગીતપ્રવાહને પણ આવરી લેવાનો સંપાદકોએ સભિપ્રાય પ્રયાસ કર્યો છે એનો આ એક પુરાવો છે. પણ એ પ્રયાસ હજી અધૂરો લાગે છે. જગદીશ જોષી, વિપિન પરીખ, વિનોદ અધ્વર્યુને ખૂણા ખાંચરામાંથી શોધી શકાયા છે પણ રઘુવીર ચૌધરી, મનહર મોદી જગદીપ વીરાણી, લાભશંકર રાવળ, મીનપિયાસી જાણ્યે–અજાણ્યે સંપાદકોની સ્મૃતિની બહાર ફેંકાઈ ગયા છે. વધુ પરિશ્રમ કર્યો હોત તો તે કવિઓની કેટલીક સારી કૃતિઓ પણ ઉપલબ્ધ થઈ શકી હોત. જે સંપાદકોએ સુરતી ઠાકુર, 'ઉપવાસી', તનસુખ ભટ્ટની કૃતિઓનો સમાવેશ કરવાનું ઉચિત માન્યું છે તે સંપાદકોને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની એકેય કૃતિ સમાવેશ કરવા યોગ્ય લાગી નથી. કવિઓના પ્રતિનિધિત્વ પ્રત્યે સંપાદકોની દૃષ્ટિનું પલ્લું વિશેષ નમેલું છે એ વિધાન કરીને તેમને માફ કરીએ તો બીજી બાજુ એ દૃષ્ટિને સુસંગત રહી થોડો વિચાર કરતાં અન્ય સૂચવી બાબતોનો નિર્દેશ કરવો પડે છે.

સંગ્રહની આંતરસમૃદ્ધિ ભણી દૃષ્ટિપાત કરતાં

ગુજરાતી સાહિત્યની આહ્લાદક ગીતરિદ્ધિનું આચમન કર્યાની પ્રસન્નતા અનુભવાય છે. 'લવિંગ કેરી લાકડિએ રામે સીતાને માર્યા જો!' એ લોકગીત, બ્રહ્માનંદનું 'શેરી ભરી પણ સાંકડી રે, નગર ભલું પણ દૂર રે કેસરિયા;' મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું 'દગ રસભર મોરે દિલ છાઈ રહી', ન્હાનાલાલનું 'ગ્હોરી ગ્હોરી આંબલિયા કેરી ડાળ રે', ચંદ્રવદન મહેતાનું 'એક વાર ઘોઘા જાજો રે ઘેરિયા', સુન્દરમ્‌નું 'મારી બંસીમાં બોલ જે વગાડી તું જા', સુંદરજી બેટાઈનું 'પંખાળા ઘોડા, ગઢ રે કૂદીને ક્યાં ઊડિયા હોજી?', રાજેન્દ્ર શાહનું 'કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે', નિરંજન ભગતનું 'રે આજ આષાઢ આયો' અને 'હરિવર મુંજને હરી ગયો!', બાલમુકુન્દ દવેનું 'જૂઠી ઝાકળની પિછોડી', હરીન્દ્ર દવેનું 'સોળ સજી શણગાર, ગયા જ્યાં જરીક ઘરની બ્હાર/અમોને નજરું લગી', સિતાંશુ મહેતાનું 'તડકાનાં અંધકાર-ઝડા ઝડાઝ/હો તડકો સૂની બપોરનો' વગેરે ગીતોની વિવિધ લયાન્વિત પદાવલિઓ ગુજરાતના ગીતસાહિત્યનું પ્રતિનિધિત્વ ધરીને અહીં આપણી સમક્ષ આવી છે એ એક સુખદ સંયોગ છે. પ્રીતમ, ન્હાનાલાલ, શેષ, કાન્ત વગેરેનાં કેટલાંક ઉત્તમ ગીતો સંપાદકો પીરસી શકયા છે. બાલમુકુન્દ દવેનાં અહીં સંગ્રહીત થયેલાં પાંચેય ગીતો સંપાદકોની હૃદ્દૃષ્ટિનાં દ્યોતક છે. બાલમુકુન્દ અત્યન્ત લય અને ગીતોચિત અભિવ્યક્તિ સાધી શકે છે :

"જૂઠી ઝાકળની પિછોડી
મનવાજી મારા! શીદ રે જાણીને તમે ઓઢી?
સોડ રે તાણીને મનવા! સૂવા જ્યાં જાશો ત્યાં તો—
શ્વાસને સેજરે જાશે ઊડી.
મનવાજી મારા! જૂઠી ઝાકળની પિછોડી!"

પણ બીજે પક્ષે નરસિંહ મહેતા, દયારામ, સુન્દરમ્, ઉમાશંકર જોષીની અહીં ગ્રંથસ્થ થયેલી કૃતિઓના સ્થાને તેમની વધુ ઉત્તમ રચનાઓ મૂકી શકાઈ હોત એમ લાગે છે. 'લાલ ચૂંદડી રંગાવ મારી માડી' એ લોકગીત અને 'શુભ સ્વર્ગમાં વસનારી ને ચળી પડી ઉર-શિરે' એ 'સ્નેહમુદ્રા'માંનું ગીત અનુવાદિત કૃતિઓ છે. (ગોવર્ધનરામનું ગીત ભર્તૃહરિના શ્લોકનો અનુવાદ છે.) સંપાદકોએ વધુ નજર દોડાવી હોત તો 'સ્નેહમુદ્રા'માંથી ગોવર્ધનરામની સારી મૌલિક કૃતિઓ પણ હાથવગી થઈ શકી હોત. અનુવાદિત કૃતિઓનો સમાવેશ ઇષ્ટ માન્યો તો રવીન્દ્રનાથ ટાગોરની કેટલીક સારી અનુવાદિત કૃતિઓ મેઘાણી કે કુસુમાકરના સંગ્રહોમાંથી મળી શકી હોત.

શ્રી સુરેશ દલાલે આ જોડી ચાલ્યા 'ધૂપ' શીર્ષક હેઠળ ગીત વિશે કરેલી વિચારણા સાથે અહીં ગ્રંથસ્થ થયેલા કેટલાંક ગીતો સુસંગત નથી. તેઓ કહે છે: "Singing quality પર ભાર મૂકવાને બદલે એની (ગીતની) આંતરિક Musical quality પર ભાર મૂકવો જોઈએ." કાવ્યમય અને સંગીતાત્મક ઉદ્ગારને તેઓ ગીત માને છે. દલપતરામ, ખબરદાર, અમૃત નાયકની જે રચનાઓ આ સંગ્રહમાં છે તે ભલે 'સંગીતાત્મક' લાગતી હશે પણ કાવ્યમય તો નથી. 'કવિતાની કહાની' નથી. આવી રચનાઓ લઈ શકાય તો અવિનાશ વ્યાસની રચનાઓને કોઈ તર્કથી બાકાત રાખી ન શકાય.

આ સંગ્રહમાં સાગરગીતો અને બાળગીતો તરફ ઉન્નાસિકા વૃત્તિ સેવાઈ છે. 'ઈંદ્રાકિંદ્રા', 'ધિંગામસ્તી' અને 'અલકચલકાણું'ના સમર્થ બાળકવિ આ સંગ્રહના એક સંપાદક છે છતાં બાળગીતો કેમ ઉવેખાયાં હશે એ પ્રશ્ન થાય છે. કેનેથબાર્ક જેને 'repetative form' કહે છે તે ફોર્મનાં ગીતો અહીં પ્રસ્તુત છે.

'આપણી કવિતારામૃદ્ધિ'નું સંપાદન કરતાં બળવંતરાય કાકોરને 'કની બે અને ખની નહીં એ તો ખને અન્યાય; અને ખની બે તો ગનું કેમ?' એવી જે મૂંઝવણ થઈ હતી તેવી આ સંપાદકોને પણ જરૂર થઈ હશે. આવા કોઈ પણ સંપાદનકાર્યમાં એવી પૂર્વમૂંઝવણને અવકાશ હોય વળી એકની પાંચ લીધી તો એનાથી ઊતરતા ગણાતા બીજાની પણ પાંચ કેમ લીધી એવો પ્રશ્ન પણ થઈ શકે છે. સંપાદકોની પોતીકી રુચિ અને દૃષ્ટિ પર બધી બાબતો અવલંબી છે તેમ આ બાબત પણ અવલંબેલી ગણીને એવા પિષ્ટપેષણથી મુક્ત રહીએ.

: પાત્રો :

માણેકલાલ

ગંગા : તેમની પત્ની

કુમુદ : ,, પુત્રી

કિસન : ,, પુત્ર

સ્થળ : માણેકલાલના ઘરનો એક ઓરડો.

સમયઃ રવિવારનીસવાર.

ધનસુખલાલ મહેતા

ગંગા : સાંભળ્યું ? તમે હમણાં શું કરો છો ?

કુમુદ : બાપાજી – તમને બા બોલાવતી જણાય છે.

માણેકલાલ : રવિવારને દહાડે સવારના પણ સુખે બેસવા દે તેમ નથી ! કોણ બોલાવે છે ?

કુમુદ : બાપાજી, બાપાજી ! તમે પણ ભાઈસાબ, તમે બહેરા નથી છતાં સાંભળતા કેમ નથી ?

માણેક : મારી દીકરી, એ તો સ્વાર્થબહેરા કહેવાય ! વારે ઘડીએ પહેલી જ વાર સાંભળીએ તો કામનો પાર નહિ આવે સમજી ? હા હા હા હા !

કુમુદ : સમજી ગઈ, બાપાજી, લો ત્યારે કહું :–આ શ્રીયુત માણેકલાલજીને એમનાં ધર્મપત્ની ગંગાબહેન બોલાવે છે. હવે વધારે માહિતી આપું ?

માણેક : હેં હેં હેં ! હવે સમજણ પડી ગઈ અને સાથે એ પણ સમજમાં આવી ગયું કે આજની સવાર બગડી–બોલો, મારું શું કામ પડ્યું ? પાપડીના ઘુઘરા કરવાના છે ને લસણ ઘરમાં નથી ? મારે લઈ આવવાનું છે ? તો પછી આ કુમુદ કે પછી આપણા ચિરંજીવી કિસન બેમાંથી એક લઈ આવે તો નહિ ચાલે ?

કિસન : બાપાજી, તમે વળી મને ક્યાં અંદર હોમવા નીકળ્યા ? આપણો રામો શું કરે છે ?

કુમુદ : બિચારો થાકયોપાકયો બેઠો બેઠો તમાકુવાળું પાન ચાવતો હશે. બા, આ બાપાજી પૂછે છે કે શું કામ છે ?

ગંગા : (રસોડામાંથી બોલતાં બોલતાં આવે છે) ખાસ તો એવું કશું નથી–પણ આ તો આપણે ચારેની છબી પડાવવી છે–પડાવવી છે એમ કરતામાં ચારેક મહિના ગયા. પછી પડાવી. પછી ફ્રેમ કરાવામાં પાંચેક મહિના ગયા. હવે મઢાઇને આવી પણ ગઇ છે અને તેને પણ મહિનો થયો હશે. તો ભલા, હવે એને ટીંગાડી દો ને.

કિસન : બા, બા ! તમે પણ ! હજી બીજા થોડા મહિના જવા દેવા'તા ને ! તો પછી હું અને કુમુદ ઓળખાતે ય નહિ.

માણેક : એ ખરું બોલ્યો તું કિસન–પછી તો બધાં પૂછશે કે આ બે કોણ છોકરાં ઊભાં રાખ્યાં છે ?

ગંગા : પણ તો હવે તેને ટીંગાડી દો ને.

માણેક : આ તમે બોલ્યાં–ટીંગાડી દો ને–રાજા બોલ્યા ને દાઢી હાલી ! આપણા ઘરમાં એક પણ વસ્તુ ઠેકાણાસર હોય છે ખરી ? લાવો, અરધી ઘડીમાં હું છબી ટીંગાડી દઉં, પણ એને માટેની દોરી ક્યાં છે ? ખીલો ક્યાં છે ? હથોડી ક્યાં છે ?

ગંગા : (મીઠું હસીને) તમે પણ ભાઈસાબ, વહુજી વહુજી ગાઓ તો કે બે જણ મારાં જડબાં સાહો ! આ બધી ચીજો પેલા કબાટના ખાનામાં પડી હશે.

માણેક : અચ્છા, જાતો કિસન, તું એ કબાટમાં શોધ–તું કુમુદ બીજે ક્યાંક શોધ. પણ આટલી ચીજો હાજર કરી દો અને પછી જોઈ લો મારો ઝપાટો.

ગંગા : ચાલો, તમે કામ પતાવી દીધું. આ બે તમારાં ઊજમાળાં છોકરાં એ બધી ચીજો શોધી કાઢશે–ક્યારે ? બે ચાર દિવસ તો સહેજે લાગી જશે.

માણેક : તમે જુઓ તો ખરાં–તમે કોઈ દિવસ ઑફિસ ચલાવી છે ખરી ? આ પૂરાં

With
Best
Compliments

From :

Natavarlal Mangaldas
& Co.

93, Tramba
Kanta,
BOMBAY-3

પાંતરીસ વરસ મેં એ ધંધો કર્યો છે. સાદામાં સાદા કારકુનથી માંડીને મેનેજર સુધીનાં કામ કર્યાં છે. આ પ્રમાણે હુકમ છોડવામાં પણ આવડત જોઇએ છે.

(બીજા રૂમમાં કબાટના વખારા ઉઘાડ બંધ થાય છે...પછી કિસનનો અવાજ સંભળાય છે.)

કિસન : બાપાજી, દોરી, ખીલો અને હથોડી એમાંથી હું એક ત્રતિયાંશ શોધી શક્યો છું. હથોડી –બીજાં મળતાં નથી.

માણેક : એટલું તો એટલું-હથોડી લઇને આવો.

(કિસન આવે છે.)

કિસન : આ હથોડી.

ગંગા : અલી કુમુદ ! તું કાંઈ શોધી શકી?

(દૂરથી અવાજ. કુમુદ : "શું ધૂળ શોધે? શોધવા ગઈ એમાં પગ પર ઝારો પડ્યો. પગ ભાંગી કેમ નહિ ગયો તે સમજાતું નથી. અહીં તો કશું ય નથી." "પગમાં સખત વાગ્યું" કરતી કુમુદ આવે છે.)

માણેક : તો હવે બે ત્રતિયાંશ–દોરી અને ખીલાની શોધ બાકી રહી. જો તો મારા દીકરા. તારાબહેનની પાસે જા. એમની પાસે આવી કાંઈ કાંઈ ચીજો પડી જ હોય છે.

કિસન : આ ચાલો. પણ તારાકાકી મને આ ચીજો આપવાને બદલે પહેલાં ટપાલમાં કાગળો નાખવા ન મોકલે તો સારું.

ગંગા : તે હવે સાઇકલ પર જઈને ટપાલ નાખી આવો તો ક્યાં ટાંટિયા કળી પડવાના હતા. દીકરા, પાડપડોશીનાં કામ તો કરવા જ જોઇએ.

કુમુદ : (ત્યાં ઊભી ઊભી જ) ઓ તારાકાકી! ઓ તારાકાકી! તમારે ત્યાં છબી ટીંગાડવાની દોરી અને ખીલા છે? (જવાબમાં દૂરથી અવાજ : "દોરી છે. ખીલા તો નથી દીકરી! દોરી જોઈતી હોય તો લઈ જા.")

કુમુદ : બાપાજી, હું દોડતી જઇને દોડતી લઈ આવું છું. તમે હવે ખીલાનું કરો. (જાય છે.)

માણેક : ઘરમાં કેટલા ખીલા પડ્યા હતા.

ઓછામાં ઓછા બે ડઝન હતા.

ગંગા : પણ કામ વખતે નહિ મળે તે શા કામના !

માણેક : વ્યવસ્થા હોય તો બધું જ મળે ! અમે ઑફિસમાં ત્રીસ પાંતરીસ વરસના પાછલા રેકર્ડ પાંચ મિનિટમાં શોધી કાઢતા. પણ આ ઘરમાં તો વ્યવસ્થા જ નથી.

કિસન : બાપાજી, તમે એ વ્યવસ્થા અમને શીખવી દીધી હોત તો અત્યારે આ વખત ન આવત.

માણેક : (હસતાં હસતાં) કિસન, દીકરા, તમને સીનેમા, નાટક અને ઉજાણીએ જવાના પૈસા આપવામાં બધો વખત મેં ગુમાવ્યો અને વ્યવસ્થા શીખવી નહિ તે બદલ હું દિલગીર છું.

ગંગા : મને પેલા રામાને પૂછવા દો. કદાચ એની પાસે ખીલા હશે.

કિસન : કેમ ? રામો ખીલાને શું કરતો હશે ?

ગંગા : એની ઓરડીમાં એણે પચાસ કેલેન્ડરો ટીંગાડયાં છે. તે એમાંથી એકાદ ખીલો ખેંચી આવશે. અરે રામા ! રામા ! પાનબાન લેવા બહાર ગયો લાગે છે. જાની કિસન, એની રૂમમાંથી એકાદ બે ખીલા ખેંચી લાવ.

કિસન : હા, એ પણ સાચું. લઈ આવું. (જાય છે.)

કુમુદ : લો બાપાજી. તારકાકીએ તો દોરી પચાસ છબીને બંધાય તેટલી આપી.

કિસન : અને હું આ ખીલા પણ ત્રણ લઈ આવ્યો. એની ખોલીમાં પેટી પર પડયા હતા.

માણેક : ચાલો, છબી ક્યાં છે ?

ગંગા : આ રહી. (ધરે છે)

માણેક : કિસન, લેતો—છબીને દોરી બાંધી દે. ખીલા ને હથોડી છે. હવે જોઈ લો મારો ઝપાટો—

કિસન : લો, આ દોરી બાંધી દીધી.

માણેક : અરે હા, હું પણ છું ને કાંઈ ! આ બધું હાજર છે પણ મળમાં માવજીભાઈ જ નથી તેનું શું ?

ગંગા : ચાલો, હવે શેની તાણ પડી ?

ચાલો, છબી પડાવીએ — રશ્મિ ક્ષત્રી

માણેક : ભલી બાઈ, ઘોડી ક્યાં છે ? એના વગર હું છબી ટાંગું કઈ રીતે ? આપણી ઘોડી છે ને !

કુમુદ : આપણા ચંદુમામાને ત્યાં લઈ ગયા તે હજી પાછી આવી નથી.

માણેક : ચંદુમામા પણ છે ને કાંઈ, ચીજ લઈ જાય તેની ના નહિ પણ એ પાછી કેમ મોકલાવી દેતા નથી ?

કિસન : કારણ સ્પષ્ટ છે, એમને ત્યાં છટક નોકરડી, એટલે પાછી કેમ કરીને આપે ?

માણેક : અરે ! પણ ત્યારે એ લઈ કેવી રીતે ગયા ?

કિસન : આપણો રામો આપી આવ્યો હતો.

માણેક : સમજ્યો, ત્યારે હવે રામો, રામો તો—

ગંગા : એ આવ્યો (મોટેથી) અલ્યા રામા ! જાતો ભાઈલા, આપણી ઘોડી હામને—તે ચંદુમામા તીકડે તુમ લઈ ગયેલો ને તે જરા પાછી ઘેડુન આણતો—લઉકર—છબી ટાંગાયચી હય.

કુમુદ : બા, કેટલાં વરસ થયાં મુંબઈમાં રહેવાનું રાખ્યું છે ? હજી તમારી મરાઠી ભાષા આવી જ રહી ?

hakoba

HAKOBA IS THE REGISTERED TRADE MARK OF EMBROIDERED FABRICS MANUFACTURED BY FANCY CORPORATION LIMITED
16, APOLLO STREET, *BOMBAY-1*

With
Best
Compliments
From

MEBASSER Printing Works

Laxmi Building,
6, Ballard Road, Fort,
BOMBAY-1. (BR)

ગંગા : ગમે તેવી છે, પણ આટલાં વરસ કામ તો ચલાવે રાખ્યું છે ને ! બસ ત્યારે !

માણેક : એ રામો ઘોડી લઈ આવે ત્યાં સુધીમાં આપણે ઊંચામાં ઊંચી કક્ષાએ એક સમિતિ નીમીને નિર્ણય કરી લઈએ કે એ છબી ટાંગવી ક્યાં ?

ગંગા : તમે પણ ! બધામાં મશ્કરી વગર તમારાથી કામ નહિ થાય. છબી વળી બીજે ક્યાં ટાંગવાની હોય ! દીવાનખાનામાં રહેતો.

માણેક : ભાઈઓ અને બહેનો ! તમને આમાં કાંઈ વાંધો છે ? પછીથી એ વાંધો ધ્યાનમાં લેવામાં નહિ આવે, કહેવું હોય તો હમણાં જ કહી દો.

કિસન : દીવાનખાનું બિચારું ના કહી શકે તેમ નથી એટલે એ છબી ત્યાં જ ટાંગવાની. કારણ કે મારા રૂમમાં ટાંગવાની મારી ઇચ્છા નથી.

કુમુદ : મારો પોતાનો કહેવાય એવો સ્વતંત્ર મારે રૂમ નથી એટલે હું પણ દીવાનખાનામાં છબી ટાંગવી એ વાતને ટેકો આપું છું.

માણેક : અને તમે ? તમે શું કહો છો ?

ગંગા : મેં તો પહેલેથી જ કહ્યું છે ને કે છબી દીવાનખાનામાં જ હોય, પણ તમે ?

માણેક : આપણે પણ બહુમતીને ટેકો આપીએ છીએ—લો, આ રામો ઘોડી લઈ આવ્યો. હું ધારતો હતો તેના કરતાં બહુ વહેલો લઈ આવ્યો.

માણેક : ચાલો, હવે હું ઘોડી પર ચઢું એટલે તમે બધાં આ ઘોડી બરાબર પકડી રાખજો. કુમુદ, કિસન અને રામા તું ? પણ અરે ! રામો તો પસાર. ક્યાં ગયો ?

ગંગા : ગઈ કાલે રાતે એણે વાસણ માંજ્યાં નહતાં એથી ચૂપચૂપ ઘોડી મૂકીને એ વાસણ માંજવા ચાલ્યો ગયો. જવા દોને, તમારે તે કેટલાં માણસ મદદમાં જોઇએ છે ?

માણેક : એમ તો આવી છબીઓ જુવાન હતો ત્યારે કાંઇ કેટલી ટાંગી દીધેલી અને તે પણ એકલી જાતે. તમે ભૂલી ગયાં ? આ બે જંજાળ નહોતી અને આખા દિવસનો ઘાટી નહતો ત્યારે

કાણ છબી ટાંગતું હતું ? તળાઈઓ તડકામાં નાખતું હતું ?

કુમુદ : બસ બાપાજી બસ ! નહિ તો પાછા તમે હમણાંનાં છોકરાંનાં હાડકાં કેવાં ભાંગેલાં છે તે ઉપર ભાષણ કરવા મંડી પડશો.

માણેક : હા, દીકરી, એ ખરું. હું જરૂર ભાષણ આપત. તું પણ ખરી છે. મને બરાબર ઓળખી ગઈ છે.

ગંગા : કુમુદ, તું પણ બાપાજીને ગમે તે કહી નાખે છે તો.

કિસન : તે તો બા, બાપાજી અમને ખૂબ વહાલા છે. અને એમનો સ્વભાવ અતિશય સરસ છે એટલે જ આમ બોલીયે ને !

કુમુદ : હારે, પેલા ખાઉંકરડું બાપાજી હોયને, તો એક અક્ષર ચૂં કે ચાં થઈ શકે કે !

માણેક : હવે બીજામાં ધ્યાન આપવાને બદલે તમે બે–તું અને કિસન આ ઘોડીને બરાબર પકડી રાખો તો સારું.

(બે જણ પકડે છે. બાપાજી ધીમે ધીમે તેના પર ચડે છે.)

માણેક : ચાલો જોઉં, હવે મને તમે પહેલાં હથોડી આપો ને ખીલો આપો. હં અં, બરાબર, જુઓ–આટલે ઊંચે બસ થશે ને ?

કિસન : હા હા, બાપાજી. પછી બહુ ઊંચી હશે તો આકૃતિઓ બરાબર જણાશે નહિ.

(ખીલાની ઠોકાઠોક.)

માણેક : હવે લાવો છબી.

કુમુદ : લો, બાપાજી.

માણેક : હંઅ. હવે ધ્યાન આપીને જોજો. છબી સીધી ટીંગાઈ કે નહિ. મને છબી વાંકી ટીંગાતી હોય તે ગમતું નથી. જુઓ કુમુદ ? કિસન ? અને તમે વળી આઘાં જઈને ક્યાં ઊભાં ? તમે પણ જોઈને કહો.

કુમુદ : બરાબર છે.

કિસન : સહેજ જમણી બાજુએ હટાવો.

ગંગા : હવે જમણી–ડાબી કરતો રહેવા દેને. બરાબર છે. બસ.

માણેક : નહિ એમ નહિ. એમ તમે એને અટકાવો નહિ. બોલ કિસન–હવે કેમ લાગે છે ?

કિસન : બાપાજી, હવે પાછી જરાક ડાબી બાજુએ. હંઅં–હવે...

માણેક : હવે લાગે છે તો બરાબર. પણ–પણ ખીલો જરા હજી થોડો હાલે છે. ફરીથી હથોડી આપ તો.

કુમુદ : બાપાજી, હવે ભાઈસાબ–જવા દોને.

માણેક : જવા શું દે ! કામ કરવું તો બરાબર કરવું. નહિ તો નહિ કરવું. લાવ હથોડી.

(કિસન હથોડી આપે છે.)

કિસન : લો બાપાજી–હથોડી.

(માણેકલાલ એકાદબે ઘા મારે છે ત્યાં તો—)

માણેક : હં હં, સમાલો, ઘોડીને બરાબર પકડી પણ રખાતી નથી !

(અને એક હથોડીનો ઘા બરાબર છબી પર વાગે છે. છબી જમીન પર ખણણણ કરીને પડી ને કાચના ટુકડા થઈ જાય છે.)

માણેક : તગે કર્યું. બધું સરસ થઈ ગયું હતું તેમાં તમે આ ઘોડીને હલાવી અને મારો હાથ છટકાવ્યો.

કિસન-કુમુદ : બાપાજી–અમે કશું—

ગંગા : એ તો એમ જ હોય. છબીનો કાચ ફૂટયો એમાં વાંક કોઈનો તો કાઢવો જ રહ્યો ને. ચાલો રવિવારની સવાર પૂરી થઈ. અને હવે છબીને બીજો કાચ જડાવતાં તો કાંઈ કેટલા દિવસ થઈ જશે. કોઈને કાંઇ વાગ્યું નહિ એટલો ઈશ્વરનો પાડ !*

અખાનાં આ અપ્રસિદ્ધ પદો ફાર્બસ ગુ. સભાના હસ્તલિખિત ગ્રંથ નં. ૩૩૬માંથી લીધાં છે. તેમાં શૃંગારનાં પદોની શરૂઆત કરતાં પહેલાં 'અથ સીંગારના કીરતન લીખ્યતે' એવી નોંધ છે. હજુ અખાનાં અપ્રસિદ્ધ પદો ઘણાં જોવામાં આવે છે. એવાં કેટલાંક પદો ફાર્બસની હસ્તપ્રતો પરથી એકઠાં કરેલ છે. સમય અને સંજોગો અનુસાર પ્રસિદ્ધ કરવા વિચાર છે. શૃંગારનાં અખાનાં પદો અતિ ગૂઢ રહસ્યથી ભરપૂર છે. અહીં અખો આપણને માત્ર વેદાન્તી કવિને બદલે ભક્તિરસથી તરબોળ રૂપમાં જોવા મળે છે. નરસિંહે ગાયો છે એ જ રીતે અખાએ પણ શૃંગારરસ ગાયો છે. અખાના અભ્યાસીઓનો તથા તત્ત્વજ્ઞાનના શોખીનોને આ પદો ઉપયોગી થશે એમ માનું છું.

હરીભાઇ ઉદેશી



પદ–૧

રાગ પ્રભાત

સત શ્રીનાથ સ્તવતી હતી સહચરી,
આશ્ચર એક દેખીને પુછે;
વેદાંતનું સાર કુટસ્થ કેહે માહાકવી,
અને વાલમા વીચરણ ઈયાંહાં તજુ છે. ૧

પ્રકતી પાર એમ વેદ થાપી કેહે,
ઈયાંહાં ઘરઘર પ્રતે ઘરસુત્ર તાહારે;
એ અટપટુ આશ્ચરય અંતર આલોચતાં,
જન જોતા થકાં નેહ હારે. ૨

કમલાક્ષ કીરપા કરી વાણ વદતા હુવા,
પ્રેમદા પ્રીતી વણ કોણ જાણે;
પ્રીતમાં રીત રેહે નહીં દ્વૈતની,
અંતરમાંથી મને નેહ તાંણે. ૩

અણજાણાને છુંજ અગોચર,
માયા મધે પડે દેખે
સનેહી શરીર સ્વરૂપ સ્વે માહેરૂ,
તેહેને અજાંણ નહીંજ રેખે. ૪

દીવ્ય લોચન દૈતાદપી દેખતી,
કુરત તણાં કરગર ગઈજ ગેડી;
શચીદાનંદ શાગર માંહી ઝીલતાં,
અખા ન દીસે વાત કુડી. ૫

પદ–૨

પ્રેમના પાસ વીના પીગેજી નહીં મલે,
દ્રઢ બંધન ચીતવૃત દોરી;
અરૂપ મહારાજ તે સ્વરૂપ પ્રેમજ કરે,
જોને વિચારી તું દાંમ ગોરી. ૧

મત માતંગ જેમ કયરણી કેડે ફરે,
અંન આસે એ જેમ આપ અરપે;
પુસ્પમાલા શરખો કરીને કંઠે ધરે,
મંત્રને વસ જેમ થાએ શરપે. ૨

વહાલો રૂપ ન જુવે અધ્યે ન કુલ ચાતુરી,
કવી ગુણી પંડીત સુર દાતા;
વય વરણ સુચી સ્વાંગ સ્વાંમી સ્વપ્ને નહીં,
સપતસવર સહીત સંગીત ગાતા. ૩

નત્રીત ભુત થઈ નાર નરને મલે,
માંન મુકીને મંન સાજ સીધો;
વેદાંતનું સાર કુટસ્થ તતક્ષણ મલે,
પ્રતીત આવે પુરી નીજ બુધે. ૪

લોકીક લેખથી લક્ષ આધો વધે,
પરોક્ષ હુ તુ તે પરતક્ષ થાએ;
પ્રેમનો નેમ બલીઓ છે અની અખા,
અબલા હોતાં હરી હાથ શાહે. ૫

પદ–૩

એકે સેજે રાખી વીટી સરવશરવરી,
પરવરી પીઝિસું પ્રેમ રંગે;
રસબસ થાતાં કેહેવા કંઈ નવ રહું,
અદ્‌ભુત રસ પડ્યો એક અંગે. ૧

એક અનુભવ તે જુગમ થઇ નીમડે,
જુગમ જોતે થકે એક ભાસે;
એમ જાણી વીચારીને વીધ્ય વીધ્યે વીલસતાં,
કંઠ પરસ્પર હસ્ત હાસે. ૨

શાસ્ત્ર સઘલા સીધાંત કરતે થકે,
વાદ કરતાં વપુ જાઅ છુટી;
તે પ્રભુ અદક્ષણ અંગ અલગો નહી.
રસતણો સીંધુ નવ જાઅ ખુટી. ૩

હું બોલે પીઝિ મુજ મુખે નેત્ર એકે વીખે,
મુજ પખે નવ રહે નાથ નેમે;
ભોગ વીલાસ આનંદ નીત નવ નવા,
મુજ પડુ પાધરૂ પુર્વ પ્રેમે. ૪

અદ્‌ભુત રસ પુરાતન પદમની,
અશનપણે તે રેહેતો અજાણો;
જાણ પવન પણ આવ્યું અંગે અખા,
દ્વૈત અદ્વૈત રસ મંન માંણ્યો. ૫

પદ–૪

પાર તાહારો મુને નવ જડે નાહોલ,
તું જડે પણ તાહારો અમીત આસે;
ધ્યાતા ધ્યે કરી જેવો ચીત ચીતવો,
તેહેવો થઈ નીવડે અન્ય ઉપાસે. ૧

નીદાન નીહાલતાં વીસ્વ કેરૂ યદા,
તદાએ ત્રીકમા કેહેનું ને ક્યાંથું;
કારણ વીના કારજ ના હોઅ કાહાનજી,
ફેણ ચડે પણ દુધ માંહાંથું. ૨

કારણ નીરગુણ શદા કારજ મય કરી,
જગત જંજાલ ચાલુ અલેખે;
અનંત બ્રમાંડ એમ એણી પેરે અનુભવી,
ચીદ સ્વરૂપી તુને ચીદ દેખે. ૩

એ ચીતનું સ્ફુરણ તે ચીતે દેખી કહુ,
પણ તાહારૂં સ્વરૂપ રહુ અમીત વીદા;
તું તે કેહેવો ને કેવડો કાંહાં લગી,
તે લહે ચીત સમે શદ્ય મીદા. ૪

કૃસ્ને કીરપા કરી આવી ઉરમે ધરી,
અણજાણો હુતો તે એક અંગે;
કેહે અખો સુંદરી સમજી રસબસ થઇ,
હારદ લહુ હરી શંગો પાંગે. ૫

શ્રી અક્ષર મુજરાલ ... મુંબઈ-૪

પદ–૫

નાયકા નીરખીને નાથ વ્યકતો થઓ.
કાંમની કલ્પ રસ માંહાં સવાદી;
માંનનો મોડ માએ નહીં માહોમાં,
જાણે કામ રસ કેરાવે આવ્યા વાદી. ૧

પીત પટ ફર હરે નીત નારી તણાં,
સખી શાંભલે રખે સ્થલ થાએ;
સ્યાંમની મોર શાહેલી સંગીત માંહાં,
મુલ મર્મજ કેરા મંત્ર ગાએ. ૨

વીદંગ વીસાવ કરે વીધ વીધ તણાં,
કોકીલ કીલ કલરવ કરતા;
મૃદુ કીસલે તણી સેજ સુખ કારણી,
ત્રીવીધી સુખ સમારી ધરતા. ૩

ભાંમની ભેદ ભાંખે બહુ ભાતના,
ચતુરવર ચ્યંત હરખી હકારે;
કાંમની કંઠ વલુંધો કમલાપતી,
તાહારાં સખી પટંતરે રહીજ બાહારો. ૪

કોએ કવી નથી કલ્પ કવયા તણો,
વલભ વલભા એમ ઝુંઝે;
સુરત શાગર ત્રણ ત્રીભવન પતી,
અખા અંતર આવ્યેજ સુજે. ૫

પદ–૬

આદિને અંત પ્રમાણ નહી જગતનું,
એ અટપટો ખેલ પ્રીછો ન જાયે;
ક્ષરનો ક્ષર અક્ષર તે નવ્ય ખપે,
તેહેનો વિચાર તે કયમ થાયે. ૧

જો કહું નાસ્ત તો આસ્ત દીસે સદા,
જો કહું આસ્ત તો સ્થિર ન દીસે;
ખટદર્શન તણાં જે જે આચાર્ય,
જોતાં જોતાં ગયા સહિત સંશે. ૨

જે જયમ છે તે ત્યમ સજ્જલ પડે,
સારે ભેદ યથારથ દ્રષ્ટિ આવે;
આપ સહિત લય થાયે વસ્ત માંહાં,
સ્વામી સેવક તે કયમ કહાવે. ૩

સચ્ચિદાનંદ કેરો તે આભાસ એ,
તેણે કરી ધારા નવ્ય ત્રુટે;
પ્રતિબિંબનું ચિત્ર તે ચલ વિચલ સદા,
અધિષ્ટાન પાંમ્યે એ ચમક ખુટે. ૪

ચમક વીસે થતે રત્નદીપ ઓપમા,
તેહેને નહી કાજલ ને નહી તે જવાલા;
દ્વંદ રહીત અખીલ આનંદ અખા,
અનિર્વચની સકલ રહિત ચાલા. ૫

પદ–૭

બ્રહ્મ કવચતણો છે તે મહિમા ઘણો,
છેદ ભેદ તેહેને ન લાગે;
દિગવીજે તેહેનો હોય બ્રહ્માંડ માંહાં,
એક પતિ રાજ્ય દુંદુભી વાગે. ૧

ન સકે તેહેને નીર પ્રાલય કરી,
નવ શોષી સકે વાય તેહેને;
આકાશ તાં તેહેને નવ્ય રોધી શકે,
સેહેજ સંન્યાસ પરિધાન જેહેને. ૨

અજર અમર અવ્યય કેહેવાય તે,
દેશ કાલ તે સદાય સરખો;
પંચ વિવશ વરતી તેહેને,
જેહેને નીગમે સ્તવીજ પરખ્યો. ૩

તેહેને વિષે નથી કૃત્ય ને કામના,
રક્ત પીત કેહેવો ન કાહાવે;
વિશ્વ સકલ તેહેને વિષે ઝલકે,
ઈતસ્તત કહી જાય ન આવે. ૪

અખિલ જકત કેરું છે નિધાન તે,
આ સર્વ મલીને તેહેને ન દેખે;
જડ અજડ માંહાં ઓતપ્રોત છે,
અખા ન્યારો પણ સલગ પેખે. ૫

With
Best Compliments
From :

M/s. Bharat General Stores

Mahatma Gandhi Road,
Ghatkopar,
BOMBAY–77.

શ્રી શાંતિ એચ. શાહે, ગાંડીવ પ્રિન્ટિંગ પ્રેસ, હવાડિયો ચકલો, સુરત ૨ માં છપાવીને,
૪૭/૪૮ રામજી આશર લેન, મુંબઈ ૭૭માંથી પ્રસિદ્ધ કર્યું.

The

British India General Insurance

Co., Ltd.

(Incorporated in India, 1919)

TRANSACTS

All Classes of General Insurance Business

INCLUDING

MACHINERY BREAKDOWN, ENGINEERING INSURANCE, AND CONTRACTORS'

" ALL RISKS " INSURANCE

HEAD OFFICE :

MEHTA HOUSE, APPOLLO STREET,

FORT, BOMBAY.

ASSETS EXCEED RS. 2,67,00,000

With Best Compliments

From

M/s Chimanlal Paper Co.

HACHILAH BUILDING,

D. N. ROAD,

BOMBAY—1.